દાસી—કન્યા.

એક

સામાજિક કથા.

પ્રયોજક—'મનુ'.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ८८७५ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय [illegible]

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

આ પુસ્તક 'મનુ' એ પ્રોજ્યું છે અને ધી "હિંદુસ્થાન" પ્રેસ,
નાં૦ ૧૨–૧૬ બેંક સ્ટ્રીટમાં મી૦ છોટાલાલ પરશોતમદાસ
મહેતાએ છાપી પ્રગટ કર્યું છે.

જુના જાણીતા અને વીશ્વાસુ
સોનાં ચાંદી અને ઝવેરાતના
દાગીનાઓના વેપારી.

સોની નરોત્તમદાસ ભાઉ ઝવેરી.

તરેહવાર મનપસંદ દાગીનાઓનું સંગ્રહસ્થાન
જોવાને ચુકતા નહી

ઠેકાણું.

સોનું ચાંદી અને ઝવેરાતના દાગીનાઓના દુકાન,
શેખમેમન સ્ટ્રીટ, મુંબઈ.

ચાંદીના દાગીનાઓ અને વાસણો વગેરેની દુકાન.
સુતાર ચાલી મુંબઈ.

ટેલીફોન નંબર ૫૬૫.

તીજોરીવાળાઓની નવી રીતનો હરીફાઈ.

લડાઇ પહેલાં ઓસ્ત્રીયાથી કાગળ જેવા પતરાંની તીજોરીઓ અત્રે આવતી હતી અને પ્રજાને માલની કદર નહી હોવાથી ઠીકમંખ્યામાં વેચાતી પણ હતી. હાલમાં તે તીજોરીઓ નહીં આવતી હોવાથી તેની જગ્યા તેવીજ બનાવટના અમેરીકન અને બીજી તીજોરીઓએ લીધી છે. એ તીજોરીઓ વેચનારા એવું કહે છે કે ગોદરેજની ગમે એવી સારી હોય પણ અમેરીકા અને બીજા દેશોમાં બનતી તીજોરીઓને કદી પુગી શકે નહી. એઓ બીજું એવું કહે જે કે અમારી તીજોરીની ભલામણ અમારો કોન્સલ કરે છે. કોન્સલનું મુખ્ય કામ પોતાના દેશના માલનો ખપ વધારવતું હોય છે એટલે તે ભલામણ કરે તેથી કાંઇ એવું ઠરે નહી કે માલ ભરોંસાલાયક હોય.

કોન્સલની ભલામણવાળી એવી એવી એક ન્હાની તીજોરી મોટી કીંમત આપીને ગોદરેજે ખરીદી છે અને ફકત પાંચ મીનીટમાં તોડી છે અને જેઓને ખાતરી કરવી હોય તેઓને બતાવનો કારખાને રાખી છે.

આગગાડી અને આગબોટનું નુર, જગાત, ગોડાઉન ભાડાં અને એજન્ટ તેમજ છુટક વેચનારનો નફો એવા એવા અનેક ખર્ચ આયાત થતી તીજોરીઓ ઉપર પડે એટલે પરદેશી તીજોરીઓ હલકી બનાવટની હોય તોજ અહીંની સારી તીજોરીઓ સાથ હરીફાઇ કરી શકે એ

ગોદરેજે પાંચ મીનીટમાં જે તોડી તેની બનાવટ કેવી છે તે જાણવા ગોદરેજને ખરીદ કરવી પડી એ ઉપરથી વાંચનારે ધ્યાનમાં લેવું જોઇએ કે તીજોરી નબળી છે યા મજબુત તેની દકત જોવાથી કોઇને પણ સમજ પડી શકે નહી. તૈયાર થઇ રહેવા પછી પાંચ મીનીટમાં તોડી શકાય તે તીજોરી તેમજ તોડતાં પાંચ કલાક લાગે તેવી એક સરખીજ દેખાય.

ગોદરેજનું કારખાનું - ગ્રેસ કંપની પાસે પરેલ. મુંબઇ.

ગુજરાતી વાંચકોને ખાસ લાભ! એક સાથે રૂપિઆ દશનાં પુસ્તકો મંગાવનારને રૂ. ૨-૦-૦ ના ભેટ.

રણઘેલા રજપુતો.
ભાગ ૧-૨. (સચિત્ર.)

આ નવલકથાની ઉત્તમતા માટે એટલુંજ લખવું બસ છે કે માત્ર એકજ વર્ષમાં એની બીજી આવૃત્તિ થઇ છે. બંને ભાગનું મુલ્ય રૂ. ૩-૮-૦.

કાળરાત્રીનું ખુની બંજર.
ભાગ ૧-૨.

માત્ર બે વર્ષમાં આ ચમત્કારિક નવલકથાની ત્રીજી આવૃત્તિ થઇ છે. બંને ભાગનું મુલ્ય રૂ. ૪-૦-૦

મધુ-માલતી અથવા. વીસમી સદીનું વિશ્વદર્શન.

આ નવલકથા ઘણી બોધક તથા રસિક છે. ત્રણ સુંદર ચિત્રો મુલ્ય રૂ. ૧-૮-૦

વાંચવા યોગ્ય સચિત્ર નવલકથા
રત્નમંજરી.

દંપતિ હૃદયના વિશુદ્ધ સ્નેહનું અનુપમ ચિત્ર આ નવલકથામાં અંકિત કર્યું છે. મુલ્ય રૂ. ૨-૦-૦

નવીન નવલકથાઓ.

આજકાલનું હિન્દુસ્થાન ભાગ ૧-૨-૩.	૫—૦
ભયંકર ભદ્ર.	૨—૦
મ્હારી ભયંકર સંસારયાત્રા.	૨—૮
કંગાલ કેદી ભાગ ૧-૨.	૩-૧૨
દગાબાજ દુનિયા.	૧—૮
મૃગલોચની ભાગ ૧ થી ૪.	૬—૦
મદભુમિની મોહિની.	૧—૪
અંગના કે દેવાંગના ?	૧-૧૨
લતા લલિતા ભાગ ૧ થી ૪.	૪—૦
પિશાચ મંદિર ભાગ ૧-૨.	૪—૦
મુરાદેવી ભાગ ૧ થી ૩.	૫—૦
કિશોરસિંહ ભાગ૧-૨.	૪—૦
સંસાર સંગ્રામ ભાગ ૧-૨.	૩—૦
સંતમ શયતાન ભાગ ૧ થી ૩	૫—૪
કલંદરની કટાર ભાગ ૧ થી ૩.	૬-૧૨
તરૂણ તપસ્વિની ભાગ ૧-૨.	૩—૮
કમનસીબ લીલા ભાગ ૧-૨.	૩-૧૨
દશ લાખનો દરોડો.	૨—૦
અલાઉદ્દીનનો કેદ્દય.	૨—૦
મહાકાળીનું ખડગ.	૨—૦
કલંકિત કુમારિકા.	૨—૦
કુસુમકાન્ત.	૧-૧૨
પદ્મલતા.(સચિત્ર)	૧—૧૨

અદ્ભુત રસથી પરિપુર્ણ નવલકથા.

જુલમી જાલીમ અને ધુજતાંધરા. રૂ. ૧-૧૨-૦

અદ્ભુત સાંસારિક નવલકથા.

ઝેરી જમાનો. રૂ. ૧-૧૨-૦.

કચરાભાઇ વનમાળી પટેલ-મોટી હમામ, અમદાવાદ.

અત્યંત ચિતાકર્ષક સાંવંગ સુંદર સચિત્ર નવલકથા.

રત્ન મંજરી.

લેખકઃ—મોતીલાલ અમૃતલાલ પટેલ.

અદ્ભુત ચમત્કાર પુર્ણ ઉત્તમોત્તમ આ નવલ કથા, કે જે ઉચ્ચ સંસ્કૃતિ પામેલી માધુર્ય મિશ્રીત અને છટાદાર ભાષા સાથે વિવિધ પાત્રોની ઉત્તમતા સર્વાંશે પ્રતિ પાદન કરવા માટે શૃંગાર, વીર. કરૂણા આદિ રસ–સાહિત્યથી નિયુકત, સચોટ અસરકારક અને સંગીન વસ્તુ સંકલના યોજવામાં આવી છે. પ્રસ્તુત નવલ કથા આદિથી અંત પર્યંત આદયાત્મિક જ્ઞાન–પ્રદેશમાં વિચરી છેવટે અધિકારી પત્રોને બ્રહ્મ–જ્ઞાનોપદેશ વડે, માયા–પટને છિન્નભિન્ન કરી પરમપદમાં નિયોજી, વિલીન થાય છે. પુસ્તક દળદાર લાયબ્રેરીની શોભારૂપ, પાકું સોનેરી પુઠું કિંમત રૂ. ૨–૦–૦ પોષ્ટેજ માફ.

લખો,

મોતીલાલ અમૃતલાલ પટેલ,

શાહપુર મહેતાપોળ, અમદાવાદ.

કાળાં પડે નહિ તેવાં,

રોલ્ડગોલ્ડ સોનાનાં ઘરેણાં.

ખમીસના બટન શટ રૂ. ૩, વાસ કોટનાં બટન શટ રૂ. ૨॥, કોટનાં બટન શટ રૂ. ૩, ચંદ્રહાર રૂ. ૪, મગમાળા રૂ. ૨॥, હીરા કંઠી રૂ. ૪, મોહનમાળા રૂ. ૪, ઘડિયાળનો છેડો રૂ. ૨॥, હાથનાં કડાં જોડી રૂ. ૩, લવીંગીઆં જોડી રૂ. ૧, બંગડીઓ જોડી રૂ. ૨, એરીંગ જોડી રૂ. ૧॥, વીંટી રૂ. ૧, પહોંચી રૂ. ૩.

વાળ કાળા કરવાને ખીજાબી સાબુ.

આ સાબુથી વાળ કાળા થાય છે અને હમેશને માટે કાળાજ રહે છે.

કીમત ૩ ડબીના બાકસનો રૂ. ૧॥.

ઠેકાણું:-કમરશીયલ કે. કંપની, ગીરગામ મુંબઇ નં. ૪.

દાગીનાવાળાની પીડા.

જેના ઘરમાં દાગીના છે તેને રાત્રે ઉંઘ પણ આવતી નથી અને પોતાના જર જવાહીર, સોનું રૂપું સંભાળી રાખવામાંજ પોતાનું મગજ રોકી રાખે છે. એટલુંજ નહીં પણ રાતના અને દીવસના એજ વીચારોમાં મશગુલ રહે છે કે રખેને મારો માલ કયાં ચોરાઇ તો નહી જાય, પણ તેવા જોખમમાંથી બચવા માટે અને રાત્રે સુખી નીંદ્રા લેવા માટે ડાહ્યા માણસો પોતાના ઘરમાં મજબુત તીજોરીઓ વસાવી બારણાઓને મજબુત તાળાં મારે છે અને તે પણ તેઓ લાલા કન્હીયાલાલનીજ બનાવટના ખરીદે છે કારણ તેઓએ પોતાની અદભુત કારીગરીઓ માટે આખા વીલાયત તેમજ હીંદુસ્તાન માટે જુદાં જુદાં પેટંટો નામદાર ગવરમેંટ પાસેથી મેળવેલાં છે જે જોવા માટે તેઓની મુંબઇમાં આવેલા અબદુલ રહેમાન સ્ટ્રીટપરની દુકાનપર ખુલ્લાં મુકવામાં આવ્યાં છે.

શું તમે ખરેખરા પરીક્ષક છો ?

તો તો જરૂર તમે

રેડ ઇન્ડીયન (બ્રાન્ડ) ચ્હાજ

વાપરવાના કેમકે લહેજત, ટલર, અને ખુશબો એ બધામાં એક સરખી ઉત્તમ ચ્હા બીજી ત્હમને ભાગ્યેજ મળી શકશે, તેમાં વળી જો ઓરેંજ પીકોની ક્વાલીટી વાપરશો બીજી ચ્હા પીવી તો શું પણ નજરે જોવી પણ નહિ ગમે.

દરેક સારા વેપારીને ત્યાંથી મળશે અને તેમ છતાં ન હોય તો લખો:—

રેડ ઇન્ડીયન ટી ડીપો.

પાયધુની ત્રામ જંકશન, પોલીસ ચોકીની બાજુમાં મુંબઈ.

પ્રસ્તાવના.

"જ્યાં જ્યાં સ્નેહલગ્ન છે
ત્યાં ત્યાં સંસારમાં સ્વર્ગ જ છે."

રા૦ કવિ ન્હાનાલાલનું એ કથન સર્વથા સત્યજ છે. સ્નેહલગ્ન વિનાનાં લગ્નોથી આજે હિંદુસંસારમાં અનેક યુગલો પોતાનો સંસાર કથલાવી નાખે છે, સ્નેહલગ્ન વિના આજે હિંદુસંસારમાં અનેક દંપતિઓના જીવન કલેશમય થઇ ગયાં છે. સ્નેહલગ્ન વિના આજકાલ હિંદુસંસારમાં પત્ની એ જીવનનો જોડીદાર નહિં પણ રસોઇ કરી આપનાર અને પ્રજોત્પત્તિનું યંત્ર ગણાય છે. આર્યાવર્તમાં એક સમય એવો હતો કે પ્રત્યેક લગ્ન એ સ્નેહલગ્ન થતાં અત્યારે પરણનારને પૂછ્યા વિના માતાપિતા લાકડે-માંકડું વળગાડી દે છે. પરિણામે સાચી સખિ, ખરી માતા હજારે એક કે બેજ થઇ શકે છે.

પ્રસ્તુત કથા-દાસીકન્યા-સ્નેહલગ્નનું એક કાલ્પનિક ચિત્ર છે. એવાં લગ્નો પ્રાચીન ભારતમાં ઘણાં થતાં. વિશ્વવિખ્યાત જીવન બ્રહ્મચારી ભિષ્મના પિતા શાન્તનુ, મત્સ્ય નામની માછીમારની કન્યા સાથે પરણ્યાનું ઐતિહાસિક ઉદાહરણ તાજુંજ છે. પ્રાચીન સમયની ઘણી કથાઓની વાત બાદ કરીએ તો પણ 'શ્રાવણ માહાત્મ્ય' નામના પુસ્તકમાં બ્રાહ્મણ કન્યા સાથે ક્ષત્રિય રાજાનાં લગ્નનો ઉલ્લેખ છે. અત્યારે પોતાને સનાતની અથવા જૂના વિચારનો કહેવડાવતો વર્ગ વર્ણાંતર લગ્નના નામથી વગર સમજે થોડાક લોકોના ભડકાવ્યાથી ભડકી ઉઠયો છે; પરન્તુ જો ક્ષણભર તટસ્થ ચિત્તે તેઓ વિચાર કરે તો તેમને તેની જરૂરીઆત આપોઆપ સમજાઇ શકાય તેમ છે.

લોકો ભલે માને કે ન માને; પરંતુ સ્નેહ ઉત્પન્ન કર્યો થતો નથી અને રોકયો રોકાતો નથી. મહાસાગરની ભરતીને જેમ સાવરણીથી રોકી શકાતી નથી તેમ સ્નેહનાં વહેણ કોઇનાં વાળ્યા વળતાં નથી. એ રસ્તા અજાયબ છે. એ સ્નેહની ગ્રન્થિ કદી ન

છૂટી શકે તેવી આશ્ચર્યજનક છે. એને છોડવાનો મિથ્યા પ્રયત્ન કરવા જતાં હમેશાં વિપરિત પણિામ આવે છે. અલબત્ત, સ્નેહના રસ્તા વિકટ છે; પરંતુ જેને પ્રીતિના વિષમ ડંખ લાગે છે તેઓ પછી ગમે તેવા વિકટ કે ભયંકર રસ્તાઓને પણ ઓળંગવા નિર્ભય બને છે. સ્નેહ લગ્નના અભાવે આજે હિંદુસંસારમાં હજારો નરનારીઓ વિપથે ચડી જાય છે અને તેમાં ખલેલ નાખતાં પરિણામ ભયંકર આવ્યાના દ્રષ્ટાન્તો બનતાં રહે છે. સ્નેહીઓ સ્નેહરૂપી યજ્ઞની વેદિમાં પોતાપણાનો હોમ કરે છે. યૂરોપની ભોગ ભૂમીમાં પણ સ્નેહીઓના માર્ગમાં અડચણો ઉપસ્થિત થતાં પ્રાણ ગયાનાં દ્રષ્ટાન્તો બન્યાં છે.

પ્રસ્તુત કથાનો નાયક હેમ વૈશ્ય કોમનો અને નાયિકા બ્રાહ્મણ કોમની છે; પરંતુ તેમને જ્ઞાતિના એ લોકોએ ઉભા કરેલા ભેદ ભૂલાવી, ઉત્કટ સ્નેહ પતિ-પત્ની રૂપે એક કરે છે. વચ્ચે રઘુનાથ ખાખી અને પૃથ્વી શંકર જેવા ઘણા વિઘ્નો ઉભાં કરે છે, તદપિ તે સઘળાં વિઘ્નો નિવારી જેમ દીપકમાં બાલદાન આપવા આતુર પતંગ ગમે તે ઉપાયો કરવા છતાં બલિદાનનું પોતાનું અંતિમ લક્ષ્ય સાધ્ય કરે છે, તેવીજ રીતે હેમ અને કાંચન પોતાનું અંતિમ લક્ષ્ય જે સ્નેહ લગ્ન છે તે સાધ્ય કરે છે અને છેવટે સુખી થાય છે.

હવે સમય એવો આવ્યો છે કે હિંદુ સંસારનાં એ જૂના વિચારના ગણાતા ભાઇઓએ આ પ્રશ્નની ગૂંચ ઉકેલવા હઠિલાઇ છોડી તટસ્થ વૃત્તિએ વિચાર કરવો, હવે સમય એવો આવ્યો છે કે માતાપિતાએ ન્યાત કરતાં પોતાનાં પુત્ર-પુત્રિની વધારે દરકાર કરી તેમનાં લગ્નોમાં પહેલાં એમની સંમિત લઇ પછી તે કાર્યમાં પડવું. એટલું એ, અરે! એનો સહસ્ત્રાંશે જો આ ન્હાનકડું પુસ્તક, વધારે નહિં તો, એક વાચકના મનમાં પણ ઠસાવી શકશે તો હું મ્હારો શ્રમ સફળ થયો માનીશ.

અંતમાં, આ પુસ્તક શ્રીયુત રામચંન્દ્ર બસુના બંગાલી પુસ્તક ઉપરથી લખવામાં આવ્યું છે, જે માટે હું એ બાબુજીનો, અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

પ્રયોજક.

દાસી–કન્યા.

પ્રકરણ ૧ લું.

મરૂભુમિમાં.

'નાદ-બ્રહ્મકી રૂચિર ઉપાસિકા મેરી ઇચ્છા હુઇ હતાશ;
વહકર ઉસ નિસ્તબ્ધ વાયુમેં ચલા ગયા મેરા નિશ્વાસ.'

'નવીન'



જપુતાનાની મધ્યમાં મરૂભુમિનો મહાન વિસ્તીર્ણ પ્રદેશ આવેલો છે. તેની એક તરફ બીકાનેરનું રાજ્ય પથરાએલું છે ત્યારે બીજી તરફ મેવાડના સૂર્યવંશી રજપુતોનો અમલ ચાલી રહયો છે. આ મરૂભુમિમાં વૃક્ષ નથી, ઘાસ નથી; પરંતુ જ્યાં દ્રષ્ટિ ફેંકો ત્યાં તમને એકલી રેતી સિવાય બીજું કાંઇ જણાશે નહિ. આમ હોવા છતાં પણ મરૂભુમિના કોઇ કોઇ ભાગમાં નાળીયેરીના થોડાએક ઝાડો કુદરતના અટ્ટલા બાળકોની માફક ઉભેલાં આપણને જણાય છે. પરંતુ આવા ઝાડોના નાના ઝુંડોની વચ્ચે પુષ્કળ અન્તર હોય છે, અને તેમની આસપાસ રેતીના તરંગો સિવાય બીજું કાંઇપણ દ્રષ્ટિગોચર થતું નથી.

વાચક? મરૂભુમિને તેં કોઇપણ દિવસ જોઇ છે? જો સમુદ્ર જોયો હોય તો મરૂભુમિનો તને બરોબર ખ્યાલ આવી શકશે. સમુદ્રમાં એકલું પાણી અને પાણીજ. ત્યારે અહિંયા મરૂભુમિમાં એકલી રેતી અને રેતીજ. સમુદ્રમાં એક પછી એક આવતા સલીલ તરંગો ત્યારે અહિંયા મરૂભુમિમાં પણ પવનથી ઉડતી રેતીના તરંગો. એકાદ વાદળીની છાયા સમુ જળપર કેવી સુંદર જણાય છે? હા! આવીજ છાયા અહિંયા મરૂભુમિના શુન્ય પ્રદેશપર એથી તદ્દન ઉલટીજ અસરવાળી જણાય છે.

મરૂભુમિ એ ઘણું ભયાનક સ્થાન છે. જ્યારે પ્રભુ રવિ પોતાના પ્રખર કિરણોથી પૃથ્વીને પોષવા માંડે છે ત્યારે આ બાલુકામય પ્રદેશ પોતાના પેટમાંથી અગ્નિને બહાર કાઢવા માંડે છે, અને આ અગ્નિ વાયુમાં મળી જઇ આસપાસનું સઘળું વાતાવરણ હલાહલમય કરી નાખે છે, અને આ સમયે મરૂ પ્રદેશનો દેખાવ ભડભડાટ કરતી બળતી ચીતા જેવોજ લાગે છે. આવા વિષમય વાતાવરણમાં વૃક્ષો પણ જીવન ધારી શકતા નથી ત્યારે બીચારા મનુષ્યોનું તો કહેવુંજ શું! આહા! કેટલા પરદેશીઓએ આ વાતાવરણને પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું છે? કેટલા દેશવાસિઓએ જલ! જલ! કરતાં અહિંયા આ બાલુકામય ભુમિમાં પ્રાણ છોડયો વળી કેટલાં અસંખ્ય નિર્દોષ આકાશમાં આનંદ કરતાં કુદરતના બાલોએ આ અગ્નિ કુંડમાં પડી પ્રાણ છોડયો છે! અહિંયા કોઇપણ સ્થળે જલ નથી, પરન્તુ આ પ્રદેશપર દૂર નજર ફેંકતાં આપણને મહાન તરંગમય જલાશયોજ જણાય છે. તેમાં તરંગો વહે છે, છાયા પડે છે અને આ સર્વથી આપણને ખાત્રી થાય

છે કે નહિં નહિં આ કોઇ સ્વચ્છ પાણીથી છલછલતું જલાશય જ હોવું જોઇએ. આહા! આ કલ્પનામય જલાશયો જોઇ પાણીની આશાને આશાઓમાં દોડતાં કેટલા હરિણોએ જગતની શરૂઆતથી તે આજસુધીમાં પ્રાણ મૂક્યાં હશે?

જેઠ માસ ચાલતો હતો અને સૂર્યદેવ સમ્પૂર્ણ પ્રકાશથી પ્રકાશી રહયા હતા. મરૂભુમિ હરહમેશ પ્રમાણે પોતાના ભુ-ગર્ભમાંથી વિષમય જવાલા બહાર કાઢી રહી હતી. ચારે તરફ આ જવાલા ફેલાઇ રહી હતી, અને સઘળું વાતાવરણ એ જવાલામયજ થઇ ગયું હતું. જ્યાં જ્યાં દ્રષ્ટિ ફેંકીયે ત્યાં ત્યાં મૃગજળ જણાતું હતું; પરન્તુ હરણો દોડતાં જણાતાં નહોતા વળી કોઇપણ મુસાફર અથવા પશુઓ પણ દ્રષ્ટિગોચર થતાં નહોતા. મરૂભુમિનો આખો પ્રદેશ સડસડાટ બળતી એકાદ ભઠ્ઠી જેવો લાગતો હતો.

પરન્તુ કુદરતની શકિત કેવી આશ્ચર્યજનક છે! કેવું અદ્ભુત પરિવર્તન? કુદરત! તું બહુરૂપી છો, તું તારા સ્વરૂપને ક્ષણવારમાં ફેરવી નાખે છે અને એ નવીન રૂપ સહિત જડ જગતમાં ચેતના પ્રસરાવે છે. એક દિવસ નિર્મલ જયોત્સ્નામય રજનિમાં તું સ્મિત કરે છે અને સારી આલમને હસાવે છે ત્યારે એજ રાત્રિએ આખા નભોમંડળને વાદળાંમય કરી નાખી, ચારે દિશામાં અંધકાર ફેલાવી, ગગનમાં વીજળીના કડાકા અને ભડાકા કરાવી સ્ત્રીઓના કોમળ હૃદયોમાં કંપ ઉપજાવનાર પણ તુંજ છો. એક સમયે આનન્દ આપતી મન્દાકિની ક્ષણ એકમાં કરાલમૂખી બની જાય છે. ત્યારે મહાન સમુદ્ર થોડીએક પલોમાં

પોતાની શાન્તિ ત્યજી દઇ તેનાજ તરંગોપર નાચતી નૌકાઓને ભોગ લે છે. કુદરત? જ્યારે તું તારૂં સ્વરૂપને બદલવા ઇચ્છે છે ત્યારે તે તારી ઇચ્છા વિરૂદ્ધ કોઇ ટકી શકતું નથી. ભવ્ય નગરો અને મહાન પર્વતો, નિર્મલ નદીઓ અને તોફાની સમુદ્રો તથા હસતાં રમતાં મનુષ્યોને અદ્રશ્ય કરી દેતાં તને જરાપણ વાર લાગતી નથી. ત્યારે તારી પરિવર્તન શકિતમાં કોને અવિશ્વાસ હોઇ શકે?

મરૂભુમિમાં પણ કુદરતે પોતાનું સ્વરૂપ બદલાવવા માંડયું. પ્રબલ પવનના ઝપાટા શરૂ થયા અને ચોપાસથી રેતીના ઢગલે ઢગલા ઉડી આકાશને રેતી, રેતી મય કરી દેવા લાગ્યા. વળી એક પછી એક હાથીઓના ઝુંડોની માફક આવતાં વાદળાઓના ટોળાંઓએ પ્રખર રવિને પણ ઢાંકી દીધો. મરૂભુમિપરનો પ્રચંડ તડકો આછો અથવા ઓછો થયો તેમ નહિં; પરન્તુ ચારે તરફ અન્ધકાર ફેલાયો, અને દિગન્તરોને કંપાવતા કડાકા અને ભડાકા થવા લાગ્યા તથા વિજળીએ પણ વારંવાર ચમકી મરૂભુમિપર પ્રકાશ નાખવા માંડયો, પવનનું જોર વધ્યું અને મેઘ–ગર્જનાથી પૃથ્વી કંપવા લાગી. તથા ધીમે ધીમે વૃષ્ટિનો પ્રારંભ થયો.

આ સમયે બે મુસાફરો. આ રણમાં મુસાફરી કરી રહયા હતા. સુર્યના પ્રખર તાપથી પીડાતા પોતાના ઉંટોને જોરસથી તેઓ ચલાવતા હતા. તેમના હૃદયોમાં ખ્યાલ પણ નહોતો કે મરૂભુમિની દશામાં આવો ફેરફાર થશે. પરન્તુ જાણે જગતના નાથેજ તેમની તરફ રહેમ નજર ન કરી હોય તેમ એકાએક આ અદ્ભુત ફેરફાર થયો અને વરસાદ પડવા લાગ્યો. વરસાદથી

પલળી ન જવાય એ હેતુથી મુસાફરોએ પણ ઉંટોને જરા જોરસથી ચલાવી થોડીએક નાળીએરીના ઝુંડનો આશ્રય લીધો. ઉંટોને બેસાડી તેઓ હજુ નીચે ઉતરે છે ત્યાં તો વૃષ્ટિ પણ સખત થવા લાગી અને ચોપાસથી શિતળ વાયુ લહરીઓ વહેવા લાગી.

આ મુસાફરોમાં એક જણ યુવાન જણાતો હતો અને તેનો પોષાક તથા ચ્હેરો દર્શાવી આપતા હતા કે તે એક ગ્રહસ્થનું સંતાન હતું. ત્યારે તેની સાથેના બીજા મુસાફરનો પોષાક કહેતો હતો કે તે ઉંટ ચલાવનાર નોકરજ હતો.

મરૂભુમિમાં તેમનાં સિવાય બીજા કોઇ મુસાફરો હતા નહિ, વળી વાદળાઓની ઘટાથી ચોતરફ અન્ધકાર ફેલાઇ ગયો હતો અને સુર્યદેવનો અસ્તાચળ તરફ પ્રયાણ કરવાનો પણ સમય થઇ ગયો હતો. આ સર્વથી મુસાફરોને માટે પોતાનો ચોક્કસ માર્ગ શોધવાનું અને નક્કી કરવાનું મુશ્કેલ થઇ પડયું હતું. તેઓએ વૃક્ષોનો આશ્રય લીધો હતો, અને એટલામાં આજુબાજુ બીજાં કોઇ વૃક્ષો હતાં નહિં. એટલે આકાશમાં ચમકારા મારતી વીજલી આ વૃક્ષો તરફ ખેંચાય, આકર્ષિત થાય એ પણ સંભવિત હતું. ભાવિ-વિવદથી યુવાનનું મૂખ જરા શ્યામવર્ણ બન્યું અને તેણે પોતાની આસપાસના પ્રદેશપર દૃષ્ટિ ફેંકી; પરન્તુ તેના આશ્રયદાતા વૃક્ષ-ઝુંડની પેલી બાજુ કોઇવ્યક્તિઓ પોત પોતામાં વાતો કરી હતી. એવી તેને શંકા ગઇ. પવનના ફુત્કારામાં, વાદળાઓના ગગડાટમાં અને વૃષ્ટિના અવાજમાં તે તેમની વાતો સાંભળી શકયો નહિ, અને આવા ભયંકર સમયે આ વ્યકિતઓ અહિંયા શા માટે આવી હતી તે પણ તેને સમ-

જાયું નહિ. યુવાનનું શરીર કમ્પી ઉઠયું. આવા નિર્જન પ્રદેશમાં, આવા એકાન્તમાં અને આવા ભયંકર વખતેજ ખુનીઓ અને લુંટારાઓ પોતાના કાળાં કૃત્યો કરવાનું પસંદ કરે છે તે તેને યાદ આવ્યું. વળી યુવાનની સાથે પુષ્કળ દ્રવ્ય હતું અને આથી, ઉંટ તરફ દ્રષ્ટિ જતાં તેનું હૃદય વિશેષ વ્યથિત થયું. તેને લાગ્યું કે લુંટારાઓને કોઇપણ જાતના સમાચાર મળ્યા હોવા જોઇએ અને આથીજ તેઓ તેની પછવાડે લાગ્યાં હોવા જોઇએ. તેનું હૃદય થરથરવા લાગ્યું અને યુવક જે દિશામાંથી અવાજ આવતો હતો તે દિશા તરફ પોતાના કાનો રાખી વાતો સાંભળવાને યત્ન કરવા લાગ્યો.

વરસાદનું જોર ધીમે ધીમે ઘટવા લાગ્યું હતું પવન પહેલાં પ્રમાણેનોજ થઇ ગયો હતો, અને વાદળાઓના કડાકા અને ભડાકા તદ્દન અદૃશ્ય થઇ ગયા હતા. આ સર્વ યુવકને માટે ઘણાં લાભનું થયું હતું. ઝુંડની પેલી બાજુએ ઉભી રહેલી વ્યકિતઓની વાતો સાંભળવાના તેના પ્રયત્નો કુદરતની શાન્તિથી સફળ થયા અને એક વ્યકિતને બીજીને સંબોધતા તેણે સાંભળી.

'મા! ત્યારે હવે આપણે કેમ કરીને જઇશું'?

યુવાનનું શરીર આ શબ્દો સાંભળીને રોમાંચિત થયું. વાદળાં જેવી રીતે ચન્દ્રમાપરનો ઘેરો ઉઠાવી લે છે અને ત્યારપછી એકદમ જ્યોત્સ્ના પૃથ્વીપટપર પથરાઇ જાય છે તેમ યુવાનનું મૂર્ખાવિંદ ચિન્તામૂકત થયું અને તેનાં હૃદયમાં શાન્તિ પથરાણી. આહા! તે વ્યકિતઓ તેના ખુની નથી. ખુનીઓના ખંજરોથી ભયભિત થએલી વ્યકિતઓઓજ લાગે છે. તેની માફક વિપદમાં પડેલ કોઇ અભાગિની અબલાઓ તો નહિંજ હોય!

'નિઃસહાય રમણીઓ ! સાથે બાલક કે બાલિકા ?' યુવક બબડયો અને વળી વાર્તા સાંભળવા માટે યત્ન કરવા લાગ્યો. અને અવાજ આવ્યો.

'ભય શો છે ? હું રસ્તો જાણું છું–પરન્તુ અન્ધકારથી તને ભય તો નથી લાગતો ને ?'

યુવકે વિચાર્યું 'ખરેખર સાથે બાલિકાજ છે. આવા ઘોર સમયે આશ્રયને પાત્ર છે. એ કયાં જવાનાં હશે ? પરન્તુ જયાં તેઓ જવાનાં હોય ત્યા તેમને સહિસલામત રીતે પહોંચાડી દેવાં એ મારૂં કર્તવ્ય છે આમ વિચારી તેણે ઉંટ ચલાવનારને પુછયું 'માધવ ? લક્ષ્મીપુર અહિંથી કેટલું દુર છે ?'

'સાહેબ ! કાંઇ વધારે છેટે નથી. ચારેક માઇલ હશે. હવે વરસાદ બંધ થયો છે. જો આપ રજા આપતા હો તો હું ઉંટને તૈયાર કરૂં માધવે ઉત્તર આપ્યો.

આ વખતે ખરેખરી રીતે વરસાદ રહી ગયો હતો અને આકાશ સ્વચ્છ બન્યું હતું. માધવને શો પ્રત્યુત્તર આપવો તેના વિચારમાં યુવક હતો ત્યાં એક વૃદ્ધ સ્ત્રી પોતાની સાથે યુવાનીને ઉંબરે ઉભેલી બાલિકાને લઇ યુવક પાસે આવી જરા ગભરાએલા સ્વરે બોલી 'શેઠજી ? આપ લક્ષ્મીપુર જતા હો તો અમને સાથે લઇ જશો ? સૂર્યના અસ્ત થવાનો વખત થયો છે–અને અમને બે જણીને એકલાં જતાં ભય લાગે છે.'

આ સમયે વિખરાએલાં વાદળાંઓમાં થઇને અસ્ત પામતા રવિના કીરણો મરૂ ભુમિપર પડતાં હતાં અને પશ્ચિમમાં આકાશ ગુલાબારંગી બની ગયું હતું. તથા મરૂ ભુમિને આનન્દીત બનાવતા ધીમા શાન્ત કીરણો તેમાં રહેલા રવિદેવ વરસાવી રહયા હતા.

વૃદ્ધ સ્ત્રી મોઢાપર સહેજ ઘુમટો કાઢીને વાત કરતી હતી ત્યારે બાલિકા યુવાનીમાં પગ મુકતી ગુલાબની ખીલતી કળી, વૃદ્ધ સ્ત્રીની પછવાડે યુવકના અનુકુલ જવાબની આશા સાથે લજ્જિત વદને ઉભી હતી.

તેના ગૌર મૂખપર યુવકની દ્રષ્ટિ પડી—આહા ! કેટલું સૌન્દર્ય અને કેટલી નિષ્કલંકતા એ મૂખપર છવાઇ રહી છે ! યુવકને લાગ્યું કે આવા સરલભાવવાળું મોઢું તેણે કદી પણ આગળ જોયું નથી બસ—આજ મુખાર્વિંદ તેના હૃદયમાં અંકિત થયું. બાલિકા માટે તેના હૃદયનો સ્નેહ—પ્રવાહ સપાટાબંધ વહેવા લાગ્યો. અને બાલિકાને જોતાંવારજ તેનું હૃદય અવનવીન તથા ભિન્નભિન્ન આશાઓ અને ઉલ્લાસોથી થનથનાટ કરવા લાગ્યું.

બાલિકાના શરીરપરના વસ્ત્રો ફાંટેલાં હતાં વળી આ વસ્ત્રો ગંદા પણ એટલાંજ હતા. આ સર્વ જોઇ યુવકના હૃદયમાં શું ને શું થઇ ગયું. આહા ! સ્નેહની શી સ્વર્ગીય અસર ? યુવકે પોતાના હૃદયને સ્થિર કરી તે વૃદ્ધ સ્ત્રીને પૂછ્યું 'તમે લક્ષ્મીપુરમાં ક્યાં જશો ?'

'પંચરત્ન મન્દીરમાં'

'દેવદર્શન માટે ?'

નહિં. શેઠજી ! અમે તેજ મન્દિરમાં રહીયે છીએ. હું એ 'પંચરત્ન મન્દીરમાં દાસી તરીકેનું કામ કરૂં છું"

'આ બાલિકા કોણ છે ?'

'એ મારી પુત્રી છે.

વૃદ્ધ સ્ત્રીના છેલ્લા જવાબથી યુવકનું હૃદય સ્યામ બની ગંયુ તેને લાગ્યું કે તેની સર્વ આશાઓ અદૃસ્ય થતી જાય છે. આશા, તેના ઉલ્લાસો કુન્ઠિત થયા અને શોકની છાયા તેના મૂખપર આવી વસી. પરન્તુ થોડીએક પળો માટેજ બીજીજ ક્ષણે આશાના ઝાંખા તરંગોનું વહન તેના હૃદય સમુદ્રમાં થવા લાગ્યું અને વીચારની છાયા તેના સુન્દર મૂખપરથી અદૃસ્ય થઇ ગઇ.

માધવ પાસેજ ઉભો હતો–અને પોતાના શેઠના હુકમની રાહ જોતો હતો. યુવકે તેના તરફ જોઇ કહયું.

'માધવ! ઉંટ ચલાવ–આપણે પગપાળાજ જઇશું" આવો હુકમ આપી યુવકે વૃદ્ધ સ્ત્રી તરફ ફરી કહયું.

'તમે અમારી સાથે આવશો? જો આવો તો હું તમને સહિસલામત જગ્યાએ પહોંચાડી દઉં.'

વૃદ્ધ સ્ત્રી બાલિકાને સાથે લઇ માધવ અને યુવકની પછવાડે પછવાડે જવા લાગી.

યુવકના હૃદયમાંના તરંગો માધવ કળી ગયો હતો. તેણે જાણ્યું હતું કે યુવક આ બાલિકાને ચાહવા લાગ્યો છે પરન્તુ માધવને લાગ્યું કે આ અસંભવિત છે બાલિકા એક ભીખારીણી કન્યા ત્યારે યુવક કરોડપતિ! વળી બન્નેની ભિન્ન ભિન્ન હિન્દુ જાતિઓ હશે તો?

પ્રકરણ બીજું.

—:૦:—

પ્રેમ પ્રતિમા.

"So lovely, so removed, remote and hence So doubly and desperately dear."

LAWRENCE HOPE.

હૃદયની બનાવટ કોઇ સમજી શકતું નથી. કેટલાંક હૃદયો કોમલ હોય છે જ્યારે કેટલાક હૃદયો અતિ કઠીન હોય છે. વળી કેટલાંક મનુષ્યોના હૃદયો કપટ મય હોય છે. હૃદયમાં આશા અને ઉલ્લાસો જન્મે છે અને મૃત્યુપણ ત્યાંજ પામે છે. વળી એક દિવસ જે હૃદયમાં શોક થાય છે તેજ હૃદયમાં બીજે દિવસે આનન્દના તરંગો વહે છે.

હૃદય સીમાવાળું હોવા છતાં અસીમ છે. નાના સ્થૂલદેહમાનું હૃદય આખા જગતનો પ્રતિધ્વનિ ઝીલવાની શકિત ધરાવે છે. હૃદયનો વિકાસ એજ મનુષ્યત્વનો વિકાસ છે. દરેક વ્યકિતના મનુષ્યત્વનો આધાર તેના હૃદય પર રહેલો છે.

વળી શરીરની દરેક ઇન્દ્રિયોની કૃતિથી તેનાપર અસર થાય છે. ઇન્દિયોની વિરકિતથી તેને પણ વિરકિતજ થાય છે.

એક ક્ષણમાં હૃદય ઉલ્લાસિત થાય છે ત્યારે બીજીજ ક્ષણમાં હૃદય શોક સાગરમાં ડુબી જાય છે. જે વસ્તુથી એક હૃદયને આનન્દ થાય છે તેજ વસ્તુ બીજા હૃદયને ગ્લાનિમય બનાવી દે છે. એક વખત જે માટે હૃદય પ્રફુલ્લ બને છે તેજ માટે બીજીજ પળે તેને તિરસ્કાર ઉપજે છે. બધાને હૃદય હોય છે એ તો સત્ય બીના છે પરન્તુ હૃદયની ગ્રાહકતામાં ઘણો

મોટો તફાવત હોય છે. કવિ અને વિષયી બન્ને ને હૃદયો હોય છે. એકનું હૃદય સૌન્દર્યમાં પ્રભુત્વ નિહાળે છે ત્યારે બીજાનું હૃદય એજ સૌન્દર્યમાં કામદેવની તૃપ્તિ માટેનું યોગ્ય સ્થાન જુવે છે.

સ્થિર અને સ્વચ્છ સલિલમાં મૂખનું પ્રતિબિન્બ જણાય છે. જે હૃદય કઠિન હોય છે તેમાં પ્રતિબિન્બ પડેજ શાનું? અને ત્યાર પછી કારણના અભાવે કાર્યનું પણ અસ્તિત્વ કયાં શોધી શકાય? જે હૃદય કોમલ હોય છે તેને બહારના સૌન્દર્યની કશી જરૂર નથી. જો ઉપરથી અંગ ગૌર હોય પરન્તુ અંદરથી હૃદય પર ઘાટી સ્યામતા છવાઇ રહી હોય તો એ શ્વેતરંગનો ઉપયોગ શો? નાશવન્ત સૌન્દર્ય પૂજવા લાયક કે અમર સૌન્દર્ય? ખરેખર મને તો લાગે છે કે અમર સૌન્દર્ય થોડા ઘણા પ્રમાણમાં પણ મળતું હોય તો બહારના અતિમ સૌન્દર્યને લાત મારવી જોઇએ.

વાંચક? હૃદયને નયનો સાથે કેટલો ગાઢ સંબંધ છે તેનો વિચાર કદી કર્યો છે? તમારા હૃદયનું પ્રતિબિંબ તેમાં જણાય છે. તમારી આંખો પરથી અભ્યાસી મનુષ્યો તમારા હૃદયોની પરીક્ષા કરી શકે છે. નયનોના ભાવ પરથી હૃદયનો ભાવ જણાય છે. અને એ ભાવ પર એકાદ બીજું હૃદય મોહી પડે તો તેમાં કાંઇ આશ્ચર્ય નથી. અને વળી તેમાં પાપ પણ નથી. એ વાત પણ ચોકસજ.

યુવક બાલિકાને ચાહે છે કે નહિં તે વિષે તો કાંઇ કહી શકાય જ નહિ. રેતીમય માર્ગમાં ચાલતાં શુધ્ધ પ્રણયની ઉષાનો ઉદય તેમના હૃદયમાં થવા લાગ્યો. પરન્તુ એ ઉષાના સમ્પુર્ણ

વિકાશ વિષે તો આગળથી ભવિષ્ય ભાખી શકાય નહિ. વર્તમાન હિન્દુજન સમાજની પ્રચલિત રૂઢિઓ એક પછી એક વિકરાલ રાક્ષસીઓની માફક તેના હૃદય પટ પર આવી દાંતીયા કરવા લાગી હાય! તે આ બાલિકા સાથે લગ્ન સંબંધ કેમ બાંધી શકે! પોતે વૈશ્ય ત્યારે બાલિકા એક બ્રાહ્મણ કન્યા? પરન્તુ પ્રેમ એ અન્ધ છે તે નથી જોતો જ્ઞાતિ કે નથી જોતો વય અને જાતિ. નૈસર્ગિક પ્રેમનું જન્મ સ્થાન અમૂકજ નિયમીત સ્થાનમાં હોવું જોઇએ એવું કુદરતે પણ ચોકસ કર્યું નથી. પ્રેમને સીમાબધ્ધ કરવાનું કાર્ય તદન અસંભવિત છે. નૈસર્ગિક અને શુધ્ધ પ્રેમ અસીમછે અને તેને આ અસીમતામાંથી કાઢી સીમા બધ્ધ કરવાના યત્નોમાં આખી સમાજોના સુન્દર ગગન ચુમ્બિત મહાલેયો ખંડીયેર બને છે. હજારો અને લાખો આત્માઓ આ આલમ પટ પર નર્કનું દુઃખ ભોગવે છે તથા કરોડો અને અબજો ગુલાબ કલીઓ સમ્પુર્ણ રીતે વિકસીત થવા પહેલાં યમસદનમાં પહોંચી જાય છે. યુવકને એક પછી એક વિચારો આવવા લાગ્યા. પોતાનાજ જનસમાજમાં બનતા અઘોર બનાવો તેની નજર પાસે તરવા લાગ્યા—તેને લાગ્યું **હિન્દુ જન સમાજના** પાયા સડતા જાય છે આખા જીવનના સાથીને અમુક હદમાંથી પસંદ કરવો? આહા! આથી બીજું વધારે અનિષ્ટકર શું હોઇ શકે? આખુ જીવન એટલે ઓછામાં ઓછા ૫૦ થી ૬૦ વરસો, ૬૦ વરસ સુધી જેની સાથે રહેવું તેની પસંદગી અમુક સીમામાંથીજ કરવી? થયું આ સિવાય સમાજની પ્રગતિની આડે આવનાર સમાજને અમુક સમયે કાલના અનન્ત પ્રવાહમાં અદૃશ્ય કરનાર બીજી રાક્ષસી

વસ્તુ શું હોઇ શકે ? **વીચારોની વીણાના** તારોનો તમતમાટ એક પછી એક થઇ રહયો હતો. યુવકનું હૃદય વિચાર વમળોમાં ગુંથાએલું હતું, તેના ચહેરાપરના ભાવો વારા ફરતી બદલાતાં જતાં હતા અને તેના પગો તેમનું કામ કરે જતા હતા.

યુવકને લાગ્યું કે આ બ્રાહ્મણ કન્યાને પરણવા સામે તેની આખી જ્ઞાતિ થશે. અને પોતાના પ્રેમ શુદ્ધ પ્રેમની સફળતા આડે હજારો અને લાખો વિઘ્નો આવશે–આ સઘળું વિચારતાં વિચારતાં યુવક જરા ગભરાયો–શું કરવું શું કરવું એમ તેનું હૃદય તેને પુછવા લાગ્યું–અને થોડીક પળો પછીના વિચારોને અંતે તેણે આ બાલિકાને વિસરી જવાના પ્રયત્નો કરવા માંડયા. પરન્તુ આ એક સુલભ વસ્તુ નહોતી–હૃદયપટ પર અંકિત થએલા ચિત્રને ભુંસી નાખવું એ ઘણે ભાગે અસંભવિતજ છે–વળી આ ચિત્રને દોરનાર જ્યારે સ્વર્ગીય પ્રેમ હોય છે–આ ચિત્ર જ્યારે નિષ્કપટ પવિત્ર પ્રેમની જાદુઇ પીછીથી દોરાયું હોય છે ત્યારે તે જીવનના અન્ત સુધી પણ ભુંસાતું નથી–યુવકે, આ ચિત્રને, પોતાના હૃદયપર અંકિત થએલ મરુ ભુમિની બાલિકાના ચિત્રને, ભુંસવા ઘણો યત્ન કર્યો. બાલિકાને ભુલી જવા ઘણી મહેનત કરી પરન્તુ નહિ–એ તેના સર્વ પ્રયત્નો તેની સર્વ મહેનત નિષ્ફળ ગઇ–છેવટે આ બધા પ્રયત્નો અને મહેનતો કરતાં, તેમાં નિષ્ફળ થતાં યુવક લક્ષ્મીપુરમાં રહેતા પોતાના પ્રિય મિત્રના ગૃહે આવી પહોંચ્યો.

બન્ને બાલ્યકાલના મિત્રો ઘણાં લાંબે સમયે મળ્યા–અને બન્નેના હૃદયમાંથી વહેતા મિત્ર પ્રેમના ઝરાઓ એકદમ ત્વરિત વેગથી વહેવા લાગ્યા–અને ઘડીભર તો તેઓ આ પાપી

દુનિયાનું ભાન પણ ભુલી ગયા–યુવક થોડીએક ક્ષણ વાર તો બાલિકાને વિસરી ગયો–પરન્તુ તે બધુ થોડીએક પલો માટેજ અને ત્યાર પછી તરતજ એ મૂર્ત્તિ એ પોતાનું સરલ સૌન્દર્ય પુર્ણ મૂખડું તેના નયનો સમીપ ખડુ કર્યું.

લલીતચન્દ તેના બાલ્યાવસ્થાના મિત્ર હતા–અને તેમનાં હૃદયો વચ્ચે ભિન્નભાવ હતોજ નહિ–તેઓ જ્યારે જ્યારે મળતાં ત્યારે ત્યારે તેમના હૃદયો પોતાના છુપામાં છુપાં દ્વારો પણ ઉઘાડતા હતા તથા બન્ને જણાં જીવનના સુખદુઃખની વાર્તા પરસ્પરમાં કરી હૃદય ખાલી કરતાં હતાં–યુવકને પોતાની પ્રેમ–વાર્તા હૃદયમાં સંધરી રાખવાનું અસંભવિત લાગ્યું અને જે મિત્ર પોતાને તેની દરેકેદરેક હૃદય વાર્તા કહેતો તેનાથી આવી વાત ગુપ્ત રાખવી તે તેને એક જાતનું પાપ લાગ્યું. છેવટે એકાન્ત મળતાં યુવકે લલિતને સર્વ જણાવ્યું અને કહ્યું.

'લલિત ! એ સુન્દરી માનવી નથી–કોઇ શાપભ્રષ્ટ દેવકન્યા છે. એ સ્વર્ગીય સૌન્દર્યને મેળવનારને ધન્ય છે !'

રાત્રિ પડી છે. એક ઓરડામાં એક શુશોભિત છત્રિપલંગ પર આપણો યુવક હેમચન્દ નિસ્તબ્ધ ભાવે પડેલ છે. તેના બન્ને હાથો તેની છાતીપર રહેલા છે. પરન્તુ તેના આંગલીઓ હલે છે અને બીજી જોનાર વ્યકિતને ભાન કરાવે છે કે સુખ શય્યાપર યુવક હજુ જાગતોજ છે. હેમનું વદન ચિન્તામય છે. અને પરસ્વેદના ઘાટાં ટીપા તેના કપોલપરદેશપર આવી રહયા છે, આવા તેના દેખાવપરથી જણાઇ આવે છે કે તે કોઇ ઘાઢ વિચારમાં મગ્ન છે. આહા ! એક દિવસ જે બાલિકા દ્વારે દ્વારે અને ગૃહે ગૃહે ભીક્ષા માગતી હતી, શ્રમને લઇને થાકી

ગએલી જે બાળાને તેણે પૈસો આપ્યો હતો તથા દયા કરીને જે અનાથ બાળાને તેણે લાલતચન્દને સોંપી હતી તેજ બાલા રસ્તાની ભીખારણી બાલા આજે યુવાનીમાં આવતાં તેનાજ હૃદયની અધીશ્વરી બની. આહા! કેવું અદ્દભુત ભાવિષ્ય? કાળની કેવી વિચિત્ર શક્તિ? અવસ્થામાં કેટલો આશ્ચર્યજનક ફેરફાર? અને નસીબની કેવી વિલક્ષણતા?

હૃદયમાં જે એકવાર સ્થાન લે છે તેને સ્થાનભ્રષ્ટ કરવું એ સહજ નથી. એ સમયે કોઇપણ જાતના દાખલા દલીલો અથવા તો કારણો હૃદય સ્વીકારતું નથી બલકે કહો કે સ્વીકારી શકતું નથી. હેમના હૃદયની પણ આવીજ અવસ્થા થઇ. બાલિકાને ભુલવાને માટે હેમ જેમ જેમ વધારે યત્ન કરવા લાગ્યો તેમ તેમ બાલિકાની પ્રતિમા તેના હૃદયમાં વધારેને વધારે જડ ઘાલવા લાગી. આહ! હેમ પોતાના હૃદયનેજ કહેવા લાગ્યો:–

'બાલિકા એક બ્રાહ્મણ કન્યા છે. વળી એક દાસી કન્યા છે. તેને પરણવું? તેનાપર જીવનના સુખનો આધાર રાખવો?'

પરન્તુ આ સઘળું કહેવું વૃથા તે વૃથાજ ગયું. તેનું હૃદય એકનું બે થયું નહિ, અને પરિણામમાં બાલિકાની મૂર્તિનો વિજય થયો.

હેમચન્દને ચોકસ જણાયું કે તે બાલિકાને કદીપણ ભુલી જઇ શકશે નહિ અને સાથે સાથે તેને એ પણ જણાયું કે તેનો આશય ફલિભુત થવો એ બહુજ મુશ્કેલ વાત છે. પરન્તુ હેમને લાગ્યું 'જો હું મારોજ અભિલાષ પૂર્ણ નહીં કરી શકું તો હું મનુષ્ય શાનો? અમારી જ્ઞાતિઓ ભિન્ન છે. પરન્તુ હૃદયોની અભિન્નતાનું શું કરવું? લોકાચાર ગમે તે હોય, રૂઢિ અને

પ્રથાઓ ભલે કરોડો વરસોથી ચાલી આવતી હોય પરન્તુ વર્તમાનમાં તે વિષરૂપ હોય તો તેને માની તેના દાસ બની જીવનને નર્ક કુંડમાં હોમી દેવું કે? વળી કાંચનને હું પરણું તેમાં બીજાને શું નુકશાન છે? બીજાને કાંઇ નુકશાન નથી અને મને લાભ છે, અરે કહોને કે મારું જીવન નવનવીન બને છે. વાહ! લોકાચાર વિરૂદ્ધ હોય તો પ્રેમ કરવો એ પણ પાપ કે? હાય! પ્રેમને પણ બંધનમાં નાખવાનો પ્રયત્ન? પ્રણયને શું બાંધી શકાય? પ્રણય એ શું કાંઇ શીખવી શકાય તેવો પાઠ છે? પ્રેમ કરવામાં શું બીજાના ઉપદેશને અનુસરી શકાય છે?

તેણે એક નિશ્વાસ મૂક્યો અને છેવટે પોતાના બે હસ્તોમાં પોતાના મૂખને છુપાવી દીધું પરન્તુ આ સર્વ ચિન્તામાં અને વિચારવામાં લલિતનું આવાગમન હેમકલી શક્યો નહિ. લલિતે જોયું કે હેમ વિચાર વમળમાં ગોથાં ખાય છે. અને આ વમળમાંથી બચાવવા માટે હેમને તેણે પૂછ્યું.

'હેમ! હજુ સુધી શું નિદ્રા આવી નથી?'

'નહિ—આજે તો ઉંઘ આવતીજ નથી' આમ કહી હેમ પણ પથારીમાંથી ઉઠી લલિત પાસે જઇ એક ખુરશીપર બેઠો.

લલિતે પૂછ્યું.

'હેમ! શા વિચારમાં હતા?'

હેમના ચહેરા પર શોકની આછી છાયા પ્રસરી ગઇ તોપણ સહેજ સ્મિત કરતાં તેણે પૂછ્યું.

'લલિત? કેમ હજુ સુધી તમે પણ જાગો છો? પથારીમાંથી ઉઠીને તો નથી આવ્યા ને?'

'પણ ભાઇ! જ્યારે તમે અહિયાં વિચાર મગ્ન હો ત્યારે મને કેમ ઉંઘ આવે?'

હેમ જરા હસ્યો અને બોલ્યો.

'હવે જાઓ—હું પણ સૂઇ જાઉં છું' લલિતે જતાં જતાં હસ્તાં હસ્તાં કહ્યું.

'એ તો હવે જોઇશું.'

પ્રકરણ ત્રીજું.

—:o:—

નિરાશામાં આશા.

'કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે,
ખફા ખંજર સનમનામાં રહમ ઉંડી લપાઇ છે.
ઘડીના વસ્લની આવી, સનમ પણ છેતરી ચાલી,
હજારો રાત વાતોમાં ગુમાવી એ કમાઇ છે.

સ્વર્ગસ્થ મણિભાઈ.

લલિતચન્દ્રના અન્તઃપુરના એક સુશોભિત ઓરડામાં એક ઇરાની ગાલીચાપર બે લલનાઓ બેઠેલી હતી એક રમણી વસ્ત્રાલંકારોથી વિભુષીત હતી ત્યારે બીજીની પાસે પોતાના નૈસર્ગિક સૌન્દર્ય કરતાં બીજું કાંઇ વિશેષ હતું નહિ. તોપણ આ કુદરતી સૌન્દર્યવાન રમણી તેની સામેજ બેઠલ લલના કરતાં હજારો ગણી વધારે પ્રકાશતી હતી. એ રૂપનું વર્ણન કરવું એ તદ્દન અસંભવિતજ છે. ગુલાબની એક ખીલતી કળીની માફક તેનો ચહેરો હતો ત્યારે તેના આખા શરીરપર કુદરત દેવીની કૃપા સ્પષ્ટ રીતે જણાઇ આવતી હતી.

વસ્ત્રાલંકારોથી વિભુષિત રમણી પણ કાંઇ ઓછી લાવણ્યવતી હતી તેમ નહિં. શરદ પૂર્ણિમાના ઉગતા ચન્દ્રબિંબ જેવું તેનું મૂખાવિંદ હતું ત્યારે તેના સ્મિતમાંથી ઇન્દુના જળહળતા મધુરૂં હાસ્ય કરતાં કિરણો નીકલતાં હોય નહિં તેમ લાગતું હતું.

બન્ને રમણીઓ સહેજ ગુપ્ત હાસ્ય કરતી એક બીજા તરફ જોતી હતી. આહા ! એ હાસ્યની સાથે તેમના નેત્રો હસે છે, તેમનાં ઓષ્ઠો જરા હલે છે ત્યારે તેમનાં મૂખમંડલોપર આનંદની છાયા પથરાઇ જાય છે. વયમાં જરા મોટી દેખાતી રમણીનું નામ ઇન્દુ છે અને તે લલિતચન્દની ભાર્યા છે. ત્યારે તેની સામેજ બેઠેલ યુવતીનું નામાભિધાન કાંચન છે. વાંચક ! તે આપણી પરિચીત મરૂભુમિની બાલિકાજ છે.

કાંચનપર ઇન્દુને અતિશય સ્નેહ હતો—મહિનાના ૨૫ દહાડા તે કાંચનને પોતાની પાસેજ રાખતી—તેને આમ કર્યા વગર કદીપણ શાન્તિ મલતીજ નહિ. કાંચનની માતા જરા આનાકાની કરે તોપણ ઇન્દુ તો પોતાનું ધાર્યું જ કરતી. કાંચન વગર, તે હસતી નાઝનીન વગર દિવસો કાઢવા તે તેને બહુ મુશ્કેલ જણાતું હતું.

પોતાની વૃદ્ધ માતા જે કાંઇ આભુષણો, વસ્ત્રો આપે તેજ ફકત અંગપર ધારણ કરવા એવી કાંચનની પ્રતિજ્ઞા હતી. પ્રેમી માતાના હસ્તથી અપાએલ વસ્તુઓજ કાંચન પોતાના ઉપયોગ માટે યોગ્ય માનતી. તેને લાગતું કે એ વસ્તુઓમાં કોઇ દૈવી

પ્રેમની સુવાસ પ્રસરેલી છે. એ સુવાસના ઉપભોગમાં કાંચનને સ્વર્ગીય સુખ મળતું. કાંચનપરના ઇન્દુના સ્નેહે કાંચનને સુવર્ણમય, ઝણુઝણાટ કરતી પુતલી બનાવી દેવાના પ્રયત્નો કરવામ-બાકી રાખી નહોતી. પરન્તુ કાંચન એકની બે થઇ નહિ. માતાના પ્રેમ સાથે તે મિત્ર-સખીના પ્રેમને સરખાવી શકી નહિ અને પરિણામ એ આવ્યું કે કાંચન અલંકારહીણજ રહી. તેની પ્રતિજ્ઞા યુવાનીની તેની ઉષા સુધી જળવાઇ રહી.

વસંતના વિકસીત ગુલાબની કોમલ પાંખડી જેવા મધુર ઓષ્ઠો સહેજ હલાવતાં ઇન્દુ એ કાંચન ને પૂછ્યું.

'કાંચન ? હેમચન્દને પરણવું છે ?' અને પૂછતાં પૂછતાં સહેજ હસવું તેના વદન પર જણાયું.

કાંચને પોતાનું રૂપાળું મોઢું નીચું નમાવ્યું. ને સૂર્યના અસ્તસમે કમળના નમવા જેવો દેખાવ તાદશ્ય થભો થયો સ્વાભાવિક સુન્દર ચહેરા પર આન્દની લટાર પ્રસરતી જણાઇ. નેત્રોએ પાદાંગુલિઓ શોધવા માંડી અને તેની જીવ્હા તાલુનો સમાગમ કરવા દોડી આહા ! વાચક ? કલ્પનામાં આ ચિત્ર દોરી જો અને પછી નિહાળ કે શી અવર્ણનીય સુન્દરતા હતી તેમાં !

કાંચનબાલા હિન્દુ કન્યા હતી. વળી જે વયે હિન્દુ કન્યાઓના લગ્નો થાય છે તે વય પણ તેણે પસાર કરી હતી. અને હવે આવા સમયે નિવાહની વાતથી તેને આનન્દ થાય તે કાંઇ આશ્ચર્યની વાત નથી. આ સ્વભાવિક આનન્દ તેના ચહેરા પર પ્રસર્યો હતો પરન્તુ તેમાં પણ ઇન્દુબિમ્બમાંના કલંકની જેમ થોડું કલંક પ્રેક્ષકની દૃષ્ટિ સમીપ ખડું થતું હતું. કાંચનનું મૂખ હતું તો નમેલું પરન્તુ તેના નયનો તેના હૃદયનો ભાવ

સમ્પૂર્ણ રીતે દર્શાવી આપતા હતા. હેમ સાથે તેના વિવાહ કેમ હોઇ શકે ? કાંચનને આ વાતનું વારંવાર સ્મરણ થતું આ સ્મરણ તાજું થતાંજ શ્યામતાની આછી છાયા તેના ગુલાબી ગાલોને શ્યામ બનાવી દેતી હતી. આ સમયે પણ તેને આજ વાત પાછી યાદ આવી. તેના જેવી એક ભીખારીણી કન્યા અને તે પણ વળી એક બ્રાહ્મણ કન્યાને એક ધનાઢ્ય વૈશ્ય પરણે ? વૈશ્ય અને બ્રાહ્મણના લગ્ન કેમ હોઇ શકે. વારંવાર આજ વિચાર તેના હૃદયમાં જાગ્રત થતો અને તેના હૃદયને શોક સાગરમાં ડુબાડી દેતો હતો.

પંચરત્ન મંદિરમાં દરરોજ સાયંકાલે પિનાકનાથની આરતી થતી. હજારો માણસોની ઠઠ જામતી અને ભજનો ગવાતા હતા તથા છેવટમાં 'મહાભારત' પણ વંચાતું. સ્ત્રીમંડળ અને પુરૂષ મંડળ જુદુંજ બેસતું હતું અને લક્ષ્મીપુર જેવા બહુ મોટા ગામડામાં, હવેલીઓ અને મન્દિરો હજુ સુધી ગામની કુલટાઓ અને ભડવાઓનું મુખ્યસ્થાન થઇ પડયા નહોતા. અહિયાં ભિન્ન ભિન્ન વયની વ્યકિતઓ આવતી હતી ને ભજનમાં રસ લઇ, હૃદયને આસપાસની આલમનું ઘડીભર ભાનભુલાવી સઉ વિદાય થતી. નેત્રોના કટાક્ષો અહિં ફેંકાતાજ નહિ. અંગોના સ્પર્શોથી ક્ષણિક સુખને માટે ધક્કા મૂક્કી કરનારાઓ અહિં દષ્ટિગોચર થતા નહિ. પરન્તુ સર્વ સ્થળે શાન્તિજ જણાતી. વિકાર કે વિષયની છાયા આવા દેવ મન્દિરોમાં હજુ સુધી તો પથરાઇ નહોતી. ઉપર જણાવવામાં આવ્યું છે તેમ પંચરત્ન મંદિરના વિશાળ ચોકમાં હર હમેશ 'મહાભારત'ની કથા થતી. અને કાંચન તથા તેની માતા

પણ આ પ્રસંગનો લાભ લેવો ચુકતાજ નહિ. કાંચન પણ આ કથામાં બહુ રસ લેતી–અને આ મહાન કાવ્યના ઘણા ભાગો તેના સ્મરણમાંજ રહી ગયા હતા. ભિષ્મની મહાન પ્રતીજ્ઞા અને શાન્તનુનું એક મત્સ્યગંધા નામક મચ્છીમારની કન્યા સાથે લગ્ન વિગેરે વાતો તો તેના હૃદયપર ચીતરાઇ હતી–અને જ્યારે જ્યારે ઇમ, એક વૈશ્ય સાથેના તેના એક બ્રાહ્મણ કન્યાના લગ્નનો વિચાર તેના હૃદયમાં ઉદ્‌ભવતો ત્યારે તેને આ વાત યાદ આવતી અને કાંઇ દીલાસો મળતો. તેને લાગતું કે તેના આ લગ્ન કદાચ થઇ શકે–એ સંભવિત છે. આશા અને નિરાશામાં કાંચનનું હૃદય ઝુલવા લાગ્યું અને પરિણામમાં કાંચને આશાનેજ પસંદ કરી.

ઇન્દુની દ્રષ્ટિ કાંચનના મૂખપરજ હતી–કાંચનના વિચાર કલી જવા ઇન્દુના પ્રયત્નો કાંઇક અંશે સફલ થયા. પરન્તુ તોપણ સ્પષ્ટ જાણવાની ઇચ્છાથી તેણે મૃદુ સ્વરે પૂછ્યું 'કેમ બહેન ? ચુપ કેમ થઇ રહયા છો ? તેમની સાથે લગ્ન સંબંધમાં જોડાવાની ઇચ્છા નથી ?'

કાંચને વિસ્મય સહિત નમ્ર સ્વરે કહયું.

'મને તેઓ પરણશે ? મારા અને તેમના લગ્ન થવા સંભવિત છે ? પરન્તુ બહેન ? મારા વિવાહની વાત તો મારી માંજ જાણે–તેમાં હું શું સમજું ?'

ઇન્દુ 'પરન્તુ બહેન ? તારી ઇચ્છા તારી મા કઇ રીતે જાણી શકે ?'

ઇન્દુનું વાકય પુરૂ થાય છે ત્યાં તો અકસ્માત રીતે.

લલિત અન્દર આવ્યા અને ઇન્દૂ તરફ જોઇ હસ્યા, ઇન્દુએ પણ સ્મિત કરી સંકેતી જવાબ વાળ્યો—લલિતએ સ્મિતની સંજ્ઞા સમજ્યા અને સ્નેહથી કાંચનને કહયું 'કાંચન ? ઇન્દુ તો તારા વિવાહની ગોઠવણ કરે છે કે શું ?'

પરન્તુ સાંભળે છેજ કોણ—એક તો લલિતના આવાગમનથીજ કાંચનને શરમે ઘેરી લીધી હતી ત્યાં આ પ્રશ્ને તો તેને તદ્દન લજજામયજ કરી નાંખી. પ્રશ્ન સાંભલતાંજ તેનું મૂખ શરમમય બની ગયું અને ઉત્તર આપવાને બદલે તે તે ઓરડો ત્યાગી ગઇ.

* * * *

લલિત એક પર્યંક પર પડયા છે અને ઇન્દુ પાસે બેસી મીઠી મધુર, ગોષ્ટિ કરી રહી છે. વાતપરથી વાત નીકળતાં ઇન્દુએ પોતાના પ્રાણનાથને જરા ઠપકો આપતાં સ્વરે કહયું.

'તમે જરા મોડા આવ્યા હોત તો આજતો હું કાંચનનો હૃદયભાવ જાણી શકી હોત'

લલિતે હસતાં હસતાં કહયું.

'બસ કે વ્હાલી ? હજુ પણ તેનો હૃદયમર્મ તું જાણી શકી નહિ કે ? મેં તો તેના ચહેરાપરથીજ તેના અંતઃકરણની વાતને જાણી છે.

ઇન્દુ કાંઇક છણુકો કરતાં બોલી.

તમારું કૌશલ્ય ! તમે હૃદય પારખવામાં ઘણાં ચતુર છો નાથ ? પણ 'નાથ' કહેતાં અને વાકય પુરું કરતાં ઇન્દુ હસી પડી. લલિતે તેનો હાથ પકડયો અને પોતાની પાસે ખેંચી તેના હસતા ઓષ્ઠ પર ચુમ્બનરૂપી શીક્ષા કરી તથા તેને પોતાની પાસેજ બેસાડી અને કહયું.

'ઇન્દુ ! હવે કાંચનને તારે શણગારવી જોઇએ તે ન માને તોપણ તારે ગમે તેમ કરીને પણ તેને તારા હાથમાં લેવી જોઇએ. અને વળી તેના કુટુમ્બ વિષે પણ કાંઇ માહિતી મેળવવાનો યત્ન કરવો જોઇએ. એ જણાય ત્યાર પછી આપણે હેમચન્દને એ સર્વ બીનાથી વાકેફ કરીશું અને તેની મરજી માફકની યોજના વડે લગ્ન ઉજવવાની સગવડ કરીશું.'

કાંચનને શણગારવાનો ભાર ઇન્દુએ ખુશીથી પોતાના માથે લીધો અને વિવાહની વ્યવસ્થા કરવાનું કામ લલિતને સોંપાયું તથા કાંચનનો કૌટુમ્બિક પરિચયથી જ્ઞાત થવાનું ઇન્દુને માટે સરલ હોવાથી એ કામ પણ ઇન્દુને મળ્યું.

પ્રકરણ ચોથું.

——:o:——

ઉપવને કોણ ?

'આ પ્રેમ એવી વસ્તુ છે જે સ્વાર્થને નથી માનતી,
લજ્જા તથા જનમાનને પણ તે કદી નથી પીછાનતી.'

લલિતચન્દના અંતઃપુરની પછવાડેના ભાગમાં એક નાનું એવું ઉધાન હતું. ઉધાનની મધ્યમાં એક નાનો એવો ચોક હતો અને ચારે દિશામાંથી આ ચોકને ચાર નાના રસ્તાઓ આવી મળતા હતા—મરૂ ભુમિનો પ્રદેશ હોવાથી આ નાના બગીચામાં વૃક્ષોની ઘટા હતી નહિ પરન્તુ નાના ફુલ રોપાઓ અને થોડીએક નાની લતિકાઓ અહિં પરિશ્રમે ઉછેરવામાં આવી હતી તથા ચોકની આસપાસ ઇન્દુની પોતાનીજ મહેનતથી ઉછરેલ થોડાએક ફલ-વૃક્ષો હતા—આ સિવાય ગુલાબ અને ડાલરના કુંડાઓ પણ અહિંયા હતા અને ઉધાનને જેમ બને તેમ વધારે આકર્ષક તથા રમણીય બનાવવા માટે ચારે બાજુએ લીલી છમ ઘોકડ રોપી દેવામાં આવી હતી.

સૂર્ય અસ્તાચળપર આવ્યો હતો—ભુ-ગર્ભમાથી અગ્નિની તીક્ષ્ણ જવાળાઓ નીકળતી બંધ થઇ હતી અને વાયુદેવ ધીમેથી વહન કરવા લાગ્યો હતો.

કાંચનબાલા આ સમયે ઉધાનમાં બેઠાં બેઠાં શોકમય વિચારવીણાંના તારો વગાડી રહી હતી તેનાં સુંદર સ્યામકેશ પવનમાં અહિંતહિં ઉડતા હતા. કમળ જેવા નયનોમાંથી અશ્રુધારા વહી રહી હતી અને ગુલાબી ગાલો પર આંસુઓ પોતાના ચિન્હોનું સ્થાપન કરી અદૃસ્ય થતા હતા. આહા ! જીવનનો એક દિવસ પસાર થયો. પરન્તુ પ્રેમપ્રતિમા આવી નહિ.

મરૂભુમિની બાલિકાનો પ્રેમ પ્રવાહ કઇ તરફ વહે! આ જગતમાં એ પ્રવાહને કોણ લાયક છે! મનુષ્ય, આત્માઓથી ઉછળી રહેલ આલમમાં કયા આત્માને તે પોતાનો કહી શકે? આહા! જે માટે આજે તે અશ્રુધારા વરસાવી રહી છે તે મહા પુણ્યશાલી વ્યકિત કોણ છે?

કાંચનનું કોઇ સગું નથી. તેની મા. હા. વેલી વૃધ્ધ પૂજારીણી, તે તેને કન્યાની માફક ચાહે છે. તેણેજ કાંચનને ઉછેરી છે. અને કાચન પણ તેને પોતાની મા પ્રમાણેજ ચાહે છે. ત્યારે કાંચનની જનેતા કોણ? કાંચન પોતે પણ તે જાણતી નહોતી, અને તે વૃદ્ધ સ્ત્રીએ પણ આ વિષે કાંચનને કાંઇ જણાવ્યું નહોતું. કાંચન ફકત એટલુંજ જાણતી કે તે વૃદ્ધ સ્ત્રી તેની જનેતા નથી. જે માતાના સ્નેહમય દુગ્ધપાનથી તે પોષાઇ હતી તેને તે ભુલી શકી નહોતી. જેના ખોળામાં તે ઉછરી હતી તેનું વિસ્મરણ તે કરી શકી નહોતી. અને પ્રિય વાચક? તે વિસરી જવું, એક પોતાની જનેતાને વિસરી જવું, તેનાં સ્નેહાળ નયનોની ભુરકી ભુલી જવી તે આ આલમપટપર લગભગ બનતુંજ નથી. જીવનના દુઃખીમાં દુઃખી પ્રસંગોએ મુશ્કેલીઓના દરિયે ડુબતાં ડુબતાં અથવા કહો કે મરણ પથારીએ 'ઓ–મા' જ યાદ આવે છે. આહા. જનનીના પવિત્ર પ્રેમની અસર મનુષ્ય હૃદયપર કેવી સચોટ થાય છે તેનું આ સર્વ બાબતો ભાન કરાવે છે. વળી જનનીના પ્રેમમાં બીજી જાતોના સ્નેહમાં જેમ વિકાર થાય છે તેમ કદી થતો નથી. એ પ્રેમ તો એકજ જાતનો અવિચળ રહે છે. પારણામાં તમને નિંદ્રા આવે એ સારૂ હાલરડાં ગાતાં ગાતાં જે સ્નેહમયી દ્રષ્ટિ તમારી તરફ

ફેંકાય છે એજ દ્રષ્ટિ એજ સ્નેહસ્નિગ્ધ દ્રષ્ટિ તમે વરસો પસાર થતાં મ્હોટા થાવ અને કોઇ મહાન વિજય મેળવી જગતની નજરે મહાન વ્યકિત તરીકે ગણાવ તો પણ તમારા તરફ ફેંકાય છે વળી ઉમ્મરે પહોંચી કુમાર્ગે ચડી ફાંસીને લાકડે લટકવાનો પ્રસંગ ઉભો થાય ત્યારે પણ ઓ વાચક! પુત્રને ગુન્હેગાર ન માનતા માતાનું હૃદય રડે છે તેના સ્નેહી નયનોમાંથી અશ્રુધારા વહે છે. આવી છે મનુષ્ય જાતિની જનનીઓ માતાઓ, આવી માતાઓને કેમ ભુલાય! હર! હર! એતો અસંભવિત છે.

પંચરત્ન મંદિરની તે વૃદ્ધ દાસીને કાંચન વારંવાર પોતાની જનેતા માટે પ્રશ્નો કરતી પરંતુ કદી પણ તેને સંતોષજનક જવાબ મળતો નહિ. વૃદ્ધ દાસી કહેતી કે તેની મા સ્વર્ગવાસી થઇ છે. પરંતુ કાંચનને આ શબ્દોપર વિશ્વાસ હતો નહિ. જે જનનીને તેણે મા, મા, કહી બોલાવી હતી તે જનની તેનો બિલકુલ ત્યાગ કરી સ્વર્ગમાં જાય તે કાંચનનું કોમળ હૃદય કબુલ કરી શકયું નહિ. તેને ચોકસ લાગતું કે તેની મા તેને ચાહે છે અને તેના માટેજ જીવન ધારી રહી છે. આહા! કાંચનના લગ્ન થવાની પળ આવી. આ સમયે અને આ પ્રસંગે એ અહિં હાજર હોય તો કેટલું સારૂં! સંતતિના લગ્ન પ્રસંગે ખરેખરી રીતે મહાન આનંદ તો માબાપોનેજ થાય છે. સંતતિના લગ્ન કરી આપી તેમને વ્યવહારમાં જોડી દુનિયાદારી બનાવવા એ આપણાં જનસમાજમાં માબાપોની પ્રથમ ફરજ લેખાય છે. પોતાના પુત્ર–પુત્રીઓને વહેલાં પરણાવવા તેમની વહુઓને ઘરમાં રમઝમ કરતી જોવી એ પહેલી ફરજ અને ત્યાર પછી બીજી

ગૌણ ફરજ તરીકે પુત્રપુત્રીઓને કેળવણી અપાવાનું થાય છે. હજુ પહેલી ગુજરાતી ચોપડી પણ ભણી ઉતર્યો ન હોય ત્યારે તેના વેવિશાળની વાત થાય છે અને માબાપો લ્હાવો લેવા દોડે છે. ત્યારપછી એકાદ બે વરસ જતાં છોકરાને ઉમ્મર લાયક પરણવા લાયક અને એક હિન્દુ સંસાર પ્રમાણે એક જીવનો કબજો લેવા લાયક ગણવામાં આવે છે. થયું. પછી ચોળાય છે પીઠી, પછી ગવાય છે ગીતો અને આરોગાય છે લાડુ, અને છોકરો રૂમઝુમ કરતી છોકરીને, બાલિકાને ઘેર લાવે છે. પરંતુ આ પછી છોકરાની શી અવસ્થા થશે તેનો તેનાજ માબાપો વિચાર નથી કરતાં. વૃધ્ધાવસ્થામાં જે છોકરાપર પોતાને દિવસો ગુજારવાના હોય છે તેજ છોકરાને તેમણે જીવનના ઉચ્ચતમ આદેશોમાં કેળવવો એ તો તેમનો ચોખ્ખો સ્વાર્થ છે. પણ આ સ્વાર્થને તેઓ ભુલે છે, અને આ પોતાની ભુલનું પરિણામ તેમનેજ શોષવું પડે છે. આ સિવાય બીજી એક દુઃખજનક કથા પણ અહિંયા સ્મરણમાં રાખવાની છે. જે વહુને પોતાના ઘરમાં હરતી ફરતી જોવા જે માતાજ આતુર હોય છે તેજ માતા થોડા સમયના પસાર થઇ જવા પછી એજ બાળકીને પોતાના વ્હાલા પુત્રની વહુ તરીકે ગણતી નથી અને છેવટમાં હિન્દુ સંસારના લગભગ દરેક ઘરમાં દ્રષ્ટિએ પડતાં દેખાવો સાસુ–વહુના કલહો દ્રષ્ટિગોચર થાય છે. આહા! જનસમાજમાં આ કે'વા દીલગીરીજનક દેખાવો છે. આ સાસુ–વહુના કલહોમાં કોણ કારણભુત હોય છે તેની મીમાંસા અત્રે કરવી એ વાચકને જરા કંટાળો ઉપજાવશે એમ લાગે છે, અને આથી ભવિષ્યમાં આ બાબતપર દ્રષ્ટિ નાખવાનું મુલતવી રાખી આપણે આપણી વાર્તા તરફ વળીશું.

કાંચન આ વખતે પોતાની માતાના સ્મરણમાં ઝુલતી હતી, તેની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો શરૂ થયા હતા. 'મા કયાં ?' 'મા કયાં ?' એમ કહી કાંચનનું હૃદય રડતું હતું.

વૃધ્ધ દાસી તરફ કાંચનને અભાવ હતો તેમ નહિ. પોતાને મોટી કરનાર દાસીને કાંચન મા પ્રમાણે ચાહતી હતી. પરંતુ તે દાસીને પોતાના હૃદયમાં પોતાની જનેતાનું પદ આપવું એ કાંચનની શકિતની બહારની વાત હતી.

માને માટે સંતાન રડે એ સ્વભાવિકજ છે, કાંચન પણ આજે પુષ્કળ અશ્રુઓ પાડી રહી હતી. આ રૂદનમાં તેને આસપાસનું ભાન પણ રહયું નહોતું. મસ્તકને પોતાના બે હસ્ત વચ્ચે ટેકવી અખંડિત અશ્રુધારા વરસાવતી કાંચન બેઠી હતી. ત્યાં ઇન્દુ ધીમે પગલે એ સ્થળે આવી અને કાંચનને રડતી જોઇ તેનું મન બોલ્યું 'કાંચન રડે છે ? કારણ ? તેણે શા માટે રડવું જોઇએ ?' અને ઇન્દુની જીવ્હાએ કાંચનને સંબોધતાં કહ્યું

'અરે બેન તમે રડો છો શા માટે ?' આમ બોલી જેવા તે કાંચન પાસે જવા જતી હતી ત્યાં ઉદ્યાનના એક ખુણા તરફ તેની દ્રષ્ટિ પડી. એ દ્રષ્ટિને તેણે ત્યાંજ રાખી. તેની દ્રષ્ટિ ત્યાંથી ખસી શકી નહિ.

કાંચન પણ ઉઠી બેઠી થઇ અને ઇન્દુ જ્યાં દ્રષ્ટિ ફેંકી રહી હતી એ દિશામાં જોવા લાગી. હેમ સ્થિરભાવે એક દ્રષ્ટિથી તેમના તરફ જોઇ રહયા હતા. આ જોઇ કાંચનને પોતાના વસ્ત્રો સુવ્યવસ્થિત કરી ઇન્દુ પછવાડે જઇ ઉભી અને ઇન્દુ તેનો હસ્ત પકડી ઘરમાં લઇ ચાલી.

આ સર્વ થોડીએક ક્ષણોમાંજ બન્યું. પરંતુ ઇન્દુ આટલા ટુંક સમયમાં પણ ઘણું જાણી શકી; તેની નજર હેમના મુખ-પર પડી, અને એજ ક્ષણે હેમના હૃદયને તેણે જોયું. હેમના હૃદયમાં વહેતો સ્નેહ-પ્રવાહ તે જોઇ શકી અને સમજી પણ શકી.

વાચક! મહિલાઓની શકિત કોઇ અજબ પ્રકારની છે. પુરૂષોથી નથી સમજાતું તે મહિલાઓ થોડી ક્ષણોમાં સમજી શકે છે. હૃદયના ભાવોનું પ્રતીબીંબ મુખપર પડે છે અને આ મુખપરના ભાવો જાણવા એ અતિ કઠીન કાર્ય છે. હેમના હૃદય ભાવો તેના મુખપર પ્રસરી રહેલા હતા. તેના નયનોમાંથી સ્નેહમય દ્રષ્ટિ ઝરતી હતી. એ નયનોદ્વારા દેહમાં રહેલા હૃદયમાં પ્રચંડ વેગે વહી રહેલા પ્રબળ સ્નેહ-પ્રવાહને જોઇ શકાતું હતું. ઇન્દુએ આજે બસ થોડીકજ પળોમાં સર્વ જોયું. હેમનું હૃદય તે સમજી. હેમના હૃદય સિંહાસનપર સ્થાપિત થએલ પ્રતીમાને તેણે ઓળખી. એ પ્રતીમા કાંચનના હતી. પંચરત્નમંદીરમાં દાસીનું કામ કરનાર લક્ષ્મીની પુત્રી, કાંચનની હતી.



પ્રકરણ પાંચમુ.

—:o:—

પ્રેમમાં પાપ ?

'There is my spirit's home and my soul's abode
The rest are only inns on the travellers' road'

Farrén Le Bretons.

વા સમયે હેમચન્દ ઉદ્યાનમાં શામાટે આવેલા હશે. એ કાંઇક વિચારવા યોગ્ય છે. સંધ્યા સમયના સમીરનું સેવન કરવાને ગએલ હોય એ તો બહુ સંભવિત લાગતું નથી. વળી કાંચનને એક વાર ફરી જોવા અને પોતાના નયનોને, હૃદયને શાન્ત કરવા ગએલ હોય એમ પણ જણાતું નથી. વાચક? પોતાના હૃદયમાં આવી પડેલ ઉદાસીન્તાને દુર કરવા જ હેમ ત્યાં ગએલ હતા. પૃથ્વીપર પરની નૈસર્ગિક સુંદરતા જોઇ હૃદયને સ્થિર કરવાનો હેતુ તેમને આ સમયે ઉદ્યાનમાં લાવ્યો હતો.

જે સૌન્દર્યમાં ચેતન નથી તે પ્રેમીને સામો પ્રેમ આપી શકતું નથી. પ્રેમ પ્રવાહને કાંઇ પણ પોષણ મળે તોજ એ પ્રવાહ અસ્ખલિત રીતે વહી શકે છે. જો એ પોષણ ન મળે તો લાંબા સમયે એ પ્રવાહની કાંતો અધોગતિ થાય છે અથવા તે સંપૂર્ણ રીતે સુકાઇ જાય છે. પવિત્ર પ્રેમની જાગૃતિમાં પાપ

નથી. એ પ્રેમ માનુષી નથી. પરન્તુ સ્વર્ગીય છે અને દુનિયા પરના સ્વર્ગના અધિકારીઓજ આ પ્રેમનો સ્વાદ ચાખી શકે છે. વર્તમાન પ્રેમ અને આ પ્રેમ વચ્ચે મહાન અંતર છે. વર્તમાન પ્રેમ જ્યારે બાહ્ય નાશવંત સૌન્દર્યથી ઉત્પન્ન થાય છે ત્યારે અમર આત્માના ગુણો આ પ્રેમનું જન્મસ્થાન છે.

હેમચન્દના હૃદયમાં આ પવિત્ર પ્રેમની ઉષા, સુંદર ગુલાબી રંગની ઓઢણી પહેરી આવી ઉપસ્થિત થઇ છે. પરન્તુ હેમનું હૃદય ચિન્તામગ્ન છે. દેશાચાર અને રાક્ષસી રૂઢિઓ આ ઉષાને જહાનમમાં પહોંચાડવા ઘોર રાક્ષસો અને પ્રેત પત્નિઓની માફક દાંતીયા કરતી ઉભી થઇ રહી છે. જો કાંચન ન મળે તો પોતાનું જીવન દુઃખમય નર્કમાં પડશે. જીવનની એક પણ આશા સફળ નહિ થાય એમ હેમને લાગ્યું. અને આથીજ તેના હૃદયમાં ઉદાસીનતાનું સામ્રાજ્ય ફેલાએલું હતું.

ગઇ રાત્રિએ તેને બિલકુલ નિંદ્રા આવી નહોતી. લલિત ગયા પછી મહાન ચિન્તાએ તેના હૃદયનો કબજો લીધો હતો. સમાજ બંધનો વિચારતાં વિચારતાં કાંચનને પોતાની કરવાનું હેમને અસંભવિત લાગ્યું હતું. તેણે ઘણાંએ તર્કો કર્યા ઘણીએ મીમાંસા કરી પરન્તુ પોતાની હૃદયવાંચ્છનાની સફળતા માટે એક પણ બારૂં તેની દ્રષ્ટિ આગળ ખડું થયું નહિ. પ્રણય એ તર્કોની સીમાની બહાર છે. પ્રણય એ બન્ધન મુક્ત છે અને પ્રણય એ રૂઢીઓથી શૃંખલાબધ્ધજ થઇ શકતો નથી. ગમે તેટલો ભય બતાવો ગમે તેટલી લાલચ આપો પરન્તુ પ્રણય વિકાસને અટકાવવાનું કાર્ય અસંભવિત છે. પ્રણયઉષા પ્રકટી તો સ્નેહ–સૂર્ય પ્રકાશવોજ જોઇએ.

હેમને લાગ્યું કે કાંચનનું પાણી ગ્રહણ કરવાની વાત તેને માટે સહેલી નથી-હિમાલય જેવા મહાન ગિરિવરોની હારો ને હારો પોતાના માર્ગમાં ખડી થએલા તેને જણાઇ-પોતાની પ્રિયતમાને મળવાને, તેના આત્મા સાથે અભિન્ન થઇ જવાને પ્રબલ પ્રવાહથી, આસપાસનું ભાન ભુલી જઇ વહતી પાગલ નદીઓ તેની ઇચ્છાને યમસદનમાં પહોંચાડી દેવાને તત્પર થતી લાગી. આહા! ભયંકર વિઘ્નો અને એ ભયંકરતાની પછવાડે મધુરૂં સ્મીત કરતી, પોતાને આમંત્રણ આપતી પોતાની તરફજ નિહાળી રહેલી આતુર કાંચનને ઉભેલી તેણે જોઇ-આશા સ્વપ્ન હેમના નયનો પાસે તાદૃસ્ય થવા લાગ્યું અને હેમ એ સ્વપ્નની સત્યતાની સફળતા માટે તરફડવા લાગ્યા.

પ્રિય વાંચક? હેમની આ અવસ્થાનો તને કદી પણ અનૂભવ થયો છે? કાંચન તરફની હેમની દ્રષ્ટિમાં જે પ્રેમના કિરણો પ્રકાશી રહયાં હતાં તેવાં કિરણો કોઇપણ સમયે તારા ચક્ષુઓમાંથી સ્ફુર્યાં છે? એવો સ્નેહનો ફુવારો ત્હારા હૃદયમાંથી ફુટી મગન ચુમ્બવાને શક્તિમાન થયો છે?

હેમના હૃદયમાં જયારથી કાંચન સિહાંસના રૂઢ થઇ ત્યારથી હેમ શનૈ-શનૈ-આત્મભાન ભુલવા લાગ્યો-કાંચને મહારાણી પદ લીધા પછી આપખુદી સત્તા ચલાવવા માંડી-અને હેમનું હૃદય કાંચન કાંચનજ થઇ રહયું-આ પ્રેમ! સ્નેહ! શી અદભુત અસર છે તારી? મરૂભુમિમાંના મેળાપ પહેલાં આ હૃદયો એક બીજાથી લાખો કોશોને અંતરે પડયા હતા. આજે આ હૃદયો અભિન્ન થયા છે શો તારો પ્રભાવ! એકના બે કરી નાંખનાર દુનિયામાં ઘણાં અસ્ત્રશસ્ત્ર છે પરન્તુ આ મહોબત્ત સ્વર્ગીય સનમ! તારી સત્તા તો બે વસ્તુઓને એકજ કરી નાંખે છે. અને વળી તે અભિન્નતા અમરપદજ પામે છે: પ્રેમ! તુંજ મનુષ્યના જીવનનું સત્વ છે.

આહ ! પણ ત્યારે કાંચન કો'ની થશે ? એ ગુલાબકળી કો'ને માટે ખીલશે ? આ ! કમલનો ભ્રમરજ ભોગી બને તો તો તેનું ભાગ્ય પણ કાગજ બન્યો તો ? એ કમળથી સહન થશે ? જીંદગાનીની તેની કોમળ નૌકા વમળમય સમુદ્રમાં તરશે કે તલીયે જશે ? હેમનું હૃદય ઉછળવા લાગ્યું તેને ભાસ્યું કે હમણાંજ તેના હૃદયના ટૂકડેટૂકડા થઇ જશે. પરન્તુ ભવિષ્યનાં, ભાવિના સુકાનીની ઇચ્છા કાંઇક ઓરજ હતી. આશા પછી નીરાશા આવી વળી નિરાશાના પ્રવાહ પછી આશાનો શ્વેત પ્રવાહ મંદગતીએ વહેવા લાગ્યો.

' મરુભુમિમાંથી મને આ રત્ન મળ્યું છે. એ મારે બીજાને આપી દેવું ? અને તેનું કારણ ? લોકરૂઢિઓને આ આ રત્નનું બલિદાન આપવું ? ના ના તેતો નહિં બને. એ રત્ન મારા શિર પર બીરાજવા લાયક છે અને તે તો ત્યાંજ બેસસે–ભલે એ રત્નને મેળવવા માટે ભારે બલિદાનો આપવા પડે પરન્તુ એ રત્ન થશે મ્હારૂંજ. એ બલિદાનો પ્રેમના યજ્ઞકુંડ આગળ હું ખુશીથી આપીશ. હેમ બબડયો.

' ઇશ્કે માશુકમાં અમારી જાન જાએ તો ભલે !
ઘરબાર ઇજ્જત હાથથી સર્વ લુંટાએ તો ભલે !
ઇશ્કમાં હડીઓ સલગી ઉઠે ને તે પછી !
સુરમો બની માશુકની આંખે સમાએ તો ભલે !
ગુલચમન છોડે નહિં બુલબુલ કદાપી અયરફીક !
સૈયાદના ફાંસા મહિ ગરદન ફસાએ તો ભલે!
પરવા નહિ પુછો જઇ છે ઇશ્કમાં કેવી મજા !
તે કહેશે કે ' જીગર આ ખાક થાએ તો ભલે ' !

' શમદા '.

છેવટમાં હેમે કાંચન સાથે લગ્ન સંબંધથી જોડાવાનું નક્કી કર્યું. લલિતની ઇચ્છા વિરૂધ્ધ તેણે આ કાર્ય ન કરવું જોઇએ એમ તેને લાગતું હતું પરન્તુ એ વાતના નિશ્ચયને ભવિષ્ય માટે મૂલતવી રાખી આજ તો તેનું હૃદય કમલ જરા વિકસીત થવા લાગ્યું અને મંત્ર જાપની માફક બોલવા લાગ્યું 'જીગર આ ખાક થાએ તો ભલે'.

——:o:——

પ્રકરણ ૬ ઠું.

——:o:——

પુષ્પકલી.

'There is no sweet honey: nor yet has the blossom opened. If the bee is enamoured of the bud, who can tell what will happen when she is a full-blown flower'

Pierson.

કાંચનનું લાલનપાલન કરનાર સ્ત્રીનું નામ લક્ષ્મી હતું. આજે લક્ષ્મી કાંચનને ઇન્દુ પાસે રાખી મન્દિરે ચાલી ગઇ હતી. જવા પહેલાં ઇન્દુએ લક્ષ્મીને કાંચનના કૌટુમ્બીક પરિચય માટે પૂછ્યું હતું પરન્તુ ઇન્દુ પોતે જાણતી હતી તેથી વિશેષ તેને પોતાના સવાલના ઉત્તરમાં મલ્યું નહિ. છેવટમાં ઇન્દુએ કહ્યું.

'લક્ષ્મી! તું આપણે ત્યાં આવેલા હેમચન્દને ઓલખે છે. તેઓ મુંબઇના એક મર્હૂમ શેઠીયાના પુત્ર અને વારસ છે અને એ શહેરમાં તેઓ બહુ પૈસાદાર ગણાય છે. વળી તેઓનું જ્ઞાન

પણ ઘણું ઉત્તમ છે. તેમણે કાંચનને લક્ષ્મીપુર આવતાં જોઇ હતી અને ત્યારથી તેઓ કાંચનને ચાહે છે વળી કાંચન પણ હેમનું ધ્યાન કરે છે. કાંચનનો વિવાહ હેમ સાથે કરવાનો મારો વિચાર છે.

લક્ષ્મીએ આ સઘળું મૂંગે મોઢે સાંભળ્યું. દરેકે દરેક વાકયે તેના ચહેરાપરના ભાવોમાં ફેરફાર થવા લાગ્યો અને છેવટના વાકયથી તો તેના ભ્રમરો ક્રુદ્ધ બન્યા. ભ્રકુટીઓ ખેંચાઇ અને મૂખાવિંદપર સહેજ શ્યામતાની છાયા પથરાઇ. તથા હૃદયની લાગણીનુ પ્રતિબીમ્બ બની. પરન્તુ આ સર્વ થોડીએક પળ માટેજ હતું-લક્ષ્મીનું હૃદય ધીમે ધીમે શાન્ત થવા લાગ્યું. એક પછી એક વીચારોના વમળો તેના હૃદય સમુદ્રમાં ઉછળવા લાગ્યા અને આખર જતાં સમુદ્ર શાન્ત થયો. મુખ પ્રફુલ્લિત બન્યું અને ભ્રમરો સહેજ આનન્દની છાયા બતાવવા લાગ્યા. લક્ષ્મીને લાગ્યું કે કાંચન તેની એકની એક દીકરી છે-વળી પોતાની અવસ્થા પણ પાકી ગઇ છે. પોતે હમણાંજ ગત પ્રાણ થાય તો કાંચન શું ? મન્દિરમાં સેવા કરતાં કે ઇન્દુને ત્યાં આનન્દ કરતાં વારંવાર લક્ષ્મીને આજ વિચારો આવતા. કાંચનને માટે સુપાત્ર વર શોધવા તેણે ઘણી મહેનત કરી હતી. પરન્તુ વ્યર્થ. લક્ષ્મીની મહેનત સફળ થઇ ન હતી અને કાંચન અઢાર વરસની વયે પહોંચી. લક્ષ્મીનું હૃદય પણ ગભરાવા લાગ્યું પણ કાંચનમાં કળીકાલ નહીં આવેલો જોઇ તેને જરા ધીરજ રહી હતી.

અહિયાં સહેજ જણાવવાની જરૂર છે કે લક્ષ્મીએ પોતાનું આટલું વય ફકત લક્ષ્મીપુરમાંજ રહીને વ્યતીત કર્યું નહોતું. પોતાનુ

શરૂઆતનું જીવન મુંબઇમાં ગાળી, સ્ત્રીઓને માટે સ્થાપવામાં આવેલ સંસ્થાઓનો લાભ લઇ વળી થોડો એક સમય દીલ્હીમાં પસાર કરી અમુક ભેદી કારણોથી તેને લક્ષ્મીપુરની પૂજારીણી–દાસી–બનવું પડયું હતું આજે અહિં તે ઘણાં સમયથી દાસીપણું કરી રહી હતી છતાં મુંબાઇના જ્ઞાનના સંસ્કારો તેનાં હૃદયમાંથી ભુંસાઇ ગયા નહોતા.

ઇન્દુએ કાંચનના ભુત ઇતિહાસની થોડી એક પણ માહીતી મેળવવા પુષ્કળ પ્રયત્ન કર્યો અને તે જરા સફળ પણ થઇ ખરી–લક્ષ્મીએ થોડું એક કહયું. વળી વાત અધુરી રાખી અને આમતેમ બીજી વાતો કરી તે ચાલી ગઇ.

ઇન્દુનું મુખાર્વિંદ ઇન્દુના બિમ્બ જેમ પ્રકાશિત થયું. કાંચન પરના તેના પ્રેમે, કાંચનનો ગત ઇતિહાસ તેને કંઠસ્થ કરાવ્યો અને એ ઇતિહાસ લલિતને જણાવવા તે અધીરી બની ગઇ.

લલિત આ સમયે ઘરમાં નહોતા. પરન્તુ બહારથી આવ્યા કે તરતજ ઇન્દુની પાસે જઇ તે બોલ્યા ' કેમ વ્હાલી ! તારી કાંચનના શા ખબર છે. ઇન્દુ મધુર, પ્રેમમય સ્મિત કરતી બોલી. ' મેં તમને કહયું નહોતું કે કાંચન એક નીચ ઘરની છોકરી નથી. તમે મન પારખવામાં ચતુર છો પરન્તુ પ્રકૃતિ સમજવામાં તમારો નમ્બર છેલ્લો આવે છે હો વ્હાલા !

લલિત ખડખડાટ હસી પડયા અને ઇન્દુનો કોમળ હસ્ત પકડતાં બોલ્યા.

'ઠીક વ્હાલા કબુલ. તમે પરીક્ષક હો ત્યાં મારો નમ્બર છેલ્લો આવે કે પહેલો આવે તેની મને દરકાર નથી. પણ ઇન્દુ ! લક્ષ્મી ને તમે પૂછ્યું હતું કે ?'

'લક્ષ્મી કાંચનના વિવાહ સંબંધે તો કાંઇ બોલી નહિ. પરન્તુ તેના હૃદયભાવપરથી મને જણાયું કે આ વિવાહમાં તેની સંમતિ છે અથવા તો થશે. બાકી તો મેં આપને જણાવ્યું તેટલુંજ તેણે મને કહ્યું છે.'

'તમને તેના કહેવાપર વિશ્વાસ છે કે ?

ઇન્દુએ સ્વામીના મુખ તરફ હર્ષોત્ફુલ નયને જોતાં જોતાં કહ્યું.

'હા. લક્ષ્મી કાંચન માટે મને કાંઇ અસત્ય કહેજ નહિ.'

'તમે બીજું કાંઇ સાંભળ્યું છે ? સાંભળ્યું હોય તો બોલોને ?

'પણ મેં તમને જે કહેવાનું હતું તે કહ્યું..' 'કાંચન નીચ ઘરની કન્યા નથી. કાંચન જેવી બાલિકા નીચ ઘરની હોય વ્હાલા ?'

'પરન્તુ.'

'પણ હવે પરન્તુ શા માટે ? હેમ તો જોઇ સાંભળીને વિવાહ કરે છેને.'

'પણ ઇન્દુ ! તારી ઇચ્છા છે કે હેમની સાથે કાંચનના લગ્ન થાય ? વાહ ! વ્હાલી ! તું પણ કાંચનની ખરેખરી સખી છો હો !'

'મારી ઇચ્છા તો છેજ. નહિંતર આટલી મહેનત લઇ લક્ષ્મી પાસેથી વતાજ શા માટે કહાવું ?'

પણ મારા વિચાર બદલાઇ ગયો હશે તો ?'

'ઓ મા ! હેમનો વિચાર બદલાઇ ગયો છે ? આ વાત તમે હમણાંજ કહો છો' બોલતાં બોલતાં ઇન્દુનું વદન સુકાઇ ગયું અને તેના સુંદર નયનોમાંથી ધીમે ધીમે અશ્રુબિંદુઓ ટપકવા લાગ્યા. તથા સાથે સાથે બગીચામાં સંધ્યાકાળે બનેલો બનાવ તેના નયનો પાસે ખડો થઇ ગયો.

ઇન્દુની બોલવાની રીતિ અને તેની આંખોમાંથી વહેતા અશ્રુબિન્દુઓ જોઇ લલિત કાંચન પ્રત્યેના ઇન્દુના સ્નેહને સંપૂર્ણ રીતે સમજી શકયો અને આ જ્ઞાનથી તેના હૃદયની ઇચ્છાઓ વિકસિત થવા સાથે તેના નયનો પણ આનંદિત થઇ ગયા. ઇન્દુએ પણ આ જોયું અને સ્નેહી ક્રોધની છાયા સહિત લલિતના હાથને આંચકો મારતા કહ્યું.

'લલિત ! તમે કેવા ક્રુર છો–?

લાલતે હસતાં હસતાં, ઇન્દુનું મોઢું પોતાના હાથમાં લઇ, તેના ક્રોધી ભ્રમરપર ચુમ્બન આપતાં, બોલ્યા.

'પણ વ્હાલી ઇન્દુ ! જરા તારી કસોટી તો કરવીજ જોઇએ ને–પરીક્ષા વગર સૂવર્ણની ખરી કીમત થાય ? કાંચન પરના તારા સ્નેહની સીમા છે કે નહિં તે તો મને જણવું જોઇએ ને ? અને વ્હાલી વળી તારા કોમળ ક્રોધથી મને શું નૂકસાન થયું ? જો તારા કોમળ હસ્તનો સ્નેહી પ્રહાર મને તો જાઇના પુષ્પ ગુચ્છ જેવો લાગ્યો.'

'વાહવાહ–સ્વાર્થની પણ પરંપરા–હૃદયના અશ્રુઓ વહયાં ત્યારે તમને પુષ્પગુચ્છનો પ્રહાર મળ્યો.

'પરન્તુ પ્રિય ઇન્દુ. એ અશ્રુઓનો બદલો તને અમૃત-કટોરાથી મળે તો? પછી તો મારાપર કફા નહિં થાને?

'કફા કે બફા! એ વાતજ કયાં છે? તમારાપર કફા થાઉં? મ્હારા જીવન તરફ ક્રોધ દ્રષ્ટિ ફેંકું? નહિં વ્હાલા લલિત! તમે મ્હારા આત્મા છો-મ્હારા નાથ છો. ત્યાં દાસ અને દાસીઓને કફા કે બફા થવાનો હકજ કયાં રહે છે! તમારી ખુશી-તે-મારી ખુશી તમારો શોક તે મારો શોક-હૃદયની અભિન્નતા ત્યાં વ્હાલા! કફા કે ફીદાનો સવાલજ નથી પરન્તુ હવે એ જવા દયો-ત્યો હવે હું કાંચનને બોલાવું છું અને તેને શણગારી પછી આપણે ઉમને બોલાવીશું-તમે આહં બેસો, હું કાંચનને બોલાવી લાવું.' લલિતના હાથમાંથી પોતાનો હાથ ખેંચી લઇ ઇન્દુ કાંચનને બોલાવવા ઉતાવળે પગલે રવાના થઇ.

લલિતને લાગ્યું કે ખરેખર ઇન્દુ પાગલ બની ગઇ છે-નહિં તર આવો સ્નેહ કયાંથી? આ થોડાએક શબ્દોમાં અશ્રુપ્રવાહનું વહન કયાંથી? આહા! કોમલાંગિઓના કોમલ હૃદયોની સીમાં આંકવા કોણ શક્તિમાન છે?

કાંચનની સાથે થોડાવારમાં ઇન્દુ હસ્તે મૂખડે આવી અને કાંચનને લલિત પાસે ઉભી રાખી સહેજ સહેજ સ્મિત કરવા લાગી તથા કાંચનને શરમાતી જોઇ બોલી.

'અરે વાહ! કાંચન! આટલી વારમાં તો શરમાતાં પણ શીખી ગઇ કે? થોડા વખત પછી તો તને મોઢું દેખાડતાં પણ શરમ આવશે ને?

કાંચનના ગુલાબી ગાલો પર એકદમ લાલી પ્રસરી ગઇ. લજ્જાએ આવી કાંચનના સમ્પૂર્ણ કબજો લીધો અને એવો આપખુદી અમલ ચલાવવા માંડયો કે ઇન્દુને પણ તેનું ભાન થયું અને લલિત તરફ જોઇ તે બોલી.

'તમારી પાસે આવતાં હવે કાંચનને શરમ લાગે છે. પણ હવે એ તો તમારી ભાભી થવાની એટલે પછી તો લજ્જા આવેજ તો!' બોલતાં બોલતાં કાંચનને પોતાના હાથમાં પકડી પ્રેમથી હૃદય સાથે ચાંપતા સ્નેહથી ઉભરાઇ જતી છાતીએ ઇન્દુએ કહ્યું.

'જા! બ્હેન! જા તું ત્હારે હવે જા.' અને છલ્લા શબ્દો પુરાં થતાંજ કાંચન હરિણીના બચ્ચાની માફક દોડી ઓરડાની બહાર નીકળી ગઇ. આહા હવેજ તેને જરા શાન્તિ મળી. લજ્જા. શરમનો બોજો હવેજ ઓછો થયો અને હૃદય સ્વસ્થ થયું.

પ્રકરણ ૭ મું.

વાર્તા લાપ.

'દીલ અગર માંગોગે તુમકોઅય સનમ દે દેંગે હમ,
પર ન દેના ઓરકો યહભી કસમ દે દેંગે હમ.'

કેટલાકો એમજ ધારે છે કે નૈસર્ગિક સૌન્દર્યનો ધનાઢયોએજ ઇજારો લીધેલો હોય છે. લાવણ્ય તો ધનવાનોમાંજ હોય છે, પરન્તુ આ તેમની ધારણા કેટલી અર્થ વગરની, ભુલભરેલી છે એ વાર્તા હવે દીન પ્રતીદીન સ્પષ્ટ થતી જાય છે. કુદરત પોતાની બક્ષીસો આપવામાં કદી વ્યપુંજ જોતી નથી, તે નથી જોતી જાતિ કે જાતી–કે નથી જોતી હૃદય કે અંતઃકરણ.

કાંચનનું સૌન્દર્ય મેઘ ઘટા પછવાડે ભરાઇ રહેલ ચન્દ્રમાં જેવું હતું. પરન્તુ આજે ઇન્દુના સતત પ્રયત્ને તે મેઘ ઘટા દુર થઇ અને ચન્દ્રમાની ચન્દની સમ્પુર્ણ રીતે પ્રકાશવા લાગી. એક દાસી કન્યા, એક ભીખારીણીની કન્યા! તે તો રૂપનું કુદરતની ભેટનું રક્ષણ કેટલું કરી શકે? કાંચને અથવા તો તેની માએ કાંચનના સૌન્દર્યનું રક્ષણ કર્યું હોત, તેને પાળી પોશી ઉછેર્યું હોત તો આજે તે રૂપ કેવું હોત તેનું વર્ણન કરવું અસંભાવત છે.

આજે ઇન્દુને માટે તો સુવર્ણનો સુર્ય ઉગ્યો હતો. ઘણાં લાંબા સમયના તેના પ્રયત્નો આજે સફળ થયા હતા. કાંચને આજે ઇન્દુનું કહ્યું અણગમતે મને પણ માન્ય તો કર્યું હતું. અને ઇન્દુએ આજે ચન્દ્રમાને વાદળાંની બહાર ધસડી કાઢયો હતો.

સુન્દર શ્યામ કેશમાં સુગન્ધપુર્ણ તેલ, અંબોડાપર એક ખીલતું ગુલાબ, લલાટમાં આકર્ષક કુંકુમ ચાંદલો, કોમળ ગૌર હસ્તમાં સુવર્ણ કંકણો, ગળામાં મૌકિતક હાર, અને પગમાં નાના ઝાંઝરો, આજે કાંચનના રૂપમાં વધારો કરી રહયાં હતાં. શરીરપર રેશમી ઓઢણી આલમને નવ જીવન આપનાર ઉષાની ઓઢણી જેવી દેખાતી હતી ત્યારે ઓષ્ઠપરની ગુલાબી છાયા મનને મોહ અંધકારમાં ભમાવી દે એવી બની હતી. નયનોમાં આછુ કાજળ નયનોની ભુરખીમાં વધારો કરી રહયું હતું અને કાંચનનું સ્વરૂપ આજે પુર્ણિમાના શશીનાથ જેમ ખીલ્યું હતું.

કાંચનનો શણગાર પુરો થયો. અને ઇન્દુ એ વળી એક વખત ફરી કાંચનના તરફ દ્રષ્ટિ ફેંકતા કહ્યું.

'કાંચન! બ્હેની! તું જરા અહિં બેસ હું થોડી ક્ષણમાંજ આવું છું''

બીજાના આપેલા સાહિત્યો કદી પણ અંગપર ધારણ ન કરવાની કાંચનની પ્રતીજ્ઞાનો આજે ભંગ થયો છે. મ્હોટી બેન જેવી ઇન્દુના સ્નેહ આગળ કાંચન આજે પોતાની પ્રતિજ્ઞાનું રક્ષણ કરી શકી નહિ. જે વસ્ત્રો, જે આભુષણો ધારણ કરવાની તેને કલ્પના પણ નહોતી તે આભુષણો તે વસ્ત્રો આજે તેના શરીરની શોભાને વૃધ્ધિગત કરી રહયા હતા, પરન્તુ આ સર્વની અસર કાંચનના હૃદયપર થઇ નહોતી. દુઃખમાં ઉછરેલી બાલિકા તે હતી પણ તેનું હૃદય પવનમાં ડોલતાં પર્ણ જેવું નહોતું. દુઃખના વમળોથી તેની હૃદય નૌકા ટેવાયજ ગઇ હતી. ગમે તેવા વમળો આવે પણ તેના સુકાનીની ચાતુરી તેનો પસારજયજ કરતી. પણ આજે તો વમળો હતા નહિ. સુખના આનન્દના સ્મિત કરતાં તરંગો આજે અંતરમાં વહતા હતા, પરન્તુ તેઓ કાંચનના હૃદયમાં સ્થિર ભાવે રહી શકતા હતા નહિં. ભવિષ્યના સુખની ચિન્તા કાંચનના કોમળ હૃદયમાં આજે જાગ્રત થઇ હતી. અને બીચારી દુઃખી બાળાને ગભરાવતી હતી. 'હાય! હું એક દુઃખી રમણી! તેને વળી આ શણગાર અને સુવર્ણ આભુષણો શા? મને ચ્હાનારે શું આ ભેટ મોકલ્યા છે? શું આ વસ્તુઓના પરિધાનથીજ એ મ્હને ચહાનાર છે? શું દ્રવ્યથીજ સ્નેહ થાય છે? પોતે મ્હોટા પૈસાદાર છે એટલે મ્હને ગરી-

બને સમ્પુર્ણ રીતે ચાહી શકશે? અરે પ્રભુ! આ શું હું કયાં એક દાસી કન્યા અને વળી એ કયાં ગર્ભશ્રીમંત ધનાઢ્ય પુત્ર! કયાં મરૂભુમિ અને કયાં મુંબઇ! પણ હું તેને ચાહું છું? આહા! એ સ્નેહ! એ. એ. મીઠો મધુરો સ્નેહ! ત્હારી શકિત તો કોઇ અજબ વસ્તુ છે. એ સનમ! તું.

'જગતની ઝેરી છુરીથી રીબાતાનો
દીલાસો છે.
દિવાનાનો અજબ જાદુ બધો એમાં સમાયો છે!

કાંચનનું હૃદય આજે કોઇ નવનવીન વીચારોથી ઉભરાઇ જતું હતું. પહેલાં કદી પણ નહિં ઉપજેલા વિચારો કોણ જાણે કયાંથી તેના મનમાં આવતા હતા. હૃદયપદમની ગુલાબી પાંખડીઓ સુર્યના ઉદયથી આજે ખીલી ન હોય તેવું કાંચનને લાગતું હતું. હૃદયના તારોને મધુરી વીણાના તારોની માફક આજે તમતમાટ કરતા કાંચન સાંભળી શકતી હતી. અને આ સાથે સાથે તેના નયનો પણ તાલ લેતા હતા. તાલ આપતા હતા.

વાચક! કાંચનને પોતાના રૂપનું ભાન હતું નહિ. સૌન્દર્યની ખીલવણી કરવાનું તે જાણતીજ નહોતી.

પણ પ્રિય વાંચક? સૌન્દર્યનો કોઇ ભોકતા હોય તોજ સૌન્દર્યની ખીલવણી સ્વાભાવિક છે. ભોકતા વગર ભોગ્ય વસ્તુ નકામી છે. જો કે કાંચન આ ફીલોસોફી જાણતી નહોતી તોપણ એક પણ દિવસે કાંચન ઠાઠમાઠ મારવાનો વિચાર પણ થયો નહોતો. સ્વચ્છતામાંજ તે સુખ માનતી. અને માતાની પ્રસન્નતા માંજ પોતાનું કલ્યાણ જોતી.

કાંચન આમ વિચારમાં ઉભી હતી ત્યાં બારણા પાસેથી સ્નેહાળ સ્વર આવ્યો.

'ઓહો બેટી કાંચન! આશું! ઇન્દુબાએ તને અપસરા બનાવી દીધી કે શું?' કાંચન તો આ શબ્દો સાંભળી લજ્જાથી ગભરાઇજ ગઇ અને પાસે પડેલા કોચપર બેસી ગઇ ત્યાં તેની મા લક્ષ્મી અંદર આવી અને બોલી.

'કાચન! બેટા! શરમાય છે શા માટે! ઇન્દુબાએ તો તને તદ્દન ફેરવીજ નાંખી છે હો. પ્રભુ તેનું કલ્યાણ કરો.'

આ વખતે 'હેમ! ચાલો તો જરા તમે તમારી નજરેજ જુઓ,' બોલતાં લલિત આજ ઓરડામાં આવ્યા અને તેની પાછળ હેમ પણ આવી ઉભા રહયા. આ સમયે આ બે મિત્રોની પછવાડે આનન્દમય મુખડે હર્ષથી નાચતા નયનોએ ઇન્દુ પણ આવતી હતી. પરન્તુ હેમને ઓરડામાં જતાં જોઇ, ધીમે પગલે, તે નવસ્નેહીઓના વાર્તાલાપને સાંભળવાને પોતે બારણાની પછવાડે આવી ઉભી રહી, અને આ દરમીઆન લક્ષ્મી કાંઇક લજ્જા અને લલિતના આવવાથી ઉત્પન્ન થએલ ગભરાટને લઇને ઓરડામાંથી વિદાય થઇ ગઇ.

કાંચન તરફ દ્રષ્ટિ ફેંકતા તેના સૌન્દર્યના સ્તુતિથી ભરેલાં નયનોએ લલિતે હેમ ને કહયું 'હેમ! આજ તારી કાચન કે?' અને કહેતાં કહેતાં લલિતે મધુર હાસ્ય કર્યું.

હેમ વિચારમાં પડયા આ શું આજે કાંચન કે કોઇ સ્વર્ગીય હુરી?

લલિતે સગર્વે આ સઘળું જોયું અને હેમને વિચારમાં મગ્ન થયલ જોઇ ઓરડામાંથી નીકળી જવાનો તકનો તેમણે લાભ લીધો.

પરન્તુ બહાર જતાં કાંઇ તૃતીયમજ જાગ્યું. હેમને એક પુતુલની માફક કાંચન તરફ અનિમેષ નયને જોઇ રહેલ જોઇ ઇન્દુનું હસવું દબાઇ રહયું નહિ. રૂપેરી ઘંટડીની માફક હાસ્યનો મધુરો રણકાર કર્યો. પણ લલિતને ઓરડામાંથી નીકળવું અને રણકારનું થવું બન્ને એકજ પળે બન્યા. અને પ્રેમીઓના પ્રથમ વાર્તાલાપનુ પાન કરવાને આતુર બનેલી સ્નેહ ઘેલી ઇન્દુ પકડાઇ ગઇ. ઇન્દુની નિર્દોષતાની લલિતને સમ્પુર્ણ ખાત્રી હતી. વળી કાંચન અને ઇન્દુના હૃદયો સખીત્વથી જોડાએલા હતાં તેનું પણ તેને જ્ઞાન હતું. એટલે ઇન્દુને ત્યાંજ રહેવા દઇ લલિત બહાર ચાલ્યા ગયા.

હેમ તો આ સૌન્દર્ય ભંડાર તરફજ જોઇ રહયા હતા– આ તે સ્વપ્ન કે જાગ્રત તેનોજ વિચાર કરતા હતા. મરૂભુમિમાં પ્રથમ નજરે પડેલ જીર્ણ વસ્ત્રો પહેરેલ આજ બાલિકા કે નહિં તેનો પણ તેઓ નિશ્ચય કરી શકતા હતા નહી. તેમનું મન આનન્દથી ઉભરાતું હતું આનન્દમાં ઝુકતું હતું અરે પણ રમણી સૌન્દર્યના નિષ્કલંક નિર્દોષ વિકાશને જોઇ કયા મહાપુરૂષનું હૃદય આનન્દ હિંચકે ઝકઝોળ થતું નથી ?

કાંચનના નયનો તો નીચેજ જોતા હતા. વળી જાણે નમ્ર ભાવે હેમને કહેતા હોય નહિ કે 'આવી રીતે મારી તરફ દ્રષ્ટિ ફેંકો નહિ' એમ બોલતાં જણાતા હતા.

બે સ્નેહીઓના હૃદયો પરસ્પરના મીલન માટે તરફડીયાં મારે છે. છતાં પણ જયારે મીલન થાય છે ત્યારે તેઓ એક બીજા સાથે બોલી શકતા નથી. આ કાંઇક વિચિત્ર છે. પરન્તુ છે તો હમેશની બનતી બીના.

કાંચનનો મધુર સ્વર સાંભળવા હેમનું હૃદય અધીરૂં બન્યું હતું, દીવસો અને રાત્રીઓ જેના ધ્યાનમાં ગાળી હતી તે પ્રતિમા આજે પોતાની પાસે ઉભી હતી. ત્યારે આવા સમયે કયા ખરા પુજારીને એ પ્રતિમાનો સુંદર સરોદ સાંભળવાનું મન ન થાય ?

'કાંચન ! કેમ છો' હેમે કાંઇક હિમતથી કહયું. સ્વર સહેજ તુટયો તો ખરો પણ વાકય તો બોલાયું. અને હેમના પુરૂષત્વે હેમની જીવ્હાને સમયાનુકુળ મદદ કરી.

આ સમયે સુર્ય અસ્ત પામવાની તઇયારીમાં હતો, પ્રેમીઓ જે ઓરડામાં હતા તે ઓરડાની એક સુન્દર દિવાલપરના દર્પણપર સુર્ય કિરણો એક ગવાક્ષ વાટે આવી પડતા હતા અને તેનું પ્રતિબિમ્બ કાંચનના મુખાવિંદપર પડી રહયું હતું તથા તેની શોભાને સ્વર્ગીય સુન્દરતા બક્ષી રહયું હતું.

કાંચનબાળા, પેલા મરૂભુમીની બાલીકા શરમ છોડી હેમ સામું જોતી હતી તેના સુન્દર નયનો તેનો હૃદયભાવ દર્શાવી આપતા હતા.

'કાંચન ? તું મારી સાથે લગ્ન કરીશ ?' હેમે કોમળ સ્વરે પુછયું.

કાંચનના ઓષ્ઠપર આ શબ્દો સાંભળી સહેજ સ્મિત ફરકી ઉઠયું સરળતામય અમૃતમય એ સ્મિતે હેમના હૃદયમાં પ્રિયસ્થાન લીધું એ સ્મિત હેમને માટે સુખી સંદેશો લાવનાર હતું. હેમના હૃદયકમળને અમૃત સિંચનાર હતું.

કાંચને કાંઇ ઉત્તર તો આપ્યો નહી પરન્તુ હેમના હાથમાંનો પોતાનો હાથ જરા હલાવ્યો, બોલ વ્હાલા વાચક ? આ કરતાં મધુરો મીઠો જવાબ કયો હોઇ શકે ?

હેમ ! ધન્ય ભાગ્ય કાંચન જેવું રમણી રત્ન તને મળ્યું છે.

હેમની દૃષ્ટિ તો કાંચનના શરીર પરજ હતી, ભવિષ્યના વિચારોનો ઉદય હવે થવા લાગ્યો હતો અને કાંચનના શરીર પરના આભુષણો ઇન્દુના છે તે ઇન્દુને પાછા આપી કાંચન માટે નુતન આભુષણો લેવાનો તેણે નિશ્ચય કર્યો હતો. કહોને કે આ નિશ્ચય પળવારમાં થઇ ગયો હતો. થોડીવાર સુધી તો હેમ આ વિચારમાં નિમગ્ન રહયો પરન્તુ હવે ઘણો સમય ગયા છે એમ ધારી તે બોલ્યો 'હવે મારે જવું જોઇએ કાંચન તું અહિયા જ બેસ' બન્નેની આંખો મળી બન્નેના નયનોએ દુઃખ ના ઉદગારો કાઢવા માંડયા પરન્તુ લાચાર. હેમચંદ દ્વારમાંથી બહાર જાય છે ત્યાં તો કોઇ રમણીને ત્વરિત વેગે પોતાના ઓરડાના દ્વાર પાસેથી નિકળી બીજા ઓરડા તરફ જતી જોઇ અને એક પળમાં વિજળીના ચમકાર પેઠે તે રમણી અદ્રશય થઇ ગઇ તોપણ હેમ તો એ લલનાને ઓળખી ગયો. વાચક ? તમે કલ્પી શકયા છો કે એ કોણ હતું ? લલિતની પત્નિ ઇન્દુ પ્રેમીઓના પ્રથમ વાર્તાલાપને સાંભળનાર સ્નેહી ઇન્દુજ હરિણીની માફક નાસી જતી હતી.

પ્રકરણ ૮ મું.

——:o:——

અમૃતમાં ઝેર.

'હરિ હરિ અરે ! છુપા ઘા આ ઘટે કરવા તને ?
પ્રણયી દિલને વિના દોષે, ઘટે હણવા તને ?'

કલાપી

લક્ષ્મીપુર બહુ ન્હાનું પણ નહિ તેમ બહુ મ્હોટું પણ નહિં તેવું ગામડું હતું, લક્ષ્મીપુરવાસિઓનો મ્હોટો ભાગ વ્યાપારી વર્ગનો બનેલો હતો, અને બીજો વર્ગ સાધારણ ખેડુત વર્ગનો હતો. ગામમાં થોડાએક મુસલમીનભાઇઓ પણ વસતા હતા અને લક્ષ્મીપુર જાણે સર્વે ધર્મોનું સ્થળ ન હોય એવું લાગતું હતું.

લલિતચન્દ લક્ષ્મીપુરના નગરશેઠ હતા. દરેક લક્ષ્મીપુરવાસિ તેમની આજ્ઞા પાળતુંજ હતું; પરન્તુ આ પાલન ભયનું ન હોતું. પ્રેમથી પ્રેરાયલું આ પાલન હતું.

લક્ષ્મીપુરના પાદરમાં ખુલ્લા મયદાનમાં પંચરત્નનું મંદિર આવેલું હતું. નાના ગામડાઓમાં હમેશાં બને છે તે પ્રમાણે લક્ષ્મીપુરવાસિઓ પ્રતિદીન સવારે અને સાંજે અહિંયા દેવદર્શને આવતાં. કથાવાર્તા સાંભળતાં, ભજનો ગાતા અને પાછા શાન્તિથી વિખરાઇ જતા હતા. જ્યારે લોકો સહેજ નવરાં પડતા,

તેમને શાન્તિની જરૂર જણાતી ત્યારે તેઓ અહિં આવતાં. અહિંની ખુલ્લી હવામાં બેસતા, પ્રભુનું સ્મરણ કરતાં અને આસપાસની કુદરની સુન્દરતાથી આંખો ઠારી ઘર તરફ વીદાય થતાં. પંચરત્ન મંદિર એ લગભગ બધી હવેલીઓ–કુથલી–મંદિરોજેવું ન હોતું. અહિંયા લક્ષ્મીપુરવાસીઓ એક બીજાની નિન્દા કરી સમય ગુમાવતાં નહિં. વળી અહિંયા સ્પૃશ સુખને માટે સ્ત્રી–પુરૂષોના તરફડીયાં નજરે પડતાં નહિ. આ સઘળું લોકોમાંજ હતું; પરન્તુ મન્દિરના અન્દરખાને જોતાં તો શ્યામતાની ઘાઢ છાયા નજરે પડતી હતી. પંચરત્નના પુજારી રઘુનાથ નામના ખાખી હતા. લોકો તેને એક મહાન યોગી તરીકે જાણતા હતા. ગરીબ લોકો તો તેને એક દેવતાના અવતારરૂપ ગણતા હતા, અને ખરેખરી રીતે કહીએ તો રઘુનાથનું બહિ–વર્તન અને દેખાવ એક મહાત્મા જેવોજ હતો. કપાળમાં ફકકડ રામાનન્દી ટીલું અને મસ્તકપરની ભારે જટામાં ભરેલી ભસ્મ તેમના શ્યામ પણ લટકપટ શરીરની શોભામાં વૃદ્ધિ કરતી હતી લોકો જાણતા હતા તે પ્રમાણે રઘુનાથ બ્રહ્મચારી હતા, અને આ વાતને તેઓ પ્રસંગ આવે ટેકો પણ આપતા હતા. વળી તેઓ દાઢી મૂછો અને જટા વધારે જતા હતા, અને લંગોટ કદી પણ છોડતા નહિ. આથી પણ લોકોને લાગ્યું હતું કે આ મહાત્મા બાળબ્રહ્મચારીજ છે. તેઓ દરરોજ સંધ્યાકાળે રામાયણ, મહાભારતમાંથી કથા કરતા હતા, રામાયણ તો તેમને કંઠસ્થજ થઇ ગયું હતું; પરન્તુ મહાભારત તેમને વાંચવું પડતું હતું. વળી એક અજાયબ જેવી વાત તો એ હતી કે રઘુનાથને ગુજ-

રાતી પણ આવડતું હતું. રામાયણ તો તેઓ હિન્દુસ્તાનીમાંજ વાંચતા, ગાતાં અને લલકારતા હતા; પરન્તુ મહાભારતની કથા તેઓને ગુજરાતીમાં કહેવી પડતી હતી. લક્ષ્મીપુરવાસીઓનો મ્હોટો ભાગ ગુજરાતીઓનો હતો. તેઓ લક્ષ્મીપુરમાં રહેતા હોવાથી હિન્દુસ્તાની સમજતા, એકાદ વાકયના અન્તમાં 'હે' લગાડી તેઓ હિન્દુસ્તાની બોલતાં પણ તેમને ખરી મજાતો પોતાની માતૃભાષામાંજ આવતી. વળી લક્ષ્મીપુરવાસિઓમાં એવી વાત પણ ફેલાણી હતી કે રઘુનાથ પોતાની સંસારી-અવસ્થામાં એક ગુજરાતી હતા, અને કુટુમ્બમાં કાંઇક કલહ થવાથીજ તેઓએ અલખ ધારણ કર્યો હતો. આ વાતમાં કેટલું સત્ય હતું તે તો ઇશ્વર જાણે; પરન્તુ એ વાત તો સત્યજ છે કે તેમને ગુજરાતી બહુ સારૂ આવડતું. મહાભારતની કથા કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયે તેઓ એવું તો સરસ વર્ણન હાવભાવ સાથે કરતાં કે સાંભળનારા શ્રોતાઓ એકતાર થઇને એ ખાખીના વચનો અનુસાર ડોલતાં અને વાહ વાહ તથા હરે હરે પુકારતા.

વાચકને આશ્ચર્ય લાગશે કે એકાસાથે વળી આ રામાયણ અને મહાભારત કયાંથી આવી ચડયા ! આવી કલ્પના ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે; પરન્તુ લક્ષ્મીપુર ગુજરાતથી ઘણા દુર પ્રદેશમાં આવેલું હતું એટલે કે એ ભૂમિ એક દેશાવર જેવીજ ગણાતી હતી. દેશાવરોમાં એકજ દેશના માણસો જયારે જાય છે અને તેમને ત્યાં રહેવું પડે છે ત્યારે તેમનાંમાં સંપ વિશેષ થાય છે. પોતાનાજ દેશના એક માણસને જોઇ બીજા માણસનું હૃદય દ્રવે છે અને નૈસર્ગિક પ્રેમજ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે

અહિંયા લક્ષ્મીપુરમાં પણ હતું. આગળ જણાવવામાં આવ્યું છે તે પ્રમાણે લક્ષ્મીપુરવાસિઓનો મોટો ભાગ ગુજરાતીઓનો બનેલો હતો. એટલે બધા વૈષ્ણવો હતા તેમ નહિ. લગભગ જુદા જુદા હિન્દુ ધર્મના મનુષ્યોનો એ સમૂહ હતો; અને એ માટે રઘુનાથ ખાખીને બન્ને મહાન કાર્યો ગા'વાં પડતાં. રઘુનાથ આ પંચરત્ન મંદિરના ઉપરી જેવા હતા. તેમના અમલ નીચે પાંચ દેવાલયો–મન્દિરો હતાં, અને પાંચની સંખ્યાને લઇનેજ પંચરત્ન નામ અપાએલું હતું. લોકોમાં રઘુનાથની કિર્તિ સારી હતી, અને લક્ષ્મીપુરમાં તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તેવો કોઇ આદમી હતો નહિ.

વાચકને યાદ હશે કે લક્ષ્મી આ પંચરત્નમાંજ દાસી તરીકે કામ કરતી હતી, અને આજ મન્દિરમાં કાંચન ઉછરી હતી. બાલ્યાવસ્થાના ૧૨ વરસો સુધી તે અહિંજ રહી હતી, અને લોકો તેને **દાસી**–કન્યાથીજ ઓળખતા આવ્યા હતા. કયારેક કયારેક કાંચનનું સ્વરૂપ જોઇ તેની જ્ઞાતિના માણસો વિવાહ માટે માગણી મોકલતા, પરન્તુ રઘુનાથની નામરજીથી તેમને નિરાશ થવું પડતું હતું. રઘુનાથ પોતે શા માટે નામરજી દેખાડે છે તેની કોઇને ખબર પડતી પણ નહિં અને એ ખાખીને કોઇ એ બાબત પર પૂછી પણ શકતું નહિ–બહારથી તો આ ખાખી કાંચનને દીકરી જેવું વ્હાલ કરતો તોપણ તેની આંતર–ઇચ્છા શી હતી તેની જગતને ખબર હતી નહિ. ફકત લક્ષ્મી પોતે સહેજસાજ કલ્પી શકી હતી.

આજ કેટલાક માસ થયા લક્ષ્મી અને રઘુનાથ વચ્ચે ચકમક ઝર્યો હતો. રઘુનાથ બાળબ્રહ્મચારી તરીકે જાણીતા હતા, પરન્તુ તેમની ઇન્દ્રિઓ તેના અંકુશમાં હતી નહિ. વળી શરીર પણ લડ હતું, અને પ્રત્યેક દિવસે મિષ્ટાન્ન ભોજનથી પોષાતું હતું. આ સર્વમાં ગાંજા ચીલમનો પણ ઘુંટ લેવાતો હતો એટલે કામદેવને પોતાના પુષ્પશરો મારવાની સહેલાઇ પડતી હતી. એકાદ સમયે ખાખી મહારાજે જરા વધારે ચલમોનો સ્વાદ લીધો અને તેનાં મદમાંજ લક્ષ્મીની કાંઇક વાકય-મશ્કરી અને અલ્પ હસ્ત-મશ્કરી થઇ ગઇ-પણ આ સર્વનું પરિણામ બહુ બુરૂં આવ્યું. કેમકે બીજેજ દિવસે લક્ષ્મીના મુરબ્બી નગરશેઠ લલિતે આવી રઘુનાથ ખાખીની ઝાટકણી કાઢી નાંખી અને ભવિષ્ય આવું થશે તો લક્ષ્મીપુર છોડવું પડશે એમ જણાવ્યું-થયું. આજથી આ બંને વ્યકિતઓ વચ્ચે લડત જાગી-અને રઘુનાથનું હૃદય અપમાનનો સમ્પૂર્ણ બદલો લેવા માટે તલસવા લાગ્યું. છેવટમાં આ વેરના બદલા તરીકે નિર્દોષ કાંચનને હાથ કરી અપમાનરૂપ હોળી ઠારવાનો તેણે અડગ નિશ્ચય કર્યો.

લલિતના નોકર પાસેથી આજે રઘુનાથે સાંભળ્યું કે કાંચનના વિવાહ થવાના છે, અને હેમ તેને પરણવા ધારે છે. ખરેખર? હવે આ ખાખીને લાગ્યું કે તેની બાજી રદ થવાની અણીપર છે. એક વૈશ્ય એક વિપ્ર કન્યાને પરણે? અરર આ તો હિન્દુ ધર્મનું સત્યાનાશ થવાનો પ્રસંગ આવ્યો-મહાન કલિયુગ પેદા થયો. હર હર હર હર! મહાન ધર્મ સંકટ આવ્યું-પરન્તુ અરે ખાખી! તારી મનોવૃત્તિને તો પુછ કે એ શું કહે છે? ત્હારા સ્વાર્થ માટે આખા હિંન્દુ ધર્મને કલંકિત કરે છે? હા! સ્વાર્થાન્ધ! શરમ છે ત્હારા સ્વાર્થને અને શરમ છે ત્હારા હિન્દુધર્મત્વને!

સુર્ય અસ્ત પામ્યો હતો. નાસી ગએલા તારલાઓ હસતાં અને કુદતાં એક પછી એક પોતાની જાગીરોમાં પાછા આવતા હતા, અને તેમાંના કોઇ નાજનીઓની માફક નાચતા હતા ત્યારે વળી કોઇ કોઇ આલમની તરફ ઇસારા કરી રહયા હતા, અને તેમાંના કોઇ આ પૃથ્વીપર મોહીત થતા હતા અને આકાશની અલબેલી દુનિયા છોડી પતંગિયાની માફક આપણી દુનિયામાં કુદી પડતા હતા. તેમના રાજા શશીધર આ સઘળું જોઇ રહ્યા હતા અને પ્રજાને ખોટા સ્નેહ માટે બલીદાન આપતી જોઇ વિચાર મગ્ન જણાતા હતા. તોપણ હૃદય ચિન્તાને દુર રાખી તેઓ પોતાની ફરજ તો બજાવેજ જતા હતા. એક તરફ કમલિનીઓ તેના તરફ સ્મિત કરતી હતી, ત્યારે બીજી તરફ સારી આલમ રૂપેરીરંગમાં સ્નાન કરવામાં મશગુલ બની હતી. કુદરતની આવી સ્થિતિ હતી ત્યારે રઘુનાથ વિચાર વીણાને હૃદયમાં રાખી તેના તારો શોકમય મને વગાડી રહયા હતા. આહા ! પોતાના મોઢામાં આવેલો ગ્રાસ બીજો લઇ જાય છે. આટલા દિવસ અપમાનના બદલાની આશાને પોષિત કરી ત્યારે હવે તેનું ફળ કાંઇ નહિ ! લલીત જેવા એક વૈશ્યથી ખાખીનું, અપમાન થયું અને તે પણ બુઢ્ઢી લક્ષ્મીને માટે–, નહિં. કદી નહિ. એ અપમાનનો બદલો લેવોજ જોઇએ. એક મુંબાઇવાસિ ભાતખાઉના શા ભાર છે કે એક ખાખીની ઇચ્છિત વસ્તુ લઇ જાય ? ખાખીનું હૃદય ક્રોધજવાળાથી બળવા લાગ્યું તેમ એ જવાળાઓ વધારે ભભુકવા લાગી; પણ કાંચન કયાં ! એ તો લલિતને ત્યાં; હવે એ અહિં નહિં આવે, કાંચન તેના હાથમાંથી ગઇ છે; પરન્તુ આજ સુધી તેને પવિત્ર શા માટે રાખી !

ખરેખર આ વિચાર આવતાં તો ખાખી પોતાની જટાજ પીખવા લાગ્યા. આહા ! કાચું ફળ ખાઇ લીધું હોત તો ! થયું. તો પછી આ સવાલજ રહયો હોત નહિ; પરન્તુ આ સઘળાનું મુળ લક્ષ્મી-જ છે. બસ લક્ષ્મી જો કાંચનને એક પળ પણ વિખુટી મૂકતી હોત તો સઘળું બની શકયું હોત; પણ એ પીશાચીની તો તેમ કરતી-જ ન હોતી. તો પણ જો હું ધારૂં તો હું શું ન કરી શકું ! આ ખાખી બચ્ચો શું ન કરી શકે ? અરે સારી દુનિયાને ઉલટાવી પલટાવી નાંખે. હું મંદિરનો ઉપરી છું. લક્ષ્મી મારી દાસી છે. બસ-બસ-અપમાનનો બદલો લઇશ-કાંચનને મારી કરીશ ને કરીશજ. છેવટનાં શબ્દો તો ખાખી બુવા હુકાર સાથે બોલી ગયા, અને સાથે જમીનપરથી ઉભા પણ થઇ ગયા, અને છેવટ-માં રઘુનાથના મૂખાવીંદપરથી શોક છાયા ચાલી ગઇ અને તેમનું હૃદય જરા ઉલ્લાસિત બન્યું.

પ્રકરણ ૯ મું.

સ્નેહ-સીમા.

त्वं जीवितं त्वमसि मे हृदयं द्वितीयं
त्व कौमुदी नयनयोरमृतं त्वमंगे ॥

ઉત્તર રામ ચરિત.

લક્ષ્મીપુરમાં લલિતનું ગૃહ એક વિશાળ બંગલા તરીકે જણાતું હતું; પરન્તુ મુંબાઇનાં બાદશાહી મકાનો પાસે તેની ગણતરી થઇ શકે તેમ નહોતું. તોપણ લલિતના કુટુંબના પ્રમાણમાં તે ઘણુંજ મ્હોટું હતું, હેમના આવવા પછી હેમને રહેવા માટે તદ્દન જુદીજ વ્યવસ્થા કરવામાં આવી હતી, અને કાંચન ઇન્દુની સાથેજ રહેતી હતી.

કાંચન હેમના સહવાસથી સુખી નહોતી એમ કોણ કહી શકે? વળી વર્તમાનમાં તેની અવસ્થામાં પણ ફેરફાર થયો હતો. અત્યાર સુધી તે એક ભીખારીણીજ હતી; પરન્તુ હવે હેમની સાથે તેના લગ્ન નકકી થવાથી તે ઇન્દુની બગીની તરીકેજ લેખાતી હતી. તેના દારિદ્રયે હમેશને માટે હવે વિદાય લીધી હતી અને હાલમાં તો તે હેમના પ્રેમમાં અને હેમના દ્રવ્યમાં ઝુલતી હતી. કાંચનનું હૃદય બહુ ઉચ્ચપ્રકારનું હતું. સુખ દુઃખ મનુષ્યના જીવન તત્વો છે એમ તે સમજતી હતી. તે હતી તો ગામડાની ગોરી છતાં આ બધું સમજતી હતી. વળી પશ્ચિમાત્ય વિદ્યાનું તેને જ્ઞાન નહોતું મળ્યું છતાં તે આ બધું જાણતી હતી. ગુજરાતી વાંચી લખી અને સમજી જાણતી હતી. સારાં સારાં પુસ્તકો તેણે વાંચ્યા હતાં. એટલે દુનિયાના ચક્રને તે અલ્પાંશે પણ સમજતા શીખી હતી, અને આ તેના જ્ઞાનમાં તેની મા લક્ષ્મીએ પોતાના અનુભવસિધ્ધ જ્ઞાનથી વધારો કર્યો હતો, અને ખરેખરી માતાને યોગ્ય શિક્ષણ પોતાના બનતા પ્રયાસે તેણે કાંચનને આપ્યું હતું, અને તેના હૃદયને ખરેખર સ્ત્રી–હૃદય બનાવ્યું હતું. વળી હાલની કુમારીકાઓમાં નોવેલો, સૃંગાર રસથી છલકતા પુસ્તકોથી જે ભાવ ઉત્પન્ન થાય છે એવો ભાવ પુસ્તક વગર પણ તેનામાં ન ઉપજે તેનું પણ ધ્યાન રાખ્યું હતું, અને ટુંકમાં એટલુંજ કે લક્ષ્મીએ કાંચનને કોઇપણ પુરૂષની અર્ધાંગના બનવાને માટે સમ્પૂર્ણ રીતે યોગ્ય બનાવી હતી.

લલિતના ઘરથી જરા દુર પશ્ચિમમાં એક નાનો જેવો ટેકરો હતો. થોડાંએક વૃક્ષો આ ટેકરાપર શોભી રહ્યા હતા, અને સૂર્યના અસ્તાચળ ગમન વખતે આ ટેકરાની શોભા કોઇ અદભૂતજ લાગતી હતી.

સંધ્યા સમય થયો હતો. ધીમે ધીમે અસ્તાચળના નાના શિખરો ગુલાબના ઢગલાઓનું સ્વરૂપ લેતા જતા હતા. રવિપત્નીઓ સૂર્યદેવને વધાવવા માટે ગુલાબી ગુલાબો સહિત ત્વરિત વેગે આવતી જણાતી હતી–પક્ષીઓ કીલકીલાટ કરતા પોતાના ગૃહો તરફ ઉડે જતાં હતા, ગૃહીણીઓ સૂર્યદેવના પ્રયાણ સમયે માન-આપવા માટે ગૃહોમાં દીપકો પ્રકટાવી રહી હતી ત્યારે કાંચન અને હેમ પેલા ટેકરાપર વાર્તા વિનોદ કરી રહયા હતા. તેમની આસપાસ વૃક્ષાપર્ણો મધુરસ્વર કરી રહયા હતા. પ્રેમીઓના અંતઃકરણોને જરા પ્રેમવંદનાર્થે આ દૃશ્ય ન હોય તેમ જણાતું હતું. સંધ્યાની લાલીથી કાંચનનું ગૌર મૂખાર્વિંદ વધારે સુન્દર અને સૌન્દયમય જણાતું હતું. વળી હેમની ત્યાં હાજરીથી સૂર્યદેવને જોઇ જેમ કમળ વિકસિત થાય તેમ એ મૂખપદ્મ વિકસિત બન્યુ હતું. નયનો હસતાં હતા. હૃદયના આનન્દ પ્રવાહનું દિગ્દર્શન કરાવતા હતા ત્યારે કર્ણો હેમના વચનો સાંભળવાની આતુરતા બતાવતા હતા.

'કાંચન ! વ્હાલી! શા વિચારમાં છો !' હેમે મૃદુકંઠે પૂછ્યું.

કાંચનના નયનપદ્મો, ખીલ્યાં. કાંઇક લજ્જાસહિત તેણે જવાબ આપ્યો.

'નહિ ! વ્હાલા ! આપની હાજરીમાં સર્વ વિચારો નાસી જાય છે.'

'પણ કાંચન ? તું મને 'આપ' 'આપ' શા માટે કહે છે. ? તું મને તમે જ કહે. મને એથી આન્દ થશે.'

'આપને તમે કહેવું એ મ્હને ગમતું નથી. મારાથી એ બોલાતું નથી. તોપણ આપની ઇચ્છા હશે તો આપના આનન્દની ખાતર હવે હું આપની મરજીને અનુસરીશ,

'કાંચન ! હું એક વૈશ્ય છું. ત્યારે તું એક બ્રાહ્મણ છે. તું મારી સાથે લગ્ન કરીશ ?' હેમે જરા દુઃખદ હૃદયે પૂછ્યું.

'તમે વૈશ્ય છો પરન્તુ તમારૂં હૃદય બ્રાહ્મણનું છે. વળી તમે મને ચાહો છો. બસ ! મારે એટલુંજ જોઇએ છીએ. તમારો પ્રેમ એ મ્હારી દુનિયા છે, તમારો પ્રેમ એ મ્હારૂં સ્વર્ગ છે. તમે મ્હારા આત્મા છો.' કાંચને કાંઇક ઉચ્ચ અને મકકમપણે જવાબ આપ્યો.

હેમ:–'કાંચન ત્હમે ત્હમારી જ્ઞાતિમાંજ પરણો તો !'

કાંચન:–'પરણવાનો હવે સવાલજ રહેતો નથી. ત્હમે મ્હારૂં હૃદય ચોરી ગયા છો–લગ્નમાં પરસ્પરના હૃદયો અને આત્માઓ અભિન્ન છે, એમ મારી મા જણાવે છે. મ્હારૂ હૃદય હવે મારી પાસે નથી. બોલો ! હવે હું શું કરૂં ? હૃદય વગર પરણું અને વ્યભીચારાણી બનું ? જીવન પાપના પુંજમય બનાવવાથી અહીં તો શું પણ પ્રભુના દરબારમાં પણ મને સુખ ન મળે એવી મને ખાત્રી છે. અહિંયાજ લક્ષ્મીપુરમાં મારા જેવી ઘણીજ અબળાઓએ પોતાના ઝળહળતા જીવનોને પોતાની જ્ઞાતિમાંજ પરણી શોકમય બનાવી દીધા છે. આ સઘળું મેં નજરે જોયું છે. એટલે મ્હને મ્હારી જ્ઞાતિમાં પરણવું ગમતું નથી. આનો કહેવાનો અર્થ એમ નહિ કે જ્ઞાતિની બ્હારજ મ્હારે પરણવું છે,

હેમ:–'વાહ! કાંચન! તું તો કોઇ ગામડાની વિદુષી જેવી લાગે છે? આટલું બધું તું કયાંથી શીખી ગઇ વારૂ,

કાંચન:–'મ્હને ઉછેરનાર મારી જનેતારૂપ અને તમે જેને લક્ષ્મી તરીકે ઓળખો છો તેણીજ મ્હને આ સર્વ શિખવ્યું છે. વળી લક્ષ્મીપુરમાં બનતા બનાવોથી પણ હું કાંઇક જોઇ શકી છું,

હેમ:–'ત્યારે તું મ્હને ખરેખર રીતે ચ્હાય છે કાંચન?

કાંચન ત્હમને હું ચ્હાવ છું? એ વાકયજ મને નથી ગમતું- ત્હમને મ્હારા જીવન તરીકે માનું છું. અને ત્હમનેજ મારા મોક્ષદાતા ગણું છું,

હેમ:–'અરે વાહ! ફીલસૂફીની પણ તું તો જ્ઞાતા લાગે છે. ત્હું તો મારા કરતાં પણ વધી જતી હો એમ જણાય છે,

કાંચન':–મસ્કરી જવા દો. ત્હમારાથી મારે તો ચડવું નથી. મને ત્હમારા હૃદયમાં સ્થાનજ જોઇએ છીએ. બસ. એટલુંજ એ મ્હને મળ્યું, કે હું સમજીસ કે જગત આખું મારા પગમાં રમે છે.

હેમ:–'વાહ! વ્હાલી કાંચન. પ્રભુનો ઉપકાર કે ત્હારા જેવું રત્ન મને મળ્યું. રેતીમય મરુભૂમિનું રત્ન ખરેખરજ રત્ન નિકળ્યું,

પ્રકરણ ૧૦ મું.

વજ્રઘાત.

'Fair wheel of heaven silvered with many star
Whose sickly arround come from a far.'

કીર્તિ કરતાં કલંકનો ફેલાવો જલદીથી થાય છે. કીર્તિ મેળવતાં ઘણા દિવસો વ્યતીત થાય છે ત્યારે અપકીર્તિ યાતો કલંક થોડી પળોમાંજ મળી શકે છે. વળી પુષ્કળ ભોગોને પરિણામે મળેલ આબરૂનો નાશ ક્ષણભરમાં થઇ જાય છે. પવનની માફક દુનિયાના એક ભાગથી બીજા ભાગ સુધીમાં એક કલંકદાયી ગપ પ્રસરી જાય છે અને પરિણામમાં કલંકરૂપી શ્યામતાથી એકાદ વ્યક્તિ ઘેરાઇ જાય છે.

એકાદ દ્વેષી મનુષ્ય એકાદ ગપને ઉપજાવી કાઢે છે, અને જનસમાજ તેને પાળી પોષી ઉછેરે છે. ગપને ફેલાવનારાઓ કદી પણ ગપના સત્ય અથવા અસત્ય માટે લવલેશ વિચાર કરતા નથી. વિચાર કરવાની તસ્દી લેતા નથી. વળી આવી ગપનું પરિણામ શું થશે તેનો તો વિચાર કોણ કરે ? સારા અને સુશીલ આત્મજ્ઞ માણસો આવી ગપોની દરકાર કરતા નથી તોપણ તેમના હૃદયમાં આથી ક્ષોભ તો થાય છેજ અને કદાચ આવી ગપોના પરિણામ પણ તેમને સહન કરવા પડે છે, અને વળી ઇચ્છા ન હોય તોપણ ફરજીઆત રીતે સહન કરવા પડે છે. લોકમતથી પોતાનું હૃદય વિરૂદ્ધ હોય તોપણ, એ મત તદ્દન અસત્ય છે એમ અંતઃકરણ પુકારીને કહેતું હોય તોપણ તેમને તે મતને તાબે થવું પડે છે.

ઇન્દુના શયન મન્દિરમાં લલિત એક પલંગપર પડેલ છે. પાસેની બારી પાસે ઇન્દુ ઉભાં ઉભાં બહારના મયદાનપર દ્રષ્ટિ કરી રહી છે. લલિતનો હંમેશનો આનંદી ચહેરો આજ પરિવર્તન પામ્યો છે. આનન્દ હાસ્યને સ્થળે આજે શોકની સ્યામતાએ જગ્યા લીધી છે, અને ઇન્દુનું મૂખાંવિંદ તો તદ્દન કરમાઇ ગયું છે. કોમલ હૃદયમાં કોઇ ભયંકર, કઠોર શોકની જવાલા ભભુકતી હોય એવુ સ્પષ્ટ રીતે તેના ચહેરાપરથી જણાઇ આવે છે,

બન્ને જણા શાન્ત છે, અને જાણે તે ઓરડોજ આજે સ્વયં મૌનનુંજ સ્વરૂપ હોય તેવું જણાય છે. આજે અહિંયા સ્નેહ–ઝરા વહેતા નથી. હિન્દુ જનસમાજની એકાદ યુવતીને વૈધવ્ય પ્રાપ્ત થયું હોય નહિ એવી ઓરડાની દશા આજે નજરે ચડે છે.

ઇન્દુનું હૃદય આજે ફાટી જતું હતું. શોકની મૂશળધાર વૃષ્ટિ તેના સૂકોમળ હૃદયપર થઇ રહી હતી. એ વૃષ્ટિના અતિ મારને હવે લાંબો સમય સહન ન કરી શકવાથી અન્તે ઇન્દુએ શોક ઉભરો બહાર કાઢતાં રૂદન પૂર્ણ સ્વરે કહ્યું!

'તમે કહો છો કે લક્ષ્મીએ મને છેતરી છે; પણ પ્રાણેશ? હું આપને સંપૂર્ણ ખાત્રીથી જણાવું છું કે કાંચન માટેની આ અફવા સાચી નથી, પાપી મનુષ્યો પોતાના પાપજન્મિત ભાવને ચહેરાપર આવતા બહુ વાર અટકાવી શકતા નથી. એક શુદ્ર સ્ત્રીને પેટે કાંચન જેવી સરલ અને માધુર્યપૂર્ણ કન્યા જન્મે એ હું માની શકતી નથી, અને વળી લોકો તો એમ પણ ગપ હાંકે છે કે લક્ષ્મી મુસલમાની છે. લક્ષ્મી શુદ્ર છે. લોકોને મોઢે ડુચા દેવાય નહિ; પરન્તુ તમેજ ન્યાય કરો અને નિષ્પક્ષપાતપણે જુઓ કે સત્ય શું છે.

લલિતે ધીરે ધીરે ખેદપૂર્ણ સ્વરે જવાબ આપ્યો:

'પાપીઓ પોતાના પાપને છુપાવવામાં બહુ કુશળ હોય છે'

'લક્ષ્મીની પ્રકૃતિ તરફ જુઓ—હેમના હૃદય તરફ દૃષ્ટિ કરો. વળી કાંચનના સ્વભાવને પણ જુઓ એટલે તમને સમ્પૂર્ણ ખાત્રી થશે.?'

'ઇન્દુ તું ઘણી સરલ છે. એટલે આવાં કપટો તું સમજી શકે નહિ.'

'નહિં નહિં નાથ! નકામાં શંકાવાળા બનો નહિ; અને કાંચનના ભવિષ્યને બગાડો નહિ. મને તો એમજ લાગે છે કે કેટલાક સ્વાર્થાન્ધોએજ આ ગપો પ્રસરાવી છે. હેમ અને કાંચનના લગ્ન વચ્ચે આ વિઘ્નોજ ઉભા કરાયાં છે.'

'વ્હાલી ઇન્દુ શાન્ત થા. શોક કર નહિ. કાંચન માટે મને પળવાર પણ શંકા આવી નથી; પરન્તુ આપણે અહિં નગરશેઠ છીએ. એટલે લોકોના આગેવાનનું પદ ધરાવીયે છીએ. આ ગપોનું સત્ય મૂળ શોધી કાઢવું એ આપણે કર્તવ્ય છે.'

'અહા! કાંચન શુદ્ર કન્યા! લોકો પણ શી ગપો ઉડાવે છે? અને હેમ આ સઘળું સાંભળશે ત્યારે તેને પણ શું થશે અને નિર્દોશ કાંચનની સ્થિતિ!- આહ! પ્રભુ આ પ્રેમીઓને બચાવો.'

શોક ભરી આંખો લુછતાં ઇન્દુએ વળી આગળ ચલાવ્યું:—

'લક્ષ્મી દિલ્હી નિવાસી શુદ્ર સ્ત્રી છે અને કાંચન શુદ્ર—તનયા છે. અરે! આથી વધારે અસત્ય શું હોઇ શકે? વળી એક બ્રાહ્મણ કન્યા હેમ સાથે, એક વૈશ્ય સાથે લગ્ન કરે તેમાં ખોટું શું? સ્થૂલ શરીરોના લગ્નો કદી હોઇ શકતાં નથી. લગ્નો આત્માનાજ થાય છે—

જ્યાં આત્માઓ અભિન્ન બની શકતાં ન હોય ત્યાં એવા આત્માઓના લગ્નો વ્યભીચારી-લગ્નોજ બને છે, અને આવા લગ્નોના પરિણામો બહુ દુષ્કર આવે છે. લગ્ન કરનાર બન્ને વ્યકિત્તઓના અમૂલ્ય મનુષ્ય જીવનો શોક સાગરમાં ડુબી જાય છે એટલુંજ નહિ પરન્તુ દેશને અને જનસમાજને પણ આથી ભારે ફટકો લાગે છે. કાંચન જેવું રત્ન કુપાત્રને હાથ જાય ત્યારે એ રત્નનો ઉપયોગ શું? કાંચનની જાતિમાં કાંચનના તળીયાં સાફ કરવાને પણ યોગ્ય પુરૂષ ન હોય તોપણ 'લાકડે માંકડુ' વળગાડી દેવું એ યોગ્ય નથી. સ્ત્રી એ પુરૂષની અર્ધાંગના છે. સ્ત્રી પુરૂષ બન્નેએ સાથે મળી સહયોગ કરી પોતાની જીવન નૌકાને ઉછળતા સમુદ્રમાંથી સહીસલામત રીતે પાર ઉતારવાની છે, અને આ કાર્ય બન્નેની સહાય્યતાથીજ સફળ થાય છે. આ ફલસિદ્ધી લગ્નપર આધાર રાખે છે; પરન્તુ હાય! આપણા હિન્દુ સંસારમાં કન્યાઓના જીવ બાંધવાનો ઇજારો માબાપોએજ રાખ્યો હોય તેમ જણાય છે. નહિંતર પિતાએ યોજેલા વિવાહ માટે સ્વર્ગસ્થ ગોવર્ધનરામભાઇને કલ્પના કરવી પડી ન હોત કે

"પંડિત પિતાતણી આત્મજા કંઇ ભણી હું તાત પ્રતાપથી,
"મનઃવિકસીયું ઉચ ચ્હોટીયું સદ્‌ગુણ વિષે બહુ ભાવથી.
"હું ન્હાનપણથી આશ આથી ઘણી ધરી મન માણતી;
"પણ હાય! હિન્દુતણે લલાટ લખ્યા ન લેખો જાણતી."

'પણ લલિત! માફ કરો-હું બહુ આડી વાર્તાએ ચડી ગઇ છું. મુંબાઇનું મ્હારૂ શિક્ષણ મ્હને કહે છે કે હેમ અને કાંચનના વિવાહ યોગ્યજ છે.'

'કાંચન ! ત્હારી પેઠેજ મ્હને પણ લાગે છે. એ વિષે હું સમ્પૂર્ણ સંમત છું; પરન્તુ લક્ષ્મીપુરમાં આપણા દુશ્મનો અને હરિફોની સંખ્યા કેટલી છે તે તું જાણે છેજ—આપણા. પૈસાને અને આપણા સુખને દ્વેષ ભાવથી જોનારાઓ પણ અહિં બહુજ છે. તેમને આ એક કારણ મળશે; અને અજ્ઞાન લોકોને તેઓ પોતાના સ્વાર્થ માટેજ ઉશ્કેરશે. વળી રહયો ધર્મનો સવાલ—એટલે લોકો પણ બહુજ ઉશ્કેરાશે અને તેનું પરિણામ શું આવે છે તે જોવાનું છે.'

'પણ કાંચનના જીવનનું બળિદાન તો અપાયજ નહિ—તેના માટે કાંઇ માર્ગ તો થવોજ જોઇએ.'

'એ માર્ગની ચિન્તામાંજ હું છું. ગમે તેમ કરીને આપણે કાંચનને બચાવવીજ જોઇએ.' બોલતાં બોલતાં લલિત ઉઠયા અને ઇન્દુના આંસુ લૂછી નાંખી તેને ધીરજ આપી બહાર આવ્યા.

ઇન્દુના શયનાગારની બહાર એક વૃદ્ધ લલિતની રાહજોઇ રહ્યા હતા. ગળામાંની રૂદ્રાક્ષના મ્હોટા મણકાઓની માળાઓથી તેમની છાતી ઢંકાઇ ગઇ હતી. ઉપવીત એકાદ લાંબી દોરીની માફક તેમના સ્કંધપ્રદેશપરથી લટકતી લટકતી સાથળોપર આવી રહી હતી, તથા કપોલપ્રદેશને નવટાંક સૂખડનું હળદરીયું ટીલુ શુશોભિત બનાવી રહ્યું હતું. આ સર્વ બાહ્ય—આડંબરથી જણાતું હતું કે આ વૃદ્ધ શરીર બ્રાહ્મણ જ્ઞાતિનું છે. વાચક ! અને છે પણ ખરૂં—તેઓ શ્રી એક 'મારાજ' જ હતા. લલિતે તેમને જોતાં સહેજ નમસ્કાર કરતાં કહ્યું.

'આપના આવાગમનનો હેતુ હું સમજયો છું. કાંચન વિષેની અફવાઓ મેં સાંભળી છે; પરન્તુ હું તેમાં શ્રદ્ધા રાખતો નથી. આપ પોતેજ એ વિષે તપાસ કરજો અને ત્યાર પછી મને સત્યજ જણાવજો.'

ભલે હું આપની ઇચ્છાનુસાર કરીશ; પરંતુ આ અફવાઓ સત્ય હશે તો તો આપ કર્તવ્યપાલનથી વીમુખ થશો નહિ!

'નહી–આપ કાંઇ ચિન્તા ન કરો. આપ શું કહેવા ઇચ્છો છો?'

'કાંચન અને લક્ષ્મીને અહિથી ગુપ્ત રીતે રવાના કરી દેવા અને પંચરત્ન મન્દિરને ફરી પાવન કરાવવું.'

'સારૂ–આપ સત્ય જાણવાને પ્રયત્ન કરો!'

ભલે ત્યારે હું રજા લઉં છું. બ્રાહ્મણ લલિતને આશીર્વાદ દઇ ચાલતા થયા. તેમણે નિશ્ચય કર્યો કે આ અફવાઓને સાચીજ ઠરાવવી. તેમણે તો આ માટે પ્રતિજ્ઞાજ કરી. શી વિચિત્ર પ્રતિજ્ઞા? વિચિત્ર આશ્ચર્ય જનક ભ્રમ? પરન્તુ આ સર્વ વૈચિત્ર્ય બ્રાહ્મણપણાંમાં અનૈસર્ગીક હોય એમ લાગતું નથી. એક સમય હિન્દુ ધર્મનું રક્ષણ કરનારા બ્રાહ્મણે વર્તમાનમાં હિન્દુ ધર્મના નાશના બીજ વાવનાર રૂઢીઓના ધ્વંસ પ્રસંગે ધર્મના નામે રૂઢી–રક્ષકો બને છે. એ તો ચોતરફ દ્રષ્ટિગોચર થાય છે.

પ્રકરણ ૧૧ મું.

ભાગ્ય વિડંબના.

'કાળાં કાળાં જલદ પટલો મત્ત માતંગ જેવાં,
દોડી દોડી ગગનતળમાં એકહાં થાય કેવાં?'

બોટાદકર,

વાહ! ફરીવાર એક વખત ઇન્દુના શયનાગાર ભણી ચાલ—પહેલાંની માફક આજે પણ તેમાં શોક પ્રસરી રહ્યો છે. આજે લલિતનું આખુ ગૃહશોકમય બના ગયું છે. જ્યાં નજર નાંખો ત્યાં વિષાદની શ્યામ છાયા સિવાય બીજું કાંઇ દ્રષ્ટિગોચર થશે નહિ. તારા પોતાના હૃદયમાં પણ આ છાયાં જોતાં કમકમાટી છુટશેજ.

આજ શયનાગારમાં, આજ ઓરડામાં ઇન્દુએ કાંચનને પૂછ્યું હતું 'કાંચન! હેમ સાથે તું લગ્ન કરીશ?' આજ ઓરડામાં કાંચનને ઇન્દુએ શણગારી હતી. આભુષણોમય બનાવી હતી, અને હેમના દર્શન કરવાને સજ્જ બનાવી હતી, અને આજ સ્થળે હેમ અને કાંચનનો મેળાપ થયો હતો તથા પ્રથમ વાર્તાલાપ પણ અહિંજ થયો હતો, અને હવે ભાગ્યનું પરિવર્તન જુઓ? કાંચન અને હેમના પ્રણયનું વિચ્છેદ સ્થાન પણ આજ ઓરડો બન્યો.

લલિત અને ઇન્દુને બન્નેને શોક થતો હતો. બન્નેના મૂખા વિંદો શોકમય બની ગયા હતા અને ઇન્દુના નયનો, એ કમળ નયનો હવે કમળ જેવા રહ્યા ન હોતા. રૂદન કરી કરી એ નયનો એ પોતાના તેજને ગુમાવ્યું હતું. અને તેને સ્થળે શ્યામતા આવી હતી. નયનો લાલ બન્યા હતા.

વળી તેમનો સંસાર પણ વિષાદથી છવાઇ ગયો હતો. દાસ દાસીઓ આ વીષાદનાં કારણથી અજ્ઞાત હતા છતાં પણ તેમને પણ તેની અસર તો થઇજ હતી. લક્ષ્મી અને કાંચનને અહિંજ રાખવામાં આવ્યા હતા. પરન્તુ તેઓ તેનું કારણ જાણતા નહોતા વળી ગૃહમાં શું બને છે તેની પણ તેમને ખબર નહોતી. ઇન્દુના મૂખાવિંદને કરમાઇ ગએલું જોઇ તેઓ દુઃખી થયા હતા. જ્યારે જ્યારે કાંચન ઇન્દુની પાસે જતી ત્યારે ત્યારે ઇન્દુ રડી પડતી હતી અને કાંચનને છોડી બીજા ઓરડામાં ચાલી જતી હતી. આ વિચિત્ર પ્રકાર લક્ષ્મીએ પણ જોયો હતો; અને તેનું કારણ જાણવા માટે પણ તેણે યત્ન કર્યો હતો; પરન્તુ સર્વ વ્યર્થ.

કાંચનનું હૃદય ! એ બાલિકા–હૃદય આજે વિવાદપૂર્ણ બન્યું છે. હેમ કયાં ગયા ! આજ ઘોષ વારંવાર તેનું હૃદય કરે જાય છે; પરન્તુ તેનો પ્રત્યુત્તર કયાંથી મળે ? વળી ઇન્દુને શું થયું છે ? મને મન્દિરમાંથી અહિં શા માટે લાવવામાં આવી છે ? આ બધા પ્રશ્નોનું તે હૃદય કરે જાય છે; પરન્તુ તેના જવાબ કોઇ પણ સ્થળેથી આવતા નથી. ચોતરફ ગાઢ અંધકાર ઘેરાય છે.

એક પછી એક શોક સાગરના તરંગો મદમસ્ત હસ્તીઓની માફક ધસી આવે છે; અને આ બીચારી બાલાને, નિર્દોષ કાંચનને ચિન્તામય બનાવે જાય છે.

ઇન્દુ કાંચન સાથે વાતચીત કરી શકતી નહોતી. તેનું હૃદય આવા પ્રસંગો આવ્યે ભરાઇ જતું હતું; પરન્તુ કાંચન શું કરે છે તેનું તો તે ખાસ ધ્યાન રાખતી હતી. કાંચનને રૂદન કરતી જોઇ તેના નયનો પણ અશ્રુ વહેવરાવતા હતા. તેનું હૃદય લોકોપર ધીકકાર વરસાવતું હતું. અને હિન્દુ જનસમાજના મૃત્યુઘંટના રણકારને ઇચ્છતું હતું આહા! બે આત્માઓને પરસ્પર ચાહવાની પણ રજા ન હોઇ શકે? આત્માને શું જાતિ હોય છે. જાતિબંધનો શું તેમને પણ શૃંખલાબદ્ધ કરી શકે છે? નહિં નહિં. નિસ્વાર્થ, નિર્દોષ પ્રેમીઓના પ્રેમમાં વચ્ચે પડી શકાય નહિ વળી વચ્ચે પડી એ પ્રેમના પ્રવાહને વિખંડીત પણ કરી શકાય નહિ. કાંચન હેમને ચાહે છે. હેમને પોતાના જીગર રૂપ માને છે. ધારો કે કાંચનના તેની ઇચ્છા વિરૂધ્ધ તેની જાતિમાંજ લગ્ન કર્યા—વાચક! તમે કલ્પી પણ શકો છો કે કાંચન હેમને બીજાની સાથેના પોતાના લગ્ન પછી ભુલી શકે? આ વાત આ નશ્વર જગતમાં સંભવિત પણ છે? અરે તમે તમારા હૃદયનેજ આ જવાબ માટે પૂછોને? એ હૃદયજ તમને સત્ય જવાબ આપશે; અને કાંચન જો હેમને ભુલી ન શકે તો કાંચન માનસિક વ્યભીચારણી નહિં બને? ત્યારે આ શું હિન્દુ ધર્મ છે? હિન્દુ—ધર્મ આવા વ્યભીચારને, આવા વિચારને પાતકી ગણે છે. સ્ત્રીઓના સતિત્વના ધ્વંશરૂપ ગણે છે. ત્યારે કાંચને માનસિક કુલટા બનવું!? ખાનગી રીતે મુંબઇના ફોકલેન્ડની વેશ્યાનું જીવન ગાળવું? હર—હર આ વાતની તો હિન્દુશાસ્ત્રો નાજ પાડે છે.

પ્રભુની પણ ગતિ કોઇક અદ્દભુત છે. બે પ્રેમીઓ ઘણે દુર હોય છે પણ તેમનાં હૃદયો મળેલાંજ રહે છે. તેમના આત્માઓ હરહમેશ વાયરલેસ ટેલીફોનથી વાર્તાલાપ કરે છે અને આનન્દ ભોગવે છે તથા શોકની પણ અસરો પામે છે. અહિંયા પણ તેવુંજ થયું. ઇન્દુ અને લલિતના મૂખોપરથી હેમને જણાઇ આવ્યું કે કોઇ પણ તરેહનુ અશુભ તેના તરફ ધસે આવે છે. વળી કાંચન અને લક્ષ્મીના મોઢાંઓ પર એકાદ સમયે ગુપ્ત રીતે સ્વભાવિક રીતે નજર પડતાં ત્યાં પણ તેજ જણાયું અને આ સર્વથી તેનું હૃદય પણ ખિન્ન બન્યું. વળી કાંચનના નયનોનો અતિ લાલ રંગ જોઇ તેના હૃદયને કારી ઘા લાગ્યો.

સંધ્યાનો સમય થવા આવ્યો છે અને હેમ એક આરામ ખુરશીપર ભવિષ્યના વિચારોમાં મગ્ન છે. પોતાથી ગુપ્ત રાખવામાં આવેલ વાતને શોધવાને તેનું હૃદય યત્ન કરી રહ્યું છે. કાંચનને પત્નિ બનાવવાના પોતાના નિશ્ચયની આડે કોઇ મહાન વિઘ્ન આવી ઉભું છે કે શું એ પણ તેના હૃદયમાં થયું; અને કાંચનને દુઃખ થાય એ વિચારની સાથે તેનું હૃદય કંપી ઉઠયું.

આ સમયે લલિત બહારથી આવ્યા–પરન્તુ ઇન્દુના ઓરડા તરફ જતાં જતાં હેમનાપર તેમની દ્રષ્ટિ ગઇ અને દ્રષ્ટિની સાથેજ હેમને દુઃખી ચહેરે વિચારમગ્ન જોઇ તેઓ અન્દર ગયા. હેમ તો શોકમય વિચાર ગાઢ અંધકારમાંજ ઘુમી રહ્યા હતા. લલિતના આવાગમનની તેને ખબર પણ પડી નહિ; પરન્તુ જ્યારે લલિતે તેનો હાથ પકડયો અને હલાવ્યો ત્યારેજ તેઓ એકાદ ગાંડા માણસની જેમ ઉભા થઇ ગયા અને બબડી ઉઠયા.

'પછી! પછી શું!'

લલિત હેમના આ પશ્નનો મર્મ સમજી ગયા; પરન્તુ જવાબ આપી શકયા નહિ.–હેમનો હાથ પકડી તેમને બહાર લઇ ગયા. અને જતાં જતાં બોલ્યા.

'હેમ! બહાર આવો!'

હેમ પણ નિસ્તબ્ધ ભાવે લલિત પાછળ ગયા.

પ્રકરણ ૧૨ મું.

ઉપાય.

'Now I am fixed and now I will depart.'

જગત પરીવર્તન શીલ છે. જગતમાં સર્વ વસ્તુઓ પરીવર્તનશીલ છે, જડ જગતમાં પ્રકૃતિ–પરિવર્તન ત્યારે પ્રાણી જગતમાં ભોગ પરિવર્તન અને આ સર્વની વચ્ચે મનુષ્યોના ભાવિઓ પણ ફરે છે. આ સર્વ નૈસર્ગિક છે કાલના અનંત પ્રવાહમાં સર્વનું પરિવર્તન થાય છે. જે કાંઇ હોય છે તે સમય જતાં એટલું તો બદલાઇ જાય છે કે તેનું મુળ શોધવું પણ અસંભવિત થઇ પડે છે, ભવિષ્ય અન્ધકારમય છે ત્યારે ભુત પણ અન્ધકારમાં પરિવર્તન પામી જાય છે અને આ પરિવર્તનને ઇતિહાસ તરીકે જાણવામાં આવે છે.

અશુભનો પ્રકાર હેમચન્દ જાણી શકેલ નથી પરન્તુ અશુભ થયું છે તેતો તે સમજી શકેલ છે, તે જાણતા નથી કે આ અશુભનું મૂળ કાંચન છે. લલિત હેમનો હાથ પકડી બહાર લાવ્યા તે આપણે જોયું, જે કાંઇ કહેવાનું હતું તે સઘળું લલિતે આ સમયે હેમને જણાવી દીધું.

રાત્રિ એક પ્રહર જેટલી વ્યતિત થઇ છે, આ સમયે બે મનુષ્યો લક્ષ્મીપુર પાસેના મયદાનમાં બેઠાં બેઠાં વાતચીત કરી રહયા છે, મયદાનની પાસે એક તરફ મરુભુમિની વિસ્તૃત પ્રદેશ આવી રહેલો છે. ચન્દ્રના કિરણો એ વાલુકામય પ્રદેશમાં રમણ કરી રહ્યા છે અને હેમના હૃદયમાં જવાલાઓ સળગાવી રહ્યા છે. મરૂભુમિ, પોતાના પ્રણયની જન્મભુમિને જોઇ આજે હેમના હૃદયમાં ભુતકાળ ખડો થયો છે, કાંચનનું નિર્દોષ મૂખડું તેના હૃદયમાં થનથનાટ કરવા લાગ્યું છે, પરન્તુ આજ એ ભુત અન્ધકારમાં જવા લાગ્યો છે. એ ભુતને ભુલી જવાનો, એ ભુતને હૃદયપર હરહમેશને માટે ભુંસી નાંખવાનો પ્રસંગ હેમ પાસે આવી ખડો થયો છે-અને હેમના હૃદયને ડોલાવી રહયો છે-કાંચન એક શુદ્ર કન્યા છે. એક મુસલમાન તનયા છે, એવી અફવાઓ લલિતે તેને જણાવી છે પરન્તુ આ સર્વ વિષય જાણ્યા, ખબર છતાં પણ હેમનું હૃદય કાંચન પ્રત્યેજ વળેલું છે અને ગમે તેમ છતાં પણ કાંચનને મેળવવા તરફડીયાં મારી રહયું છે કાચનને હમેશ માટે પોતાની બનાવવા જીગર આપવા તૈયાર બન્યુ છે.

વાયુની લહરીઓથી હેમનાં વ્યાકુળ પ્રાણ જરા શાન્ત થયો. પરન્તુ તે કેટલી ક્ષણ માટે? એ શાન્તિથી, આસપાસના શાન્ત વાતાવરણથી તો એ વધારે કાતર બન્યા અને ખેદપૂર્ણ સ્વારે બોલ્યા.

'લલિત! તમને હું મારા મુરબ્બી મિત્ર ગણું છું. તમે મારૂં કદિપણ અનિષ્ઠ કરોજ નહિ. તમારા વડેજ મને એક વિકસિત કુસુમકળી મળી —અને તમે જાણોછો કે એ કળીને મે હૃદયમાં ધારણ કરી—પરન્તુ હવે! હાય! હવે—તમે જણાવો છો કે એ કલી કન્ટકમય છે—નહિ—લલિત! હવે એ કન્ટકને પણ હું રાખીશ. તમે કહો છો કે કાંચન શુદ્રકન્યા છે, કાંઇ નહિ, મને તો તેમાં કશું ખોટું લાગતું નથી. અથવા કલીને કરમાઇજવા માટે ફેંકી દેવાનું કારણ જણાતું નથી. કાંચન ને ફેંકી દેવી! એ સૌન્દર્યવાન લતિકાને ધુળમાં રગદોળી નાંખવી અને તેના જીવન ને ગરલમય કરી નાંખવું! નહિ, લલિત! એ મારથી બને તેમ નથી, મારૂં હૃદય કાંચનના હૃદય સાથે અભિન્ન થયું છે, લોકાચાર કે રૂઢિઓ તેને હવે ભિન્ન કરી શકે તેમ નથી, આ ભિન્નતા કરતાં તો મને મૃત્યુ વધારે વ્હાલું છે,

કેટલીક પળ સુધી હેમ મૌન રહ્યા, વળી બોલ્યા.

'કાંચનના ખરા વૃતાન્તની તમને ખબર મળી છે! તેની કાંઇ સાબીતી મળી છે! જો તેમ હોય તો કાંચનને મારી સાથેજ આવવા દયો. મને લોકાપવાદની દરકાર નથી. મારા પ્રેમમાં લોકોને વચ્ચે પડવાને હક નથી—અને હું એ કહેવાતા સ્વાર્થ બન્ધનોનેજ પાતકી ગણું છું. લલિત! કેમ ચુપ રહ્યા છો.' તમે મ્હારા મુરબ્બી મીત્ર છો તમે જુવો છો કે મ્હને કેટલું દુઃખ થાય છે, હું પોતે તમને લોકોની નજરમાં મારા માટે તિરસ્કારસ્પદ કરવા ઇચ્છતો નથી, તમને કોઇપણ જાતની ક્ષતિ થાય એ મારૂં હૃદય કબુલ કરી શકતુંજ નથી, કાંચન સમ્પૂર્ણ ગુપ્તરીતે મ્હારી સાથે આવી શકશે—આજ બની શકશે.'

હેમના કાતર શબ્દો સાંભળી લલિતનું હૃદય આ ઘાતથી વિદીર્ણ બની ગયું. વાચક! લલિતની સ્થિતિ કેવી કફોડી બની છે. એ અહિં ખાશ લક્ષ રાખીને જોવાનું છે, એક તરફ એક પ્રેમીનો પ્રેમ અને તે પણ વળી એક પરમપ્રિય મિત્રનો ત્યારે બીજી તરફ લક્ષ્મીપુરના નગર શેઠ એટલે કે લક્ષ્મીપુર વાસિઓના નાયક તરીકેની કીર્તિ અને ફરજનો સવાલ–લલિતનું અંતઃકરણ કહેતું હતું કે પ્રેમમાં વચ્ચે પડવું એ પાપ છે. પ્રેમ કદી પણ શૃંખલાબધ્ધ થઇ શકતો નથી. પરન્તુ બીજી તરફ લલિતને લક્ષ્મી પુરમાંજ રહેવાનું હતું. વળી લક્ષ્મીપુરમાં તેના ગુપ્ત દુશ્મનોની પણ સંખ્યા કાંઇ અલ્પ હતી તેમ નહિં. નગરશેઠની પદવી જાય એ તો ઠીક પરંતુ જો લોકોને રહેજ પણ જણાય કે હેમ સાથે કાંચનને રવાના કરી દેનાર લલિતજ છે તો, તેની અને તેના કુટુંબની સ્થિતિજ ભયમાં આવી પડે તેમ હતું. કાંચન સાથે હેમના વિવાહની વાતથી લોકોમાં ખળભળાટ તો ઉઠયોજ હતો અને લલિતના ગુપ્ત અને જાહેર દુશ્મનોએ પોતાનું કામ કરવા તો માંડયુંજ હતું ત્યાં વળી આ બાબત અગ્નિમાં ઘી હોમવા જેવું કરે તેવી હતી, અને લલિતનું હૃદય આથીજ કમ્પતું હતું.

લલિતે થોડીએક ક્ષણો વિચાર વમળમાં કાઢયા પછી કહ્યું.

"હેમ! તમે કહો છો એ પ્રમાણે કરવું એ મને શ્રેયકર લાગતું નથી. એ ન થાય તો ઠીક. વળી લક્ષ્મીપુરના લોકો પણ આ લગ્નથી વિરૂદ્ધ છે."

'સ્નેહ-પ્રદર્શન સહિત લોકોને શો સંબંધ છે તે હું સમજી શકતો નથી. લોકો તો રૂઢિના પ્રવાહમાં તણાયા જાય એટલે જેમનાં હૃદય ખુલ્યાં છે તેમણે પણ એ પ્રવાહમાં નયનો બંધ રાખી તણાયે જવું એવો કાંઇ નિયમ નથી.'

'પરન્તુ જનસમાજ તમને આ કાર્ય કરવાથી બહુ કષ્ટ આપશે' લલિતે કાંઇ ધીમેથી જણાવ્યું.

'બહુ કષ્ટ આપશે. ભલે આપે. મારા પ્રેમ પાસે એ કષ્ટ ઉભું રહી શકશે નહિ. હું સહન કરીશ. પરંતુ મારી બાબત પરથી લોકો કદાચ જોઇ શકશે કે પ્રાચીન સમયથી ચાલી આવેલા રૂઢીઓ હવે સમ્પુર્ણ રીતે સડી ગઇ છે અને હવે તેને તિલાંજલીજ આપવી જોઇએ. લોકો વિરૂદ્ધ હોય તેથી મને શું? મારૂં અંતઃકરણ સાક્ષી પુરે છે કે હું ધર્મ વિરૂદ્ધ કરતો નથી. ફકત લોકાચાર વિરૂદ્ધ કરૂં છું. ત્યારે લોકાચાર શું બન્ધન-કર્તા છે? કોઇપણ ધર્મગ્રંથમાં જણાવવામાં આવ્યું નથી કે મનુષ્યે લોકાચારને નૈતિક કાયદા રીતે પાળવાં.

'પણ'

હેમે વચમાંજ લલિતને બોલતાં અટકાવી કહ્યું.

'લલિત હું તમને કષ્ટમાં ઉતારવા ઇચ્છતો નથી. મારી મુલાકાતનું પરિણામ તમારા માટે જરા પણ દુષ્કર આવે તે મને ગમતું નથી. તમે તમારે લક્ષ્મીપુર વાસિઓની રૂઢિને અનુ-સરો, પરંતુ કાંચનને તમે લક્ષ્મીપુર બ્હાર મોકલી દયો, ત્યારે તમે મને જણાવજો કે તમે તેને કયે સ્થળે મોકલી છે. બસ, આટલુંજ, આથી વધારે હું તમારી પાસે યાચતો નથી.'

'હેમ! મને ખાત્રી છે કે કાંચન માટેની આ વાતો ફકત અફવાઓજ છે, ગપ્પોજ છે, અને આ ગપ્પો ઉડાડનારાઓ સ્વાર્થાન્ધો છે. સ્વાર્થની ખાતર જનસમાજને પણ ભસ્મીભુત કરવા આ અફવા ફેલાવનારાઓ તત્પર લાગે છે. હેમ! તમે જાણો છો કે તમારા આ પ્રેમલગ્નને ઉત્સાહિત કરનાર હું છું. કાંચન અને તમારી વચ્ચેની સ્નેહ-કળીને વિકસિત કરનાર હું છું. અને હાય! આ સમયે એ કળીને કરમાવી નાખવાનું કાર્ય પણ મારે કરવું પડે છે, પરંતુ ક્ષમા કરજે હેમ! પ્રભુની ગતિ ન્યારી છે અને સાથે હિંદુ જનસમાજની ગતિ પણ ન્યારી થઇ ગઇ છે. જે સમાજ ભુતકાળમાં હજારો ભિન્ન ધર્મોને પંથોને પોતાના પેટામાં સ્થાન આપતી આવી છે તે આજે આટલી સંકુચિત બની ગઇ છે. હિંદુ જનસમાજનું મહાન પવિત્ર પુસ્તક કાયદાનુંજ પુસ્તક મનુસ્મૃતિ હિંદ સમાજને સ્પષ્ટ રીતે જણાવે છે કે જન્મથી જ્ઞાતિ છેજ નહિ. કાર્યોથીજ જ્ઞાતિ થાય છે, પરન્તુ વર્તમાનમાં મનુસ્મૃતિને કોણ ગણકારે છે? મનુસ્મૃતિના પવિત્ર વચનોને એક બાજુએ રાખવામાં આવે છે અને તેને સ્થળે રૂઢીઓને ધર્મના કાનુનો ગણવામાં આવે છે. અને પરિણામ એ આવે છે કે આ રૂઢી રૂપ રાક્ષસી હજારો અને લાખો નિર્દોષ પ્રભુ-બાળકોનો ભોગ લે છે, જુઓ! આ બીચારી કાંચનની સ્થિતિ! કાંચન બ્રાહ્મણ-કન્યા છે એટલે બ્રાહ્મણ જ્ઞાતિમાં યોગ્ય વર ન હોય તોપણ તેમાંજ તેને પરણાવી દેવી-હર! હર! આથી બીજું શું પૈશાચીક હોઇ શકે? હું આ કદી થવા દઇશજ નહી, એ નિર્દોષ બાલિકાને રૂઢીનો ભોગ બનવા દઇશ નહિ. હું તેને

બચાવીશ. તમે કહો છો તેમ હું તમને કાંચનનું હવે પછીનું નિવાસ સ્થાન જણાવીશ. માફ કરજો ઉમ! કે હું કાંચનને તમારી સાથે મોકલી શકતો નથી, તમે સમજો છો કે એથી શી શી મુશ્કેલીઓ ઉભી થશે.'

'બસ'—લલિત! મારે આટલુંજ જોઇએ છીએ આ બાબતમાં તમારૂ હૃદય મારી તરફ જોઇ મને અત્યન્ત આનંદ થાય છે, હવે હું કાલે દીલ્હી જઇશ અને ત્યાં તમારા ખબરની રાહ જોઇશ.'

બન્ને ઉઠયા, બન્નેએ પોતાની સલીલપૂર્ણ નયનો લુછ્યાં અને ઘર તરફ પ્રયાણ કર્યું. બંનેના હૃદયો કાંઇક હલકા થયાં પરન્તુ લલિતનું હૃદય સમ્પૂર્ણ રીતે વ્યથા મુકત થયું નહિ તેને લાગ્યું કે આ સર્વનું મુળ પોતેજ છે.

પ્રકરણ ૧૩ મું.

રઘુનાથનું કારસ્થાન.

'મુખમેં રામ બગલમેં છુરી'

ઘુનાથનો પરિચય આગલા પ્રકરણોમાં અપાઇ ગયો છે, રઘુનાથના જેવીજ એક બીજી નરાધમ વ્યકિત લક્ષ્મીપુરમાં રહેતી હતી, તેનું નામ નવલરામ હતું રઘુનાથ ખાખીનું બહિ-વર્તન એક મહાત્મા જેવું હતું ત્યારે તેનું આંતરિક-વર્તન એક પીશાચ કરતાં પણ ચડે તેવું હતું, પરન્તુ નવલરામમાં આમ હતું નહિ નવલરામનું વર્તન બહારનું અને અંદરનું સરખુંજ હતું. નવલ-

રામ એક ખુની હતો, નવલરામ એક લુટારો હતો ત્યારે નવલરામ એક દારૂડીયો પણ હતો. કોઇ પણ દુષ્ટ કામ કરતાં તે અચકાતો નહિ. ઉલટું તેનો આજ ધંધો હતો. પુષ્કળ સમય જેલ યાત્રામાં ગાળ્યા છતાં પણ તેની આ પૈશાચિક પ્રકૃતિમાં ફેરફાર થયો હતો નહી. બલકે એ પ્રકૃતિનો પ્રવાહ પ્રચંડ વેગે વહેવા લાગ્યો હતો. વળી ભલભલા ગુપ્તચરોને પણ ભુલાવે તેવો નવલરામ હતો. ગુન્હામાંથી છટકી જઇ બીજાપરજ ગુન્હાને ઓળવી દેવાની કળાનો તે શાસ્ત્રી ગણાતો હતો, અને લક્ષ્મીપુરમાં તેની હાક વાગતી હતી. રઘુનાથ ખાખી અને નવલરામને પણ ઘાડી મિત્રતા હતી, બન્ને પોતાના કુકર્મો પરસ્પરની સહાયતાથી પાર પાડે જતા હતા. હમણા હમણા નવલરામ કાંઇક શાન્ત પડયો હતો, તેના કુટુમ્બના પ્રત્યેક સભ્ય આ આલમમાંથી કુચ કરી જવાથી તેના હૃદયને જરા પશ્ચાતાપ થવા લાગ્યો હતો.

લલિતની પાસે એક બ્રાહ્મણને કાંચન માટેના ખબર આપતાં આપણે જોયા છે. વળી લલિતને કાંચન માટે સત્ય ખબર લાવી દેવાનું કહ્યુ છે તે પણ વાચકે જાણ્યું છે, આ બ્રાહ્મણ 'મારાજ'નુ અભિધાન પૃથ્વીશંકર હતું નવલરામેજ પૃથ્વીશંકરને કાંચન માટેની ગપોથી જ્ઞાત કરેલ હતા. કાંચન શુદ્ર કન્યા છે. અને લક્ષ્મી દુષ્કાળના સમયમાં દીલ્હીથી અહિં નાસી આવેલ છે એ સઘળી વાતો પૃથ્વીશંકરને કહી નવલે તેને ખુબ ચાવી ચડાવી હતી. સાથે સાથે એ પણ ઉમેરીદીધું હતું કે લક્ષ્મી તો મૂસલમાન સાથે પણ ચાલતી હતી.અને પંચરત્ન મંદિર પણ અપવિત્ર ગઇ ગયું છે. આ સઘળું પૃથ્વીશંકરે સાંભળ્યું અને નવલરામપર તેને વિશ્વાસ પેદા થયો. અને પરિણામે તેઓ લલિત પાસે આવ્યા.

બ્રાહ્મણ પોતાના કાર્યમાં સફળ થયા છે કે નહિં તેની તપાસ કરવા એક દિવસ રાત્રિએ નવલરામ અને રઘુનાથ પૃથ્વી-શંકરની પાસે આવ્યા. તેમને જોઇ પૃથ્વી શંકર કાંઇક ગભરાતે અવાજે બોલ્યા.

'જુઓ'–નવલરામભાઇ 'હું તમારી પાસેજ આવવાનો વિચાર કરતો હતો. લલિત મારાપર ક્રોધે ભરાયા છે. હવે મને ખરેખરી રીતે જણાવો જોઇએ કે કાંચન માટે તમે કહેલી સર્વ વાતો સાચી છે કે નહિ ?

'સાચી છે કે નહિ ? નવલરામ પોતેજ તમને એ વાતો કહે છે અને છતાં તે મિથ્યા ? શું હજુ તમને વિશ્વાસ નથી આવતો ? ખરેખર ! તને ઘણાં શંશયી માણસ લાગો છો, નવલરામે કર્કશ સ્વરે ઉત્તર આપ્યો.

'પરન્તુ મને તો વિશ્વાસ આવે છે. તોપણ લલિતને તો ખાત્રી થવીજ જોઇએ ને એ ખાત્રી મારે કેમ કરી આપવી !'

'આ વાતો માટે પ્રમાણ મળે એ કાંઇ સમ્ભવિત નથી. જો આ બાબત તમારાથી ન થાય તેમ હોય તો હું કરીશ.

'ના–બાપુ ! ના–વૃદ્ધપર ગુસ્સે થાંવો નહિ. હું તમારો આશ્રિત બ્રાહ્મણ છું.,

'ઠીક–ત્યારે હવે કાર્ય સિદ્ધી તમારા પર રાખું છું'–બોલી નવલરામે ખાખીને લઇ ત્યાંથી ચાલતી પકડી અને ખાખીને રસ્તામાં પૂછ્યું.

'ખાખીજી ! હર હંમેશ માટે આપ કાંચનને તમારી પાસે રાખવા ઇચ્છો છો ?'

'નહિ-નહિ મારે તો તેની માતાનો ગર્વ ચૂર્ણ કરવો છે. અને આજ હેતુથી તેના સતીત્વનું હરણ કરવું છે. બસ-આટલું કાર્ય સમાપ્ત થાય ત્યાર પછી તેની મરજી પડે તે કરે અને મરજી પડે ત્યાં જાય. મારે તેની સાથે કાંઇ સંબંધ નથી'

ખાખીજીએ સ્વાર્થ પરંપરા સાથે પોતાની નીચતાનો પરિચય આપતાં જણાવ્યું.

આ વચનો સાંભળી નવલરામના હૃદયમાં દ્વેષની જવાલા ભભૂકી ઉઠી. બસ તેની મ્હેનતનું ફળ બીજા ખાય! પોતે સર્વ કારસ્થાન ચલાવે અને કાંચન ખાખીના હાથમાં જાય? નહિં એતો નહિંજ બને. પરન્તુ આ સમય શત્રુતા પ્રકટ કરવાનો નથી તેણે પોતાના હૃદયને કાબુમાં રાખ્યું અને કહ્યું.

'ઠીક, પરન્તુ લક્ષ્મીપર સખત દબાણ કરવાની જરૂર છે. તે એક બડી લુચ્ચી સ્ત્રી છે. એ પણ ખ્યાલમાં રાખવા જેવી બાબત છે, પણ ખાખીજી? કાંચનનો ઉપભોગ કર્યા પછી કાંચનને કોને આપી દેશો?'

'તમારી ઇચ્છાનુસાર તમે કરજો, હું એક બ્રાહ્મણ વળી એક બાળ બ્રહ્મચારી-મને કાંચન જોઇએ નહી.!

નવલરામ ખાખીની આત્માશ્લાઘા સાભળી અતિશય ખીન્ન થયો પરન્તુ ખીન્નતાને દબાવી તે બોલ્યો.

'કાંચન આપને માટેજ યોગ્ય છે. આ ગામમાં તમેજ તેના માટેનું પાત્ર છો પરન્તુ અહીંજ તમારી અભિલાષા પૂર્ણ થવી મને તો મુશ્કેલ લાગે છે.'

'પણ કાચનને આપણે બહારગામ ન લઇ જઇ શકીએ?'

'તમે જાણો તો ખોજ–કે કાંચન હાલમાં લલિતને ત્યાં છે. લલિતના ગૃહમાંથી બહાર આવે તોજ આ કાર્ય બની શકેને?'

'નવલરામ! બચ્ચા! તારા હાથમાંજ આ બધુ કાર્ય હું સોપું છું, બસ! મારા હૃદયની ઇચ્છાનો આધાર તારા પરજ છે, પરન્તુ ધ્યાનમાં રાખજે કે કોઇ પણ ઉપાયે મારે મારૂ વૈર તો લેવાનુંજ છે, કાંચનના સતિત્વનો વિનાશ કરી લક્ષ્મીએ કરેલા અપમાનનો બદલો લેવોજ છે.'

" વાતો કરતાં કરતાં બન્નેજણા પંચરત્ન મંદિર પાસે આવી ચઢયા અને નવલે કહ્યું.

'રઘુનાથજી! રાત્રિ ઘણી ગઇ છે હવે તમે બીજે કોઇપણ સ્થળે જવા કરતા મંદિરમાંજ જાઓ.'

આ પછી થોડી એક ક્ષણો બે ચાર બીજી વાતો કરી બાબી મંદિરમાં ગયા અને નવલ પોતાના ઘર તરફ વળ્યો.

રસ્તામાં ચાલતાં ચાલતાં નવલને એક પછી એક વિચારો આવવા લાગ્યા અને તે બબડવા લાગ્યો.

બેટા! તું બ્રાહ્મણ છો બ્રાહ્મણ છો બોલા ગર્વ કરી રહ્યો છે કેમ? જોવાશે. હા. આ સઘળું જોવાશે–હુંજ તારી એક માત્ર સહાય્ય છું. તોપણ મારી પાસે તું આત્મશ્લાઘા કરે છે? પણ તને હજુ આ નવલરામનો ખરો અનુભવ નથી. બ્રાહ્મણ થઇ તું એક બાળાનું સતિત્વ ધ્વંસ કરવા ઇચ્છે છે? જોઇ છું. આ બધું તું કેમ કરી શકે છે. હું હમણાંજ જઇ લલિતને જણાવી દઉં કે આ સર્વ કારસ્થાન આ બાબીનુંજ છે તો તારી શી સ્થિતિ થાય! અને મારી પણ શી અવસ્થા થાય?

ઓ ખાખી ! આજ ભલે હજુ હું તારી સહાય્યમાં છું. પણ અરે ! એક બીજો રસ્તો છે. કાંચનને હું પોતેજ ઉપાડી જઇ એકાદ એકાન્ત સ્થાનમાં સંતાડી દઉં તો ? જો પેલો હેમ તેની શોધ કરે તો પૈસા લઇને તેને કાંચન સોંપી દેવાય. બસ–આમાંજ લાભ છે. અને આમાંજ પુણ્ય પણ અરે ! મારે અને પુણ્યને શો સંબંધ છે ? હું પુણ્યનું કામ કરું ? પાપના અધિરાજ તરીકે અમર કીર્તિ મેળવનાર આ નવલરામ પુણ્ય કામ કરે ? ત્યારે શું કરવું ? કાંચનને બદ નામ તો કરી. હવે તેના શીયળનો પણ ભંગ કરવો. ? પણ હવે જોઇશું કે શો રસ્તો લેવો–હાય ! આખુ જીવન પાપમય બનાવ્યું છે. વળી પણ પાતકી બનવાનો પ્રસંગ આવ્યો.

બીજાના ખુનો કરવામાં, પર સ્ત્રીઓના શીયળ ભંગ કરવામાં, કોમળ બાળકોના રૂધિરથી હસ્તને સ્નાન કરાવતાં જે નવલ કદી ગભરાયો નહોતો, જેના નયનોમાંથી કદી અશ્રુઓ નહોતા વહ્યાં તે નવલના ચક્ષુઓમાંથી આજે અશ્રુ બિન્દુઓ ટપકયાં. બીજાનો નાશ કરવામાં જે પ્રાણ કદી રોયાં નહોતાં તેજ પ્રાણ આજે રોયાં. છેવટે કાંઇ શાન્તિ મેળવ્યા પછી નવલ ગદ્ ગદ્ સ્વરે બોલ્યો. 'જે બાજી રચી છે તેમાંથી હવે છૂટા થવું અસંભવિત છે. હવે જો બધી બાજી ખુલ્લી કરી દઉં તો મારી પણ દુર્દશા થાય. અને આ ખાખી બ્રાહ્મણ પણ મરે. બસ ! કાંચનને કોઇ એકાંત સ્થળમાંજ ઉપાડી જવી એજ બહેતર છે. જે થયું એ થયું. હવે કાંચનને હું સહાય નહિં કરી શકું તોપણ હું તેને દુઃખ તો દઇશજ નહિ. બીજાઓને પણ કાંચન ઉપર અત્યાચાર કરતાં અટકાવીશ. બસ–આજ મારી પ્રતિજ્ઞા છે.

પ્રકરણ ૧૪ મું.

ત્યાગ.

'A high post demands high duty.'

સુન્દર દિવાનખાનામાં એક ખુણામાંથી આછો પ્રકાશ આવી રહ્યો હતો. લલિતમહાલયના મધ્ય ભાગમાં આ દિવાનખાનું આવેલું હતું સાદાઇ અને સ્વચ્છતા અહિ બીરાજી રહ્યા હતા તથા તેના માલીકની વૃત્તિનું દીગદર્શન કરાવી રહ્યા હતાં.

આ ઓરડામાં લલિત એક ખુરશીપર બેઠેલા હતા. તેના મૂખપરની ભાવનાઓ તેના દુખીત હૃદયનું ભાન કરાવી રહી હતી. કપાળપર વારંવાર થતી કડચલીઓ હૃદયમંથનનું દિગદર્શન કરાવી રહી હતી.

પૃથ્વીશંકર લલિત પાસે બેઠા હતા. તેના ચહેરાપર ભયની લાગણી સીવાય બીજું કંઇ જણાતું નહોતું. તેના હૃદયનાં ધબકારા અને તેના શરીરનું વારંવાર હલવું તેના હૃદયની સ્થીતિ જણાવી આપતા હતા.

આ બ્રાહ્મણ પાસે લક્ષ્મીની તપાસ કરાવી લોકાપવાદમાંથી મૂક્ત થવા અને બને તો લક્ષ્મીને પણ બચાવવા લલિતે નિશ્ચય કર્યો હતો. પરન્તુ હાય! તેને અંધકાર સિવાય કાંઇ જણાતું નહોતું.

બન્ને જણ મૌન હતા. ફકત દિવાલપર ટાંગેલી ઘડીઆળ ટીક ટીક કરતી હતી.

'મહારાજ! લક્ષ્મી આવેલ છે'. દ્વારવાળે આવી જણાવ્યું.

'અંદર મોકલ' લલિતે કર્કશ સ્વરે જવાબ આપ્યો.

લલિતે પોતાને બોલાવી છે એ જાણી લક્ષ્મી ઘણી ખુશી થઇ હતી. તેના ચહેરાપર આનન્દ રમતો હતો. તે આનદિત મૂખે અંદર તો આવી પરન્તુ લલિતનું મૂખ જોતાં તેનો આનન્દ ગુમ થઇ ગયો. લલિતનો પ્રેમ તેને યાદ આવ્યો. હસ્તે મૂખડે પોતાની સાથે વાતચીત કરતા તેને સાંભર્યાં. પરન્તુ એતો હવે સ્વપ્ન બની ગયું કે શું ? આ લલિત અને એ સ્વપ્ન ભૂમિના લલિતમાં કેટલો ફેર ?

'લક્ષ્મી' ! લલિતે ગંભીર સ્વરે કહ્યું.

વીજળી ઝબુકે અને કોમળ સ્ત્રીઓના હૃદયો ધડકે તેમ લક્ષ્મીનું હૃદય પણ આ સ્વર સાંભળી ધડકયું. આ સ્વર માધુર્યમય નહોતો. તે સ્વર ભુતકાળનો સ્વર નહોતો.

લક્ષ્મીએ પાસે આવી બહુજ નમ્ર સ્વરે પૂછ્યું 'આશું ? આપ આજે મારી સાથે આવા કઠીન સ્વરે શા માટે વાતચીત કરો છો ?'

લલિતે કાંઇ ઉત્તર આપ્યો નહિ. હાથમાં લેખીની લઇ કાગળપર લીટા કરતાં કરતાં તેનું મન વિચાર વમળમાં ગુમ થઇ ગયું હતું, તો પણ લક્ષ્મીના વચનો વ્યર્થ ગયા નહિ તેનું હૃદય અનુકંપાથી ભરાઇ ગયું અને આ દયાનો ભાવ તેના નયનોમાં પણ આવી ગયો, પ્રથ્વીશંકરે આ જોયું, દયાના ભાવને પણ પારખ્યો અને બાજી બગડવાનો ભય તેનામાં જાગ્રત થયો લલિતે તેની સામે જોયું. પ્રથ્વીશંકર આ સુચના બરાબર સમજ્યા અને તેમણે શરીરને ખુરસીપર સારી રીતે ગોઠવી લક્ષ્મીની જુબાની લેવાનો પ્રારંભ કર્યો અને પુછ્યું.

'લક્ષ્મી ! તમે દિલ્હી જોયું છે ?'

લક્ષ્મી આ સવાલ સાંભળીને જરા ગભરાણી તો ખરી. દીલ્હીમાંનો ગત વખતનો ભયંકર દુષ્કાળ તેના હૃદયપર ફરી ખડો થયો. માખીઓની માફક મરતાં બાળકો વૃધ્ધો અને યુવાનો તેની યાદદસ્તમાં ફરી તાજા થઇ આવ્યાં. અને પોતાની ભયંકર સ્થિતિ પણ યાદ આવી ગઇ. જવાબ આપ્યા વગર તે શાન્તજ ઉભી રહી. અને ખરેખર ! આ શાન્તિ એજ તેનો સર્વ નાશ કર્યો.

લલિતે આ સઘળું જોયું. તેણે લક્ષ્મીને કહ્યું.

'લક્ષ્મી ! સાચે સાચુંજ કહેવાનું છે ?

લક્ષ્મીએ જોયું કે કોઇએ પણ કપટજાળ બીછાવી છે. તેણે જવાબ આપ્યો.

'હાજી દીલ્હીમાં મેં થોડો સમય ગાળ્યો છે.'

પૃથ્વીશંકર 'મારાજ, પ્રસન્ન થયા અને પુલકીતવદને વળી તેમણે બીજો સવાલ કર્યો.

'તું નિયામતખાંને જાણે છે ?'

આશું ? નિયામતખાં કોણ ? તેને મારી સાથે શો સંબંધ ? લક્ષ્મીનું હૃદય થરથરી ઉઠયું. લક્ષ્મીપુરમાં ઉડતી ગપો તેણે સાંભળી હતી. તે આ વખતે તેને યાદ આવી. પોતાને એક મુસલમાનની જાર ઠરાવવાના અને કાંચનને એક મુસલમાન તનયા ઠરાવવાના પૃથ્વીશંકર 'મારાજ'ના આ પ્રયત્નને તે પામી ગઇ અને તેણે ધીમે રહીને કહ્યું.

'નહિ જી. હું તેમને જાણતી નથી ?

લક્ષ્મીનો આ જવાબ સાંભળી પૃથ્વીશંકરના મુખપર શ્યામતા તો આવી તોપણ વળી તેમણે પૂછયું.

'ખુદાબક્ષને તું ઓળખે છે?,

'ખુદાબક્ષ તો હજારો હશે. એવા સવાલો મને શા માટે પૂછો છો એ હું સમજી શકતી નથી.'

લલિતે લક્ષ્મીનો આ ક્રોધ ભર્યો જવાબ સાંભળ્યો. અને પોતે પણ ઢોંગી ક્રોધી બની જોસથી બોલ્યા.

'લક્ષ્મી! બસ કર! મારા ગામમાંથી આજને આજ ચાલી જા. ચાલ નિકળ. કાંચનને પણ અહિંથી લઇ તારું મોં કાળું કર.

આ વજ્રઘાત ઝીલતાં લક્ષ્મીથી રડાઇ જવાયું. તેને બીચારાને શી ખબર પડે કે લલિતનો આ સર્વ ઢોંગજ હતો.

'રામચરણ' રણધીર! આ લક્ષ્મી અને તેની કન્યા કાંચનને આપણા ગામ બહાર મૂકી આવો, લલિતે પોતાના નોકરોને હુકમ આપી દીધો.

'લલિતચંદ શેઠ, વિના દોષે. બીજા કોઇની વાતો સાંભળી આવો અન્યાય કરવો તમને યોગ્ય નથી. લક્ષ્મીએ રડતાં રડતાં કહ્યું.

પરન્તુ લલિત હવે કાંઇ સાંભળવા ઇચ્છતાજ નહોતા. અને અને હજુ તો લક્ષ્મીના શબ્દો પુરા થાય છે ત્યાં તો રણધીરે આવી લક્ષ્મીને બહાર કાઢી અને રામચરણ ગાડી જોડવા ગયો.

ગાડી જોડાઇ આવે એ દરમીઆન લક્ષ્મીને લાગ્યું કે ઇન્દુ પાસે જઇ ઇન્દુને પગે પડી આ હુકમ બદલાવવો. અને આ હેતુથી તેણે કાંચનને પણ લલિતના આ આદેશના ખબર આપ્યા. અને બન્ને જણાં બન્ને નિરાધાર અબળાઓ ઇન્દુના ઓરડા તરફ ગઇ. પરન્તુ ઇન્દુ ત્યાં નહોતી. ઘણાએ પ્રયત્નો કર્યા પરન્તુ ઇન્દુ મળી નહિં. અને પરિણામે ઇન્દુને મળ્યા વગરજ ફરજીઆત રીતે કાંચન અને લક્ષ્મીને ગાડીમાં બેસવું પડ્યુ.

ગાડી હવે ચાલવાની તૈયારીમાં હતી. અને રણધીર ઘોડાને ચાબુક મારી દોડાવી મૂકવાની અણીપર હતો ત્યાં રૂદન પૂર્ણ સ્વર આવ્યો.

'રણધીર ! તને જે કહેવામાં આવ્યું છે તે યાદ છે કે ?'

રણધીરે ઉત્તર આપ્યો 'જી હા'

લક્ષ્મી અને કાંચને જાણ્યું કે એ સ્વર ઇન્દુનો હતો. ઇન્દુ રડતી હતી.

લલિતને લાગ્યું કે લોકોપવાદ ગયો. બ્રાહ્મણની સમક્ષ તેણે લક્ષ્મી અને તેની પુત્રીને ગામ બહાર હાંકી કાઢી. અને ગુપ્તરીતે નક્કી કરેલ સ્થળે મોકલાવી દીધી પરન્તુ હાય. એક ફકત લોકોપવાદના કારણે પોતે સામાજિક બાયલા બન્યા. સત્યનું પાલન કરી ન શકયા એથી તેના હૃદયની સ્થીતિ ભયંકર બની ગઇ પરંતુ આ સર્વમાં એક દિલાસો હતો. અને તે એજ કે કાંચનને હેમ સાથે ગમે તે કરી પરણાવવાનો તેણે નિશ્ચય કર્યો હતો તથા કાંચન અને લક્ષ્મીને તેણે હેમ પાસે મોકલ્યાં હતા.

લલિત ! દૈવની ગતિની તમને ખબર છે, તમારી કાંચન દીલ્હી પહોંચશે કે રઘુનાથની વિષયવાસના તૃપ્ત કરવાનું પાત્ર બનશે ? ત્યારે ચાલો એ હવે જોઇએ.

પ્રકરણ ૧૫ મું.

અરવલ્લીનો યોગી.

आश्वास्य पर्वतकूलं तपनोपतप्त
मूहामदावविरोदौ च काननानि।
नाना नदी नदशतानि च पूरयित्वा
स्थितोहसि यज्जलद सैव तवोत्तम श्री : ॥

રવલ્લી પર્વતની તળેટીમાં ચોતરફ ઘાટ વૃક્ષ સમૂહ આવી રહ્યો છે. સમય રાત્રિનો છે. અને વળી કૃષ્ણ પક્ષ ચાલે છે. એટલે આ સમયે આ નિર્જન સ્થાન વધારે ભયંકર લાગે છે. શીતલ વાયુની શાન્ત લહરીઓ આવે જાય છે. વૃક્ષ–પર્ણો મધુરું સંગીત સંભળાવી રહ્યા છે અને આકાશવાસિ તારલાઓ એ સંગીત સાથે તાલ મેળવતાં નૃત્ય કરી રહ્યા છે. સર્વત્ર શાન્તિ ફેલાએલી છે. પરન્તુ આ તળેટીમાં આ સમયે શાન્તિ દેવીએ પરાજય મેળવ્યો હોય તેમ જણાય છે. પ્રકૃતિની શાન્તિનો ભંગ કરતો કાંઇ અવાજ આવતો સંભળાય છે 'હાય મારા જેવો કોઇ દુરાત્મા હશે નહિ. આ આખુ જીવન પાપલિપ્ત બનાવ્યું છે. પશ્ચાતાપ અને અંતઃકરણની આજ્ઞાઓને લત્તાપ્રહાર કરી એક પછી એક પૈશાચિક કર્મો કરતો આવ્યો છું. ઘણીએ વાર લીધેલી પ્રતિજ્ઞાઓ કદી પાળી નથી. પરન્તુ અરેરે ! આજ કેટલાએક વરસોથી મનુષ્યહત્યા કરવાનું મોકુફ રાખ્યું હતું ત્યાં વળી આજેજ એ કરપીણ કામ કરાયું. તેનું ખુન શા માટે મેં કર્યું ! પોતાના દુષ્કર્મોનું ફળ પ્રભુજ તેને આપતજ. મેં તેના રુધીરમાં મારા હાથ શા માટે લિપ્ત કર્યા.'

સ્વર અટકયો અને જરાવાર ચોતરફ શાન્તિ પ્રસરી પરન્તુ તે થોડી એકપળ વારજ. વળી સ્વર આવવા લાગ્યો

'ઓ પ્રભુ'– હવે તો જે થવાનું હતું તે થયું એ નિરપરાધી બાલાનેજ બચાવવાનું હવેતો રહયું છે. પરન્તુ તે બચી છે એ કોણ જાણે છે ! પિશાચ રઘુનાથે પોતાના સર્વ બળનો ઉપયોગ કરી તેને વૃક્ષ સાથે બાંધી હતી. એ કુમળું ફૂલ હજુ સુધી બચ્યું હશે ? પ્રભુ ! પ્રભુ ! આ શો અત્યાચાર થયો છે. પરન્તુ જો કાંચન બચી હોય તોપણ મારે હવે તેના રક્ષણ માટે શું કરવું ? કયાં લઇ જવી ! મને એ જોશે તો ભયથીજ એ મરણ શરણ થઇ જશે. લુટારાઓમાંના એકાદ લુંટારા તરીકેજ એ મને ઓળખશે. અને વળી મારો પૂર્વવૃત્તાંત પણ એ જાણે છે. ત્યારે હું તેને કેમ બચાવું ? હાય ! હાય ! જો લક્ષ્મીપુરમાંજ આવા વિચારો અને આટલો પશ્ચાતાપ થયો હોત તો કદી પણ હું આ કાર્યમાં ભળ્યો નહોત ?

પાઠક ! જાણ્યું હશે કે આ વકતા બીજો કોઇજ નહિ પણ આપણો પૂર્વ પરિચત નવલરામજ છે વળી કાંચનની દુર્દશાથી પણ તું જ્ઞાત હોઇશ. વિયોગી એ કુસુમકળીને આ અરવલ્લાની તલાટીવાસિ કોઇ એક વૃક્ષ સાથે બાંધવામાં આવી છે. વિશુદ્ધ પ્રેમનું આવું પરિણામ જોઇ તને પણ કમકમાટી છુટે તેમાં આશ્ચર્ય નથી. પરન્તુ આ વિષાદમાં એક માત્ર આનન્દજનક વસ્તુ છે. રઘુનાથ ખાખીને તેના દુષ્કર્મોનું ફલ મળી ગયુ છે.

નવલરામે કેટલીક પળો સુધી વળી મૌન ધારણ કરી ચલાવ્યું

'બસ હમણાંજ જઇ કાંચનને બન્ધન મુકત કરૂં. પછી તેના રક્ષણનો ઉપાય કરીશ' બોલતો બોલતો નવલરામ એ અન્ધકારમાં ગાઢ વૃક્ષોની ઘટામાં ઘુસી ગયો.

નવલરામ ઝાડીમાં તો પેઠો-પરન્તુ એ પ્રવેશ પછી તેને એક પછી એક ફરીવાર વિચારો આવવા લાગ્યા અને આ અરવલ્લીની એકાદ ટેકરીપર ચડી એકાદ આશ્રય સ્થાન શોધવાનો તેણે નિશ્ચય કર્યો. આ ઘટામાંથી બહાર આવી સામેનીજ એક ટેકરીપર ચડી જોયું તો એ ટેકરીની બીજી બાજુએ એક નાની એવી ગુફાની પાસે એક યોગી ધુણી તાપી રહેલ દેખાવા, નવલરામને લાગ્યું કે આ મહાત્મા પાસે જઇ આશ્રય માગવો અને કાંચનના પ્રાણદાનની ભીક્ષા યાચવી.

બસ! હવે આશ્રય સ્થાન મળ્યું. અને એથી નવલરામ ત્વરાથી ટેકરીપરથી નીચે આવ્યો અને ઝાડીમાં તેણે ફરી પ્રવેશ કર્યો.

કાંચનને કયે સ્થળે બાંધવામાં આવી હતી. તેથી નવલરામ જ્ઞાતજ હતો. અને આથી ત્વગર મુશ્કેલીએ તે એજ દિશામાં આગળ વધ્યો. અને એ સ્થાન પાસે આવી પહોંચતાં તેને ભયંકર આર્તનાદ સંભળાયો.

'ઓમા! થોડું પાણી! હાય! પાણી! અરે રે! કાંચનનું! મેં મારા સ્વાર્થ માટેજ ખુન કર્યું. હાય! ઓ ઓ ઓ પાણી! પાણી!' નવલરામે જોયું કે એક લક્ષ શરીર જમીનપર તરફડીયાં મારી રહ્યું હતું. નવલે જોયું. અને સાંભળ્યું પણ ખરું. પરન્તુ જવાબ આપ્યા શિવાય તે ત્યાંથી ચાલ્યો ગયો અને એક મહાન વૃક્ષ પાસે જઇ તેની શાખા સાથે લટકાવેલ કાંચનને સ્કંધપર લઇ યોગી વાળી ટેકરીનો માર્ગ તેણે લીધો.

ચારે તરફ ગાઢ અંધકાર છવાઇ રહ્યો હતો. વળી પર્વતમાં માર્ગ કાપવાનો હતો. અને સ્કંધપર ભાર પણ હતો. આ સઘળાં વિઘ્નો હોવા છતાં નવલરામ ધીમે ધીમે રસ્તો કાપવા લાગ્યો. ઘડીમાં કાંચનને જમીનપર મુકે અને ઘડીભર વિશ્રાન્તિ લઇ વળી ચાલવા માંડે એમ કરતાં કરતાં નવલરામ યોગી પાસે આવી પહોંચ્યો. અને યોગી પાસેજ કાંચનને ભુમિપર મૂકી હાથ જોડી નમ્રભાવે યોગીને કહ્યુ.

'મહા પુરુષ ? આને પ્રાણદાન આપશો ?'

યોગીનો ચહેરો ગંભીર બન્યો. નેત્રમાંથી કોઇ અલૌકિક જ્યોતિ ઝરવા લાગ્યું અને મૂખપર આશ્ચર્યના ચિન્હો છવાઇ રહ્યાં. તેમણે ગંભીર અવાજે પૂછ્યું.

'તમે કોણ છો અને આ વ્યકિત અહિં કયાંથી ?

નવલરામે કાતર સ્વરે જવાબ આપ્યો.

'હું એક પાપી નરાધમ નર છું. અને આ એક અનાથ બાલિકા છે. આપ તેને બચાવશો એવી આશાથીજ તેને આપ પાસે લઇ આવ્યો છું ;

નવલરામના મૂખપર ધુણીનો પ્રકાશ પડતો હતો. અને આથી યોગી તેના મૂખભાવને સ્પષ્ટ રીતે જોઇ શકતા હતા. નવલરામનો નમ્ર પ્રત્યુત્તર સાંભળી તેઓ ઉઠયા અને કાંચન પાસે જઇ બેઠા અને થોડી એક પળો સુધી કાંચન તરફ જોઇ બોલ્યા.

'તમારા હાથમાં આ બાલિકા આવી એથીજ હવે તેના પ્રાણનું રક્ષણ થઇ શકશે પરન્તુ તમે તેના જીવનની શા માટે ઇચ્છા કરો છો ?'

'પ્રભો' નવલરામે ફરી એક વખત હાથ જોડતાં કહ્યું 'પ્રભો' કોઇપણ દુષ્ટ હેતુથી આ અનાથ દુઃખી અબળાને હું આપ પાસે લાવ્યો નથી હું એક નીચ છું, પાપાત્મા છું એ ખરૂ પરન્તુ હવે મને ફરી એક સમય પાપ પૂર્વાંત'માં પડવાની તૃષ્ણા રહી નથી. આપને કદાચ મારામાં વિશ્વાસ ન ઉપજતો હોય તો હું અહિંથી વિદાય થાઉં છું. પરન્તુ આપને ફકત એટલીજ વિનતિ કરૂં છું કે કોઇ પણ રીતે આ બાલાના પ્રાણ બચાવો'

આ સમયે ધીમે ધીમે ઉષાનો ઉદય થવા લાગ્યો હતો. અન્ધકારનું સામરાજ્ય વિદાય થવા લાગ્યું હતું અને પશુ પક્ષીઓ સ્વકર્તવ્ય કરવાની તૈયારીમાં પડયા હતા.

નવલરામના આ વિષાદપૂર્ણ વચનો સાંભળી યોગીના હૃદયમાં દયાનો ઉદય થયો. અને તેઓ બોલ્યા.

'મને તમારા પર વિશ્વાસ આવે છે. હું આ બાલિકાના જીવન માટે પ્રયત્ન કરીશ;

'મહાન કૃપા! પ્રભો! મારે હજુ એક બીજી ભીક્ષા યાચવાની છે. દિવસે હું આપ પાસે રહી શકીશ નહિ. કોઇ એકાન્ત સ્થળમાં મારે ભરાઇ રહેવું પડશે. અને રાત્રિએ હું આપની સેવામાં હાજર થઇશ. ક્ષમા કરજો. પરન્તુ આ સર્વનું કારણ હું હવે પછી આપને જણાવીશ.

'તમે ચોકકસ આવશો?

'આપ પાસે હું અસત્ય નથી કહેતો. હું રાત્રિ થશે કે તુરતજ હાજર થઇશ. હવે સૂર્યોદયનો સમય થયો છે. મહારાજ? હવે હું જઇશ. નવલરામે યોગીને વિનતિરૂપ જવાબ આપી વિદાય લીધી.

પ્રકરણ ૧૬ મું.

જીવન રક્ષા.

'અંતર આશા ઇશ્વરે આજે પૂરી જાણ'

નવલરામ વિદાય થયો.

યોગીએ બરાબર ધ્યાન પૂર્વક જોયું કે કાંચનના પ્રાણ હજુ કાંચનના સ્થૂલ દેહમાંજ હતા અને આ જોઇને તેને જરા આશા આવી. જંગલમાં રહેવામાં યોગીઓને જંગલની જંગલી પણ અસરકાર ઔષધીઓની બનતા સુધી ખબરજ હોય છે. તેઓની પાસે દવા દારુઓના બાટલા હોતા નથી. સરસ ચળકતાં ટેબલ ખુરશીઓ પણ તેમની પાસે હોતા નથી. વળી પશ્ચિમાત્ય પોષાક કે નાસિકાપર, પોતાને પ્રભાવશાલી દર્શાવવા માટે, તેમને ચસ્માઓ પહેરવા પડતા નથી. તેઓ ફક્ત એકાદ કૌપીનજ ધારણ કરે છે અને મસ્તકમાં કેરોસીનના કચરાને બદલે ભસ્મજ ધારણ કરે છે છતાં તેમની પાસે અમૂલ્ય ઔષધીઓ હોઇ શકે છે. હોય છે. અને આજ રીતે આ યોગીની પાસે પણ પોતાની ધુણીની ભસ્મ રૂપ ઔષધી હતી. આ ઔષધી તેણે ધીમે ધીમે કાંચનના શરીરપર ચોળવા માંડી. અને વાચક ? તને આશ્ચર્ય લાગશે કે આ રાખથીજ ખરેખર આ રાખથીજ કાંચનના હૃદયને જાગ્રતિ આવવા લાગી. એક પછી એક એમ કાંચનના સર્વ અંગો હલવા લાગ્યાં અને સાથે સાથે કાંચને 'ઓ ! મા, કરતાં પડખું ફરવાનો પણ પ્રયત્ન કર્યો. હા ! આ દુનિયામાં સખતમાં

સખત ભયંકરમાં ભયંકર દુઃખ જ્યારે મનુષ્યપર આવી પડે છે ત્યારે તેને તેની જનનીજ યાદ આવે છે. બાલ્યાવસ્થાના માતાના પ્રેમના અપૂર્વ સંસ્કારો સ્મરણ પંથમાં તાજા બને છે અને માતાના ખોળામાં અનુભવેલું નિર્ભયપણું ત્વરીત વેગે હૃદયમાં સમીપ ખડું થાય છે.

આ સમયે અન્ધકારનો સમ્પૂર્ણ નાશ થયો હતો અને બાલ્યરવિના કુમળાં કિરણો કુસમલત્તા સમાન કાંચનની દેહયષ્ટિ પર પ્રકાશી રહ્યા હતા. યોગીએ આ પ્રકાશમાં કાંચનનું મૂર્ખાવિંદ જોયું અને તરતજ પાસેના એકાદ દુનિયાથી અજાણ્યા, જગતને નિર્માલય નકામા જેવા લાગતાં વૃક્ષના કેટલાક પાંદડા લઇ તેનો રસ તેણે કાંચનના મોઢાંમાં બહુજ સંભાળ પૂર્વક નાંખ્યો તથા થોડા એક બિન્દુઓ તેની નાસિકાપર પણ ચોળ્યા. બસ. ઔષધિ હવે ઝડપથી કામ કરવા માંડયું. બાલિકાના બન્ને નેત્રો ઉન્મીલીત થયાં.

કાંચન તરફ જોતાં યોગીએ સ્નેહપૂર્ણ સ્વરે પુછ્યું 'કેમ બ્હેન! કેમ છે?' પરન્તુ હજુ કાંચનને સમ્પુર્ણ ભાન આવ્યું નહોતું, યોગી તરફ તેણે જોયું અને ઘડી ભરની શાંતિ પછી અતિ દુઃખી સ્વરે કહ્યું.

'ઓ પ્રભુ! વળી આ શું?'

'બેટા! બીહીશ નહિં. તું મારી પુત્રી તુલ્ય છો. હવે કેમ જણાય છે?'

'આપ કોણ છો? મારી મા કયાં છે' રમણીએ બોલતાં બોલતાં યોગી તરફ કાતર નયને જોવા માંડયું.

'તારી મા ? બાપુ તેના માટે ચિન્તા કર નહિ. પરન્તુ તું થોડું એક ચાલી શકશે ?'

કાંચને ઉઠવાનો પ્રયત્ન કર્યો. પરન્તુ કડમાં ભારે દુઃખ થવા લાગ્યું. તેણે દુઃખી અવાજે પૂછ્યું.

'ક્યાં જવાનું છે ?'

બેસ ! અહિં પાસેજ. બેચાર કદમજ ?

કાંચને ચાલવાનો પ્રયત્ન તો કર્યો પરન્તુ ચલાયું નહિં અને છેવટે યોગીએ તેને પોતાના હાથનો ટેકો આવી પાસેની ગુફામાં તેને સુવાડતાં કહ્યું

'બેટા ! અહિં તું જરા નિદ્રા કર. હું હમણાંજ આવું છું. બોલી યોગી વિદાય થયા.

હવે ધીરે ધીરે કાંચન ને ભાન આવવા લાગ્યું. હા ! ભાગ્ય પરિવર્તન ! આશું ? ક્યાં લક્ષ્મીપુર અને ક્યાં આ જંગલનો યોગી અને તેની આ ગુહા ! વળી માં ક્યાં ? અરેરે માનું શું થયું હશે ! લુટારાઓએ તેનું ખૂનતો નહિં કર્યું હોયને ! અને આ હેમ વહાલા હેમ ક્યાં છે ! આ વિપત્તિના સમયે તેઓ કેમ મદદે આવતા નથી ! કાંચનના હૃદયમાં ભુતકાળના બનાવો એક પછી એક ઉપસ્થિત થવા લાગ્યા. શોક વિરહ અને દુઃખથી બિચારી નિર્દોષ કુસુમકળી રૂદન કરવા લાગી. વિધાતા ! આ તારી કૃતિજ છે. હિન્દુ સમાજ આ નિર્દોષ બાલિકાના દુઃખ માટે તારોજ આભાર માનવાનો છે.

બાલિકાના નયનોમાંથી અશ્રુ પ્રવાહ વહી રહયો હતો ત્યાં થોડાં એક ફળફુલો લઇ યોગી આવ્યા અને કાંચનને રડતી જોઇ દયાપૂર્ણ સ્વરે બોલ્યા.

'વત્સ! રડ નહી, તારૂ સર્વ દુઃખ પ્રભુ કૃપાથી ટળી જશે જગનિયંતા તારી મુશ્કેલીઓને દુર કરશે, ચાલ! ઉઠ જોઇએ, અને આ ફલો ખાઇ જરા આરામ લે.'

કાંચને ફળફુલો લીધાં પરન્તુ એકાએક મા યાદ આવી અને પ્રેમ મૂર્તિ હેમનું પણ સ્મરણ થઇ આવ્યું, વળી નયનોમાં આશ્રુધારા વહેવા લાગી, અને યોગીના અત્યાગ્રહથી છેવટમાં કાંચને મહા મુશ્કેલીથી થોડાએક ફળોનો આહાર કર્યો અને પાણીને સ્થળે તરસ છીપાવવા માટે યોગીએ આપેલી ઔષધી લીધી.

જહરમાં જહર માટેનો ખોરાક ગયો, અને આથી કાંચનને શરીરમાં નવીન બળ આવ્યું, તેને લાગ્યું કે હવે આ સ્થળ છોડી દઇ માની પાસે જવું, અને આ વિચારથી તેણે યોગીને હાથ જોડતાં કહ્યું.

'આપે મને પૂનર્જીવન આપ્યું છે, પરન્તુ હવે આપ મને રજા આપો, હું મારી મા વગર રહી શકું તેમ નથી, મને તે દુઃખી માની શોધમાં જવા દેવાની કૃપા કરો.'

યોગી જરા હસ્યા, કાંચનમાં બળ આવેલું જોઇ તેઓ આનંદ પામ્યા અને સ્મિત કરતાં તેમણે કહ્યું.

'બેટા! તું કાંઇ ચિન્તા કર નહિ, પહેલા તું તારો સર્વ ઇતિહાસ મને જણાવ અને ત્યારપછી યોગ્ય કરીશું.

કાંચન થોડી એક પળો સુધી મૌન રહી. પરન્તુ યોગીના આગ્રહ પાસે તેનું કાંઇ ચાલ્યું નહિ. બાલ્યાવસ્થાનો જે વૃતાન્ત યાદ હતો તે કહયો. હેમ સાથેના મેળાપ પહેલાંનો સર્વ ઇતિહાસ ધીમે ધીમે કહી બતાવ્યો. અને પાછું મૌન ધારણ કર્યું.

'ત્યાર પછી!' યોગીએ પૂછ્યું 'ત્યાર પછી શું બન્યું એતો બેટા તું નથી જણાવતી, બોલ! બેટા! એક સંસાર ત્યાગી સાધુ તને કાંઇ પણ નુકશાન પહોંચાડશે નહિં. ગભરા નહિ. મને સર્વ જણાવ. બોલ જોઇએ તારા વિવાહ થયા છે!,

વિવાહ લગ્ન: સ્મરણમાં આવતાં કાંચનના ચક્ષુઓ સલિલ પુર્ણ થઇ ગયાં હૃદય વધારેને વધારે ધબકવા લાગ્યું હેમની પ્રતિમા હૃદયપર ખડી થઇ ગઇ હા! લગ્ન થવાનાંજ હતા. લગ્નની પવિત્ર ગાંઠથી બે આત્માઓ અભિન્ન થવાના હતા, ત્યાં આ વજ્રઘાત થયો, રૂઢિઓ રૂપ રાક્ષસીઓએ પોતાનું રાક્ષસી કાર્ય બજાવ્યું અને છેવટે આ બિચારી બાળાની આ ભયાનક હૃદય વિદારક દુર્દશા કરી, કાંચનને આ સઘળું સ્મરણમાં આવ્યું તો પણ તેણે રૂદન પૂર્ણ સ્વરે કહ્યું.

'નહિ. વિવાહ થયા નથી.'

'ત્યાર પછી.'

હેમ સાથેનો મેળાપ, હેમનું જવું, લક્ષ્મીપુરમાંથી દેશ-નિકાલ, અને રાત્રિના ભયંકર સમયે લુટારાઓના હાથમાં સપડાવું વિગેરે બાબતોનું વર્ણન કાંચને કરી બતાવ્યું અને કહ્યું.

'બસ, અહીં સુધીના બનાવો મને યાદ છે, આ પછી શું બન્યું તે હું જાણતી નથી.'

'કાંચનના ઇતિહાસથી યોગીનું મૂખ પ્રફુલ્લિત બન્યું અને તેમણે જરા હિમત કરતાં કહ્યું.

'વત્સ! મારે મારા નિત્ય કર્મ માટે હવે જવાનું છે. તું અહિં જરા વિશ્રાન્તિ લે ત્યાં હું આવું છું'. 'પણ મને હવે જવાની રજા આપવાની કૃપા કરો. મારે મારી માની શોધમાં જવું છે.

'નહિં. બેટા? હમણાં નહિ. સન્ધ્યા કાળ સુધી રાહ જો એ પછી બધું થઇ રહેશે.

કાંચન શાન્ત રહી. યોગીના વચનોમાં તેને ભરોસો આવ્યો એ યોગીના મૂખાંવિંદ પરથી યોગી પ્રત્યે તેને કોઇ અલૌકિક ભાવ ઉપજયો.

યોગી હર હમેશ મુજબ પોતાનું સંધ્યાદિ નિત્ય કર્મ કરવા ચાલ્યા ગયા.

* * * *

અરવલ્લીના શીખરો પરનો જળહળતો પ્રકાશ અદ્રષ્ય થઇ ગયો હતો. ધીમે ધીમે સ્યામતાના સામરાજયનો અમલ થવા લાગ્યો હતો

યોગી ધુણી તાપતા બેઠા હતા. અને કાંચન તેનાથી જરાદુર એક શિલાપર બેઠાં બેઠાં આગલા દિવસના બનાવો પર વિચાર કરતાં કરતાં વિચાર વિણાનાં તારો શોકમય સ્વરે વગાડી રહી હતી. તેની દ્રષ્ટિ પોતાની સમીપના વૃક્ષ ઘટાપર હતી. પરન્તુ તેનું મન હેમના હૃદયમાં વિરાજતું હતું. કાંચન આજ દશામાં કેટલાક કલાકોથી બેઠી હતી. વિચારો આવેજ

જતા હતા અને શોક સમુદ્રને વધારેને વધારે તોફાની બનાવે જતા હતા. કાંચન આમ વિચારમાંજ હતી ત્યાં તેણે યોગીનો સ્વર સાંભળ્યો. અને ચમકીને યોગી તરફ જોયું પરન્તુ એ જોતાં કે તરતજ તે ભયથી વ્યાકુળ બની ગઇ. અરે ! આ પિશાચ અહિં કયાંથી ?' બોલતાંજ તેણે ગુફામાં પ્રવેશ કર્યો.
યોગીએ એ વ્યકિતને પૂછયું.

'આ બાલિકાને તમે ઓળખો છો ?

નવલરામે કાંચનનો સર્વ પરિચય આપ્યો. અને પછી મૌન ધારણ કર્યું. પરન્તુ યોગીએ પૂછયું.

'બાલાની આ દુર્દશાનું મૂળ કોણ છે ?'

'પ્રભુ ! અભયદાન આપો તો આ સર્વ બીના કહું.' નવલે હાથ જોડતાં નમ્ર ભાવે જણાવ્યું.

પરન્તુ જવાબમાં યોગીએ સહેજ હસતાં હસતાં મસ્તક ધુણાવ્યું. એક યોગી પાસેથી નવલરામને અભયદાન માંગતાં જોતાં એ યોગીને આશ્ચર્ય થયું.

હેમચન્દ્ર સાથેના મેળાપ, હેમ સાથેના વિવાહ વાત અને રઘુનાથનું કારસ્થાન વિગેરે ઇતિહાસ નવલે યોગીને કહી સંભળાવ્યો અને બોલ્યો.

'રઘુનાથે એકાન્તમાં આ બાલિકાપર અત્યાચાર કરવાનો પ્રયત્ન કરવા માંડયો. પરન્તુ મારાથી એ સહન થઇ શકયું નહિં. અને આથી મેં તેનું ખૂન કર્યું. અને છેવટે કાંચનને આ બાલિ-

કાને આપના પાસે લાવ્યો. યોગા મહારાજ? ક્ષમા કરજો. પશ્ચાતાપથી આ હૃદય બળે છે, પાપ પુંજથી આ શરીરપરનો બોજો વધી ગયો છે, હું નરકને યોગ્ય છું.'

'તમને લોકો શા નામથી જાણે છે?'

'આ પાતકીનું નામ નવલરામ છે.'

કાંચને ગુફામાં બેઠાં બેઠાં આ સર્વ સાંભળ્યું. હાય! રઘુનાથના અત્યાચારી પ્રયત્નથી તેનું શરીર કંપી ઉઠયું. અરે રે! હવે હેમ તેના વિષે શું ધારશે?

કાંચનથી હવે વધારે સમય ગુફામાં રહેવાયું નહિ. નવલરામનું નામ સાંભળી તે બહાર દોડી આવી અને રોષપૂર્ણ અવાજે નવલને પૂછ્યું.

'ત્યારે માં કયા છે! તેના માટે કેમ કાંઇ કહેતા નથી!'

કાંચનના વચનો સાંભળી નવલના નયનોમાં અશ્રુભરાંઇ આવ્યાં. અને તેણે રડતે અવાજે પ્રત્યુત્તર આપ્યો

'કાંચન! તમારી માનું મેં ખુન કર્યું નથી.

'ત્યારે તેને તમે અહિંયા શા માટે લઇ આવતા નથી?

યોગીએ કહ્યું

'બેટા! વ્યાકુળ થા નહિ. આપણે એ સર્વ બાબતોની વ્યવસ્થા કરીશું. તારી ઇચ્છા હશે તો તને પણ લક્ષ્મીપુર મોકલી દઇશ!

કાંચને મૃદુસ્વરે જણાવ્યું

'લક્ષ્મીપુર ? નહિ ! નહિ ! હવે દેશમાં શું મૂખ દેખાડવું ! કલંકીત બની દેશમાં કયાં રહેવું ! નહિ. મહારાજ ! મારે દેશમાં કે લક્ષ્મીપુરમાં નથી જવું ! બોલતાં બોલતાં કાંચને ગુફામાં પ્રવેશ કર્યો એને વળી શોકસમુદ્રમાં પડી.

યોગીએ નવલને કાંચનના જવા પછી પૂછ્યું

'નવલરામ ? બોલો હવે શું ઉપાય લેવાનો છે ?'

પરન્તુ નવલરામનું મગજ ભ્રમિત બની ગયું હતું. હૃદય પશ્ચાતાપના યજ્ઞકુંડમાં ઝપલાઇ પડયું હતું તેણે જવાબ આપ્યો નહિ. અને યોગીની સામે ને સામેજ જોયા કર્યું. છેવટે યોગી ઉઠયા ધુણીને સંકોચી એકાદ બે લાકડાના ટુકડા તેમાં નાખી નવલનો હસ્ત પકડી ગુફા પાસેથી ચાલ્યા નીકળ્યા.



પ્રકરણ ૧૭ મું.

'No None are clear.'

Cawper.

ખુની.

સ

મસ્ત જગતને એકાદ મહાન બેટ રૂપ બનાવતાં જલધિના કોઇક ભાગમાં સખત તોફાન થાય છે. ત્યારે કોઇ એક ભાગમાં શાન્તિના તરંગો વહે છે. આવીજ રીતે હૃદયરૂપ સમુદ્રની પણ સ્થિતિ છે, એકજ વખતે ભિન્નભિન્ન પ્રકારના ભાવો અહિ ઉત્પન્ન થાય છે. આજે કાંચનના હૃદયની પણ આજ દશા થઇ છે. હેમનો સ્નેહ અહિયા એક પછી એક તરંગો ઉપજાવી રહ્યો છે. ત્યારે રઘુનાથના અત્યાચારથી આજે આ હૃદય ક્ષુભીત બની ગયું છે. વળી સાથે સાથે નવલરામના હૃદય પરિવર્તનથી થોડી એક શાન્તિ પણ અહિંયા પ્રસરી રહી છે. કાંચનને નવલરામમાં શ્રદ્ધા ઉપજી છે. અને નવલરામને હવે પ્રભુ ફરી એકવાર પાપ કર્તા ન બનાવે એ માટે આજે આ બાલા પ્રાર્થના કરી રહી છે.

કાંચનની સર્વ આશાઓનો વિછેદ થયો છે. ભવિષ્ય કાળના સૂખમય સ્વપ્નો સ્વપ્નજ નિવડયા છે. અને કાંચન જીવનનું સૂખ ગુમાવી બેઠી છે. મા પોતાને પાળી પોષીને ઉછેરનાર મા પણ આંજે કાંચનથી વિખુટી પડી ગઇ છે. રઘુનાથની ભીષણ મૂર્તિ આ નિર્દોષ બાલાના નયનો સામે ખડી થઇ આજે વિકટ હાસ્ય કરી રહી છે. એકાદ પિશાચની માફક આ બાળાના જીવન ને ગળી જવા માટે પોતાના કરાળ પંજા લંબાવી રહી છે. અનાથ અને દુઃખી કાંચન આજે

એકાન્તમાં ભયંકર અંધકારમય રાત્રીએ આ પર્વત ગુહામાં સમય વ્યતિત કરી રહી છે. વિચાર વમળમાં તરંગો સાથે તણાઇ રહી છે પરન્તુ આ વિચારો લાંબા સમય સુધી ચાલ્યા નહિ. અને કાંચનના કર્ણ પ્રદેશ પર આવતા અશ્વની ખરીઓના અવાજે કાંચનને આ વિચારમય નીદ્રાંમાથી જાગ્રત કરી દીધી.

અશ્વોના ખરીઓના અવાજથી કાંચનચમકી અને ગુફામાંથી નજર કરતાં તેને જણાયું કે કેટલાંક ઘોડેસ્વારો ધુણીની પાસે આવી અહીંતહીં નજર ફેંકી રહ્યા છે. આ વળી નવીન આફત આવી કે શું ! બીચારી અબળાનું હૃદય ફફડી ઉઠયું અને એ બ્રાહ્મણતન્યા ગુફાના એક ખુણામાં ભરાઇ બેઠી.

'ધુણીનો અગ્નિ સારી રીતે પ્રજ્વલિત છે અને આથી જણાય છે કે યોગી આ ગુફામાજ હોવો જોઇએ. ! પરન્તુ તેમને કેમ બોલાવાય ! નહિં નહિં તેમની સમાધીમાંથી તેમને જાગ્રત કરવા યોગ્યતા નથી ! એક ઘોડેસ્વારો તુરંગપરથી ઉતરતાં પોતાના સાથીને કહેતાં કાંચને સાંભળ્યો. વળી પણ તેમની વાતચીતપરથી તેને જણાવ્યું કે આ સ્વારો લક્ષ્મીપુરના માલીકના છે અને તેઓ એક ખુનીની શોધમાં નિકળેલા છે. હાય ! શું આ નવલરામનેજ પકડવા આવ્યા છે ? અરેરે જો નવલરામ આજ રાત્રિએ અહિંયા ન આવેતો કેવું સારૂ ! નિર્દોષ બાલા પોતાનું દુઃખતો વિસરી ગઇ અને બીજાના દુઃખમાં તેનું હૃદય ભરાઇ આવ્યું. તેના હૃદયમાં આ સર્વ ગડમથલ ચાલી રહ્યું હતું ત્યાં યોગીનો સ્વર તેને સંભળાયો

'ભાઇઓ ! તમે કોણછો અને અહિંયા શા પ્રયોજને આવેલા છો !' કાંચને યોગીને ઘોડેસ્વારોને પૂછતા સાંભળ્યાં

ઘોડેસ્વારોના નાયકે આગળ આવી હાથ જોડતાં કહ્યું.

' મહારાજ ! અમે લક્ષ્મીપુર નરેશના સેવકો છીએ. અને એક ખુનીની તપાસમાં નીકળેલા છીએ. પરન્તુ રાત્રિ પડી જવાથી આપના આશ્રયસ્થળે આવ્યા છીએ.

' કાંઇ ફીકર નહિં. બેટાઓ ! ખુશીથી વીશ્રાન્તિ લ્યો. યોગી જવાબ આપતા ગુફા તરફ વળ્યા અને ગુફામાં નજર કરતાં કાંચનને બેઠેલી જોઇ કહ્યું.

'કેમ બેટા ! હજુ સુધી તું જાગે છે ? હવે તું સૂઇ જા. અને ચિન્તા કરવી છોડી દે. પ્રભુ તારું કલ્યાણ કરશે.

કાંચને કાંઇ પ્રત્યુ-તર આપ્યો નહિ. પ્રભુપર વિશ્વાસ રાખી પ્રભુજ તારું કલ્યાણ કરશે એ શબ્દો તેને બહુ મધુર લાગ્યા. જગનિયંતા એ એકજ સ્થળ છે કે જેનાપર કાંઇ પણ અશ્રદ્ધા અથવા શંકા વગર વિશ્વાસ રાખી શકાય. પ્રભુ દરેક મનુષ્યનું ભલુંજ કરે છે. આહા ! મનુષ્યના હૃદયોમાં આ સિદ્ધાન્તો કોતરાઇ જાય તો જગત આજે દુઃખમય ભુવનને બદલે નન્દનવન બની જાય. કાંચનને પ્રભુપર સમ્પૂર્ણ શ્રદ્ધા હતી. જીવન ચલાવનાર કોઇ અલગજ વ્યકિત છે. તેની ઇચ્છા અનુસારજ જગતનું સામરાજ્ય ચાલી રહ્યું છે એ માટે તેને શંકા નહોતી. પ્રભુના ફકત નામ સ્મરણથીજ તેને અપૂર્વ શાન્તિ મળતી હતી. આજે પણ આજ શાન્તિનો અનુભવ કરતાં કાંચન નિદ્રાવશ થઇ ગઇ.

યોગી તો પોતાના હંમેશના કાર્યક્રમ પ્રમાણે ધુણી પાસે ગયા અને આકાશમાં, પવનની કોમળ લહરીઓ સાથે, થોડા સમય પછી, ॥ ૐ ॥ નો નાદ સંભળાવા લાગ્યો.

રાત્રિ વ્યતીત થઇ છે. અને અશ્વરોહીઓ યોગીના આશ્રમમાંથી ચાલ્યા ગયા છે..

અપરાધીને દરેક વસ્તુપર શંકા ઉપજે છે. વૃક્ષપર્ણો પવનથી હલે છે તોપણ તેને ભય લાગે છે. નવલરામને પણ આજે આ પ્રમાણે થયું. અશ્વોના પગલાં જોઇ તેને પણ કંપારી આવી ગઇ. પરન્તુ બીજીજ પળે યોગી તરફ તેની દ્રષ્ટિ ગઇ અને તેનું હૃદય જરા શાન્ત થયું. ધીમે ધીમે આવતાં ચારે તરફ દ્રષ્ટિ ફેકતાં નવલે યોગી પાસે આવી પૂછ્યું.

'મહારાજ ! આપે મને અભય આપ્યું છે. અને આથી મને ભય તો નથી તોપણ અહિંયા રાત્રિને સમયે અશ્વો આવ્યા હોય તેમ લાગે છે એટલે આપને સહજ પૂછું છું કે કોઇ અહિં આવ્યું હતું ?,

'હા. કેટલાક ઘોડે સ્વારો તમને પકડવા આવ્યા હતા ?

'મને ? પ્રભુ ! તેઓ ચાલ્યા ગયા છે ?'

'હા. પરન્તુ તેમના આવવાથી કાંચનને ઘણો લાભ થયો છે,

'કાંચનને તેઓ પોતાની સાથે લઇ ગયા છે ?'

નહી પરન્તુ કાંચનની માતાના ખબર તેમની પાસેથી મળ્યા છે, તે જીવતી છે અને તે પાપાત્મા રઘુનાથના મૃતપાત્ર દેહને લક્ષ્મીપુર મોકલવામાં આવ્યો છે. વળી કાંચનની માએજ તમે આ રસ્તે આવતા હતા તેની ખબર આપેલી જણાય છે. અને તમને પકડી આપનારને ઇનામ આપવાનું પણ જાહેર થયું હોય તેમ લાગે છે. હવે તમેજ લક્ષ્મીપુરના મહારાજાને મળો. અને તેમને સર્વ બીનાથી વાકેફ કરી તમારા પ્રાણ બચાવો અને વળી પારિતોષીક પણ મેળવો ?

'નહિ પ્રભુ ! હવે એ દિશામાં હું જઇ શકતો નથી. નવલરામે નમ્ર સ્વરે દીલગીરી પૂર્ણ અવાજે જણાવ્યું.

નવલે પોતાના માટેજ આ જવાબ આપ્યો તેમ નહિં. તેને લાગ્યું કે યોગીના કહેવા અનુસાર કરવાથી કાંચનપરનું કલંક બમણું થશે. અને એથી કાંચનનેજ નુકસાન થશે. જેને હવે કોઇ પણ રીતે નુકસાન ન કરવાની પ્રતિજ્ઞા લીધા પછી તેને આ કાર્ય કરવું ઠીક લાગ્યું નહિ. બસ ! હવે તો એકજ હેતુ સફળ કરવાનો રહ્યો છે. હેમ સાથે કોઇ પણ રીતે કાંચનનો મેળાપ કરી આપવો.

યોગીએ કહ્યું.

'બાલા પોતાની માને મળવા આતુર બની છે. મને તો લાગે છે કે હવે તેને તેની મા પાંસે લઇ જવી જોઇએ ?

'પ્રભો ! એ સર્વ સાચું પરન્તુ આપ કાંચનને કોઇ સ્થળે રાખી આવો. એ પછી તેની માને ખબર આપવાની વ્યવસ્થા થઇ શકશે !

' ઠીક ત્યારે આપણે હવે આ માટે કાંચનનોજ અભિપ્રાય પૂછીએ યોગી ઉઠયા અને ગુફા પાસે જઇ કાંચનને. કહયું.

' બેટા ! અમારી વાતચીત તેં સાંભળી છે કે ! લક્ષ્મીપુર જવાની તારી ઇચ્છા છે !'

' કયાં લક્ષ્મીપુર ! નહિ મહારાજ ! હવે ત્યાં નહિ. એ ગામમાંથી અમને દેશ નિકાલ કરવામાં આવ્યાં છે. કલંકની શરૂઆત ત્યાંથીજ થઇ છે. હવે ત્યાં નહિ. વળી મારી મા પણ ત્યાં હશે. હવે આ કાળું મોટું હું તેને બતાવવા ઇચ્છતી નથી. બોલતાં બોલતાં કાંચન રડી પડી, વહી ગએલા સુખી દિવસો

તેને યાદ આવ્યા અને વળી તે બોલી 'મા સાથેનો મારો સબન્ધ પુરો થયો છે. દુનિયા સાથેનો મારો સબંધ છૂટયો છે. મારે તો હવે આપના આશ્રમમાં રહી આપની સેવાજ કરવી છે.

'વત્સ ! બાલક બુદ્ધિને લઇનેજતું આ સર્વ કહે છે. સ્મશાન વૈરાગ્યની આ આછી છાયાજ છે ; યોગીએ કહ્યું. અને નવલરામ તરફ જોઇ તેઓ ફરી બોલ્યા

'નવલરામ ! ચાલો હું તમને દીલ્હીમાં લઇ જાઉં ત્યા મારા એક પરમપ્રિય શિષ્ય રહે છે. તેમને ત્યાં તમે સૂખપૂર્વક રહી શકશો ;

'આપશ્રીની જેવી ઇચ્છા પરન્તુ કાંચન બ્હેન મને સાથે રાખશે ?

'કાંચન બેટા ! નવલરામ તારી સાથે રહે તો કેમ ?, યોગીએ કાંચન તરફ જોતાં મૃદુ સ્વરે પૂછ્યું.'

કાંચનઃ–'જેવી તેમની ઇચ્છા. પરન્તુ'

કાંચનનું વાકય અધરુંજ રહી ગયું અને નવલ વચ્ચેજ બોલી ઉઠયો.

'બ્હેન ! આ હત ભાગીએજ તમારા સુખની પાયમાલીમાં ભાગ લીધો છે. હવે તમને કોઇ પણ ઉપાયે સુખી કરવા એજ મારો નિશ્ચય છે. એ નિશ્ચયની ફલીભુતતાનો આધાર તમારાપર છે. જો તમે તમારી સાથે મને નહિં આવવા દયો તો આ જીવનના બાકી રહેલા દિવસો પશ્ચાતાપના અગ્નિમાં બળતાં બળતાં રખડી રખડીને પુરા કરીશ ? કહેતાં કહેતાં નવલરામનો સાદ તુટી ગયો. કંઠ રૂંધાઇ ગયો અને પાપના પશ્ચાતાપથી દબાઇ કાંચનના પગો પાસે તે નમી પડયો.

'ભાઇ! નવલભાઇ! ઉઠો. તમે મ્હારા મોટા ભાઇ છો. પ્રભુ તમારા નિશ્ચયને સફળ કરો? કાંચને નવલને ઉઠાડતાં કહ્યું. તેના નયનો પણ સલીલપૂર્ણ થઇ ગયાં.

યોગીએ આ સર્વ જોયું. હૃદયની પવિત્રતાનો તેને અહિંઆ શાક્ષાત્કાર થયો, પ્રભુની મહાન અગાધ રચનાનો ભેદ અહિંયાજ તેને જણાયો, થોડી પળ સુધી આ દ્રશ્ય જોયા પછી તેઓ બોલ્યા.

'ઠીક ત્યારે વત્સો! હવે ચાલો, આપણે પ્રયાણની તૈયારી કરીએ.'

પ્રકરણ ૧૮ મું.

ભેદી માદળીયું.

'ઘેરો અગમ્યતાનો જે દશે દિશ ફરી વળ્યો
ખસી જતો નીહાળું આ પ્રેમાર્દ્ર નયનો મહીં'

સુર્યદેવ ધીમે ધીમે માથાપર આવવા લાગ્યા છે. વાદળાઓ મદમસ્ત માતંગો પ્રમાણે સૂર્યકિરણો સાથે યુદ્ધમાં ઉતરવા ધસી આવતા જણાય છે; પરન્તુ આ રૂતુમાં તેમનો વિજય થાય એ સંભવિત લાગતું નથી. વાયુદેવની ધીમી સુખજનક લહરીઓ આજે મનુષ્યોના મનોને વૃક્ષ, પાલવોને તથા વૃક્ષ, લતિકાઓને રમાડી રહી છે અને કલરવક રતી કુદરતની પુત્રિરૂપ નદીના તરંગોપર નાચી રહી છે. કાંચનના વસ્ત્રોમાં ભરાઇ મસ્તી કરી રહી છે. યોગીના ભસ્મવિભૂષીત કેશ રાશિની ભસ્મને ઉડાવી રહી છે અને નવલની શીખાને આકાશ ગમન માટે તૈયાર કરી છે.

ધીમે ધીમે પ્રવાસ કરતાં કરતાં યોગી, કાંચન અને નવલ એક નદી કીનારે આવી પહોંચ્યા છે, અને નવલ નદી પાસે પહોંચતાજ પથશ્રમ દુર કરવા પ્રયાણ કરી ગએલ છે. ત્યારે કાંચન અને યોગી એક વૃક્ષ નીચે વિશ્રાન્તિ લેતાં બેઠા છે. યોગીનો।।। ૐ ।। સ્વર ચાલુ છે. કાંચન પોતાની નિર્દોષ ભગીની રૂપ નદીના ધીમા કોમળ તરંગો તરફ જોતી ઉડાં વિચારમાં પડેલી છે.

'બેટા ! કાંચન ! શા વિચારમાં છો ? આ નદીને, નૈસર્ગિક નિર્દોષતાને જોઇ રહી છે ? સમજે છે બેટા ! આ નદી શું કહે છે ? કાળના અનન્ત પ્રવાહના માફક તે વહે જાય છે, તેના જલ પ્રવાહમાંની વસ્તુઓ ક્યાંની ક્યાં ચાલી જાય છે, કાંચન ! વત્સ ! આ સમજે છે ? મનુષ્ય જીવનનો પ્રવાહ પણ આજ રીતે વહે છે, રસ્તામાં આડે આવતી શીલાઓ સાથે અથડાય છે. સહેજ અટકે છે. અને કદાચ તેને પોતાના ઇચ્છિત માર્ગ છોડી દઇ બીજો માર્ગ પણ લેવો પડે છે. મનુષ્યના જીવનમાં આવી શીલાઓ ઘણી આવે છે; પરન્તુ એ શીલાઓને નાશવન્ત ધારી ટુકડે ટુકડા કરી પોતાના ઇચ્છીત માર્ગે ગમન કરવું એ મનુષ્યનું કર્તવ્ય છે, એજ કર્તવ્યપાલન માટે મનુષ્યને બુદ્ધિબળ અને હૃદય આપવામાં આવ્યા છે, એજ કર્તવ્ય માટે ધર્મ સ્થપાએલ છે. અને એજ કર્તવ્ય પાલન કરવાનો માર્ગ બતાવવા સારુ મહાત્માઓના જન્મો થએલા છે. થશે'.

યોગી થોડી એક ક્ષણો શાન્ત પડયા, તેમનું મૂખાર્વિંદ ગંભીર બન્યું અને ।। ૐ ।। નો સ્વર કાંઇક વધારે ત્વરાથી સંભળાવવા લાગ્યો. વળી તેઓ બોલ્યા.

'બેટા ! તારા માર્ગમાં આજે નજીવી જેવી શીલા આવી છે. તેના ચુરા કરી આગળ વધવું એ તારું કર્તવ્ય છે. એ તારી પવિત્ર ફરજ છે. કુદરત આજ શિખવે છે. સુખનો, અમર સુખનો આજ પથ છે. આમાંજ મનુષ્ય જીવનનો ભાવાર્થ સમાએલો છે. આમાંજ ધર્મનું ગૂઢ તત્વ રહેલું છે.

કાંચન ! સાંભળે છે ? આ પર જરા વિચાર કરજે અને પછી તું જોઇ શકીશ કે તારું દુઃખ ઘણુંજ અલ્પ છે.'

કાંચન આ સઘળું શાન્તિથી સાંભળી રહી હતી ધાર્મિક માતાના નૈતિક અને ધાર્મિક શિક્ષણથી તેનું હૃદય ઉચ્ચ પદને પામ્યું હતું. પ્રભુના આદેશો ઝીલવાને સમર્થ બન્યું હતું; પરન્તુ આમ છતાં પણ તે હૃદય હતું તો મનુષ્યનુંજ–મનુષ્ય સ્વભાવને તાબે થઇ કોઇક સમયે તે વ્યથીત થતું. આં સમયનો યોગીનો ઉપદેશ બરાબર સમયાકુળ થયો, અને અબળાનું દુઃખી હૃદય શાન્ત થયું.

'પ્રભો ! મારા જીવનની હજુ આ શરુઆત છે. આપે જે કહ્યું તે હું બરાબર સમજી છું; પરન્તુ હૃદય ઝાલ્યું રહેતું નથી.'

'બેટા ! હૃદય એ વાનર પ્રકૃતિનું છે. હરહમેશના દમન પછીજ એ મનુષ્ય પ્રકૃતિને પામે છે',

'દેવ ! આશીર્વાદ આપો કે હું આ દુઃખમાંથી સહેલાઇથી તરી જાઉં મહારાજ ! હવે આજ્ઞા હોય તો હું સ્નાન કરવા જાઉં.'

'હા–બેટા, જા. કલકલ નાદીની ગીરીપુત્રીના જલમાં સ્નાન કરી સ્થૂલદેહ સાથે આત્માને પણ પવિત્ર કરી ફુલમૂળનો આહાર લે અને શાન્ત થા.'

કાંચન નદી તરફ વિદાય થઇ.

પણ અચાનક આ શું? કાંચન ગયા પછી યોગીના નયનોમાં અશ્રુ બિન્દુઓ ટપકવા લાગ્યા. દુનિયાને ત્યજી જનાર અલખ જગાવનાર યોગીના ચક્ષુઓ અશ્રુ વરસાવવા લાગ્યા અને તેમનું હૃદય ફફડી ઉઠયું અને બોલી ઉઠયું:

'એજ. બસ. એજ–એજ મૂર્ત્તિ–પરન્તુ હા! એ ભયંકર દુષ્કાળમાં નાની બાલકીનું કોણે રક્ષણ કર્યું? પ્રભુના હજારો પુત્રો અને પુત્રીઓ ભુખે ટળવળતાં યમસદનમાં પહોંચતા હતા એવા સમયે નિરાધાર બાલિકા બચે એ સંભવિત છે? બાલિકાના જીવન પાલન કરનારનું નામ લક્ષ્મી છે ત્યારે એ લક્ષ્મી કોણ? શું ચન્દ્રાએ પોતાનું નામાભિમાન ફેરવ્યું છે? હાય–પણ કાંચન ગમે તે હોય, તેને જોઇને હૃદય–વીણા રણકાર કરી ઉઠે છે–પણ હું સંસાર ત્યાગી છું. મારે સ્નેહ જોઇએ? મારો હૃદય સ્નેહ તો સ્નેહસાગરમાં અર્પાઇ ચુકયો છે. હવે શું?

પરન્તુ આટલા વરસો પછી વિજળી શા માટે યાદ આવે છે? જયન્તી જો જીવતી હોત તો શું વિજલીની શોધ તે ન કરત? કન્યારત્ન કોઇ વગર મહેનતે જવા દે છે? નહિં નહિ. જયન્તી તો સ્વર્ગમાંજ ગઇ હોવી જોઇએ?

'પ્રભો? કાંચન સ્નાજ કરવા ગએલ છે? યોગીની વિચારવીણાને બંધ કરતાં નવલે કહ્યું.

'હા. આ ફુલમ્રળ લ્યો અને એ આવે ત્યારે તેને આપજો? યોગી સ્નાનાર્થે ઉઠયાં; પરન્તુ થોડે ગયા પછી વળી પાછા આવી નવલને પૂછ્યું: કે.

'નવલરામ? કાંચનના કુટુમ્બ વિષે કાંઇ જાણો છો?'

'જી ના. ખાસ તો કાંઇ જાણતો નથી; પરન્તુ આ માદળાયું આપ જુવો; તે પરથી કદાચ કાંઇ વિશેષ જાણી શકાય?

યોગીએ માદળીયું લીધું અને બીજીજ પળે તેમનું હૃદય ખળભળી ઉઠયું. આંખોમાં પાણી આવી ગયા. નવલ આ સર્વ જોઇ બોલ્યો:

'કેમ મહારાજ? આ શું? આપ આ બાલિકાને જાણો છો?'

'હા આ બાલિકા મારી પરીચીત છે; પરન્તુ આ વાત કોઇને કહેવાની નથી. લલિતચન્દ જાણતા નથી કે આ બાલિકા કોણ છે. વળી હેમને પણ ખ્યાલ નહિં હોય કે કાંચન રમણી રત્નોમાં કોહીનૂર છે, પણ નવલરામ! તમારે પણ ભારેશ્રમ ઊઠાવવો પડશે?

'મહારાજ! હું આપનો દાસ છું. સેવા કરવી એ દાસ ધર્મ છે.

આહા! એજ માદળીયું. કાંચનનું બાલ્યાવસ્થાનું આભુષણ લક્ષ્મીપુરથી નિકળતી વખતે કાંચને હેમે આપેલા સર્વ આભુષણો ઉતારી નાંખી ઇન્દૂને સુપ્રત કરી દીધા હતા. ફકત આ એકજ માદળીયું તેણે પોતાની ગ્રીવામાં રહેવા દીધું હતું, અને જ્યારે નવલરામે કાંચનને વૃક્ષ પરથી નીચે ઉતારી હતી

ત્યારે આજ માદળીયું તેના હાથમાં આવ્યું હતું તથા એક મૂલ્યવાન વસ્તુ જાણી નવલે તેને પોતાની પાસે રાખ્યું હતું; પરન્તુ નવલ જાણતો ન્હોતો કે એજ માદળીયામાં કાંચનનો જન્મ વૃતાન્ત લખેલો છે.

'નવલ! વત્સ! આ વિષે કાંચનને કાંઇ જણાવવાની જરૂર નથી. હયો આ કાંચન પણ આવી.' યોગીએ શબ્દો પુરા કર્યા ત્યાં ભીના વસ્ત્રોએ કાંચન આવી. ખીલતી યુવાની આજ કરમાઇ ગઇ હતી, નવ જીવનમાં નૃત્ય કરતી કુસુમ કળી આજે મરણોન્મૂખ બની ગઇ હતી.

'બેટા! કાંચન! નવલ તારા મોટા ભાઇ છે. શરમાઇશ નહિ. આ ફુલફલો છે તે તમે બન્ને ભાઇ બેન ખાજો ત્યાં હું સ્નાન સંન્ધ્યા કરીને આવું છું?'

કાંચન તરફ સ્નેહાળ દૃષ્ટિ ફેંકતાં, ભાવિનો વિચાર કરતાં, અને વિધાતાના ખેલનું રહસ્ય જાણવાને માટે યત્ન કરતાં કરતાં યોગી નદી પ્રવાહ તરફ ચાલતા થયા.

પ્રકરણ ૧૯ મું.

કાતીલ ઘા.

'જન્મ ને જીવનાં કૃત્યો છે આકસ્મિક સૌ અરે,
પાસા ફેંકે જનો સર્વે દા દેવો હરિ હાથ છે,'
'કરું છું', ને 'કર્યું છે મેં' જૂઠું એ અભિમાન હા !
કરી તે શું શકે પ્રાણી આ અનન્ત અગાધમાં ?'

કલાપી.

ક્ષ્મીપુરમાંથી કાંચન અને લક્ષ્મીને વિદાય થયા આજે ઘણાં દિવસો વ્યતીત થઇ ગયા છે. લોકોની વૃત્તિ શાન્ત થવા લાગી છે. વિસ્મૃતિ પોતાનું કાળર્ય સફળ કરવા લાગી છે.

નવલરામ અને રઘુનાથ ખાખી લક્ષ્મીપુરમાં પ્રસિદ્ધ હતા અને તેઓને કાંચનની સાથેજ અદ્રશ્ય થઇ ગએલાં જોઇ લક્ષ્મીપુરવાસિઓને લાગ્યું કે કાંચન પોતેજ વ્યભિચારાણી વૈશ્યા છે આ ! લોકોની બુદ્ધિ ! વાળો તે તરફ વળે. 'દુનિયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાઇએ'

પૃથ્વીશંકર 'મારાજ' ની દશા કોઇ વિચિત્ર પ્રકારનીજ થઇ ગઇ ત્યારે લલિત અને ઇન્દૂઓના નયનો કોઇપણ પ્રસંગે જળવિણ દેખાવા લાગ્યાં નહિ.

ઇન્દૂના નયનો આજ પણ અશ્રુ વિસર્જન કરી રહ્યા છે. અને ઇન્દૂના ગુલાબી ગાલની લાલીનો ભોગ લઇ રહ્યા છે. ઇન્દૂ પોતાના પર્યંકપર પડી છે. ત્યાં લલિત આવ્યા અને ઇન્દૂ પાસે બેસતાં ઇન્દૂનું મસ્તક ખોળામાં લેતાં બોલ્યાં:

'ઇન્દૂ વ્હાલી ! શોકની પણ સીમા હોય છે. આમ કરવાથી કેટલાક દિવસ નભાશે ?'

ઇન્દૂએ ડુસકાં ભરતાં કહ્યું.

'મારે જીવન નભાવવું નથી મને મારી કાંચન લાવી આપો.'

'પણ પ્રિયા ! શાન્ત થા. તારી કાંચન મજામાં છે. અને વળી બીજા પણ સમાચાર આવ્યા છે ?

'શું ! વળી કાંઇ બાકી રહ્યું છે ?

'નહિ. નહિ. રણધીર પાછો આવેલ છે અને લુટારૂઓ વિષે કાંઇક કહે છે'

'લુટારૂઓ ! એ શું વ્હાલા ! વળી નવી વિપદ્ ?'

'પ્રભુ સર્વ સારા માટેજ કરે છે. મનુષ્યોને તેમની દ્રષ્ટિમાં જે દુઃખ જણાય છે તેજ તેમના હિત માટે પ્રભુ કડવા ઔષધરૂપે આપે છે. આપણા માટે પણ તેમજ થયું હશે તો કોણ જાણે છે ? ઇન્દૂ ! સાંભળ આપણાં મહારાજાએ વીરપુરથી ખબર મોકલાવ્યા છે કે રામશરણ કાંચનનું રક્ષણ કરતા મરાએલ છે.'

ઇન્દૂએ પતિની આંખો તરફ કાતર દ્રષ્ટિએ નજર ફેંકતાં કહ્યું:

'પણ કાંચનનું શું ? જલદી કહી દયોને નાથ ?'

'ઇન્દૂ ! હવે રૂદન કરવાથી વળે તેમ નથી. કાંચનની તપાસને માટે મેં ફરી માણસો મોકલ્યા છે અને તેઓ જલદીથી કાંચનને લુટારૂઓના હાથમાંથી છોડાવી લાવશે.'

'ઓ નાથ ! એક પછી એક વિપદ્–ખોટા લોકપવાદમાંથી બચવાના પ્રયત્નોના આ ફળ ! ઓ કાંચન ! મારી લાડકી ! તું

કયાં છે ? કાંચન ! કાંચન ! ઇન્દૂથી હવે એકદમ જોસથી રડાઇ જવાયું. સ્નેહના પ્રવાહે નયનમાંથી વહેવાનું શરુ કર્યું અને તે પણ પ્રચંડવેગે.

લલિતની સ્થિતિ પણ વિચિત્ર થઇ પડી. ઇન્દૂના હૃદયને સ્થિર રાખવા માટે પોતે પોતાના શોકને દબાવ્યો; પરન્તુ હવે એ કાર્ય અસંભવિત થઇ પડયું અને તેના શોકસાગરે પણ તોફાન કરવા માંડયું. છેવટમાં ઇન્દૂને ત્યાંજ રાખી લલિત શોકસમુદ્રને શાન્ત કરવા ત્યાંથી ચાલ્યા ગયા.

* * * *

વીરપુરના કારાગારમાં એક પુરૂષ મૃત્યુ અને જીવન વચ્ચે, ત્રીશંકુની દશા જેવી દશા ભોગવી રહ્યો છે. હાય ઓય, હાય ઓય સિવાય આ ઓરડામાં બીજો કોઇપણ જાતનો રવ કર્ણ-પથે આવતો નથી.

લલિત આજે વીરપુર આવ્યા છે અને રાજાજ્ઞાથી આ કારાગારમાં પડેલાને જોવા આવેલ છે લલિતની આંખો મૃત્યુ શય્યાપર પડેલા તરફ વળી કે તરતજ તેને જણાયું કે એ વ્યકિત પંચરત્ન મંદિરના ખાખી રઘુનાથની છે રઘુનાથના ઘાયલ થયાની કે તેના કારાગારમાં બદ્ધ થવાની લલિતને ખબર નહોતી રઘુ-નાથને અહિંયા આ દશામાં જોઇ તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ અને આશ્ચર્ય સહિત પાસે ઉભેલા સ્વારને તેણે પૂછ્યું.

'આ શું ? આ પુરૂષ અહિંયા કેમ છે ?'

'મહારાજ ! જે સ્થળે રામશરણનો મૃતદેહ મળી આવ્યો તેજ સ્થળ પાસેથી આ વ્યકિત પણ મળી આવી છે, અને આથી

એ દુર્ઘટનામાં આ પુરુષ પણ સામેલ હોય એવો શક ઉત્પન્ન થવાથી તેને અહિં આણવામાં આવેલ છે.'

રઘુનાથ અને પૃથ્વીશંકરની મૈત્રિ લલિતથી અજાણી નહોતી અને આથી તેઓ સ્વાર તરફ જોતાં બોલ્યાં:

'તમે એકદમ લક્ષ્મીપુર જઇ પૃથ્વીશંકરને અહિં લઇ આવો. જાઓ અને તેને તુરતજમાં અહિં લાવો ?

સ્વાર નમન કરી લલિતની આજ્ઞા પાળવા માટે ચાલ્યો ગયો.

વીરપુરના રાજા પાસે લલિતનું ભારે માન હતું. લક્ષ્મીપુર વીર પુરના મહારાજાની માલેકીમાં હતું અને લક્ષ્મીપુરમાં લલિત નગરશેઠની પદવી સાથે સાથે રાજા જેવી પદવી પણ ભોગવતા હતા. જ્યારે જ્યારે તેઓ વીરપુર આવતા હતા ત્યારે ત્યારે તેમને વીરપુરના રાજા તરફથી બહુ સન્માન મળતું હતું, અને તેઓ રાજાના જમણા હાથ જેવા ગણાતા હતા. લોકો પણ આ સંબંધને જાણતા હતા. એટલે લલિતતા હુકમનો અનાદર તેઓ કરવા ઇચ્છતા નહિ.

લલિત એકચિત્તે રઘુનાથ તરફ જોઇ રહ્યા હતા. ખાખીનું એક સમયનું પ્રચંડ શરીર આજે તદ્દન નિર્માલ્ય જેવું લાગતું હતું. ગાલો બેસી ગયા હતા, અને માથાપરથી જટા અદ્રશ્ય થઇ ગઇ હતી. તથા તેને સ્થળે એક મોટો પાટો દ્રષ્ટિગોચર થતો હતો. વળી વૃક્ષઃસ્થળ અને ગ્રીવાપર પણ પાટાઓ જણાતા હતા. તથા કપાળમાં પણ એકાદ ભયંકર ચીરા જેવું જણાતું હતું. આ શું ? આટલા બધા ઘા કયાંથી ? અને તે પણ વળી આ

મદમસ્ત હાથી જેવા રઘુનાથ ખાખીને ! લલિતનું મન ચગડોળે ચડયું. આ સર્વનું કારણ તે સમજી શકયા નહિ, અને આ સર્વ ભેદનો ભાવાર્થ જાણવા માટે વિચારમાં પડયા.

લક્ષ્મીપુર અને વીરપુર વચ્ચે કાંઇ ઝાઝું અંતર હતું નહિ. એટલે પૃથ્વીશંકરને લેવા ગએલ સ્વાર ત્વરાથી પાછો આવ્યો અને પૃથ્વીશંકર 'મારાજ'ને લલિત પાસે ખડા કરતા બોલ્યો:

'મહારાજ ! આ પૃથ્વીશંકરજી આવી પહોંચ્યા છે.'

લલિત વિચાર તન્દ્રામાંથી જાગી ઉઠયા. અને કારાગારમાના બાંકડાપરથી ઉઠતા બોલ્યા.

'સ્વાર ! આ તારી સેવા માટે, લલિતે પાંચ રૂપિયાની નોટ સ્વારના હાથમાં આપતાં કહ્યું. બીચારા સ્વારનો પગાર મહિને રૂપિયા દશ અને આ પાંચ રૂપિયા એ ૧૫ દિવસનો પગાર કોનું મન ન લલચાય. સ્વારે નમન સહિત રૂપિયા લઇ લલિતની આજ્ઞા લઇ ત્યાંથી રવાના થઇ ગયો.

લલિત પૃથ્વીશંકર તરફ જોતાં બોલ્યા.

'મહારાજ ! કાંચન માટેની અફવાઓ વિષે સમ્પૂર્ણ તપાસ કરવા મેં આપને જણાવ્યું હતું. એ વિષે તમે કાંઇ વિશેષ જાણ્યું છે ?'

પરન્તુ પૃથ્વીશંકર મૌનજ રહ્યા. તેમનો ચહેરો સ્યામ બની ગયો, અને તેમનું શરીર ધ્રૂજવા લાગ્યું. લલિતે આ સર્વ જોયું અને ક્રોધથી તેમનું મોઢું લાલ બની ગયું.

'પૃથ્વીશંકર ? એકદમ સત્ય જણાવી દયો. નહિંતર રઘુનાથ જેવીજ તમારી દશા થશે !

'મહારાજ ? હું કાંઇ જાણતો નથી. હું નિર્દોષ છું" પૃથ્વીશંકર 'મારાજે' એક વૈશ્યને મહારાજ શબ્દેવડે સંબોધતાં થર થર ધ્રૂજતે શરીરે કહ્યું.

'નિર્દોષ ! ત્યારે દોષી કોણ ?' લલિત હવે તો એકદમ જોસથી કહ્યું:

'મહારાજ ! જે રાત્રિએ કાંચનને આપે વિદાય કરી તેજ રાત્રિએ નવલરામ અને રઘુનાથ પણ લક્ષ્મીપુરમાંથી ચાલ્યા ગયા હતા ;

'કોણ નવલરામ ! પેલો લફંગો ચોર ખુની !'

'હા–મહારાજ.

'ત્યારે તમે મને એ વિષે ખબર કેમ ન આપ્યા ?'

'ભુલ થઇ. અપરાધ થયો. મને ક્ષમા કરો.'

'ક્ષમા ! તમને ક્ષમા ! બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થએલા પાતકીને ક્ષમા કાંચનના સર્વ દુઃખનું કારણ તમે છો.'

'નહિ મહારાજ. મેં તો રઘુનાથે કહ્યું તેજ પ્રમાણે કર્યું છે.

'હા ત્યારે તો કાવતરૂં થયું. સ્વાર્થીઓ ! તમે તમારા સ્વાર્થ માટેજ ત્યારે તો પેલી નિર્દોષ બાલિકા માટેની અફવાઓનો પ્રચાર કર્યો જણાય છે. બસ, પૃથ્વીશંકર ! હવે તમે આજ કોટડીમાં તમારા રઘુનાથ સાથે રહો, લલિતે રક્ત નયને છેલ્લું વાક્ય પુરૂં કરતાં રઘુનાથ સામું જોયું અને ગુસ્સાથી તેને પૂછ્યું:

'રઘુનાથ ! કાંચન કયાં છે તેની તને ખબર છે ? તારા પાતકોનું હવે મરણ પથારીએ સ્મરણ કરી સત્યજ બોલ.

પરન્તુ ખાખીએ લલિતના પ્રશ્નનો ઉત્તર નહિં આપતા ધીમે સ્વરે કહ્યું.

'ઓય. ઓય. ઓય. નવલ રાક્ષસ મારું ખુન કરી ગયો. હાય.'

'નવલ તારુ ખુન કરી ગયો ? શા માટે.'

'કાંચન માટે એ. ઓય ઓય.'

'કાંચન એ સમયે કયાં હતી ?'

'ઝાડની ડાળીએ તેને બાંધવા આ-આ-માં-આ-આ-માં-આવી હ-હ-હતી,'

'જીવતી બાંધી હતી ?'

'હા-આ-આ-ઓય-ઓય'

'ત્યાર પછી ?'

'નવલ મારી-રી-ગ-અ-અ-યો !

'તું જાણે છે કે હાલમાં કાંચન કયાં હશે ?'

'ના-આ-આ-ના'

હવે લલિતથી રહેવાયું નહિ. આખું કાવતરું તેના પાસે ખુલ્લું થઇ ગયું. સ્વાર્થીઓના સ્વાર્થે આણેલા ફળો તેણે જોયા. પોતાથી થએલ મહાન ગુન્હાથી તેને પણ પશ્ચાતાપ થવા લાગ્યો અને એ ઓરડામાંથી બહાર જઇ હવે લક્ષ્મીની કોટડી તરફ વળ્યો.

લક્ષ્મી તો ગાતી હતી. એકાદ ગાંડીની માફક વાળ પીખતી પીખતી પોતાની કોટડીમાં ફરતી ફરતી તે વિકટ હાસ્ય કરતી હતી. લક્ષ્મી ગાંડી બની ગઇ હતી.

લલિતે તેની પાસે જઇ કહ્યું:

'લક્ષ્મી ? લક્ષ્મી ?'

લક્ષ્મી તેના તરફ જોઇ વિકટ હાસ્ય કરવા લાગી, અને ચૂડેલની માફક નૃત્ય કરવાનું શરુ કરી દીધું.

વળી લલિતે કહ્યું:

'લક્ષ્મી ? તારી કાંચન આવી છે'

'કાંચન ? ઓ-હો-હો-હો-હા-હાં-હા ? લક્ષ્મીએ નૃત્ય બંધ કરતાં કહ્યું:

લલિતે જાણ્યું કે લક્ષ્મીનું હૃદય ફટકી ગયું છે. પોતાની પુત્રીના વિયોગથી તેનું મગજ ખસી ગયું છે.

પ્રકરણ ૨૦ મું.

નુતન સખી

On the Sea Shore of endless world children meet. They seek not for hidden treasures they know not how to cast nests.

Tagore.

ઈન્દૂ કેમ છો વ્હાલી? હજુ રડો છો કે? લલિતે વીરપુરથી આવતા અને ઘરમાં પ્રવેશ કરતાં ઇન્દૂના ઓરડામાં જઇ પૂછ્યું.

'શું વ્હાલા! શા સમાચાર લાવ્યા છો? મારી કાંચનનું શું?

'તારી કાંચન માટે માણસો ગયા છે, તેઓ હમણાંજ ખબર લાવશે.' લલિત જવાબ આપતાં હતાં ત્યાં બહારથી ઘોડાઓની ખરીનો અવાજ આવ્યો અને લલિત ઇન્દૂને લઇને બહાર આવ્યા.

'મહારાજ! ખુનીની શોધમા ગએલી બીજી ટુકડી પણ આવી પહોંચી છે, અને તેમના તરફથી મળેલા સમાચાર મહારાજાએ આ પત્રમાં મોકલ્યા છે,' રણધીરે લલિતને પત્ર આવતાં કહ્યું.

લલિતે દેખીતી રીતેજ ધ્રૂજતે હાથે પત્ર લીધો. અને ફોડયો.

વાચક! ઉતાવળા નહી. એ પત્ર નીચે મુજબનો હતો.

'પ્રિય ભાઇ;

સ્વારોના બીજી ટુકડી આવી પહોંચી છે. તેમની પાસેથી ખબર મળ્યા છે કે અરવલ્લીની ટેકરી પર રહેતા એક યોગી પાસે કોઇ એક વ્યકિત બાલિકાને લાવી હતી, પરન્તુ હાલમાં

યોગી ત્યાં નથી. રઘુનાથનું શરીર જ્યાંથી મળી આવ્યું હતું તેની પાસેજ આ ટેકરી છે. એટલે તમે જે બાલિકાની શોધમાં છો તે એજ બાલિકા હોવી જોઇએ. બાલિકાને યોગીનો આશ્રય મળ્યો છે. એટલે હવે ભય નથી.'

લલિત આ પત્ર વાંચતા હતા એજ વખતે ઇન્દૂ પણ તે પત્રને ઉતાવળે ઉતાવળે વાંચતી હતી. પત્ર પુરો થતાં ઇન્દૂ જરા આનન્દમાં આવી બોલી.

'પ્રભો! મારી નિર્દોષ બેનડીનું રક્ષણ કરો. લલિત? હવે તમે બીજા માણસો મોકલો અને એ યોગીની ખબર કઢાવો.

'હા. વ્હાલી! જલદીથી પરન્તુ હવે તો આપણે હેમને પત્ર લખવો જોઇએ. તેઓ તો બહુ દુઃખમાં પડયા હશે. ઘણાં દિવસોથી તે અહિંથી ગયા છે, પરન્તુ તેમને પત્ર લખાયો નથી. લખીએ પણ શું? કાંચન પર પડેલા વિપત્તિથી તેમના હૃદયને વળી વધારે શોકમાં શા માટે નાંખવું જોઇએ, પરન્તુ હવે પત્ર લખી શકાય તેમજ છે, કાંચન જીવે છે, અને થોડા કાળમાં આપણી પાસે આવી પહોંચશે એટલે કાંઇ વાંધો નથી.' લલિતે ઇન્દૂના હાથમાં હાથ મેળવી અંદર આવતા કહ્યું અને તેઓ પત્ર લખવા ગયા.

'સ્નેહાસ્પદ હેમ!

તમને અહિંથી વિદાય થયાને આજે કેટલાક દિવસો વ્યતીત થઇ ગયા છે; પરન્તુ આ સમય દરમીઆન કેટલાક એવા એવા પ્રસંગો ઉપસ્થિત થયા છે કે જેથી હું પત્ર લખી શકયો નથી.

કાંચનને અહિંથી તમે ગયા તેને બીજેજ દિવસે વિદાય કરવામાં આવી હતી, અને તેને તમારી પાસે આણવાની વ્યવસ્થા

કરવામાં આવી હતી. પણ મારી આ ધારણા અને વ્યવસ્થા નિષ્ફળ ગઇ છે.

કાંચન માટેની લક્ષ્મીપુરમાં ચાલેલી અફવાઓનું પરિણામ ઘણું ભયંકર આવ્યું છે. આ માટે મારૂં મન બળે છે, પરન્તુ હવે લાચાર. એ ગયો સ્વાર્થાન્ધોએજ ચલાવી હતી. નવલરામ અને પંચરત્ન મંદીરના પુજારી ખાખીનું એ સર્વ કારસ્થાન હતું.

અહિંથી કાંચન સાથે રણધીર અને રામશરણ ગયા હતા. રસ્તામાં ઉપર જણાવેલ વ્યકિતઓના કાવતરાંના તેઓ ભોગ થઇ પડયા. રામશરણ માર્યો ગયો છે; પરન્તુ કાંચન અદ્રશ્ય થએલ છે, ત્યારે લક્ષ્મી ઉન્માદીની બની ગએલ છે.

નવલરામનો પત્તો નથી. નવલેજ રઘુનાથના ખુન માટેનો પ્રયત્ન કર્યો હોય તેમ જણાય છે, કેમકે રઘુનાથનું જખમી શરીર મળી આવેલ છે, હાલમાં તે વીરપુરની જેલમાં છે.

કાંચનની તપાસ માટે માણસો મોકલતાં ખબર મળ્યા છે કે અરવલ્લીની ટેકરીપર રહેતા યોગી પાસે કોઇ એક વ્યકિત એક બાલિકાને લઇ આવી હતી. આ ટેકરી, જે સ્થળેથી રઘુનાથનો દેહ મળી આવ્યો તેની પાસેજ આવેલી છે. એટલે એ બાલિકા કાંચનજ હોવી જોઇએ એમ મને લાગે છે. હજુ પણ હું કાંચનની તપાસ માટે માણસો મોકલું છું. વધુ ખબર મળેથી જણાવીશ.

પ્રિય ભાઇ! દુ:ખી થશો નહિ. લોક રૂઢિના અત્યાચારોના પરિણામો નૈતિક બળને અભાવે સહન કરવાજ પડે છે. શુધ્ધ પ્રેમની પણ કસોટી જગતમાં થાય છે. જગતમાં દુ:ખ એ કાંઇ

નવીન વસ્તુ નથી. સુખના યુગો પસાર થઇ ગયા છે. માનવીઓએ વર્તમાનમાં દુઃખોનેજ સુખો માનવાના દિવસો આવી પહોંચ્યા છે.

મારાથીજ તમારા હૃદયને કલેશ થયો છે તે માટે મને પણ અતિશય શોક થાય છે, પણ તમે શીક્ષીત છો, એટલે મારી સ્થિતિને સારી રીતે સમજી શકો તેમ છો.

ઇન્દુના આંસુઓ હજુ સુકાતા નથી; પરન્તુ કાંચન માટેના છેલ્લા સમાચારથી તેનું હૃદય પણ કાંઇક શાન્તિ પામ્યું છે.

લક્ષ્મી માટે ઉપચાર ચાલુ છે.

હાલમાં તો તમે દીલ્હીજ રહેવાન હશો ;

હૃદય હૃદયને સમજી શકે છે. ત્યાં વધારે શું.

લિ૰ તમારા મિત્ર
લલિતના હસ્તલૂનન.

આકાશ ધીમે ધીમે સ્વચ્છ સ્ફટીકનું રૂપ ધારણ કરતું. હતું, પ્રાતઃકાળની જગનિયાંતાની પ્રાર્થનાઓના મધુર રવો ગગનમાં પ્રસરી આ વખતે દીલ્હીના વાતાવરણને પવિત્ર બનાવી રહ્યા હતા.

રામઘાટપર પ્રભુ શિવની આરતી થઇ રહી હતી, અને સ્વર્ગમાંથી જાણે પુષ્પમાળાઓ મોકલવામાં આવતી ન હોય તેમ રવિ કીરણો નટરાજના મસ્તકને વીંટી વળતા હતા. ઘાટના પગથીઆઓ પર શિવ મંદીરમાં અને તેની આસપાસ પુષ્કળ મનુષ્યોની મેદની થઇ હતી. જ્યાં ત્યાં પ્રભુ નામના ઉચ્ચારો થઇ રહ્યા છે. જમુનાના ઠંડે જળે સ્નાન કરતા ભાવિકો 'જય

જમુને જય ગંગે ' ઉચ્ચારી રહ્યા હતા. આહા ! આ ભાવિકોના હૃદયો હાલમાં મળશે ! તેઓ વિજ્ઞાનોના કારણો જાણતા નહોતા. પ્રભુના અસ્તિત્વ માટે તેઓ પુરાવા અને સાક્ષીઓની ઇચ્છા કરતા ન હતા. તેમના હૃદયમાં આવી કલ્પનાઓ પણ આવતી નહોતી, પરન્તુ સમયની બલિહારી છે. સમય જતાં, દિવસો વહી જતાં પવિત્ર આર્યભુમિનું પણ પરિવર્તન થવા લાગયું. પ્રભુના અસ્તીવ માટે મનુષ્યો પુરાવા અને શાક્ષીઓ માગવા લાગ્યા પણ હાય ! શાક્ષીઓ અને પુરાવા ! કોને માટે ! મનુષ્યની મગજ શકિતથી પણ ન સમજી શકાય તેવા માટે કયાંથી હોઇ શકે ? વળી આવા પુરાવા દ્રષ્ટિગોચર થાય તો તેને સમજી પણ કોણ શકે છે ? આ જુવો અહિંયા કલકલ નાદની જમુના વહે જાય છે કેવું સૌન્દર્ય કેવો નૈસર્ગિક આનંદ તે ઉત્પન્ન કરે છે. આ આનંદ શાથી આવે છે ? વળી આ સામે જુઓ. પેલું નાવ જમુનાના તરંગોપર માતાના ખોળામાં રમી રહેલા એકાદ બાલક પ્રમાણે કેવું નૃત્ય કરી રહ્યું છે. આ ઘંટનાદો શી ગંભીર અસર કરી રહ્યા છે. વળી આ પેલા દુરથી આવતા, પિતાને પાયે પડતા મુસ્લીમ ભાઇઓની 'અલ્લા હો અકબર,ના નાદો કેવા મધુર લાગે છે. આહા ! આ માનુષી દ્રષ્ય ન હોતું. સ્વર્ગના આનંદની આછી છાયા અહિંયા છટકાવવામાં આવી હતી.

અરવલ્લીના યોગી કાચન અને નવલને લઇ આજે અહિં આવી પહોંચ્યા હતા. આ મંગળ સમયે તેઓ રામઘાટપરના મંદિરમાં હાજર થયા હતા, અને ચારે દિશામાંથી આવતા, જગનિયંતાનું ભાન કરાવતા સ્વરોથી પ્રફુલ્લિત થઇ એ મહાન પિતાના ધ્યાનમાં જોડાયા હતા. કાંચન નવલની સાથે યમુનાસ્નાનાર્થે ગઇ હતી.

યોગીએ દીલ્હીવાસી પોતાના શિષ્યને પોતાના આવાગમનના સમાચાર જણાવ્યા નહોતા; પરંતુ તેઓ જાણતા હતા કે શિવશંકર હરહમેશ નિત્યનિયમ તરીકે રામઘાટપર આવતાજ હતા, અને તેમની આં ધારણા આજે પણ સત્યજ ઠરી હતી. શિવશંકર પણ અહિં આવી પહોચ્યા હતા, પરંતુ પોતાના પ્રિય અને પુજ્ય ગુરૂરૂપ યોગીના આંવા ગમનની તેમને જરા પણ કલ્પના ન હોતી.

વિશાળ રામઘાટના પગથીઆના ખુણાપર સમાધિ જેવી સ્થિતિમાં પદ્માસનવાળી બેઠેલા યોગી પર શિવશંકરની અચાનક દષ્ટિ પડી. શિવશંકર જગન્નાથ પંડિતની 'ગંગા લહરી' ધીમે અને મધુર સ્વરે ગાતા ગાતા ચાલ્યા આવતા હતા. હાથમાં ચળકતો ઉજળો લોટો અને ભાલપ્રદેશમાં ભવ્ય ત્રિપુંડ આજ તેમને ઓરજ ખુબસુરતી બક્ષસતું હતું. તેમની પાછળ તેમની પુત્રી શાન્તા કોમળ પગલે ઝાંઝરનો ઝમકાર કરતી ઘાટના પગથિયા ચડી રહી હતી. તેની વય લગભગ ૧૩ વરસની હતી. કુમારી હતી. એટલે પોશાક પણ ઘણોજ સાદો અને બંધનકર્તા હતો નહિ. યમુનામાં હમણાજ સ્નાન કર્યું હોવાથી નાગપાશ જેવા સ્કંધપ્રદેશ સુધી પહોંચતા તેના કેશો જમનાના જળથી શીતળ બનેલ વાયુ લહરીઓ સાથે ગેલ કરી રહયા હતા. શાન્તાના ખીલતી કળી જેવા ઓષ્ઠોને અડકતા હતા અને વળી શિક્ષા પણ સહન કરે જતા હતા તેના હાથમાં જાઇ અનેજુઇના કુસમોથી ભરેલ છાબડી હતી. ખભે પિતાના અને પોતાના ભીન્ના વસ્ત્રો હતા, અને આ સર્વથીજ શાન્તા કોઇ ગાંધર્વ કન્યા જેવી લાગતી હતી.

'શાન્તા ? બ્હેન ? આજે તો આપણાં ભાગ્ય સુવર્ણમયજ જણાય છે. જો પેલા યોગીને જોયા ? તેમને ઓળખ્યા ?'

'બાપુ ? તેઓ અહિંયા ક્યાંથી ? અચાનક આવી ચઢયા હશે કે શું ?'

'હા બેટા ! યોગીઓ અને સાધુઓ માટે કાંઇ ચોકસ હોતું નથી. પણ ચાલ બહેન ! આપણે તેમની પાસે જઇએ જો તેમણે આંખો ખોલી છે.

શિવશંકર શાન્તાને લઇ ઉતાવળે પગલે યોગી પાસે ગયા અને શાન્તાએ ખોળો પાથરી નમન કર્યું તથા શિવશંકર પણ દંડવત પ્રણામ કરી નમ્ર સ્વરે બોલ્યા

'મહારાજ અમારા ધન્ય ભાગ્ય છે કે આજે આપનો અહિં મેળાપ થઇ ગયો છે. હવે આપ અમારે ત્યાં પધારો અને અમારા પર કૃપા કરો.

'કેમ બેટા શાન્તા ? હું ત્હારે ત્યાં આવું કે ? મને ભોજન આપવાની તને મહેનત નહિં પડે ?'

'મહારાજ ! મહેનત ? તેમાં મહેનત શી ? મારા બાપુ એક સમયે કહેતા હતા કે આપ જેવા ઉચ્ચ કોટિના મહાત્માઓને અન પ્રાશન કરાવવું એ પ્રભુના ફીરસ્તાઓને ભોજન આપવા જેવું છે.'

યોગી હસ્યા. આહા ! માતાપિતાના શિક્ષણના કેટલાં સ્વાદીષ્ટ ફળો આવી શકે છે તેનું વર્તમાનમાં કોઇને ભાન છે. ?.

શાન્તાને શિવશંકરે કોઇપણ દિવસ નિશાળમાં મોકલી ન હોતા; પરંતુ તેમણે પોતેજ પોતાથી બની શકે તેટલું જ્ઞાન તેને

આપ્યું હતું. વાતચીતોના પ્રસંગો કહાડી ગૌરવથી છલછલી રહેલાં ભારતના પ્રાચીન ઇતિહાસોની કથાઓને કહી તેણે શાન્તાના હૃદયને કોઇ ઉચ્ચતમ પ્રકારનું જ બનાવ્યું હતુ. શાન્તા સાદાઇ ની મુર્તી હતી, ત્યારે તેનું હૃદય જ્ઞાનના શ્રેષ્ટ પ્રકાશમાં સ્નાન કરી રહયું હતું.

'શિવશંકર ! આજે મારી સાથે એક બ્રાહ્મણ તનયા આવેલ છે. શાન્તાની વય કરતા તેનું વય સહેજ વધારે છે, અને તેને તમારીપાસેજ રાખવા માટે હું લાવ્યો છું. જુઓ આ સામેથી કાંચન ચાલી આવે છે.'

કાંચન પાસે આવી પહોંચતા યોગી બોલ્યા:

'બેટા કાંચન ? જો આ તારી આ નવીન સખી શાન્તા અને તેના પિતા શિવશંકર. શાન્તા તું અને કાંચન બે બહેનો થઇ રહેજો અને પ્રભુના રાજ્યમાં બે નિર્દોષ પંખીડા પ્રમાણે ગાતાં ફરજો. '

'બહુ સારુ–મહારાજ ! આપની ઇચ્છા શિરોધાર્ય છે, પરન્તુ કાંચન બેન સાથે કોઇ બીજું છે ?'

'કેમ ભાઇ ! કેમ પૂછવું પડયું !'

'મહારાજ ! ક્ષમા કરજો-પણ પેલા ભાઇ આપણી સામુંજ જોતા આવે છે અને વળી તેઓ આવે છે પણ આપણી તરફજ. '

'શિવશંકર ! વત્સ ! તારું અનુમાન સત્ય છે. તેનું નામ નવલરામ છે. હાલમાં તો તે પણ તમારે ત્યાં રહેશે,'

'ઘણી કૃપા મહારાજ! આપની સેવા કરવાનો આજે પ્રભાતમાંજ પ્રસંગ મળ્યો એ જોઇ મારું હૃદય ઘણું આનન્દ પામે છે. અને શાન્તાને પણ આજે નવીન સખી મળ્યા એટલે હવે તેને વધારે આનન્દ પડશે.'

'ઠીક ત્યારે શાન્તા! હવે તમે જાઓ. બેટા! કાંચન! ચિન્તા કરીશ નહિ. પ્રભુ પર વિશ્વાસ રાખજે, તે સર્વનું કલ્યાણજ કરે છે. પ્રભુ એ મનુષ્ય હિતની પ્રતિમા છે. પ્રેમનો સાગર છે. ત્યાંથી પ્રેમજ વહે છે. એ પ્રેમને સ્નેહ કહેવો કે વિષ કહેવું એ પાત્ર પર આધાર રાખે છે. કાંચન! હવે હું જઇશ, અને થોડા સમય પછી પાછો તને મળીશ હો બેટા! બોલ ગભરાઇશ નહિંને?'

'ના પ્રભુ! આપના આશ્રય તળેની બાલિકાને શાથી ગભરાવું જોઇએ? વળી શાન્તા બેન છે એટલે મને મૂઝવણ જેવું તો કાંઇ નથી.'

'ઠીક ત્યારે વત્સ શિવશંકર! હવે હું જઇશ. અહિંયા આવવાનો મારો હેતુ સફળ થયો છે એટલે અહિંયા રોકાવાનું કાંઇ કારણ નથી.'

'મહારાજ! આપની ઇચ્છાનો હું સેવક છઉં; પરન્તુ આજનો દિવસ તો મારે ત્યાંજ વ્યતીત થાય તો ઠીક.,

'નહિ આજ તો નહિં. શિવશંકર! આત્માઓ ભિન્ન નથી. શુદ્ધ સ્નેહ વચ્ચે અંતરાય હોતો નથી.'

'જીહા. પરન્તુ માનુષી હૃદયને અમુક વાંછનાઓ થાય એ ક્ષંતવ્ય ગણાય.'

'નહિં-બેટા-આજ તારી ઇચ્છા હું સફળ, કરી શકું તેમ નથી ?

'ભલે ત્યારે આપશ્રીની જેવી ઇચ્છા; પરન્તુ કાંઇ ફળાહાર લેવાને હું વિનંતિ કરું છું.'

'ઠીક. પરન્તુ હું નગરમાં નહિં આવું, તમે અહિંયાજ. લઇ આવો તો સારું.

શિવશંકરને આ યોગી પર સમ્પૂર્ણ શ્રદ્ધા હતી. તેમની' ઇચ્છાને તેઓ આશાજ માનતા હતા. એટલે વિશેષ આગ્રહ કર્યા વગર તેઓ ફળાહાર લઇ આવ્યા અને યોગી મહારાજને ફળાહાર કરાવી ત્યાંથી કાંચન શાન્તા, સાથે ઘર તરફ ગયા.

અને યોગી પોતાને રસ્તે પડયા.

પ્રકરણ ૨૧ મું

હેમ અને યોગી.

केवल शास्त्रमाश्रित्य न कर्तव्यो विनिमयः ।
युक्तिहीन विचारे तु धर्महानिःप्रयोयत ॥

મનુસ્મૃતિ ૧૧૩.

ભાવી પ્રિયાને છોડી લક્ષ્મીપુરનો ત્યાગ કરી બળતા હૃદયે હેમ દીલ્હી આવી પહોંચ્યા; પરન્તુ અહિંયા પણ તેમને શાન્તિ મળી નહિ. દીલ્હીવાસિ હેમના સગા સંબંધીઓ હેમનું કૃશ મૂખ જોઇ ચિન્તાતુર બન્યા; પરન્તુ હેમને તેઓ આ વિષે કશું પૂછી શકયા નહિ. ચિન્તામાંને ચિન્તામાં હેમનું શરીર ગળવા માંડયું, અને થોડા દિવસોમાં એક સમયનું માંશલ શરીર હાડપીંજર બની ગયું. ચિન્તા રાક્ષસીની શી અજબ કરવો તેનાજ દેહનું ભક્ષણ કરી જીવન નભાવે જવાનો તેનો નૈસર્ગિક સ્વભાવ છે.

દિવસો એક પછી એક પસાર થવા લાગ્યા તેમ તેમ હેમની ચિન્તા વધતીજ ગઇ. લલિતના પત્રની રાહ જોતાં જોતાં હેમનું હૃદયકમળ કરમાવા લાગ્યું. ધીમે ધીમે મરણોન્મૂખ થતું ચાલ્યું. આહા ! બીચારી અબળા કાંચનનું શું થયું હશે ? ગરીબ નિર્દોષ બાલિકાને હજુ આ જગતનો અનુભવ નથી. આ આલમપટપર તે હજુ બાલક છે. તેનું શું થયું હશે ? રાત્રિ દહાડો આવાજ વિચારો હેમના હૃદયમાં સ્થાન લેવા લાગ્યા.

નયનોના મિલનથી પ્રણય જન્મ પામે છે, અને ભિન્ન ભિન્ન વ્યકિતઓ કુદરતી રીતેજ પરસ્પર તરફ આકર્ષાય છે. ત્યાર પછી એ પ્રણયને ફળીભુત કરવા માટે રમણી અને પુરુષના હૃદયો તરફડવા લાગે છે, અને જો આ પ્રેમ શુદ્ધ તથા પવિત્ર હોય તો બન્ને પ્રેમીઓ, પોતાનો સ્નેહ ફળીભુત ન થાય ત્યાંસુધી તરફડીયાં માર્યાંજ કરે છે. જ્યાં પ્રેમ આવે છે ત્યાં જ્ઞાતિ કે વય પણ જોવાતી નથી, અને જ્યારે ખરો સ્નેહ આવે છે ત્યાં જન-સમાજના બન્ધનો પણ રસ્તો રોકી શકતા નથી.

કાંચન અને હેમની બાબતમાં આજ પ્રમાણે બન્યું. હેમ એક બ્રાહ્મણ-તનયા કાંચનને ચાહતા હતા, અને એ પણ તેઓ સ્પષ્ટ રીતે સમજતા હતા કે વૈશ્ય અને બ્રાહ્મણના લગ્નો જન-સમાજમાં જડમૂળ ઘાલી બેઠેલ પ્રચલિત રૂઢીઓ વિરૂદ્ધ છે; પરન્તુ તેઓ સ્પષ્ટ રીતે સમજતાં હતાં કે રૂઢિઓ એ ધર્મના આદેશો નથી. શાસ્ત્રોની આજ્ઞાઓ નથી. રૂઢિઓ ઘણાં પ્રાચીન સમયથી ચાલી આવે છે એટલે એ માન્ય કરવી એવું કાંઇ છેજ નહિ. વળી દેશની વર્તમાન દુર્દશા જોતાં તેમને આ જ્ઞાતિબંધનો અતિશય હાનિ કરનારા જણાતાં હતાં. ઐકયની વચ્ચે મહાન વિઘ્ન તરીકે આજ રૂઢિઓ હતી. હિન્દુ જનસમાજને ક્રમે ક્રમે કરી નાશ કરનાર આ રાક્ષસીઓજ છે એમ તેમને લાગતું હતું.

દીલ્હીમાં તેઓએ દશેક દિવસ ગાળ્યા; પરન્તુ તેમને ત્યાં લાંબો સમય રહેવાનું ગમ્યું નહિં અને આથી તેઓ મથુરાં આવી રહ્યા. આજે તેઓ પોતાના ભાવિનો વિચાર કરતા બેઠા હતા, અને પાસે પડેલા ચાના પ્યાલા તરફ દ્રષ્ટિ ફેંકી રહ્યા હતા.

'હેમચન્દ્રભાઇ ! આ કોઇ યોગી તમને મળવા ઇચ્છે છે' હેમે ચાનો પ્યાલો પુરો કર્યો ત્યાં તેના પડોસી કરુણાશંકરે બહારથી કહ્યું. હેમ જ્યારથી અહિં આવ્યા ત્યારથી તેમને કરુણાશંકર સાથે ભારે સખ્ય થયું હતું. સાયંકાળે તેઓ હાથમાં હાથ લઇ યમુના તટે શુદ્ધ હવા માટે જતા, અને હેમ વારંવાર તેના આ બ્રાહ્મણ મિત્ર સાથે રૂઢિઓના જુલમ વિષે ચર્ચા કરતા હતા, અને કરુણાશંકર કયારેક બ્રાહ્મણોનો અને રૂઢિઓનો પક્ષ લેતા હતા ત્યારે કેટલીકવાર અને મોટે ભાગે હેમના પક્ષમાંજ ભળી જતા હતા.

'કોઇ યોગી મળવા ઇચ્છે છે' સાંભળી હેમને જરા આશ્ચર્ય તો થયું. વળી આ શા ઢોંગ ? આ યુગમાં યોગી કોણ ? પેલા ધુતારા લંગોટીઆ બાવામાંઓનો તો કોઇ નહિં હોય ? વળી મારી સાથે તેને શું કામ હશે ? પણ ગમે તેમ હોય તેને મળવામાં કાંઇ વિઘ્ન નથી એમ ધારી હેમ બહાર આવ્યા અને આંગણામાં ઉભા રહેલા યોગીને પ્રણામ કરી તેમને અંદર લઇ આવી, તેમને પોતાની ખુરશીપર બેસાડવાનો આગ્રહ કર્યો; પરન્તુ યોગી બોલ્યા: 'બેટા ! આજ દશ વરસ થયાં દુનિયા ત્યાગી છે. અને ત્યાગની સાથે આ આશ્રમપટપરની સર્વ વસ્તુઓ સાથેનો મારો સબંધ તૂટયો છે. જગનિયંતાની ઇચ્છાનુસાર જીવન નીભાવવા માટેની જરૂરી વસ્તુઓ સિવાય બીજી વસ્તુઓનો હું ઉપયોગ કરતો નથી.'

હેમને આ જવાબ સાંભળીને આશ્ચર્ય થયું. મુંબઇવાસિ, પાશ્ચિમાત્ય કેળવણી લીધેલ હેમને આવા ઉત્તરનો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. યોગી, ખરેખરો યોગી તેણે કોઇપણ દિવસ

નજરે તો શું પણ સ્વપ્ને પણ જોયો નહોતો. ભારતના ગૌરવરૂપ પ્રાચીન ઇતિહાસના પૃષ્ઠોમાં સુવર્ણમય અક્ષરે કોતરાઇ રહેલાં યોગીઓના નામોથી તે અજાણ્યો નહોતો; પરન્તુ અરે રે. હિંન્દમાં વર્તમાનમાં આવા યોગીઓ હશે કે નહિં તે વિષે પણ તેનું હૃદય શંકાથી ભરેલું હતું.

હેમને હવે જરા ગુંચવડો તો ઉત્પન્ન થયો; પરન્તુ તરતજ પાસેના ઓરડામાં જઇ સાદડી લાવી તે પર યોગીને બેસાડયા અને તેમને જળપાન કરાવી પોતે પણ સામેજ આસન લીધું.

થોડીવાર વિશ્રાન્તિ લીધા પછી યોગી બોલ્યા:

'અહિંના મારા આવાગમનથી તમને આશ્ચર્ય થતું હશે. તમે મને નથી જાણતા પરન્તુ તમારા નામ અને તમારી સાથે સંબંધ ધરાવતી કેટલીક બાબતોથી હું પરીચીત છઉં, અને આથી તમારી પાસે આવ્યો છું., યોગીએ વળી કહેવા માંડયું:

'મારા કહેવાથી આશ્ચર્ય પામશો નહિ. કાંચનને તમે ખરા સ્નેહથી ચાહો છો એ પણ હું જાણું છું; પરન્તુ તમે વૈશ્ય છો. અને કાંચન એક બ્રાહ્મણ તનયા છે. વૈશ્ય અને બ્રાહ્મણ જ્ઞાતિ વચ્ચે લગ્ન વ્યવહાર નથી તે તો તમે જાણતાજ હશો.'

'જી–હા–મહારાજ–પરન્તુ ઘણા સમયથી પડી ગએલ રૂઢીને આપ વ્યવહાર કહો છો. એ રૂઢી બંધનકર્તા નથી.વળી જ્ઞાતિ એ કાર્યથીજ છે. જન્મથી નહિં એમ મનુભગવાન જણાવે છે. આપને આતો વિદીતજ હશે.'

'હા એ સર્વ સાચુ–પ્રાચીન સમયમાં આવા લગ્નો થતાં હતાં તે પણ મારાથી અજાણ્યું નથી. તોપણ મનુષ્યોના હૃદયો યુગની રૂઢીઓથી બંધાએલા હોય છે, અને આથી એ રૂઢી ભંગ કરતાં તેમને ક્ષોભ થાય છે. વળી કાંચનના સગાંઓ આ બાબતમાં અનૂમતિ આપે એ પણ મને તો અસંભવિત લાગે છે.'

'મહારાજ! એ સર્વ સાચું. સારાનરસાનો વિચાર નહિં કરનાર અને સ્વાર્થી માણસોજ આ પ્રમાણે કહે છે. પોતાના સમયના જમાના તરફ દ્રષ્ટિ નહિ ફેંકતા પોતાની માતૃભુમિના લાભાલાભનો જરા પણ વિચાર નહિં કરતા તેઓ પ્રાચીન સમયથી ચાલી આવેલી પ્રથાનેજ વળગવા મથે છે; પરન્તુ આથીજ હિન્દુ જનસમાજે કેટલું ભયંકર નૂકસાન ખમ્યું છે તે તો ભુતકાળ તરફ દ્રષ્ટિ કરનારજ જોઇ શકે તેમ છે. વળી હાલ વર્તમાનમાં પણ રૂઢી રાક્ષસીઓના હજારો બલિદાનો મોજુદ છે. જયારે આવી રૂઢીઓ આવા સ્નેહલગ્નો થવા દેતી નથી ત્યારે વ્યક્તિઓ હિન્દુ ધર્મને પાદપ્રહાર કરી શહેરી (સીવીલ) લગ્ન કરે છે, અને એ રીતે હિન્દુ ધર્મ અને હિન્દુ જનસમાજ બે શુદ્ધ સ્નેહીઓને હરહમેશને માટે ખોઇ બેસે છે. જમાનો સમયના અનન્ત સાગરમાં વહે જાય છે. દુનિયાના દરેક પ્રદેશો સંસ્કૃતિના પગલાં ભરી રહ્યા છે ત્યારે એક સમયે આલમના કોહીનૂર રૂપ ભારત આજે ગુલામગીરી અને કુસંપની શૃંખલામાં બદ્ધ બની તરફડી રહ્યું છે. મહારાજ! આ શોચનીય દશા પણ આવીજ રૂઢીઓને આભારી છે?'

'હેમચન્દ! તમારા શબ્દોપરથી મને જણાય છે કે તમે વર્ણોને પણ ઇચ્છતા નથી?

'આપનું અનુમાન સત્ય છે. યુરોપના પંડિતોએ એ તો સિદ્ધ કરી આપ્યું છે અને આપણો ઇતિહાસ પણ જણાવે છે કે આપણે શરુઆતમાંથીજ ભારતવાસિઓ નથી. આપણે બીજેજ સ્થળેથી ભારતમાં આવ્યા હતા. આ સમય અને આ પછીના સમયને વૈદિક સમય કહેવામાં આવે છે. અને ત્યાર પછીજ આ જાતિ પ્રતિષ્ઠા થઇ અને સમયના વહેવા સાથે તેનું બળ પણ વૃદ્ધિંગત થયું. આ માટેના ઘણા પ્રમાણો વેદના મંત્રોમાં મળી આવે છે. વળી એ સમયે સમાજ-નિયન્તા બ્રાહ્મણોને પણ આ બાબતનું જ્ઞાન હતું અને વર્તમાન દશા તે આ સર્વનુંજ ફળ છે. ધીમે ધીમે હિમાલયમાંથી આર્યો કન્યાકુમારી તરફ વધવા લાગ્યા, અને જુદા જુદા પ્રદેશોમાં તેઓએ ભિન્ન ભિન્ન સમાજો સ્થાપી, અને આ રીતે હિંદમાં પુષ્કળ સમાજો સ્થપાણી. સમાજભેદ, ભાષા-ભેદ, આચાર વ્યવહારભેદ અને બીજા પણ પુષ્કળ ભેદોને પરિ-ણામે જાતિભેદ ઉત્પન્ન થયો. સાગરમાંનાં મત્સ્યોના ટોળાંઓની માફક ભારતવાસિઓ એકતાશૂન્ય બન્યા, અને પરિણામમાં તેઓને વર્તમાન દુર્દશામાં આવી પડવું પડયું છે. ઐક્ય વગર ઉન્નતિની કદી પણ આશા રાખી શકાય તેમ નથી. અને આ ઐક્ય જ્ઞાતિભેદ તૂટયા સિવાય થઇ શકે તેમ નથી.'

'વત્સ હેમ ! તમે જરા આગળ વધો છો; પરન્તુ એક દુનિયા ત્યાગી તરીકે મારે તે સાથે કાંઇ સંબન્ધ નથી. તમારી મનોવૃતિ જાણવાના હેતુથીજ તમને મેં કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા. ચાલો હવે હું જઇશ.'

'નહિ-મહારાજ-આજ સાયંકાળની ભીક્ષા આપ અહિંજ લેવા કૃપા કરો.'

'નહિ–બેટા હું દિવસમાં એકજ સમય ભીક્ષા લઉં છું. તોપણ તમારો આગ્રહ છે તો થોડું જળ આપો.'

હેમનું મૂખ નિસ્તેજ થઇ ગયું. કલ્પનામાં પણ નહિં ધારેલા આવા યોગીના મેળાપથી તેને ઘણો આનન્દ થયો હતો, અને વિરહ દુઃખ પણ ઓછું થયું હતું. યોગી માટે તેના હૃદયમાં કુદરતી માનનો ઉદય થયો હતો; પરન્તુ યોગીને પોતાની આ નાની ઇચ્છા પણ સફળ કરતાં ન જોઇ તે જરા ક્ષુભીત થયો, છેવટમાં યોગીના કમંડલુમાં જળ આવ્યું અને યોગીપણ જળ લઇ હેમને આશીર્વાદ દઇ વિદાય થયા.

પ્રકરણ ૨૨ મું.

ગંગા ડોશીના ઘરાકો.

'But we have bid farewell,
To all the virtues of those better days,
And all their honest pleasures.

Cowper.

કાંચન ઓ કાંચન ! હજુ ઉઠી નથીને ? ચાલ ચાલ, સૂર્યોદય થવા આવ્યો છે. યમુનામાં સ્નાન કરવા જવું છેને ? શાન્તાએ પ્રભાતના પહોરમાં આનન્દથી કહ્યું.

'અરે વાહ ! શાન્તા બહેન ! આજ તો પ્રાતઃકાળમાંજ કોયલ ટહુકી કે શું ?'

'હા મારા વ્હાલા ભાભી ! કોયલડી ટહુકી અને તે પણ વસન્તદેવીના સ્મિતથી.

'પણ આજે શું છે તે તમારુ મોઢું હસી રહ્યું છે? સ્વપ્નમાં કોઇને વર્યાં તો નથીને ?'

'વાહ ભાભી ! વરે તેજ હસે અને કુમારા રહે તેટલા રડે કે? તમે મારા ભાઇને વર્યા એટલે તો તમને જ્યારે અને ત્યારે વરવું વરવું થઇ રહ્યું છે. હમેશ વરવાની વાત. કુમારા રહેવાની વાત કોઇ દિવસ કરી છે.'

'અરે શાન્તા બહેન ? એ તો બહુ ચતુરાઇ ન કરો. પોપટની માફક પઢે જાવ છો પણ તમારુ મન શું કહે છે ? વરવાની વાત આવે છે ત્યાં તો ગુલાબ ખીલી નીકળે છે ?

'અને જુવો પેલી પુષ્પ કળી જેવું આ તમારુ મુખ મારા ભાઇનું નામ સંભળાય કે તરતજ સુવાસ પ્રસરાવવાનો પ્રારંભ કરે છે તેનું કેમ ?'

'તેનું આમ' કહેતાજ વિમલાએ શાન્તાને બાથમાં પકડી તેના મ્હોપર હાથ દઇ દીધો, અને બન્ને નણંદ ભાભી હસી પડયાં. આવું નિર્દોષપણું અને આવું સુખ કેટલા હિન્દુ ગૃહોમાં વિરાજીત છે ?

'શું હતું શાન્તા ? આજે સવારમાં તમે બન્ને જણ શું વરવું વરવું કરી રહ્યા હતા ? ભાંભી શ્રી તો વર્યા હવે તો તારેજ રહ્યું. બહુ ઉતાવળી શા માટે થાય છે ? સમય આવે તું પણ વરીશ. તારા જેવી ફુટડીને કોઇ કુમારી તો નહિં રાખેને ?

'વાહ–વાહ–કાંચન ! ભાભીનો પવન તને પણ આજે વાયો લાગે છે. વરવાના વાત તો ભાભીએ કહાઢી–હું તો એ માટે

બોલી પણ નથી; પરન્તુ વરવાનું તો મન તમારું છે. એટલે કોઇ વરવાની વાંત કહાડે કે તેને તમે ઉપાડી લ્યો છો.'

'હવે–ચાલ–સવારના પહોરમાં આવી ઠઠ્ઠા મસ્કરી હોય? ચાલો તડકો થતાં પહેલા સ્નાન કરીને પાછા વળી આવીયે.'

હસતી અને રમતી કાંચન અને શાન્તા યમુનાના ઘાટ ભણી વિદાય થઇ. શાન્તાનાપિતા શીવશંકર તો પહેલેથીજ યમુના તટે ગયા હતા.

કલકલ નાદીની યમુના તો સ્નેહની ધૂનમાંને ધૂનમાં સમુદ્ર તરફ વહે જતી હતી–એક પછી એક તરંગો અને એ તરંગોની સાથે રમતા ઉષા સૂન્દરીના ભવ્ય કિરણો તરફ તેની દૃષ્ટિ પણ ન હોતી–નાના નાવડાઓ યમુનાપર ગેલ કરતા હતા, અને નાવિકોના પ્રભાતીયાં યમુના તરંગોની લહરીઓ સાથે ગેલ કરી યમુનાના અગાધ જળમાં અને અનન્ત આકાશમાં અદ્રશ્ય થઇ જતા હતા. ફકત રહેતો હતો પછવાડે શંખ અને ભેરી નાદ–આસ્તિકોના પ્રભુ પ્રાર્થનાના નમ્ર શબ્દોનો ગુંજારવ અને ઘાટોના પગથીઆ સાથે અથડાતા તરંગોનો સુમધુર અવાજ તથા સાથે સાથે ઘાટ પર આવતી રમણીઓના ઝાંઝરોનો ઝણકાર–આ સિવાય અહિં રામઘાટપર બીજું કાંઇ સંભળાતું નહોતું.

અગિયરસ હોવાથી રામઘાટપર આજે હજારો મનુષ્ય બચ્ચાઓ આવ્યા હતા. યમુના જલમાં પાપના પુંજને પીગળાવી નાંખવાની આતુરતાથી ઘણાં ભાવિકોનો પણ અહિં જમાવ થયો હતો. વળી સ્નાન કરી, પુણ્ય ખાટી જઇ એક કાંકરે બે પક્ષી મારવાના હેતુથી દીલ્હીવાસિઓની પણ અહિં ઠઠ્ઠ જામી હતી. બાળ, યુવાન અને વૃદ્ધો, ભિન્ન ભિન્ન ઇચ્છાઓથી અને હેતુઓથી અહિં.

હતા અને યમુના પોતાના સ્નેહભીના જલથી તેમને સ્નાન કરાવી રહી હતી.

તીર્થસ્થાનોમાં ફકત ભાવિકોજ આવે છે તેમ નહિં. ભાવિકો યા તો નાસ્તિકો, પ્રભુને નહિં માનનારા અથવા પ્રભુની મસ્કરી કરનારા પણ અહિં આવે છે. વળી કેટલાક કુદરતમાતાના સૌન્દર્યને નિહાળવા પણ આવે છે ત્યારે કેટલાક પુરુષો અને સ્ત્રીઓ સ્થૂલ દેહના લાવણ્યનું પાન કરવા પણ અહિં પધારે છે. આવા ઘાટો પર કેટલાક પ્રભુ પૂજનાર્થે આવે છે, ત્યારે કેટલાક શિકારીઓ શિકારાર્થે પણ આવે છે. તિર્થસ્થાનો એ કાંઇ ભાવિકોએ ઇજારે રાખેલ સ્થળો નથી. વળી એક મનુષ્ય ભાવિક છે કે નહિં તે પણ તેના મોઢાપરથી ચોકસ કહી શકાય નહિ. પ્રાચીન સમયમાં કદાચ કહી શકાતું હશે પણ વર્તમાનમાં તો નહિંજ 'દગા બાજ દોતું નમે' એ વાકય અનુસાર બને એ કાંઇ અસંભવિત નથી, અને આ વાતના હજારો દાખલા વર્તમાનમાં હિન્દુઓના મહાન પવિત્ર સ્થાનોમાંજ નજરે દેખાય છે. હાલમાં તિર્થસ્થાનો ઘણે ભાગે ભ્રષ્ટાચારનાજ સ્થાનો થઇ પડેલા છે, જ્યારે મન્દિરો અને હવેલીઓ કુથલી અને નિન્દાના ચોતરા બન્યા છે, ત્યારે આવા સ્થાનો કે જ્યાં દેશ દેશના હજારો તરેહની પ્રકૃતિના મનુષ્યો આવે ત્યાં આવો ભ્રષ્ટાચાર થાય તેમાં નવાઇ શી ?

આજે પણ અહિંયા આજ પ્રકાર હતો. રામઘાટપર સ્ત્રીઓ અને પુરૂષોને સ્નાન કરવાના સ્થળો જુદાંજ મૂકરર કરવામાં આવ્યા હતા. તોપણ બે સ્થળો વચ્ચે વધારે અંતર હતું નહિ. એટલે પુરુષો સ્ત્રીઓને જોઇ શકતા અને સ્ત્રીઓ પુરૂષોને જોઇ શકતી; પરન્તુ આતો તીર્થસ્થાન; છે, પાપ દૂર કરી હૃદયપાવત્ર કરવાનું સ્થળ છે ત્યાં વળી આવી બાબતોપર લક્ષ્યઆપવાનું હોય ?

કાંચનને દિલ્હીમાં આવી રહ્યા ને બે ચાર દિવસો થયા હતા અને યમુના તટપર શિકારની શોધમાં ફરતાં ગોર 'મારાજો' ના ટોળાંઓએ તેને હજુ દીલ્હીવાસી તરીકે ઓળખી નહોતી. શાન્તાની સાથેજ કાંચન આવતી તોપણ ગોરો તો પોતાનું કર્તવ્ય(!) કરતાજ–એક પછી એક, લાંબા લાંબા ત્રીપુંડવાળા, શિખાને સ્વતંત્રતા આપી શુદ્ધ હવા સાથે ગેલ કરવા દેનારા, અને ગોળ-મટોળ શરીરવાળા ગોર 'મારાજો' ખીસામાં કંકુ અને અક્ષતના પડીકાં લઇ કાંચનની આસપાસ ફરી વળી 'બેન ! સ્નાનવીધી કરો-સવિધ જમુનામાં અસ્નાન કરો, હાથ જોડ કરો–દખણા આપી આત્માનું કલ્યાણ કરો' વિગેરે વચનોનો ધ્વનિ કરતા હતા; પરન્તુ શાન્તા ચાલાક હતી, અને ગોર 'મારાજો' ની પ્રચંડ દૂંદો નીચે રહેલા 'દખણા' ખાઇ ખાઇને જીવન નભાવતા હૃદયમાં શું છે તે તે સમજતી હતી–સ્નાનવિધી એટલે ગોર 'મારાજો' ના હાથોની હર હમેશને માટે તૈયાર અને ખુલ્લી હથેલીમાં બે ત્રણ દમડીઓ અને તેના બદલામાં ભાવિકોને, અંધશ્રદ્ધાળુઓને પઢાવવામાં આવતું અષ્ટમ્પષ્ટમ્ અને ભદ્રંભદ્રં. આ સિવાય, 'દખણા' માટેનીજ ખાસ ક્રીયાઓમાં બીજું કાંઇ ગૂઢ તત્વ શાન્તાને તો સમજાતુંજ નહોતું. એક દિવસમાં હજાર બે હજાર હાથ જોડ કરાવનારા હાલના જમાનાના બ્રાહ્મણોના બ્રાહ્મણતત્વ પરથી લોકોને શ્રદ્ધા ઉઠી જાય તો તેમાં ગુન્હો કોનો ? પાશ્ચિ-માત્ય સુધારાનો કે કહેવાતા બ્રાહ્મણ ગોર 'મારાજો' ની મોદક પિપાસાનો ?

પ્રભાતની નૈસર્ગિક શાન્તિમાં આનન્દથી વાતો કરતાં કરતાં બન્ને સખી રામઘાટપર આવી પહોંચી અને સ્ત્રીઓને માટે

નિયમત થયેલા સ્થાનપર જવા લાગી–અંધકાર હવે દૂર થઇ ગયો હતો. સૂર્યદેવના કિરણો એક પછી એક યમુનાપર ડોલતી નૈકાઓમાં કુદકેને ભૂસકે સ્થાન લેતા હતાં–કાંચને, હજુ તો સ્ત્રીઓ માટેના સ્થળ તરફ જવા સારુ એકાદ બે પગલા ભર્યાં હશે ત્યાં તેને લાગ્યું કે કોઇ વ્યકિતએ તેને સ્પર્શ કર્યો છે, તેણે પાછા વળીને જોયું તો તેનાથી જરા દૂર બે યુવાનો ઉભા ઉભા તેના તરફ દ્રષ્ટિ કરી રહ્યા હતા. બીચારી કાંચન, નિર્દોષ અબળા ભય પામી ગઇ–દુનિયાદારીથી અજાણ બાલીકાને જ્ઞાન નહોતું કે આ આલમપર નરપીશાચો પણ પેદા થાય છે. એ રાક્ષસોનું કાર્યસ્થાન અમૂકજ નથી હોતું. કોઇપણ સ્થળે પોતાની વિષય વાસનાથી તૃપ્તી માટે તેઓ નિશાચરો પ્રમાણે ભ્રમણ કરે છે અને પોતાના આત્માઓને માટે પોતેજ શૃંખલા બનાવે જાય છે. શાન્તા ધીમે ધીમે, આન્દમાં નાચતી, આગળ જતી રહી હતી. અને કાંચન પણ ભયની મારી એકાદ હરણીની માફક તેની સાથે થઇ ગઇ.

થયું. જવા દો.

પાપીઓ અને કાળાકર્મો કરનારા પ્રભુના વ્યાપકપણામાં માનતા હોય એ સંભવિત નથી–અરે ખુદ ખુદાના અસ્તિત્વમાં પણ તેઓને શ્રદ્ધા હોય એ પણ કલ્પનામાં આવી શકતું નથી કાંચન સરલતા અને નિર્દોષપણાની પ્રતિમાને હયરાન કરનારા નરરાક્ષસોએ પણ એમજ ધાર્યું કે તેમના કાળા કામ તરફ કોઇની દ્રષ્ટિ નથી. શાન્તા અને કાંચનને સ્ત્રી–ઘાટ તરફ જતી જોઇ તેઓ પણ આગળ વધ્યા અને પુરુષ ઘાટના સ્ત્રી–ઘાટ તરફના છેડા પર આવી ઉભા–લોકલજ્જાથી કહો કે કોઇપણ પ્રકારના ભયથી કહો તેઓ, સ્ત્રી–ઘાટપર તો જઇ શકયા નહિ.

અને શાન્તા તથા કાંચન સ્ત્રીઓના સમૂહમાંથી અદૃશ્ય થઇ ગઇ છતાં સ્ત્રી સમૂહમાંથી તેમને શોધી કાઢવા માટે તેમના નયનો તરફડીયા મારવા લાગ્યા,

'બસ, એજ આપણે તો એજ જોઇએ, પેલી ગંગા ડોશીને આજ લાવી આપવા માટે કહેવું. ભલે પૈસાના કાંકરા થાય પણ એજ. આહા ! શું રૂપ,જાણે હંસણી ' બેમાથી એક છેલબટાઉ એ બીજાને કહ્યું.

પણ અરે આ શું ?

બીજો હજુ ઉત્તર આપે છે ત્યાં તો પાછળથી તેમને કોઇએ સખત ધક્કો લગાવ્યો અને બન્ને જુવાનીઆઓ, ઘાટના પગથીઆઓને પાવન કરતાં યમુનાના અસ્ખલિત પ્રવાહમાં પડયા.

પરન્તુ યમુનાને શું હતું ! આવાં પાપીઓના પાપ પુંજોથી તે તો બીચારી કંટાળી ગઇ હોય તેમ લાગતું હતું. તે તો પોતાના વ્હાલાને ભેટવા ત્વરિત વેગે સ્નેહગીત ગાતી નૃત્ય કરતી વહે જતી હતી.



પ્રકરણ ૨૩ મુ.

લલિતનો આગ્રહ.

You know how to read the signs of weather but cannot read the signs of times!

Christ.

નવલરામ હમેશાં કાંચનની સાથેજ રહેતો હતો. અરવલ્લીના યોગી સાથેના મેળાપ પછી તેનો જીવનપ્રવાહ કોઇ જુદીજ દિશામાં વહેવા લાગ્યો હતો. ભૂતકાળનો ખુની, લુટારો, ધુતારો, લફંગો નવલ હવે રહ્યો હતો નહિ. તે તો આ દુનિયાના પટ-પરથી હરહમેશને માટે વિદાય થયો હતો. કુકર્મો કરવા માટે જે બુદ્ધિનો ઉપયોગ કરવામાં આવતો હતો તેજ બુદ્ધિનો ઉપયોગ હાલમાં તો સારાં અને પવિત્ર કામો માટે થતો હતો. પાપના પશ્ચાતાપથી હૃદય પવિત્ર બન્યું હતું.

નવલ હરહમેશ કાંચનની સાથેજ રહેતો હતો. જ્યાં કાંચન જાય ત્યાં નવલ તેની સાથેજ જતો હતો, અને કાંચનને એક પળ પણ વિખૂટી મુકતો નહિ. તેને એમજ લાગતું કે દીલ્હી શહેરમાં ઘણાં રઘુનાથો રહેતા હશે. વળી કાંચનના આ વર્તમાન દુઃખોનું મુળ પોતેજ છે એમ તે માનતો હતો. અને આથી તેણે કાંચનના હેમ સાથે લગ્ન કરાવી સુખી કરવાની જીવન પ્રતીજ્ઞા લીધી હતી. વાચક? દુર્ગુણી વ્યકિતઓ અને પાપપુંજથી ઢંકાઇ ગએલા પુરૂષો જ્યારે ચેતે છે, જ્યારે પશ્ચાતાપથી તેમનાં હૃદયો

પાવન થાય છે અને તેમને જ્ઞાન થાય છે કે તેઓના પોતાના કામો નીચ પ્રકૃતિના હતા ત્યારે તેમનો માર્ગ સત્ય તરફ વળે છે, અને એ માર્ગમાં તેઓ અતિશય ઝડપથી આગળ વધી જાય છે. આવા ખરાબ માણસોમાં બુદ્ધિ હોતી નથી તેમ નહિ. બલકે કહેવુંજ જોઇએ કે સાધારણ માણસો કરતાં તેઓની બુદ્ધિ ઘણી તીવ્ર હોય છે; પરન્તુ એ બુદ્ધિનો ઉપયોગજ ખરાબ રીતે થાય છે; પરન્તુ જ્યારે અંધકારના પટો ચીરાય છે અને કોઇ સ્વર્ગીય કીરણો તેમના હૃદયોને પવિત્ર બનાવે છે ત્યારે આ બુદ્ધિ ડાહ્યામાં ડાહ્યા ગણાતા માણસો ન કરી શકે એવા સત્ય દિશા માટેના પરાક્રમો કરી દેખાડે છે. આજ પ્રમાણે નવલનું પણ થયું.

ઘાટપરના બનાવની સવારે નવલને સવારના પહોરમાં જરા વધારે નિદ્રા આવી ગઇ અને બન્ને સખીઓ તેને સાથે લીધા વગર વાતોમાંને વાતોમાં ઘાટ તરફ ચાલતી થઇ, પરન્તુ તેમના વિદાય થવા પછી થોડાકજ સમયમાં નવલ જાગ્રત થયો અને કાંચનને સ્નાન માટે ગએલી જાણી એકદમ પછવાડે ગયો. પ્રભુ જે કરે છે તે મારા માટેજ. નવલ પણ પછવાડે રહી ગયો તે સારુ થયું અને એથીજ ગંગાડોસીના ઘરાકોને પુષ્પાંજલી મળી.

સાયંકાળનો સમય થવા આવ્યો હતો. શિવશંકર સાયંસન્ધ્યામાં પરોવાયા હતા, અને શાન્તા તથા તેના વ્હાલાં ભાભીશ્રી ભોજન સામગ્રીની તૈયારીમાં રોકાયલાં હતા, અને કાંચન શિવશંકરના ગૃહની અગાસીપર વિચારમાં પડેલ હતી. શાન્તાને તથા તેના ભાભીને હરહમેશ કાંચન માટે વિચારો

આવતા હતા. કાંચન તેમને ત્યાં ક્યાંથી ! વળી આ નવલ સાથે શા માટે અને યોગી સાથે તેમનો સંબંધ શો ? વિગેરે વિગેરે વિચારો તેમનાં હૃદયમાં ઘોળાતા હતા; પરન્તુ કાંચનનું પવિત્ર હૃદય બતાવતું પવિત્ર વર્તન, કાંચનનો નિર્દોષ ચહેરો અને નવલનું સાધુ જીવન જોઇ તેમના હૃદયમાં કોઇપણ પ્રકારની ખરાબ શંકાએ સ્થાન લીધું હતું નહિ. વળી શાન્તાના પિતાપરના યોગીના પત્રપરથી તેમને સહજ જણાઇ ગયું હતું કે કાંચન કોઇપણ કારણે પોતાના ભરથારથી જુદી પડી છે. જ્યારે જ્યારે કાંચન વિચારમાં પડેલી જણાતી ત્યારે ત્યારે તેઓ એમજ ધારતા હતા કે કાંચન તેના પતિનોજ વિચાર કરે છે, પરન્તુ શાન્તા પિતાની આજ્ઞાનુસાર કાંચનને એકલી રહેવાજ દેતી નહિ. તો પણ ૨૪ કલાકમાં અમુક પળો તો આવીજ જતી કે જ્યારે કાંચન ભૂતકાળને સંભારી આંસુ પાડતી. આ સમયે પણ તેને એકાન્ત મળી ગયું, અને પાક ગૃહમાં કાંઇ વધારે કામ નહિં હોવાથી તે છાનીમાની અહિં આવી વિચારવમળમાં ગોથાં ખાવા લાગી.

'હેમ ? ઓ નાથ ? બસ આટલાજ સમયમાં વિસરી ગયા ? આજે કેટલા દહાડા પસાર થયા પરન્તુ આપ ક્યાં છો તે પણ જણાવ્યું નહિં. અરેરે સ્ત્રીનો અવતારજ અભાગ્યો છે. હાય જો પુરૂષ હોત તો આપની પાસે ન આવી શકી હોત ? દુનિયાની ચારે દિશા ઉથલપાથલ કરી આપને શોધી કાઢયા હોત નહિ ? પરન્તુ આપ તો પુરૂષ છો. ત્યારે શું આપ મને ચાહતા નથી ? શું આપના હૃદયભાવ બધા ઉપરનાજ હતા. ? અરેરે ! એવું હોઇ શકે ? ત્યારે શું બધા માણસોનો સ્નેહ આવોજ હશે ?

શું માણસોનો, પ્રભુ ભકતોનો પ્રભુપરનો સ્નેહ પણ આજ પ્રકારનો હશે ? દેવ દર્શન, અને હવેલીઓમાં પ્રભુ પૂજનાર્થે જનારા શું બધાં ઢોંગી હશે ? નહિ નહિં. એ સર્વ તો ગમે તે પ્રકારના હોય પણ હેમ તમે તો તેવા નથીજ. આહા ! તમારાં નયનોમાંથી વહેતી સ્નેહ ધારા હજુ મારી દ્રષ્ટિ સમક્ષ તરે છે. હાય હું એ જોઇ શકું છું; પરન્તુ હવે તો બધુ ગએલું યાદ કરી રડવાનાજ દિવસો આવ્યા, અને તે શાથી ? આ રૂપથી. નહિ. નહિ. થોડાએક સ્વાર્થીઓએ પોતાના સ્વાર્થ માટે રચેલા કાવત્રાંથી અને મૂર્ખ લોકોની અન્ધતાથી. હાય ! હલકી જાતિનાઓને હૃદયોજ ન હોય જાણે ? તેઓને ઉચ્ચ જાતિવાળાઓને ચહાવાનો હકજ નહિ ? અને નીચ જાતિને ધીક્કારવાનો તેમને પરવાનોજ આપવામાં આવ્યો ન હોય જાણે ? અરે પ્રભુ ! આવું. તારા જગતમાં આ ગોટાળો અને અંધકાર કયાંથી ? ગીતા કહે છે કે તું ન્યાયી છે. લોકો કહે છે કે ગીતા સર્વોત્તમ ધર્મગ્રંથ છે, ત્યારે આ સર્વ શું જણાય છે ? શું બધા હિન્દુઓ હિન્દુ ધર્મ માને છે કે કોઇ રૂઢી ધર્મ ? એ સર્વ હિન્દુઓ સાચા છે ? જો તેમને તેમના ધર્મ આદેશોમાં શ્રદ્ધા છે તો પછી આ સર્વ પોકળ કયાંથી આવ્યું ? પોતાની નીચ વાસના તૃપ્ત કરવા માટે પોતાની સત્તા માટે રઘુનાથે લોકોને ભમાવ્યા અને લોકો પણ આંખો મીંચીને ચાલ્યા કર્યું અને આથીજ મારું સત્યાનાશ વળ્યું. અરેરે ! પણ આ સર્વ ભીન્ન જાતીઓનેજ લઇને, પરન્તુ આ જાતી બન્ધનો તો ધર્મશાસ્ત્રો કહે છે તે પ્રમાણે કર્મથી છે. ત્યારે હેમના કર્મો તો પ્રાચીન સમયના બ્રાહ્મણ જેવા છે, અને હાલના બ્રાહ્મણો ? પ્રભુ. પ્રભુ. આ

યમના તટે બીલુઓની શોધમાં 'દખણા' માટે તરસ્યા અને તરફડતાં બ્રાહ્મણોને શું બ્રાહ્મણ કહેવા? પ્રાચીન સમયમાં રાજ્ય પાટને લત્તા પ્રહાર કરી પોતાના પવિત્ર કર્મોમાંજ મશગુલ રહેનાર, બાદશાહો અને શહેનશાહોને ધ્રુજાવનાર ભૂદેવ બ્રાહ્મણોનાજ આ સર્વ વંશજો છે? ત્રણ દમડી માટે હાથ જોડ કરવાની યાત્રાળુને વિનંતિ રૂપ આગ્રહ કરનાર હાલના બ્રાહ્મણોની નસોમાં ઋષિમુનિઓનું રક્ત વહે છે? પ્રભુ. પ્રભુ. આ સર્વ મગજ ભમાવે તેવું છે.'

કાંચનની વિચારવીણાના તારો તુમ્‌તુમ્ થયે જતા હતા. અને એ તારોને કાંચનની અંગુલીઓ શોકજનક નાદ કરાવી રહી હતી. ત્યાં નીચે કાંઇ ગડબડાટ થયો; પરન્તુ કાંચનને તેનું કાંઇ ભાન રહ્યું નહિ. ઉપર ખુલ્લું આકાશ અને આકાશમાં તારલા જોઇ તેને આ સમયે પંચરત્ન મંદિરની અગાશી યાદ આવી અને આ સ્મૃતિ તાજી થતાંજ પોતાને ઉછેરનાર અને પાળીપોષી મનુષ્ય બનાવર લક્ષ્મીની મૂર્તિ તેના હૃદયમાં ખડી થઇ ગઇ, તથા નયનોમાં પાણી ભરાંઇ ગયા. 'મા–મા–તને તો નજરે જોઇ હોય એમ પણ યાદ આવતું નથી. તારી મૂર્તિનું સમ્પૂર્ણ વિસ્મરણ થયું છે; પરન્તુ ઓ દૈવ! આ મારી જીવીત માનો પણ તેં મને વિયોગ કરાવ્યો? હા. દુઃખ પોતાની સાથે પોતાની સંતત્તિને પણ લાવે છે. ભવિષ્યના ભરથારનો વિયોગ. લક્ષ્મીપુરવાસિઓએ ઉપજાવેલું પોકળ, સ્નેહથી ઉભરાઇ જતા હૃદયવાળી બ્હેન ઇન્દૂનો વિયોગ અને તેમાં અધુરામાં પુરું આ જીવનદાતામાંથી પણ અલગ પડાયું. ઇન્દૂ. વ્હાલી ઇન્દૂ? તું પણ મને વિસરી ગઇ? આહ! હેમના પ્રથમ દર્શન પ્રસંગે

તેં મને કેવા સ્નેહથી આભુષણ્યાં પહેરાવ્યાં હતા ? એ સમયનો તારો ભગીની તરીકેનો પ્રેમ હું આ જીવનમાં ભુલીશ ? એ સ્નેહ કેમ ભુલાય ! શું જગતમાં એ સ્નેહને અરે તેની છાયાને પણ હું ફરી જોઇ શકીય ? પ્રભુ ! હાય ! સુખી દિવસો ગયા. હરહમેશને માટે ગયા. હવે રહ્યું ફકત રૂદન કરવાનું અને ભુતકાળને સ્મરી રૂઢી રાક્ષસીના ભક્ષ થઇ બળી મરવાનું. ઇન્દુ જેવી બેન, લક્ષ્મી જેવી પ્રેમી મા અને હેમ જેવો સ્નેહમય ભરથાર–હાય–આ બધું મેં ગુમાવ્યું. અને શાથી ? ફકત રૂઢિ અને રૂઢીથીજ. લોકોની અસત્ય ભાવનાની અને સ્વાર્થીઓની પોતાના સ્વાર્થ માટે આખા સમાજનો નાશ કરનાર રાક્ષસી વૃતિથી.'

'અરે કાંચન ! અહિંયા શું કરે છે ? હું તે તને શોધી શોધીને થાકી–ચાલ-ચાલ–લક્ષ્મીપુરથી તને કોઇ મળવા આવ્યું છે.' શાન્તાએ અગાસીમાં આવતાં કહ્યું.

કાંચનની વિચારમા વા એકદમ તુટી ગઇ લક્ષ્મીપુરનું નામ સાંભળતાંજ તેનું હૃદય આશ્ચર્યમાં ડુબી ગયું. શું લક્ષ્મી પોતાની મા આવી છે ? શું ઇન્દુ તેને પાછી કાંચન કહી બોલાવવા અને ભગીની તરીકેનું સ્થાન ફરી આપવા આવી છે ? ત્યારે હેમ આવ્યા છે ? નહિ. હેમ તો ત્યાં નથા. વળી હેમને ખબર પણ કયાંથી હશે કે હું અહિં છું. લલિતે કદાચ લખ્યું હોય–પરન્તુ લલિત તો નહિં આવ્યા હોય ? હા–એ બનવા જોગ છે–યોગી મહારાજ કહેતા હતા કે હું લલિતને જણાવીશ– ખરેખર તેમણે જણાવ્યુંજ હશે, અને આથીજ કાંતો લલિતજ આવ્યા હશે. વાંચક ! થયું હતું પણ તેમજ–લલિતજ આવ્યા હતા, અને તે પણ યોગીએ આપેલા સમાચારપરથીજ.

'હવે ચાલ. બહુ વિચાર કરવાથી ગાંડી બની જઇશ. આખો દિવસ વિચારને વિચાર.'

'શાન્તા! કોણ આવ્યું છે?'

'નવલે મને કહ્યું કે કાંચન બેનને લક્ષ્મીપુરથી કોઇ મળવા આવ્યું છે-એટલે હું તને અહિં બોલાવવા આવી.'

'ચાલ ત્યારે હવે આપણે જઉએ!

બન્ને બ્હેનો હજુ તો નીચે આવતી હતી ત્યાં સીડીના પગથીઆં પાસેજ નવલ મળ્યો અને તેણે કહ્યું:

'કાંચન બેન! એક શુભ સમાચાર! ગભરાશો નહિં હો. લલિત આવ્યા છે.'

પણ કાંચનને ગભરાવાનું કે આશ્ચર્ય પામવાનું તો હતુંજ નહિ. લલિતના આવાગમન માટે તો તેને શરુઆતમાંજ શંકા ગઇ હતી. એટલે નવલના સમાચાર નવીન ન હોતા, અને આથી તેણે શાન્તિથી જવાબ આપ્યો,

'મને મળવા આવ્યા છે? નવલ! તમે જઇને કહો કે હું તેમને મળવા ઇચ્છતી નથી.'

'બેન આ શું? તમે લલિતને મળવા ઇચ્છતા નથી?'

'નવલભાઇ! હવે આ મોઢું હું તેમને બતાવવા ઇચ્છતી નથી. અમને વગર ગુન્હાએ લક્ષ્મીપુરમાંથી કાઢી મૂકયા અને સ્વાર્થીઓના સ્વાર્થને તેઓ વશ થયા. નહિ-હું તેમને મળીશ નહિ-તેમને તમે આ સમાચાર આપો'

'પણ બેન?'

'નવલભાઇ-તમે જાઓ, અને તમે તેમને બસ મેં તમને જે કહ્યું છે તે જઇને કહો.'

નવલનું મોઢું ઉતરી ગયું. કાંચનના શબ્દો સાંભળી તેને ઘણી દીલગીરી થઇ અને લલિત પાસે જઇને કાંચન સાથે પોતાને થએલો સંવાદ શોક સ્વરે લલિતને કહી સંભળાવ્યો. લલિત પણ આ સર્વ સમજ્યા. તેઓ થોડીવાર તો શાન્ત રહ્યા. પરન્તુ પછીથી બોલ્યાઃ

'નવલરામ ! તમે કાંચનને જઇને કહો કે ઇન્દુનો સંદેશો લઇ હું આવ્યો છું. વળી લક્ષ્મીના સમાચાર પણ આપવાના છે. જો તેને તેની મા માટે મારા મૂખથી કાંઇ સાંભળવું ન હોય તો તે ન આવે એટલું તેને જણાવો.'

નવલ આ ઉત્તર સાંભળીને ખુશ થયો અને કાંચનને જઇને અક્ષરશઃ આ ઉત્તર કહી સંભળાવ્યો. કાંચન પણ વિચારમાં પડી. ઇન્દુના અને લક્ષ્મીના, પોતાનાપર મમતા રાખનાર, પોતાને પુત્રી તરીકે પાળનાર લક્ષ્મીના ખબર–બસ–લક્ષ્મીનું નામ સાંભળી તેનું હૃદય પીગળી ગયું અને ધીમે પગલે લલિતની પાસે આવી પગ તરફ દ્રષ્ટિ રાખી તે ઉભી રહી.

લલિતે તેના સામું જોયું. હાય ! કાંચનની ગુલાબી લાલી ક્યાં ગઇ ? પેલું હરહમેશ સ્મિત કરતું મૂખડું ક્યાં ગયું ? આનન્દથી નૃત્ય કરતી આંખો ક્યાં અદ્રષ્ય થઇ ગઇ ? અરે ! જમાનોજ બદલાઇ ગયો કે શું ?

'કાંચન ! તું મારાથી શરમાતી હતી ?'

'નહિ–નહિ–લક્ષ્મીપુરમાંથી આપની ઇચ્છાથી અમે નીકળ્યા અને ત્યાર પછીના બનેલા બનવોથી આપ અજાણ્યા નથી;

પરન્તુ એ બનાવોના ભેદથી આપ કદાચ અજાણ હો એમ ધારી મારું આપની દ્રષ્ટિમાંનું કલંકિત મોઢું ન બતાવવાજ મેં જણાવ્યું હતું.'

'નહિ કાંચન. મને સર્વ જણાયું છે. રઘુનાથ ખાખી-એ મરતાં પહેલાં સર્વ જણાવ્યું છે. તે સાધુની ઉસ્કેરણીથી લોકો ઉસ્કેરાયા અને એથીજ સમ્પૂર્ણ હૃદય બળના અભાવે તમને લક્ષ્મીપુરમાંથી વિદાય કરવાના ભયંકર પરિણામોથી હું અજ્ઞાત નથી, પણ હવે મને પશ્ચાતાપે ઘેરી લીધો છે. કાંચન હવે ચાલ. ફરી એકવાર મારા ગૃહને આનન્દમાં ડોલતું કર. ઇન્દૂના નયનમાંથી વહેતા અશ્રુઓને લુછવા લક્ષ્મીપુર ફરી આવ.'

'બાપુ! આપ જાણો છો કે લોકો અમારા લગ્ન વિરૂદ્ધ છે એટલે વળી એ લોકોને કોઇ ભમાવનાર મળીશે તો બૂમાટ કરશે.'

'કાંચન! પણ ઇન્દૂનું શું? વળી લક્ષ્મી પણ રૂદનજ કરે છે. તું નહિં આવે તો તે તરફડીજ મરશે-હાય, તમારા સર્વના દુઃખનો કારણ હુંજ થયો.'

'નહિ, આપ દોષીત નથી. દોષી તો ફક્ત સ્વાર્થી રઘુનાથ અને વામે તે તરફ વળતા લોકો; પણ મારી મા ને કેમ છે? તેને તથા મારી ઇન્દૂ બેનને તમારી સાથે કેમ ન લાવ્યા?'

'અરવલ્લીના યોગી તમને જે માર્ગે અહિં લાવ્યા હતા તેજ પહાડી અને ટૂંકા માર્ગે હું આવ્યો એટલે તેમને અહિં સાથે લાવવાનું મને યોગ્ય ન લાગ્યું. વળી હું તને તેડી જવાજ આવ્યો છું એટલે તમને પણ શાન્તિ મળે.'

'તેમની તંદુરસ્તી કેમ છે ?'

'લક્ષ્મીને જરા ભ્રમવાયુ થયો હતો; પરન્તુ હવે તેને પણ ઘણું સારું થઇ ગયું છે, બાકી ઇન્દુ તો રડેજ છે.'

'અને અમારી સાથે આવેલા નોકરોનું શું ?

'તેમાંનો એક મરણ પામ્યો છે; પરન્તુ તેના સ્ત્રી–છોકરાં માટે ઘણી સારી સગવડ કરવામાં આવી છે, પણ તું બધી વાતો મૂકી દે, આપણે જલદીથી નિકળવાનું છે.'

'નહિં, બાપુ. હું ત્યાં નહિં આવું. ભૂતકાળના ભયંકર બનાવોના સ્મરણ માત્રથી હું કંપી જાઉં છું. મારા સર્વ દુઃખના મૂળરૂપ એ ગામમાં હવે હું પગ મૂકીશ નહિ.'

'કાંચન ! યાદ કર. એ ગામમાંજ હાલમાં તારા હૃદયમાં કોતરાઇ રહેલી મૂર્તિ મળી, તમો બન્ને સ્નેહીઓનો ત્યાંજ મેળાપ થયો.'

'એ વાત સાચી, પરન્તુ હવે તેઓ ત્યાં નથી. કયાં છે એ હું જાણતી નથી. બાપુ ! મને ત્યાં આવવાનો આગ્રહ કરો નહિ મારું હૃદય મહા મહેનતે અહિં સ્વસ્થ થયું છે, હવે પાછું દુઃખદરીયે તેને હોમવા હું ત્યાં નહિં આવું.'

'કાંચન ? ઇન્દુ અને લક્ષ્મીને મળવાની પણ તને દરકાર રહી નથી એ જોઇ મને આશ્ચર્ય થાય છે. આટલા સમયમાં ત્હારા હૃદયમાં થએલું પરીવર્તન જોઇ મને દીલગીરી ઉપજે છે.'

'હા, બાપુ, આપ ગમે તે કહો તે કબુલ છે. મારી મોટી બેન રૂપ ઇન્દુના સ્નેહને હું આ જીવનમાં તો વિસરી શકીશ

નહિ. વળી જ્યાંસુધી આ દેહમાં પ્રાણ છે ત્યાંસુધી તો લક્ષ્મી-માતાનું નામ સ્નેહ સ્મરણવહિમાંથી સરી પડે તેમ નથી તોપણ હું ત્યાં નહિં આવું. મને ખાત્રી છે કે તેઓ અહિં આવશે. મારા સ્નેહનો પ્રબળ પ્રવાહ તેમને અહિં ઘસડી લાવશે.'

'ઠીક ત્યારે હું જાઉં છું. તું અહિંયાજ રહે, ત્હારા હૃદયને હવે વધુ દુઃખમાં નાંખવા હું ઇચ્છતો નથી. આજેજ હું હેમને પત્ર લખું છું. તે મથુરામાં છે. એટલે તેઓ પણ મારા ગયા પછી તુરતજમાં આવી પહોંચશે.'

'આપ અહિંયા થોડા દિવસ રહો તો ?'

'નહિ, આપણા મહારાજાનું ઘણું અગત્યનું કામ છે, અને તેમના ફરમાનથી આજેજ મારે વીરપુર જવાનું છે. એટલે હું આજેજ અહિંથી જઇશ.'

'મારી બહેનને તેમજ મારી માતાને મારા કુશળ સમાચાર આપજો, અને જેમ બને તેમ તેમને અહિં જલદીથી મોકલી આપજો.'

'હા. હવે તો ત્હારા લગ્ન પ્રસંગેજ તેઓ આવશે.'

કાંચન શરમાઇ ગઇ અને કાંઇપણ બોલ્યા વગર પગ તરફ દ્રષ્ટિ રાખી ઉભી રહી.

લલિત ઉઠયા અને કાંચન તરફ એક વખત ફરી સ્નેહાર્દ્ર દ્રષ્ટિએ જોઇ ઓરડામાંથી બહાર આવ્યા. નવલ અહિં તેમની રાહ જોતો હતો. નવલને જોઇ લલિત બોલ્યા:

'નવલરામ! રઘુનાથ ખાખીએ મૃત્યુ પથારીપર સુતાં સુતાં મને જણાવ્યું હતું કે તમે હેમનું ખૂન કરવા ઇચ્છતા હતા.'

લલિતના શબ્દો સાંભળતા નવીન નવલ કંપી ઉઠયો. ભુતકાળનો ઇતિહાસ યાદ આવતા તેનું હૃદય થરથરી ઉઠયું અને તેણે નમ્ર સ્વરે જણાવ્યું.

'મહારાજ ? આપની સમક્ષ ઉભેલો નવલ આગળનો નવલ નથી, અન્ધકારમાંથી પ્રકાશમાં આવવાનો લાભ મને મળ્યો છે અને એ લાભ મેં લીધો છે. મારામાં થયેલા પરિવર્તન માટે કાંચન બહેન અને યોગી મારા સાક્ષી છે.'

'હા–નવલ–મને યોગીએ તમારા માટે જણાવ્યું હતું. પ્રભુનો ઉપકાર કે તમારી વૃતિ ફરી ગઇ છે. હવે આજે તમે મારૂ એક કામ કરો અને હું પત્ર આપું છું તે હેમને આપી આવો. હેમ આ વખતે મથુરાંમાં છે.'

'મથુરામાં ? અહિંયાથી ઘણું નજદીક. ત્યારે તે અહિં કેમ આવતા નથી ?'

'હેમ આજ સુધી મથુરામાં છે તેની મને પણ ખબર ન હોતી; પરન્તુ હું અહિં આવવા નીકળ્યો એ પહેલાં મને મુંબઇથી હેમના મિત્રનો પત્ર મળ્યો અને ત્યાર પછી તુરતજ યોગી મળ્યા તેઓ પણ હેમને મળ્યા હોય તેમ લાગે છે. હું ધારું છું કે યોગીએ તમારા અને કાંચનના અહિં હોવા વિષેના કાંઇ સમાચાર હેમને કહ્યા નથી. નહિંતર હેમ અહિં આવ્યા વિના રહેજ નહિં. તે તો ત્યાં ઝુરતાજ હશે. યોગીએ હેમનું સ્થાન કેમ શોધી કાઢયું તે સમજાતું નથી; પરન્તુ તેમણેજ મને જણાવ્યું કે હેમ મથુરામાં વસતા વણીક શેઠ સર્વધનના બંગલામાં રહે છે. વળી હેમના મિત્રના પત્રમાં પણ આજ શેઠનું નામ

છે. હું પોતેજ મથુરા જઇ હેમ પાસે મારા આ સર્વ અપરાધો માટે ક્ષમા માગી કાંચન સાથે તેનો મેળાપ કરાવી આપત પણ લાચાર. વીરપુરના મહારાજાના આદેશથી મારે આજેજ દીલ્હીથી વીરપુર જવાનું છે એટલે તમે હેમને મારો પત્ર હાથોહાથ આપી તેને અહિં લેતાજ આવો. મેં તેને અહિંયાના શિરનામે એક પત્ર લખ્યો હતો; પરન્તુ એ પત્ર તેને પહોંચ્યો કે નહિં તે હું જાણતો નથી, કેમકે હું, લક્ષ્મીપુર હતો ત્યાં સુધીમાં તો તેનો જવાબ આવ્યો ન હોતો. હવે હું વીરપુર જાઉં છું અને ત્યાં થોડાએક દિવસ રોકાઇ લક્ષ્મીપુર જઇ લક્ષ્મી, ઇન્દ્ર વિગેરેને લઇને અહિં આવીશ.

'બહુ સારું ત્યારે આપ જાઓ અને હું હેમચન્દ શેઠને તેડવા આજેજ અહિંથી નીકળું છું.'

લલિત વીરપુર તરફ અને નવલ મથુરા તરફ રવાના થયા.

પ્રકરણ ૨૪ મું.

રતિનાથનો હલ્લો.

'તુલસી જગમેં આયકે, કોન ઉભયો સમરથ
ઇહ કંચન અરુ કાંનકો, જીન ન પસારે હથ.'

શિવશંકર ઉચ્ચ કુળના બ્રાહ્મણ હતા. પાઠપૂજા સંધ્યા અને વેદાધ્યાન તેમના મુખ્યકર્મો હતા. સવારમાં યમુના સ્નાન કરી, દેવ દર્શન અર્ચન કરી તેઓ ગૃહે આવતા અને ત્યાર પછી વેદાધનમાં મશગુલ રહેતા હતા, તેઓની આજીવીકા માટે તેઓને ખાસ ચિન્તા જેવું નહોતું કેમકે તેમનો પુત્ર જનાર્દન થોડું એક ઇંગ્રેજી ભણ્યો હતો અને મુંબઇમાં નોકરી કરી પોતાનું અને પિતાનું ગુજરાન ચલાવતો હતો શીવશંકરના પત્નીને સ્વર્ગવાસ થયા આજે ઘણાં વરસો વીતી ગયાં હતા. પત્નીના મરણ પછી શિવશંકરે ફરી લગ્ન કર્યા નહોતા, અને ઘરનો સઘળો કારભાર શાન્તા અને તેના ભાભીજ ચલાવતાં હતાં.

શાન્તાના સ્વભાવથી વાચક હવે અજ્ઞાન નથી. વળી તે શાન્તાની ભાભી ગીરજાગવરી વિષે પણ થોડું ઘણું જાણે છે. ગીરજા એ ખરેખર ગીરજા–પાર્વતી હતી. ખરેખર આટલાજ શબ્દોમાં શાન્તાની ભાભીના સ્વભાવનો પરીચય અપાય જાય છે.

જનાર્દન લગભગ ઘણા સમયથી મુંબઇમાંજ રહેતો હતો. મુંબઇમાં તેને સારી લાગવગ અને ઓળખાણને લઇને મહિને લગભગ ૭૦ થી ૭૫ રૂપિઆ મળી રહેતા હતા; પરન્તુ તે

પોતાની પત્નીની સાથે રહેતો નહિ. તેને લાગતું કે જો તે પોતાની સ્ત્રીને સાથે રાખશે તો ખરચમાં વધારો થશે અને આથી પિતાને બહુ થોડું મોકલી શકાશે. આ તેને યોગ્ય લાગ્યું નહિ. વળી ગિરજાના સ્વભાવથી પણ તે સમ્પુર્ણ વાકેફગાર હતો. તેને ખાત્રી હતી કે ગીરજા કદી પણ તેના પિતાની સેવાથી કંટાળશે નહિ. સાસુસસરાની સેવા કરી પુત્ર અને પુત્ર વધુએ તેમને તેમની વૃદ્ધાવસ્થામાં જેમ બને તેમ વધારે શાન્તિ અને આરામ આપવો એ વાતથી જનાર્દન કે ગિરજા અજ્ઞાન ન હોતા. સંયુકત કૌટમ્બિક પદ્ધતિથી થતા લાભોએ તેના હૃદયમાં ઘણુંજ ઘાઢ સ્થાન લીધું હતું. એટલે પત્નીના વિરહથી તેને વધારે દુઃખ થતું ન હતું.

જનાર્દનની વય લગભગ ૩૦ થી ૩૨ વરસની હતી. તેનો દેખાવ સુન્દર હતો. વળી મુંબાઇમાં રહેવાથી તેના શરીરની સ્યામતામાં પીળાશ મળી હતી અને બીજી ફેશનોએ પણ તેના દેહપર સામ્રાજ્ય મેળવ્યું હતું એટલે તે સારી રીતે સોહામણો લાગતો હતો. સરેરાશ રીતે મુંબાઇમાંનું તેનું જીવન પવિત્ર હતું એમજ કહેવું જોઇએ, અને આ તેના પિતાના શિક્ષણને આભારી હતું એ પણ સ્વીકારવું જોઇએ. આમ હોવાં છતાં જનાર્દન સ્વભાવે ઉતાવળીઓ હતો અને ૩૦ વરસનું વય થયાં છતાં મનપર સમ્પૂર્ણ અંકુશ ધરાવતા શિખ્યો ન હોતો.

આજે જનાર્દન દીલ્હી આવેલ હતો, પરન્તુ હાય! તેના આવાગમને કેટલું દુષ્કર પરિણામ નિપજાવ્યું?

સંધ્યા અદૃસ્ય થઇ અને ધામે ધીમે ગગનનો રંગ સ્યામ થઇ ગયો. તારલાઓ એક પછી એક વ્યોમમાં હાજર થઇ ગયા

અને યમુનાના તરંગોના નૃત્ય ને તાલ આપી પોતે પણ નૃત્ય કરવા લાગ્યા. વળી તેમનાં અધિરાજ રજનીકાન્ત પણ આ સઘળું દ્રષ્ય જોવા પોતાના સિંહાસનપર ઉપસ્થિત થઇ ગયા. જેમ જેમ રાત્રિ વ્યતીત થવા લાગી તેમ તેમ આ કમલીની નાથનું મૂખાર્વિંદ વધારેને વધારે પ્રફૂલ્લ થયું અને છેવટમાં બરાબર મધ્યરાત્રિ થતાંજ, પોતાની પ્રિયા સાથેના વિહાર માટે તેઓ સપૂર્ણ પ્રકાશથી ખીલ્લી નીકળ્યા. તારાગણોની આ મેફલ હવે પૂર રંગમાં જામી. આ તરફથી વાયુ મહારાજ શિતળતા પ્રસરાવવા સાથે દીલ્હીના ઉદ્યાનોમાં ખીલ્લી નીકળેલા પુષ્પની સુગન્ધને ગગનમાં પહોંચાડવા લાગ્યા ત્યારે બીજી બાજુએ વૃક્ષરાજો પોતાની પ્રિયા લત્તિકાઓ સાથે, આલમના ભવ્ય અને શીતળ દીપક સ્વરૂપ ચન્દ્રમાંના આનંદની ખાતર નાચ અને ગાન કરવા લાગ્યા. કમલિનીઓના મૂખો પોતાના પતી તરફ વળ્યા અને તેના વહાલાએ એ પુષ્પ કળીઓના મૂખમાં અમૃતધારા વરસાવવાનો પ્રારંભ કર્યો. માતા કુદરતે પોતાના પ્રિય બાલુડાંઓના આ સર્વ કૃત્યો જોયાં અને આનન્દથી તેનું હૃદય પણ ઉભરાઇ ગયું. આહા! પોતાના બાળકોને સુખી જોઇ, આનંદમાં ઝુલતાં જોઇ, કયી જનેતાને આનંદ ન થાય?

ગિરજાનું વય કાંચનના વય કરતાં મ્હોટું હતું. વળી કાંચનના સૌન્દર્ય પાસે તેનું સૌન્દર્ય તેમ ન હતું. કાંચનનુ રૂપશશિ અતૂલ હતું; પરન્તુ હાય! આ સ્વરૂપ શા માટે? કોના માટે? અરે રે! તે કરમાઇ જતું હતું.

પેલા કમળ જેવા નયનો હવે વ્હાલાની રાહ જોઇ જોઇ પદમોની માફક બીડાંતા જતા હતા. પેલા ગુલાબી ગાલોપરની ગુલાબી લાલાશ ભયંકર રાક્ષસી ચીન્તા ચોરી જવા લાગી હતી. પેલા નાગણિના જેવા શ્યામ અને લાંબા કેશોનો અમ્બોડો કોઇ દિવસજ વળાતો હતો. વાળોને પુષ્પનો સ્પર્શ તો થતોજ નહિ; પરન્તુ શા માટે થાય ? કોના માટે થાય ? આ સર્વનો હેતુ તો કાંચનના નયન સમક્ષ હાજર નહતો. એ બિચારો એક દિશામાં રખડતો હતો ત્યારે કમલીની સ્વરૂપ કાંચન બીજીજ દિશામાં, બીજાનાંજ ગૃહમાં જીવન વ્યતીત કરી રહી હતી, અને આ બધું શા માટે ? રૂઢી રાક્ષસીઓના કરાલ અને ભીષણ ભોગ માટે.

દીલ્હીમાં આવ્યા કે તરતજ જનાર્દનની આંખ કાંચન તરફ આકર્ષાઇ. આહા ! વળી આવી ગુલાબ કળી અહિં મારા ઘરમાં ક્યાંથી ? આવું સૌન્દર્ય તો મુંબાઇમાં વસ્તી મહીલાઓમાં પણ નથી (જાણે મુંબાઇવાસિ સ્ત્રીઓએજ સૌન્દર્યનો ઇજારો લીધો ન હોય !) અને વળી તેનું નામ કાંચન ! હા. કાંચન પુષ્પકળી તારી પાસે આ મારી પરણેતર શી વીશાતમાં છે ? બગ અને કાગને સરખાવાય !

જનાર્દન સાહેબ આ મધ્ય રાત્રિએ, જ્યારે કુદરત નિર્દોષતામાં ઝુંલી રહી હતી ત્યારે, પર્યંકમાં પડયા પડયા ઉપરના વિચારો કરી રહ્યાં હતાં. તેમની પાસેજ તેની નિર્દોષ ભાર્યા પતિને પ્રભુ તરીકે માનનાર ખરી આર્ય મહિલા, નિદ્રાવશ થઇ હતા. અને આ મહાશય, હિન્દુશાસ્ત્રના નીતિ નીયમો, રે ! સારી આલમપરના નીતિ નીયમોને પાદપ્રહાર કરી બીજાનીજ

પુષ્પકળીના ભ્રમર બનવાનો ગુંજારવ કરી રહ્યા હતા. અરેરે! પુરુષો સમજતા નથી કે તેઓ તેમની સાથે લગ્ન સંબંધથી સંયુકત થએલ મહીલાઓના પ્રાણ છે. રે! તેમનું જીવન છે. નિર્દોષ બીચારી લલનાઓ પોતાના ભર્થારોને પોતાનું સર્વસ્વ માને છે. પોતાના પતિઓને પ્રભુની માફક ભજે છે. ત્યારે આ મહાશયોની વૃત્તિઓ તો કાંઇ ભીન્ન સ્થળેજ ભ્રમણ કરે છે. તેમના આ ભ્રમણથી તેઓ પોતાના આત્મા માટે ભીષણ દંડ તૈયાર કરે છે એટલુંજ નહિં; પરન્તુ બીજાના આત્માઓને દુઃખ દરીયે હોમી દેવાને પણ તેઓ અચકાતા નથી. થોડી એક પળ માટેના, રાક્ષસી, પીશાચીય ઇચ્છાની તૃપ્તિ, સુખ માટે તેઓ નિર્દોષ અબળાઓના જીવનો ખારાં કરી નાંખે છે. આવા દાખલા વર્તમાનમાં હજારો અને કરોડની સંખ્યામાં બને છે. અને આનું કારણ? 'લાકેડ માંકહું' વળગાડી દેવાની પેલી રૂઢી–રાક્ષસીજ કે નહિ.?

હવે જનાર્દન ગિરજા પાસેથી ધીમે રહીને હળવેથી ઉઠયો. ન લાગ્યો ભય તેને પિતાનો કે ભગીનીનો અને ન આવ્યો તેને વિચાર ગિરજાના ભીષણ હૃદય ભંગનો. આહા! કામ! શિવે તેને હિમાલયના કૈલાસ શિખરપર ભસ્મીભુત કર્યો હતો ત્યારે તું હજુ કયાંથી જીવન ધારણ કરી રહ્યો છે? કેટલાઓના ખુનો કરી મનુષ્યોના રૂધિરપાનોથા શું હજુ તારું ખપ્પર નથી ભરાયું? હજારો અને લાખો આર્ય મહિલાઓના ફફડતાં હૃદયોમાંથી વહેતા ઉષ્ણ અશ્રુઓથી તારી તૃષા ગઇ નથી? શું પાશ્ચિમાત્યોએ લવ Love નામથી વિજ્ઞાનની કોઇ નવીન શોધ્યડે તને નવીન જીવન તો બક્ષ્યું નથીને?

જનાર્દન, એકાદ બીલાડની માફક પગલાં ભરતાં ભરતાં વગર અવાજે કાંચન જ્યાં નિદ્રામાં પડી હતી ત્યાં ગયો. હરહમેશ કાંચન અને શાન્તા સાથેજ એકજ ઓરડામાં સુતાં હતાં, પરન્તુ બનવા કાળ હતું તે આજે શાન્તા પિતાની સાથે અગાશીપરજ સુતી હતી, અને આથી જનાર્દનને ઠીક લાગ મળી ગયો, પણ વાચક ! 'રામ રાખે તેને કોણ ચાખે' એ પ્રાચીન પ્રથા સ્મરણ વહિમાંથી દૂર કરવાની નથી હો.

કાંચન, કુદરતનું એ નિર્દોષ વિરહી બાલુડું, નિદ્રાદેવીના ખોળામાં ઝુલતું હતું. તેના સુન્દર મૂખપર કાળા કેશની લટો વિખરાઇ ગઇ હતી. એક હાથ પલંગની બહાર હતો ત્યારે બીજો હાથ મસ્તકનો આધાર-ભુત બન્યો હતો. કમળના મળ જેવા પગોપરથી સહેજ વસ્ત્રો ખસી ગયાં હતાં તોપણ સર્વ મર્યાદિત હતું. ઓરડાની બારી વાટે તેનાપર, કમલીનીના પ્રિય નાથના કિરણો ધીમે ધીમે, નૃત્ય કરી રહ્યા હતા, અને આ સર્વ દ્રશ્ય અતિ મધુરું બન્યું હતું. બસ–આ દ્રશ્યે જનાર્દના મગજને ભ્રમીત કરી નાંખ્યું. એક તો કામુક અને તેમાં વળી આ નૈસર્ગિક, પ્રસંગ વશાત્નું દ્રશ્ય. એટલે બાકી શું રહે.

જનાર્દનના સ્પર્શથી કાંચન ચમકી ઉઠી અને ઝબકીને તે પલંગપરથી ઉઠી થઇ ગઇ.

'આ શુ ! જનાર્દનભાઇ ! આ વખતે અહિંયા ?'

'વ્હાલી, ગુલાબકળી ! તારા માટેજ.'

'અરે! ભાઇ! આ વખતે આ શું બોલો છો? જાઓ જાઓ. કૃપા કરીને અહિંયાથી જાઓ.'

'કાંચન! પ્યારી મારી કાંચન! જાય કયાં?'

કાંચનથી હવે આ પ્રકાર સહન થયો નહિ. તેણે જરા આવેશથી કહ્યું.

'ચુપ રહો. હું તમારી બેન થાઉં છું એ ભુલી જાઓ છો?'

'કાંચન! તું મ્હારી બેન? નહિં નહિં કદી નહિ.'

'જનાર્દનભાઇ! અહિંથી જાઓ છો કે નહિં કે હું ચીસ પાડી આખા ઘરને જગાડું?'

'પણ કાંચન હું તને ચાહું છું. હું તારા વગર જીવન ધારણ કરી શકુ તેમ નથી.'

'ચાહવું! સ્નેહ? આનું નામ! પણ અહિયાથી જાઓ. પછી આપણે આનાપર વાત કરીશું!

'કાંચન! કાંચન! મારા પર દયા કર હું મરું છું.'

અરે હાય! આ શું ગિરીજાનો પતિ આ પશુ. કાંચનને આ વિચાર આવતાં કમ્પારી છૂટી ગઇ. ગિરજાને આ વાતના જ્ઞાનથી કેટલું દુઃખ થશે તેનો પણ તેને વિચાર આવ્યો. વળી પોતેજ આ દુઃખનું મૂળ બનશે. એ સર્વ ખ્યાલ પણ તેને આવી ગયો.

'અરે ભાઇ ! પણ હવે અહિંયાથી જાઓ. મારાં નિર્દોષ ભાભીને યાદ કરો. તેમનાપર દયા કરો. જાઓ જાઓ. કાંચન બોલી.

પરન્તુ કામી જનાર્દનપર આ શબ્દોની અસર થઇ નહિ, અને કાંચનના સ્પર્શ માટે તે આગળ વધવા લાગ્યો.

કાંચન બીચારી અબળા. હવે શું કરવું ? ચીસ પાડી ઘરને જગાડી દેવું ? અને પછી ગિરજાના હૃદયને ચીરી નાંખવું ? અરેરે એ નિર્દોષ બાળાને પોતાના માટે કેટલું ખમવું પડશે ? પરન્તુ ત્યારે હવે કરવું શું ?

કાંચનની સ્થિતિ 'સુડી વચ્ચેની સુપારી' જેવી થઇ પડી; પરન્તુ તે લક્ષ્મીની નીચે શિક્ષણ પામેલી યુવતી હતી, અને પોતાની ધાત્રીના અનુભવસિદ્ધ શિક્ષણથી તેને જરા હિંમત આવી અને ઓરડાના એક ખુણામાં ભરાઇ જઇ તેણે એકાદ સિંહણની માફક કહ્યું:

'દૂર પિશાચ ! ત્યાંજ ઉભો રહે નહિંતર આજ તારું આવી બન્યું છે.'

જનાર્દનને આ વચનો સાંભળી જરા કમકમાટી તો ઉપજી ગઇ. અબળાઓ જ્યારે પ્રબળાઓના સ્વરૂપો ધારણ કરે છે ત્યારે તેમની શક્તિઓ કેવી ઉગ્ર બને છે તેનું ભાન કોઇનેજ હોય છે, અને આનું જ્ઞાન જનાર્દનને તો ન હોતુંજ.

કાંચનના આ વાકયો વળી જરા જોરસથી અને ગુસ્સાથી પણ બોલાયા એટલે જનાર્દનનાપર તેની અસર પણ થઇ. જનાર્દન આ વાકયોના ફરી પ્રભાવથી સ્તંભી ગયો; પરન્તુ કામ, તે કામદેવનું શર છૂટયું અને જનાર્દનનું વક્ષ-સ્થલ વીંધાયું અને વળી તેઓ આગળ વધવા લાગ્યા.

આ તરફ કાંચને પણ આ જોયું અને તે પણ ધીમે સ્વરે પણ ઉતાવળે પગે બારણા તરફ ધસી. હા. ત્રણ યાર્ડજ હવે બારણું દૂર રહ્યું. બસ. બે એક હવે તો આવ્યું પણ !

' કાંચન રાધિકા કયાં જાય છે ? ' બોલતાંજ જનાર્દન કાંચનનો હાથ પકડવા ગયો; પરન્તુ કાંચનને પોતાના રક્ષણની યુક્તિ સુઝી આવી, અને તેણે વિજળીની ઝડપે પોતાની ઓઢણી જનાર્દનના મોઢાપર ચપળાઇથી ઓઢાડી દીધી અને પોતે બારણામાંથી બહાર નીકળી બારણું બંધ કરી દીધું. આ સર્વ એકજ પળમાં બન્યું અને બીજીજ પળે કાંચન એ કામુકના પંજામાંથા છુટી.

હવે અહિંયા જનાર્દન સાહેબને ભાન આવ્યું કે શિકાર તો છટકી ગયો, અને આ તેમના માટેની ભયંકર નિરાશા સાથે તેમને તેમની સ્થિતીનું પણ ભાન આવી ગયું. પોતે તો આ ઓરડામાંજ ફસાયો છે. વળી બીજા ઓરડામાં ગિરજા નિદ્રાવશ છે, અને એ જાગી ઉઠશે તો ?

તેણે હવે ઓરડામાંથી જવાના રસ્તાઓ શોધવા માંડયા, અને કાંચનને 'બહેન બહેન કાંચન બહેન' કરીને વિનવવા માંડી; પરન્તુ કાંચને દ્વાર ખોલ્યુંજ નહિ.

આ ઓરડાનું એક બીજું દ્વાર ઘરના રસોડાની પાસેના ઓરડામાં પડતું હતું. એ વાત તેને હવે નિરાશામાં અને ધીમે ધીમે આવતા પશ્ચાતાપમાં યાદ આવવા લાગી અને તે દ્વાર તરફ વળી ઘણા વરસોથી બંધ બારણા ઉઘાડી ત્યાંથી રવાના થઇ ગયો.

કાંચનને પણ આ દ્વારની ખબર હતી; પરન્તુ એ દ્વારથા કાંચન પાસે આવવાનો રસ્તો ફક્ત ગિરજાના શયનભુવનમાં થઇને હતો. એટલે કાંચને નિશ્ચય કર્યો હતો કે જો જનાર્દન ફરીને તેની પાસે આવે તો તે પોતાના ઓરડામાં ભરાઇ જઇ બારણું બંધ કરી દેશે. વળી પેલું દ્વાર ઘણા વરસથી ઉઘડયું નહોતું એટલે તેના ઉઘડવાનો અવાજ તો ચોકસજ થવાનો અને આ અવાજ થયો પણ ખરો. એ અવાજ થયો કે થોડી પળ પછી કાંચને પણ પોતાનું બારણું ખોલ્યું અને કંપતે હૃદયે પોતાના ઓરડામાં ચારે દિશામાં અને ખાસ કરીને પલંગ નાચે દ્રષ્ટિ કરી. વળી આજ સમયે તેને ગિરજાના ઓરડામાં પણ બે જણની વાતચીતના અવાજ તેનાં કર્ણે આવ્યા અને આથી તેને ખાત્રી થઇ કે જનાર્દન હવે પોતાના ઓરડામાં નથી.

તે તરતજ ઓરડામાં પેઠી અને ઝડપથી બન્ને દરવાજા બંધ કરી પલંગપર હાંફતી ચીન્તામાં ગરકાવ થતી પડી.

આ તરફ જનાર્દન સાહેબ પણ પોતાના શયન ભૂવનમાં આવી ચડયા, અને ગિરજા તેના પગલાંથી થતા અવાજથી જાગી ઉઠી. જનાર્દનનું હૃદય અશાન્તિમય થઇ ગયું હતું એટલે તેને પોતાના પગલાં માટે દરકાર રાખવાનું સ્મરણમાં આવ્યું નહિ.

'વ્હાલા ! શું કરો છો ?'

'કાંઇ નહિં, એ તો જરા ઉંઘ નહોતી આવતી તેથી હું ફ–ર–ર–તો હતો.'

'આપનું માથું દુઃખે છે કે શું ?'

'નહિ–નહિ–આપ–તું–સુઇ જા.'

અસાહ્ય અબળા ઉપર બળત્કાર અને પોતાની ધર્મપત્ની તરફના પૈશાચીક વર્તનથી જનાર્દનનું હૃદય આ રાત્રે ઘેરાઇ ગયું. તેને હવે ગિરજાની પાસે સુતા એક પછી એક વિચારો આવવા લાગ્યા. ધીમે ધીમે પશ્ચાતાપ થવા લાગ્યો. આગલા સંસ્કારોએ પોતાનું કામ કરવા માંડયું અને છેવટમાં તેને સખ્ત દુઃખ થયું, અને હવે ફરી વાર આવું ન બને એટલા માટે તેઓએ દીલ્લી છોડી જવાનો નિશ્ચય કર્યો.

બીજે દિવસે જનાર્દન મુંબઇ માટે રવાના થયા.

અને કાંચન પણ તેને ગએલાં જોઇ આ પ્રસંગને ઉચ્ચાર્યો નહિ અને ગિરજાના હૃદયભંગને ઉપજાવ્યો નહિ.

ભોગ બિચારી ગિરજાના, પતિ ઘણે મહિને આવ્યા અને વળી એક દિવસમાં ચાલ્યા ગયા; પરન્તુ તેને શું ખબર કે તેના પતિરાજે તો રાત્રિએ પોતાના મનપરનો કાબુ ખોઇ દીધો હતો ? ભર્થારના કર્મથી પત્નીને શિક્ષા ?

પ્રકરણ ૨૫ મું.

સ્નેહના ડંખ.

'કિતાબો ઇશ્કની ખોલી,
ઉઘાડ્યા પ્રેમના પોથાં;
વિષમ ડંખ પ્રીતિના,
વિકટ છે સ્નેહ રસ્તા ત્યાં!"

કલાપી.

ચક! ઘણા સમયથી આપણે હેમની મુલાકાત લીધી નથી, એટલે ચાલ હવે તેની સ્થિતી તપાસીએ.

આજ ઘણા દિવસથી હેમ મથુરા આવી રહ્યા હતા; પરન્તુ મથુરા પણ હવે તેને કટુ વિષ જેવું લાગવા લાગ્યું હતું. લક્ષ્મીપુર છોડયા પછી લલિત તરફનો એક પણ પત્ર તેને મળ્યો નહોતો અને લલિતને લખેલા બે ત્રણ પત્રનો જવાબ પણ હજુ સુધી તો પ્રાપ્ત થયો નહોતો. એટલે તેની સ્થિતિ તદ્દન વિચીત્ર બની ગઇ હતી. હેમના દરેક પત્રમાં એકજ સવાલ હતો. 'કાંચન કયાં છે' 'કાંચન કયાં છે.' પરન્તુ આ સવાલનો જવાબ કોણ આપે? લક્ષ્મીપુરમાંજ હજુ કાંચન છે કે કોઇ બીજા સ્થળે તેની પણ તેને ખબર નહોતી. હરહમેશ આજ ચિન્તામાં તેના દિવસો પસાર થતા હતા. વળી જ્યારે ટપાલ આવવાનો સમય થાય ત્યારે થોડી ઘણી શાન્તિ

થતી; પરન્તુ તે સમય ભરાઇ જાય, અને પોસ્ટમેનના આવવાના રસ્તાપર આતુરતાથી જોતાં જોતાં નયનો થાકી જાય ત્યારે ફક્ત નિરાશાજ આવતી અને ચિન્તા બેગીના બળથી હુમલો કરી તેના હૃદયને વ્યગ્ર બનાવી દેતી. હેમ અહિંયા ચિન્તા કરતાજ બેઠા રહ્યા હતા એમ નહિ. દીલ્હીના પોતાના ઓળખીતાને ત્યાં પણ પોતાના પત્ર માટે તેણે પુછાવ્યું હતું; પરન્તુ ત્યાંથી પણ પોતાના તેને નિરાશાજ મળી હતી. એટલે હેમની સ્થિતિ વધારે કફોડી બની જાય એ સ્વભાવિકજ છે.

વળી લલિતના મોને તેના હૃદયમાં ભીન્ન ભીન્ન તરેફની ભારે ચીન્તાઓ ઉપજાવવા માંડી હતું અને આ હતું પણ સ્વાભાવિક. જ્યારે જ્યારે આ ચિન્તા રાક્ષસીનું આવાગમન થાય છે ત્યારે ત્યારે તેની સાથે સાથે આવી શંકાઓ પણ આવે છે. કાંચન જીવે છે કે આ આલમપટપર નથી એજ સવાલ હવે તો હેમના હૃદયનું મંથન કરી રહ્યો હતો. શું સ્નેહચ્યુત થવાથી, પાણી વગર જેમ કમલિની મૃત્ય પામે, તેમ કાંચનનું તો નહિં થયું હોય. નહિં નહિં મારી કાંચન મરણ પામે ? એ ગુલાબ કળીને પ્રભુ શા માટે ચુંટી લે ? શું પ્રભુ નથી જાણતો કે એ નિર્દોષ બાલા હજુ દુનિયાના પ્રવેશદ્વાર પાસેજ ઉભી છે. અરેરે. પરન્તુ પ્રભુના ન્યાયને કોણ સમજી શકે છે ? કેટલા નાના બાલુડાં માતાની ગોદમાંથી પાષાણમય કબ્રમાં દફનાઇ ગયા છે. કેટલી યુવતીઓ, કલ્લોલમય ભુવનોમાંથી બળીને ભસ્મ થઇ ગઇ છે, પણ આ પ્રભુનો ન્યાયજ છે. આને અન્યાય શી રીતે કહી શકાય ? આપણે પ્રભુના આ સર્વ કામોનો ગુઢ ભાવાર્થ જાણી શકાયે છીએ ? નહિં નહિંજ. એટલે તેના

કર્મો માટે કેમ કાંઇ કહી શકાય? ખરેખર! દુનિયામાં ગમે તેમ થતું હોય પણ મારી કાંચન તો જીવ છેજ. હેમની ચિન્તાની સાથે સાથેજ તેને આવા વિચારો આવતા હતા અને તેની નિરાશાઓમાં તેના હૃદયના ઉંડાણમાં વસતી આશાનો નાશ થયો ન હોતો.

'આહા! કાંચનના આ સર્વ દુઃખનું મૂળ 'હું' એક દિવસ રાત્રિએ સુતાં સુતાં હેમને વિચાર આવ્યો અને આ વિચાર આવતા તે કંપી ઉઠયા. આવો વિચાર તેને અગાઉ કોઇ દિવસ આવ્યો નહોતો. 'હાય. એ અભાગીના દુઃખનું મૂળ હું. મારાપરના સ્નેહથીજ તેને આ સર્વ ખમવું પડયું.' પરન્તુ એ હેમ? એમ નથી. સ્નેહથી થતું દુઃખ, દુઃખ નથી પરન્તુ સુખ માટેની કસોટી છે. એ કસોટી વગર, એ પોલીસ વગર આત્માઓની ખરી અભીજ્ઞતા થતી નથી.

સર્વેધન શેઠના બંગલાના એક વિશાળ દિવાનખાનામાં આવેલી આરામ ખુરસીપર આજે હેમ શીથીલ થઇને પડયા છે, દિવાનખાનામાંના સુન્દર અને કીમતી સાહિત્યો તેને આજે આકર્ષી શકતાં નથી, તેની પાસે પડેલા ગુલાબના પુષ્પો આજે તેને પોતાની મધુરી સુગંધથી ખુશ નથી કરી શકતા, સર્વત્ર શુમશામ છે. ફકત હેમની સામેની ઘટિકા એકાદ ગુલામની માફક પોતાનો સેવાધર્મ બજાવી રહી છે ત્યારે ચિન્તા રાક્ષસી અને તેના ભાઇઓ હેમના મગજપર ભારે તીવ્રતાથી હલ્લો કરી રહયા છે,

મથુરામાં હેમનો કોઇ મિત્ર નહોતો, ફકત કરુણાશંકર સાથે તેને જેવી તેવી મિત્રતા હતી; પરન્તુ આને મિત્રતા

કહેવી કે નહિં તે પણ શંકા ભરેલું છે, કેમકે હેમ અને તેના પડોસી કરુણાશંકર લગભગ સાંજના મળતા અને સાથે સાથે અડધોએક કલાક ફરી પાછા જુદા પડતા. વળી બન્નેનાં હૃદયો મળ્યા પણ નહોતા અને હેમે તેની પાસે પોતાનું હૃદય ખુલ્લું પણ કર્યું ન હોતું. કરુણાશંકર કયારેક વાત વાતમાં હેમને તેની ચીન્તાનું કારણ પૂછતા; પરન્તુ હેમ 'કાંઇ નહિ' કહી ટુંકમાંજ પતાવી દેતા અને કરુણાશંકરે પણ જ્યારે જોયું કે હેમ તેને પોતાની ચિન્તા વિષે કાંઇ કહેવા માગતા નથી ત્યારે તેણે પૂછવાનું પણ માંડી વાળ્યું.

ઉપર જણાવ્યું છે તે પ્રમાણે હેમ આ સમયે દિવાનખાનામાં એકલાજ બેઠા હતા. ત્યાં એક નોકરે આવી તેના હાથમાં એક પત્ર આપ્યો અને હેમ એ પત્રપરના અક્ષરો જોઇ આશ્ચર્ય અને આનન્દથી ઉભા થઇ ગયા. આ શું? લલિતનો પત્ર? આહા વ્હાલી કાંચન હવે આપણા મેળાંપનો પ્રસંગ નજદીક આવ્યો છે. ઓ સ્નેહ? હવે તું અમારા સ્થૂલ શરીરને સંયુકત કરી દેવામાં પાછું વળી જોજેમાં. નહિતર વળી શી નવીન આફત આવશે તેની કોને ખબર? હેમે હજુ પત્ર ફોડયો હતો નહિં ત્યાં તો તેના હૃદયમાં ઉપલા આશામય વિચારો આવી ગયા, અને આ વિચારોમાં હેમ હાથમાંના પત્રને પણ બેઘડિ તો વીસરી ગયા, પરન્તુ છેવટે વિચાર વિણાને છોડી દઇ તેણે પત્ર ફોડયો. વાંચક? નવલરામ સાથે લલિતે મોકલાવેલ પત્રજ એ હતો, અને નીચે પ્રમાણેનો હતો:—

'પ્રિયભાઇ,

લક્ષ્મીપુરથી મેં તમને એક પંત્ર લખ્યો છે, એ તો તમને

મળી ગયો હશે.

હેમ . હવે તમારા દુઃખની, તમારા વિરહની ઘડી ભરાઇ રહી છે. તમારી ભવિષ્યની પ્રિયા કાંચન વર્તમાનમાં દીલ્હીમાં છે અને એક ચાતકીની પેઠે તમારી રાહ જુવે છે. હું ધારું છું કે તમને આજ સુધી તેના દીલ્હીમાં હોવાના ખબર નહિં હોય નહિંતર તમે ત્યાંજ પડયા રહો નહી. ખરેખર તમને ખબર પણ કયાંથી હોઇ શકે ?

તમે તમારી વિરહ ચિન્તામાં મશગુલ હો એમજ લાગે છે નહિંતર તમે મને એકાદ પત્ર તો લખ્યોજ હોત. લક્ષ્મીપુરના તમારા ત્યાગ પછીથી મને એક પણ પત્ર મળ્યો નથી. તમારી કાંચનને જે દુઃખ પડયું છે તેના માટે તમને મારાપર રીસ ચડી હોય એમ તો હું ધારી નથી શકતો. તમે જાણો છો કે કાંચન સાથેના તમારા મેળાપ માટે આપણે પહેલેથીજ વ્યવસ્થા કરી હતી; પરંતુ મનુષ્ય કાંઇક ધારે છે અને પ્રભુ કરે છે કાંઇક, એટલે એ વ્યવસ્થા ફળીભૂત ન થઇ અને તમારે આટલુ દુઃખ ખમવું પડયું.

પરન્તુ વ્હાલા હેમ ! ભૂતકાળમાં તમારે જે જે સહન કરવું પડયું છે તે તે સર્વના બદલાનો સમય હવે નજીક અને નજીક આવતો જાય છે. તમારું દુઃખ એ દુઃખ નહોતું અને નથી. એ સ્નેહ–તપ હતું અને એ તપના પ્રભાવથી હવે ઇંદ્રાસન ડોલવા લાગ્યું છે અને તમારા વિજયનાદને ભેરીસાદે કથી રહ્યું છું. આ તપથી તમારો સ્નેહ સમ્પૂર્ણ શુદ્ધ

બન્યો છે. તમારુ હૃદય પવિત્રતામય બની ગયું છે અને તમારી નસોનસમાં હવે સ્નેહરૂપી રૂધીર વહે છે, કેમકે 'પ્રેમ એજ દેહમાં વહેતું લોહી છે. પ્રેમનો પ્રમોદક વિદ્યુત પ્રવાહ દેહને પુનિત પ્રેરણાઓથી પાવન કરે છે. જે દેહમાં પ્રેમનું લોહી ફરે છે તેજ પ્રભુના સંદેશા સમજી શકે છે અને તેને અનુરૂપ વર્તન કરી શકે છે' બોલો ? તમારે સહન કરવા પડેલ વિરહનું આ સારામાં સારૂં પરિણામ નથી ? વળી મહેનત પછી મળેલું ફળજ સમ્પૂર્ણ લીજત આપી શકે છે એ પણ ભુલવાનું નથી.

આ પત્ર લક્ષ્મીપુરમાં એક સમય લફંગા અને દારુડીયા તરીકે ઓળખાતા નવલરામ સાથે મોકલાવેલ છે. હું ધારૂં છું . તમે નવલને ઓળખાતા તો હશોજ. તે હવે આગળના જેવા રહયા નથી, કેમકે તેનામાં ઘણું પરીવર્તન થયું છે એમ મને લાગ્યું છે. વળી ખરી રીતે જોઇએ તો તમારી કાંચનને બચાવનાર પણ એજ છે. કેમકે દુષ્ટ રઘુનાથના જુલમમાંથી તેણે કાંચન બચાવી પેલા યોગી (કે જેના વિષે મેં તમને મારા આગલા પત્રમાં જણાવ્યું છે) પાસે લાવનાર આ નવલરામ હતા. કાંચનના અને તમારાં હૃદયની ઇચ્છાની ફળીભુત માટે તેણે જીવનપ્રતીજ્ઞા લીધી છે. એ પણ સહેજ તમને જણાવું છુ.

આ પત્ર હું તમને દીલ્હીથી લખું છું, અને કાંચન આ સમયે પાસેનાજ ઓરડામાં છે. તે લક્ષ્મીપુર આવવાની ના પાડે છે, અને તેને ત્યાં આવવાનું ન ગમે એ પણ સ્વાભાવિક છે. હવે આજે અગત્યના કામસર હું વીરપુર જાઉં છું, અને પાછો લક્ષ્મી, ઇન્દુ વિગેરેને તેડી થોડા દિવસમાં હું દીલ્હી આવી પહોંચીશ.

તમે આ પત્ર મળેથી નવલરામની સાથેજ દીલ્હી જજો. અને તમારા હૃદયપરના ચિન્તાના બોજાને ફેંકી દઇ કરજો

'હિંડોળે પ્રેમ તણી ઝકઝોળ !
પ્રેમ તણી ઝકઝોળ !
હિંડોળે પ્રેમ તણી ઝકઝોળ .
ઝુલે રાધા ને નંદકિશોર !
હિંડોળે પ્રેમ તણી ઝકઝોળ !'

તમારો
લલિત.

'આ પત્ર ટપાલમાં આવ્યો છે' કવર તરફ દ્રષ્ટિ ફેંકતાં હેમે પૂછ્યું.

'નહિજી. પત્ર લાવનાર બહાર ઉભેલ છે.,

'તમે જાઓ અને તેને અહિં મોકલી આપો.' હેમે ઉત્તર આપ્યો.

નવલરામ હેમચન્દને ઓળખતાજ હતા; પરન્તુ હેમે તો તેનું નામજ સાંભળ્યું હતું. નવલે ઓરડામાં પ્રવેશ કરતાં જોઇ લીધું કે તેની સામે બેઠેલી વ્યકિત હેમજ છે.

પરન્તુ અચાનક આ શું ? હેમના ચહેરામાં કોઇ વિચીત્ર જાતનો ફેરફાર થવા લાગ્યો. તેનું આખું શરીર ધ્રૂજવા લાગ્યું અને તે ઉભા થઇ ગયા. અને બોલ્યા :

'નવલરામ ? અહિંયાથી દીલ્હી કેટલા સમયમાં જઇ શકાય છે ?'

'બે કલાકમાં મહારાજ'

'બસ બેજ કલાકમાં ?' કહેતાંજ હેમ જમીનપર પડી ગયા, અને અચાનક બેભાન બની ગયા.

આહા ! પ્રભુ ? શું આનન્દના પણ આવાજ પરિણામ આવે છે ? પરન્તુ દુનિયા આ માટે શું કહે છે ? ઘણી વખત આપણે જોયું પણ છે અને સાંભળ્યું પણ છે કે આનન્દથી હૃદય બંધ પણ થઇ જાય છે. ત્યારે આવા સમયે હેમને મૂર્ચ્છા આવી જાય તેમાં નવાઇ શી ?

નવલે એકદમ બહારથી નોકરને બોલાવી હેમને પાસેના એક કોચપર સુવાડયો અને તેના મસ્તિષ્કપર ઠંડું પાણી છાંટયું તથા બીજા પણ ઉપચારો કર્યા.

પરન્તુ એકતો ચિન્તામાં અને ચિન્તામાં દીવસો ગાળી હેમની માનસીક સ્થિતિની સાથે તેની શારીરીક સ્થિતિ પણ બગડી ગઇ હતી. ત્યાં વળી આ આનન્દ મૂર્ચ્છાનો હુમલો આવ્યો. એટલે લગભગ ત્રણએક કલાક સુધી તો તેઓને ભાન ન આવી શકયું; પરન્તુ ત્યાર પછી સર્વધન શેઠના ડાકટરના ઉપચારોથી તેઓ ધીમે ધીમે જાગૃત થવા લાગ્યા, અને ડાકટરની મના છતાં નવલને તેણે પૂછ્યું :

'કેટલા દિવસથી કાંચન દીલ્હીમાં આવેલ છે ?'

'મહારાજ ? હાલમાં તો આપ સુઇ જાઓ. આ બાબતપર આપણે પછીથી વાત કરશું.' નવલે હેમને બીજી મૂર્છા આવશે એવા ભયથી ધીમે રહીને કહ્યું.

'નહિ–નહિ–મને તમે સર્વ જણાવો. અરેરે ! એ બાલિકાને અને તેની માને મારા માટે થઇને કેટલું ખમવું પડયું છે. મારા માટેના સ્નેહથી આજે તેને બીજાનાજ ગૃહમાં જીવન ગાળવું પડે છે. ધન્ય છે કાંચન તારા સ્નેહને ! તું સુન્દરીઓમાં શ્રેષ્ઠ છે. તું મારા જેવા નિષ્ઠૂરની ભાર્યા થવા યોગ્ય નથી.' બોલતાં બોલતાં હેમની મુખશ્રી વળી મલિન થવા લાગી. તેના નયન જ્યોતિ–હીન થવા લાગ્યા અને વળી તેને પાછી મૂર્છા આવી ગઇ, અને વળી ફરી એકવાર નવલ સર્વધન શેઠના ડાકટરને તેડી લાવવા દોડતો રવાના થઇ ગયો.

પ્રકરણ ૨૬ મું.

આનન્દની ઉષા.

રોજાહ યક સુ શુદો ઇદ આમદો દિલહા બરખાસ્ત;
મય બ મયખાનાહ બજુશ આમદો, મી બાયદ ખાસ્ત,

(અર્થ: ઉપવાસના દિવસો પુરા થયા; ઇદનો તહેવાર આવ્યો અને સર્વ દિલ ખીલી ઉઠયાં. શરાબ પણ મયખાનામાં જોશમાં આવી ગયો છે! હવે તે પીવો શરુ કરવો જોઇએ.)

ધ્યાન્હનો અકળામણ ઉપજાવતો તડકો કાંઇક નરમ પડયો હતો: ચારેક વાગવાનો સમય થયો હતો. આવે સમયે લક્ષ્મીપુરમાં આવેલા એક ભવ્ય મકાનના આગલા ઓરડાની અટારીમાં એક યુવતી આતુર નયને કોઇની રાહ જોતી ઉભી હોય એમ જણાતું હતું.

કવિ કે ચિત્રકાર સૌન્દર્યનો આલેખી શકે છે; પરન્તુ એ પણ સમ્પૂર્ણ રીતે તો નહિંજ એ વાત ચોકકસ છે. ઇન્દૂ જેવી યુવતીના અતુલ સૌન્દર્યને જોઇ કોઇપણ વ્યકિત ભાન ભુલી જતી હતી. તેના ઘેરાં સ્યામ નયનોમાં કોઇ અજબ ભુરકી ભરેલી હતી; પરન્તુ એ ભુરકીનો ભોકતા લલિત સિવાય કોઇ થતો નહિ. ઇન્દૂ એક આર્ય મહિલા હતી. તે આર્ય મહિલાઓની પ્રણાલીથી અજ્ઞાત નહોતી.

ઇન્દુએ આમને આમ અટારીમાં ઉભા ઉભા આશરે અડધો-એક કલાક લલિતની રાહ જોઇ હશે ત્યાં દૂરથી આવતા અશ્વની ખરીના શબ્દો સંભળાયા. ઇન્દુના નયનો સ્વરની દિશા ભણી વળ્યા. તેના હૃદયના ધબકારા જોસ્સથી થવા લાગ્યા, અને ચિન્તા-એ તેના મૂખાર્વિંદપર જરા વધારે ઘેરા રંગની પીછી મારી.

પોતાના પ્રિયનાથ કાંચનને લેવાજ ગયા છે એટલે તે કાંચ-નને લઇનેજ આવશે એવી આશામાંને આશામાંજ ઇન્દુ આજ સવારથી રમી રહી હતી; પરન્તુ આ આશામાં પણ ક્યારેક ક્યારેક તેના હૃદયમાં નિરાશા ફરી વળતી હતી અને વિચીત્ર વિચીત્ર શંકાઓ તેના હૃદયમાં ઉપજતી હતી. લલિત બરોબર આજ આવવાનું કહી ગયા હતા. એટલે તે અટારીમાં આવી ઉભી હતી, અને લક્ષ્મી અર્ધ-પાગલીની, કાંચન નામની માળા જપતી નીચે ઓરડામાં બેઠેલી હતી.

'કેમ વ્હાલા ? સુખરૂપ આવી પહોંચ્યા.' લલિતને આવકાર આપતાં ઇન્દુ બોલી.

'હા—વ્હાલી, કેમ કાંઇ આજ તારા મુખપર શોક છવાઇ રહ્યો છે ?,

'નહિં—વ્હાલા—આપ બેસો અને જરા વિશ્રાન્તિ લ્યો. પછી આપણે સર્વ વાતો કરીશું; પરન્તુ આપની સાથે કાંચન તો જણાતી નથી. પછવાડે આપણા માણસો સાથે તે આવે છે કે શું ?'

'નહિં—વ્હાલી. કાંચનને મેં અહિં આવવા પુષ્કળ આગ્રહ કર્યો; પરન્તુ તે અહિં આવવાને કબુલ થઇ નહિં. લક્ષ્મીપુરમાં

હવે તેને આવવું નથી ગમતું લાગતું. ભલે કાંઇ નહિ. હવે આપણે ત્યાંજ જઇશું, પણ લક્ષ્મીને કેમ છે? તેની તબીયતમાં કાંઇ સુધારો થયો કે હજુ એમને એમજ છે?'

'લક્ષ્મીનું ગાંડપણ ધીમે ધીમે જતું જાય છે; પરન્તુ તે એકદમ સારી થશે એમ લાગતું નથી. વ્હાલા? ત્યારે કાંચન પણ મને હવે ચ્હાતી હોય એમ લાગતું નથી, અને તેની માતાને પણ વિસરી ગઇ હોય તેમ લાગે છે. નહિંતર તો આપની સાથે તે અહિં આવતજ. તેને જે જે ખમવું પડયું છે તેના માટે તે મનેજ દોષીત ગણતી હશે.'

'નહિં નહિં, ઇન્દૂ; એ નિર્દોષ બાલિકાનું હૃદય હજુ પણ તારા માટે રૂદન કરી રહ્યું છે, અને કોઇપણ વ્યકિત પોતાની ધાત્રીને તે ભુલી શકે? લક્ષ્મીપુરવાસિઓ કાંચન અને હેમના લગ્ન વિરૂદ્ધ છે અને તેમનાથીજ કાંચન અને હેમને આટલાં દુઃખો સહન કરવા પડયાં છે. એટલે હવે કાંચનનું હૃદય શોકાશીલ બની ગયું છે. હવે જો પાછી તે લક્ષ્મીપુર આવે તો વળી કાંઇક નવીન આપત્તિ આવી પડે એવો તેને ભય લાગે છે. ઇન્દૂ, વ્હાલી, કાંચનનું હૃદય હવે નવીન દુઃખોથી બહુજ કંપતું હોય તેમ જણાય છે, અને એ કંપ તેમાં પણ કાંઇ નવાઇ જેવું નથી. બીચારા સ્નેહીઓને કેટલા કષ્ટો વેઠવાં પડયાં છે. અરે! મારુ હૃદય તેમનાં માટે કેટલું દ્રવે છે?'

'ઠીક—વ્હાલા, ત્યારે આપણે દીલ્હી કયારે જવાના છીએ?' હર્ષથી ઉભરાતા હૃદયે ઇન્દૂએ પૂછયું.

'બસ—વ્હાલી—હવે—એક બે દિવસમાંજ—પણ લક્ષ્મીને સાથે લઇ જશું કે કેમ?'

'હા–કદાચ કાંચન સાથેના મેળાપથી તેનું મગજ ઠેકાણે આવી જશે–હા–તેને પણ કેટલું કષ્ટ ભોગવવું પડે છે; પરન્તુ હાય! આ બધુ આપણા હિન્દુ જનસમાજની રૂઢીઓથીજને? ભીન્ન ભીન્ન વર્ણના સ્નેહીઓ સ્નેહ ગાંઠને કાયદેસર બનાવે તે શું પાપ અથવા ભ્રષ્ટચાર છે? આપણાં શાસ્ત્રો તો આવા સ્નેહ લગ્નોને સ્વર્ગીય લગ્નો તરીકે વર્ણવે છે ત્યારે આપણા હિન્દુ સમાજને તેની વિરુદ્ધ થવાનો શો પવન લાગી ગયો છે એ સમજાતું નથી.'

'ઇન્દુ! આપણા હિન્દુઓનો મોટો ભાગ શાસ્ત્રો શું કહે છે એ સમજવાનો પ્રયત્નજ કરતો નથી. તેઓ તો એમજ સમજતા લાગે છે કે શાસ્ત્રો વાંચવાનો અને શાસ્ત્રનું શિક્ષણ આપવાનો બ્રાહ્મણોએજ ઇજારો રાખ્યો છે, અને આપણા બ્રાહ્મણોએ તો હદજ વાળી છે; પરન્તુ હવે લોકોની આંખો ઉઘડતી જાય છે અને તેઓ પણ શાસ્ત્રોના શ્લોકો અને આશયો સમજતા અને તેની અનુસાર ચાલવાનો પ્રયત્ન કરતા જાય છે. લોકોના આ શાસ્ત્રાનુસાર વર્તનને બ્રાહ્મણો ધર્મવિરૂધ્ધનો ભ્રષ્ટાચાર તરીકે જણાવે છે અને આમ કહી પોતાના સ્વાર્થને વળગી રહી તેઓ અજ્ઞાની લોકોને અવળે રસ્તે દોરે છે: પરન્તુ મને તો બ્રાહ્મણોએ આવો નીચ ધંધો શા માટે કરવો જોઇએ એજ સમજાતું નથી. કદાચ લોકો, શાસ્ત્રો શું કહે છે એ બરોબર સમજી તે પ્રમાણે કરવા મથે અને તેમાં તેઓ સફળ થાય તો બ્રાહ્મણોને તો માન મળે, 'દખણા મળે' અને મોદક પણ મળે. એમા બ્રાહ્મણોને કાંઇ નુકશાન નથી. હા–એટલુ સાચું કે આજ સુધી તેમણે ચલાવેલું યુરોપની પુનર્વ્યવસ્થા સમયના પાદરીઓના, જેવું પોગળ ઉધાડું પડી

જાય; પરન્તુ આ માટે કાંઇ આખા સમાજનું અને હિન્દુ ધર્મનું બલિદાન અપાય ? નહિંજ. આવડું મોટું બલિદાન તો પ્રાચીન સમયના આપણા રૂષિઓ પણ માગી શકે નહી. ત્યારે હાલના આપણા 'મારાજો' તો આજ માગવા નીકળ્યા છે. ખરેખર–આપણે તે આપવાના નથી. આપણે આપી શકીએજ નહિ.

'ઠીક વ્હાલા હવે મૂકો એ વાત પડતી. હું તો એ પ્રભુના પરબારા 'એજન્ટો' અને આપણાં બાપદાદાઓ માટેની ટપાલના 'ભૂંગળાઓ'થી હવે તો બહુજ ત્રાસ પામી ગઇ છું. તેમનાંજ સ્વાર્થ અને તેમનાંજ કારસ્તાનથી મારી નિર્દોષ કાંચનને દુઃખી થવું પડ્યું, અને વળી લક્ષ્મી પણ ગાંડી થઇ ગઇ. આપણો સંસાર પણ દુઃખી થઇ ગયો. તમારે પણ કાંચનના દુઃખના નિમિત્ત થવું પડ્યું. થયું, જે થવાનું હતું તે થઇ ગયું, હવે તો આપણે દુઃખને તરી ગયા છીએ એટલે વાંધો નથી. બાકી હવે હિન્દુ સમાજને આ દુઃખમાંથી તરવાનું રહ્યું છે અને આના માટે, પ્રભુની કૃપા હશે તો, એકાદ વીરલ સુકાની બહાર આવી નીકળશે, નહિંતર એ વાત તો ચોકસજ છે કે આખો હિન્દુ સંસાર નીચ સ્વાર્થની વેદીમાં બળીને ભસ્મીભુત થઇ જશે અને પછી રહેશે એકલાં હાડકાંજ ચૂસવાનાં. ચાલો હવે તમે ભોજન કરવા બેસો. તમે થાકીને આવ્યા, પરન્તુ આપણે વાત પરથી વાતે ચડી ગયા.'

'કાંઇ નહિ, વ્હાલી એ તો એમજ હોય. મને તો આપણી વર્તમાન દશા જોઇ ખેદ થાય છે. તોપણ હવે હિન્દુઓ જાગ્રત થવા લાગ્યા છે એટલી હર્ષની વાત છે. ચાલો હવે આપણે લક્ષ્મી પાસે જઇએ અને તેને પણ કાંચનની ખબર આપીયે.'

નીચેના ઓરડામાં લક્ષ્મી એક પલંગપર અર્ધનિદ્રીત સ્થિતિમાં બકતી બકતી પડી હતી. તેના વાળ તેના મુખાવિંદની આસપાસ વિખરાઇ પડયા હતા. એક વખત રઘુનાથ ખાખીની વિષયવાસનાને જગાડનાર દેહ આજે ગાંડો બની ગયો હતો, તેનું તેજ ચાલ્યું ગયું હતું અને તેને સ્થળે સ્યામતા આવી રહી હતી.

ઇન્દુ અને લલિત ધીમે ધીમે તેના પર્યંક પાસે ગયા. તેમના પગલાંના અવાજથી લક્ષ્મી જાગી ઉઠી. તેણે રકત નયનો એ લલીત સામે જોયું અને બે હાથો લાંબા કરી, જીભને નાગણની પેઠે હલાવતી હલાવતી તે તાડુકી :

'તું જ ખુની છે. હા-હા-હા તું જ તું જજ-જ-અ-અ અ-અ-અ- તેંજ મારી કાંચનને અહિંયાથી કાઢી. તેંજ તેને મરાવી નાંખી. પેલાને પણ તેંજ મોકલ્યો, અને તારી રાંડેજ બધું સત્યાનાશ વાળ્યું.' લક્ષ્મી બોલતાં આગળ વધી. જાણે એકાદ વાઘણ પોતાના બચ્ચાપર હુમલો કરનારને ભક્ષ કરી જવા માટે સપાટાબંધ તરાપો મારતી જતી ન હોય તેવી તરાપો લક્ષ્મીની હતી. આ ઓરડામાં વાઘણની તરાપો જેટલી જગ્યા નહોતી એટલે પહેલીજ તરાપે લક્ષ્મી લલિત પાસે પહોંચી, અને તેને ગળચીમાંથી પકડી કચડી નાંખવા જાય છે ત્યાં લલિતે તેના હાથ પકડી લીધા; અને તેને પાછી પલંગપર જોરસ કરી સુવારી દીધી. લક્ષ્મી પલંગપર પડી તો ખરી; પરન્તુ તેની જીવ્હા ચૂપ રહી નહિં. તેણે તો પોતાનું કાર્ય શરુજ રાખ્યું અને બોલવા માંડયું:

'હા-હા-હા-આ-આ-મારી કાંચનડી હો.'

લક્ષ્મી વાકયો બોલતી ગઇ અને વળી તેને સાથે સાથે ગાતી પણ ગઇ. આ બધું થોડીએક પળો સુધી ચાલ્યું. વળી તે ઉભી થઇ અને લલિતને વળગીને ઉભી રહેલાં ઇન્દૂ તરફ ધસતાં તે બોલી: 'ઓહો ! બેટા કાંચન ? તું કયાં ગઇતી ? ચેલી ઇન્દૂડી પાસે કે ? બેટા ! એતો ચૂડેલ છે હો–ચૂડેલ તેની પાસે કોઇ દિવસ જજે નહિ હો. નહિંતર તને ખાઇ જશે હો. જતી નહિં હો. સમજીને હો' લક્ષ્મીએ હાથો હલાવતાં, માથાને પણ શબ્દના સ્વર સાથે તાલ લેવરાવતાં લેવરાવતાં અને ઇન્દૂને કાંચન જાણી બાથમાં લેવાનો પ્રયત્ન કરતાં કહ્યું; પરન્તુ લક્ષ્મીના પહોળા હાથમાં કાંચનને સ્થળે લલિત આવી ગયા. લક્ષ્મી ભ્રમીત લક્ષ્મી સમજી નહિં કે તેના બાહુમાં કાંચન નહિ, ઇન્દૂ નહિ પણ લલિત છે. તેણે તો લલિતને પણ છાતી સરસો ચાંપવાનો પ્રારંભ કરી દીધો. હવે આ દ્રષ્ય ઇન્દૂથી ખમાયું નહિં. તે આંસુ વરસાવતી ત્યાંથી નિકળી ગઇ અને લલિતે પણ બળ કરી લક્ષ્મીને પલંગપર ફરી સુવાડી ઓરડાના દ્વાર બંધ કરી દીધા. હવે પાછળ રહ્યું લક્ષ્મીનું પાગલ મગજ અને સ્વાર્થાન્ધોના સ્વાર્થના બલિદાન રૂપ તેનું બળીમરતું હૃદય. આહા ! શો અત્યાચાર !

'વ્હાલા ! લક્ષ્મીની સ્થિતિ જોઇને તો મારું કાળજું કપાઇ જાય છે. અરેરે ! પહેલાં એ કેવી ડાહી હતી. સત્યાનાશ જજો એ સ્વાર્થીઓનું કે જેઓ આવા નિર્દોષ હૃદયોના રૂંધરપાનો કરે છે.'

'મને લાગે છે કે લક્ષ્મીની સ્થિતિ દીવસે દીવસે બગડતી જાય છે. હવે તો કોઇ સારા ડાકટરનું ઔષધ શરૂ કરીયે અને

આપણે બે ચાર દિવસ રહીનેજ દીલ્હી જઇએ. મને લાગે છે કે આટલા સમય દરમીઆન લક્ષ્મીની સ્થિતિમાં સહેજસાજ સુધારો થશે એટલે તેને સાથે લઇ જવાનું કાર્ય સુલભ થઇ પડશે.'

'ભલે આપની મરજી; પરન્તુ લ્યો આ ટપાલવાળો આવ્યો. ટપાલ વાંચીનેજ હવે ભોજન કરવા બેસો.'

ઇન્દ્રૂએ ટપાલવાળા પાસેથી કાગળો લઇ લલીતના હાથમાં મૂકયા. લલિતે કાગળો જોતાં જોતાં કહ્યું.

'ઓહો! હેમનો પણ પત્ર છે.'

'ખરેખર! હેમભાઇનો પત્ર! આજ તો ઘણે દિવસે એમણે પત્ર લખ્યો કે શું?'

'હા, તેઓ તો આપણાંપર બહુજ રીસે ભરાયા હશે, પત્રમાં પણ આજ હશે અને તેમણે તેમની હૃદયજવાળાજ જણાવી હશે.'

વાંચક! હતું પણ તેમજ. હેમે કાંચનના સમાચાર પૂછાવ્યા હતા. પત્ર જોકે ઘણાં દિવસો અગાઉ લખાએલો હતો તોપણ તે આજેજ લલિતના નિવાસસ્થાને આવ્યો. પોસ્ટ ઓફીસ પણ એક ભેદી વસ્તુ છે. પત્રો ૧ લીએ લખાયા હોય તો ૧૫ મીએ મળે અને ૧૫ મીએ લખાયા હોય તો ૩૫ મીએ હાથમાં આવે અથવા સદંતર અદૃશ્ય થઇ જાય; પરન્તુ તેમાં નવાઇ શી? સરકારજ જ્યાં ભેદી હોય ત્યાં તેનાજ પોષીત અને તેનાજ આશ્રય તળેના અંગો ભેદી બને તેમાં નવાઇ પામવા જેવું કાંઇ નથી.

કાંચન પહેલાંજ એક દિવસ અગાઉ હેમ લક્ષ્મીપુરથી નીકળી ગયા હતા. તેઓ દીલ્હી આવીને રહયા હતા અને દીલ્હીમાંજ કાંચનની રાહ જોતા હતા; પરન્તુ અન્તે તેમની ધીરજનો અન્ત આવ્યો. પરિણામે તેમણે આ પત્ર લખ્યો અને કાંચનના સમાચાર ત્વરાથી જણાવવા માટે જવાળા કાઢી.

'લે, ઇન્દુ વાંચ. પરન્તુ હવે તો હેમને ટાઢક વળી હશે અને તેમના હૃદયને શાન્તિ થઇ હશે, કેમકે મારો એક પત્ર તેમને મળ્યો હશે અને વળી મેં દીલ્હીથી એક સવિસ્તર પત્ર પણ નવલરામ સાથેજ મેકલ્યો છે. એ પણ તેમને મળી ગયો હશે અને કાંતો તેઓ આ સમયે કાંચન સાથે આનન્દજ કરતા હશે.'

'શું વ્હાલા ! પેલા નવલ સાથે ? એ પાપી સાથે તમે હેમને પત્ર મોકલ્યો ?'

'હા–ઇન્દુ–એ નવલમાં તો ઘણો અજાયબ ફેરફાર થઇ ગયો છે. અહિંયાના જેવો તે હવે લંફગો, લુચ્ચો કે પાપી રહયો નથી. તે તો હવે બહુજ સદ્ગુણી બની ગયો છે. વળી તારી કાંચનને જીવીતદાન આપનાર પણ તેજ છે, કેમકે કાંચનને યોગી પાસે લઇ જનાર પણ તેજ હતો. તે હવે કાંચનને પોતાની બહેન તરીકે ગણે છે, અને કાંચનના અને હેમના લગ્ન કરાવી આપવાની તેણે પ્રતીજ્ઞા લીધી છે.

'આહા ! પ્રભુ ! શો ફેરફાર ! પરન્તુ આ લુચ્ચા માણસમાં આટલો ફેરફાર થયો, તેનું હૃદય આટલું સુધર્યું ત્યારે પેલા સ્વાર્થીઓ હવે કયારે સુધરશે ?'

'તેમનો પણ હવે કાળ આવી ભરાયો છે. તેમની ઇચ્છા હશે કે નહિ તો પણ હવે તેમને સુધરવુંજ પડશે–લે–ચાલ હવે તો ક્ષુધા લાગી છે ?

'હા–ચાલો–રસોઇ તૈયાર છે.'

પ્રકરણ ૨૭ મું.

ભેદ ફુટયો.

'પ્રભુ ઇચ્છા બળવાન છે, નથી પુરૂષ બળવાન.
મનનું ધાર્યું કયાં રહે થવા કાળ સ્થિર જાણ.'

નૃત્ય કરતી ઉષા સુન્દરી રવિદેવના આવાગમનના શુભ સંવાદ આપી રહી છે. સારી આલમ નિદ્રાદેવીના સામ્રાજ્યમાંથી પ્રભુ સૂર્યના રાજ્યમાં આવવા એક પગે થનથનાટ કરી રહી છે. ચારે દિશામાં પશુ પક્ષી અને મનુષ્યો આ દેવને આવકાર આપવાને તૈયારી કરી રહ્યા છે. શીતળ પવનની લહરીઓ ધીમે ધીમે વહતી અનન્ત આકાશમાં મળી જાય છે.

વાંચક ! ગઇ કાલે આપણે હેમને ફરી મૂર્છા આવતી જોઇ હતી. આજે તેની તન્દુરસ્તિમાં એકાદ ટકો સુધારો થયો છે; પરન્તુ તે નહિં જેવોજ. પલંગમાંથી ઉઠવાની શક્તિ હવે તેનામાં રહી નથી. વળી ઘણાં વરસોથી જાણે માંદગી ભોગવતું આવતું ન હોય તેવું તેનું શરીર થઇ ગયું છે. આ સર્વ છતાં તેની મગજશક્તિને ધક્કો લાગ્યો નથી, અને ડાકટરની મના છતાં પણ તે નવલ સાથે વાતોજ કરે રાખે છે. બીચારો નવલ શું કરે ! આ તરફ જો વાતો ન કરે તો હેમનું હૃદય દુભાય ત્યારે બીજી તરફ જો વાતો કરે તો ડાકટરનો ઠપકો મળે અને વળી હેમની તબીયતમાં બીગાડો થાય એટલે તેણે પણ થોડાએક પ્રશ્નોના જવાબો આપવા તો થોડાએકના નજ આપવાનો માર્ગ સ્વીકાર્યો છે.

પ્રભાતનું પહોર હોવા છતાં પણ હેમ અને નવલ વાતો કરી રહ્યા છે, અને હેમ પલંગમાં પડયા પડયા નવલને પ્રશ્નો પૂછે જાય છે. વળી ઘડીએકમાં તેના ઓરડા પાસેના ઉદ્યાનમાં ખીલ્લા નીકળેલાં પુષ્પો તરફ જુવે છે તો વળી ઘડીએકમાં આકાશ તરફ દ્રષ્ટિ જતાં નિરાશાનો નિશ્વાસ મૂકે જાય છે. આહા! શી વીચીત્ર અવસ્થા! દેહ નશ્વર છે. મનુષ્ય કયારે મૃત્યુપંજામાં ઝકડાઇ જશે તેનું કોઇને જ્ઞાન નથી. આજે કે કાલે દરેકને કોઇ અજાણ્યા પ્રદેશમાં જવાનું છે એ વાત તો ચોકસજ છે; પરન્તુ આ આલમનો ત્યાગ કરવો કોને ગમે છે? આશાથી છલછલતાં હૃદયોને તો નહિંજ, અને એ પણ સાથે સાથે કે નિરાશામય જીવનો ગાળતા મનુષ્યોને મૃત્યુ પામવું ગમતું નથી. 'હજારો કંઇ નીરાશામાં અમર આશા છુપાઇ રહી છે' એ અમર કવિનું અમર કવન કદી પણ અસત્ય નથી. જ્યાં જુઓ ત્યાં આ કવનના સત્યપણાના દાખલા મળી આવે છે. જીવનથી કંટાળી ગએલ મનુષ્યો આત્મઘાત કરે છે; અથવા તો કરવાને લલચાય છે. કોઇ મનુષ્યો વિષપાન કરી પોતાના જીવનનો અન્ત આણે છે, ત્યારે કોઇ મનુષ્યો જલસમાધિ લઇ આ ફાની જહાનને છોડી જાય છે; પરન્તુ આજ મનુષ્યો જીવન-દીપ ઓલવાઇ જવાની અણીપર આવે છે, ત્યારે એ દીપકને ફરી ઝગઝગાટ મારતો કરવાને તરફડીયા નથી મારતા? મારે છેજ. એકાદ વ્યકિત પોતાની ઇચ્છાથીજ જલમાં પડે છે—પડે છે ત્યારે તેને આપઘાત કરી પોતાની જીંદગાનીનો અન્ત આણવાનો નિશ્ચયજ હોય છે; પરન્તુ પડયા પછી—પડયા પછી તે જીવનને બચાવવા તરફડીયાં મારે છેજ. હૃદય આશાથીજ બનેલું છે. હૃદયના દરેક ભાગમાં, દરેક

ખુણામાં આશાનો વાસ છે. આશા મનુષ્યનો આત્મા છે. એ કુદરતથીજ બક્ષાએલ, જીવન સાથે અભિન્ન થઇ ગએલ સ્વર્ગીય વસ્તુ છે. એટલે તેને મનુષ્ય, કોઇપણ ઉપાયે સમ્પૂર્ણ રીતે તો પોતાના હૃદયમાંથી દુર કરી શકતો નથી. આવીજ રીતે અહિંયા હેમના હૃદયની સ્થિતિ હતી. તેનું શરીર ઘણું નબળું પડી ગયું હતું. તેની સર્વ શકિત અદ્રશ્ય થઇ ગઇ હતી, અને આખા દેહમાંથી જાણે ચેતન ચાલ્યું ન ગયું હોય તેમ તેને લાગતું હતું. આ સર્વથી તેને કયારેક કયારેક પોતાના મૃત્યુના વિચારો થઇ આવતા હતા. આહા! હમણાંજ મરણ આવી પહોંચે તો? આ સવાલ તેના હૃદયમાં ઘુંટાયા કરતો હતો. તેનું હૃદય આ સવાલપરજ મથી રહ્યું હતું, ત્યારે તેનું મગજ આજ સવાલપર ચર્ચા કરી રહ્યું હતું. મરણ આવે તો? બધી આશાઓનું પાણી. સુખી દિવસોના સ્વપ્ન સ્વપ્નજ ઠરે. કાંચન એક તરફ રહી જાય અને તેને મુકીને પોતાને કોઇ બીજીજ દુનિયામાં જવું પડે. પણ અરે! આ બીજી દુનિયા કયાં આવી? શું ત્યાં કાંચન ન આવી શકે? આવી શકે. શું કામ નહિ? તેને કોણ અટકાવનાર છે? અમે પરસ્પરને ચહાયે છીએ—અમે આ દુનિયામાં સ્નેહ—સુખ ન ભોગવી શકયા એટલે પેલી દુનિયામાં પણ ન ભોગવી શકીયે? શું પ્રભુ અમારા હૃદયોને નથી પીછાણી શકતો? પ્રભુ તો સ્નેહનું મૂળ કહેવાય છે, ત્યારે શું અમોને સ્નેહીઓને તે હમેશને માટે ભિન્નજ રાખવા ઇચ્છે છે? નહિં નહિં. એવું તે જગતપિતા કદી કરે નહિ. એ ન્યાયી છે, એ સ્નેહી છે એટલે સ્નેહના મૂલ્યને તે સમજી શકે છે. બસ, હેમનું હૃદય આવાજ વિચારો કરે જતું હતું. વળી વિચાર કરતાં કરતાં થાકે ત્યારે નવલનો

હાથ પકડી કાંચન માટેના સવાલો કરે અને વળી પાછો વિચારમાં પડી તંદ્રામાં મશગુલ બની જાય.

સૂર્યનારાયણના કિરણો પ્રખર થવા લાગ્યા છે. ધીમે ધીમે આખી પૃથ્વીપર તાપનુ સામ્રાજ્ય ફેલાવાનો પ્રારંભ થવા લાગ્યો છે.

હેમ પોતાના પલંગમાંજ પડયો છે. આજ સવાર કરતાં તેની તન્દુરસ્તી કાંઇ સ્વસ્થ છે અને તે ધીમે ધીમે નવલ સાથે વાતચીત કરી રહયો છે ત્યાં

'હેમ કયાં?' બોલતાં બોલતાં કરૂણાશંકર હેમના ઓરડામાં દાખલ થયા. તેઓ હેમના મૂખાર્વિંદમાં ફકત ચોવીસ કલાકમાં થએલા અજબ ફેરફારને જોઇ ચમકી ગયા અને બોલ્યા :

'આ શું હેમ? અચાનક તબીયત ખરાબ થઇ આવી કે શું?

'કરૂણાશંકરભાઇ, જરા ધીમેથી વાત કરો તો ઠીક. ડાકટર કહી ગયા છે કે હેમ સાથે જોસ્સથી વાતો કરવી નહિ– અને વાતોજ ન કરવી.

'પણ નવલભાઇ! તમે કાલ બપોરે તો મને મળ્યા હતા, ત્યારે તો હેમની તબીયત માટે મને કાંઇ કહયું હતું નહિં અને આ આટલી વારમાં તેમને શું થઇ આવ્યું?'

'ગઇ કાલે તમને મળ્યો ત્યારે હું સર્વધન શેઠના ડાકટરને તેડવાજ જતો હતો એટલે ઉતાવળમાં અને ઉતાવળમાં હું તમારી પાસેથી પસાર થઇ ગયો.'

'ગઇ કાલે સવારના તમે મને સર્વધન શેઠનું ઠેકાણું પૂછયું અને મેં તમને બતાવ્યું, ત્યાર પછી તમે તરતજ હેમને મળ્યા હતાને?'

'હા–હું–તો હેમભાઇને મળવાજ આવ્યો છું

'ત્યારે તમને ઠેકાણું અને ઘર બતાવ્યા પછી મને અડધા કલાક પછીજ મળ્યા અને એ ટુંક સમય દરમીઆન હેમને શું થઇ ગયું?'

'હું હેમને મળ્યો ત્યારે તેમની તબીયત સારી હતી–પરન્તુ તેમના એક મિત્રના પત્રમાંના સમાચારથી તેમને મૂર્ચ્છા આવી ગઇ. એટલે હું ડાકટરને બોલાવા નીકળ્યો.'

નવલ અને કરૂણાશંકર વચ્ચે આમ વાતચીત ચાલતી હતી ત્યાં હેમે નયનો ખોલ્યાં.

'હેમ! ગઇ કાલે અકસ્માત મૂર્ચ્છા કેમ આવી ગઇ?'

નવલે કરુણાશંરનો હાથ દબાવી ધીમેથી કહ્યું:

'ભાઇ! આવી વાતો મા કરો–તેમને પાછી મૂર્ચ્છા આવી જશે એવો મને ભય લાગે છે.'

પરન્તુ કરુણાશંકર બીચારા ભોળા અને જુના વિચાર હતા એટલે તેમને આ વાતપર શ્રદ્ધા ન બેઠી–તેઓ બોલ્યા:

'અરે ભાઇ! આમ વાત કરવામાં તે વળી મૂર્ચ્છા શાની આવી જાય? મૂર્ચ્છા તે કાંઇ રસ્તામાં રખડતી પડી છે?'

નવલ આ ઉતર સાંભળીને જરા છેડાઇ તો પડયો; પરન્તુ વળી તેણે પોતાના હૃદયને શાન્ત કરી દીધું અને કરુણાશંકરને ઓરડામાંથી જલદીથી વિદાય કરી દેવાનો ઉપાય તે શોધવા લાગ્યો.

'હેમ? સાંભળો છો કે? ગઇ કાલે મૂર્ચ્છા કેમ આવી ગઇ?'

નવલને લાગ્યું કે હમણાંજ કરુણાશંકરને એક લપડાક લગાવી દઉં; પરન્તુ લાચાર-સર્વધન શેઠના ઘરમાં શોરબકોર થઇ પડે અને હેમના હૃદયમાં વળી વિચીત્ર અસર પેદા થઇ જાય તો બડી મુસ્કેલી ઉભી થાય.

કરૂણાશંકરના આ પ્રશ્નો સાંભળી હેમ જરા હસ્યા; પરન્તુ આ હાસ્યની સાથે આનન્દની છાયા પણ સાથે સાથે ફરકી ગઇ. હાસ્ય તો અદ્રસ્ય થઇ ગયું; પરન્તુ આ છાયા તો આછા સ્વરૂપમાં ત્યાંજ રહી ગઇ.

'વાહ! આ શું? આજ તો તમે ઘણે દિવસે હસ્યા! અહિંયા જયારથી તમે આવ્યા છો ત્યારથી તમને મેં જરી પણ હસતા જોયાં નથી. ત્યારે આજે આ શું? માંદગીના બીછાનાપર પડયા પડયા સ્મિત કર્યું.'

નવલને લાગ્યું કે હવે આ અહિંયાથી જાય તો ઠીક નહિંતર વળી હેમને લલિતનો પત્ર યાદ કરાવશે અને પછી? પછી પાછી મૂર્ચ્છા નહિં આવે? પરન્તુ નવલ શું કરે? કરુણાશંકરને અર્ધચન્દ્ર પ્રદાન આપી દે? નહિં. એ તો તેનાથી બની શકે તેમ નહોતું, કેમકે તે આ ઘરમાં તદ્દન અજાણ્યોજ હતો, વળી તેનું ભૂતકાળનું જીવન લુચ્ચાઇ લંફગાઇથી ભરેલું હતું એટલે જો તે આવું કૃત્ય કરે તો પછી હેમને શું લાગે? પરન્તુ ત્યારે કરવું શું? હેમના ભલાને માટેજ આ કરવાનું હતું. એટલે ખાસ વાંધો તો હતો નહિ.

'હેમ! આ તમારી મૂર્ચ્છાએ તો તમને સુખી કર્યા હોય એમ જણાય છે. વાહ ભાઇ વાહ! કહોને આ મૂર્ચ્છા રૂપ મહોપહ્રિએ તમને શું પ્રદાન કર્યું છે?'

હેમે ઉત્તર આપવા પ્રયત્ન કર્યો; પરન્તુ તેનાથી બોલાયું નહિ. ઓહોહો! ચોવીસ કલાકમાં, ફક્ત એક દિવસમાં આટલો ફેરફાર!

'હેમ! કાંઇ નહિં. તમે રાખવું હોય તો ગુપ્ત રાખો; પરન્તુ મને સર્વ ખબર પડી ગઇ છે. તમારા મિત્ર લલિતનો પત્ર સર્વધન શેઠની ચાકરડીના હાથમાં આવ્યો હતો. આજે હું અહિંયા તમારી પાસે આવતો હતો ત્યાં એ દાસી પણ તમારો પત્ર લઇ નવલભાઇને આપવા આવતી હતી; પરન્તુ હું અહિં આવતો હતો એટલે હું તમને આપી દઇશ એમ કહી મેં એ પત્ર લઇ લીધો, અને દાસીએ પત્ર આપતા આપતાં સાથે સાથે મને કહ્યું:

'કરુણાશંકરભાઇ! હેમભાઇને એ પત્ર ન આપશો હો. ગઇ કાલે આ પત્રથીજ તેમને મૂર્છા આવી ગઇ હતી.'

દાસીના આ વચનો સાંભળીને મને આ પત્ર વાંચવાનું મન થઇ ગયું. ક્ષમા કરજો હો હેમ! પરન્તુ મેં એ પત્ર વાંચ્યો અને પછી તમારી મૂર્છાનું કારણ હું સમજી ગયો, અને હવે તમે હસો યાતો આનન્દમાં ઝુલો એ કાંઇ નવાઇ જેવું નથી; પરન્તુ હેમભાઇ! આ તમારા હૃદયનું હરણ કરનાર કાંચન દીલ્લીમાં કોને ત્યાં રહે છે? તમને કાઇ ખબર છે કે?'

પરન્તુ હેમે ઉપલા શબ્દોમાંથી એક શબ્દ પણ સાંભળ્યો નહોતો. વિચારમાં અને વિચારમાં તેણે તો નિદ્રાદેવીનો આશ્રય લીધો હતો. હેમ આંખો બંધ કરીનેજ સુતા હતા એટલે કરૂણાશંકર એમજ જાણતા હતા કે તે તો ખરાબ તબીયતને લઇનેજ આંખો વીંચીને સુતા હતા. હેમ નિદ્રાવશ થએલ છે તેનું તેમને જ્ઞાન ન હોતું.

'હેમ! સુઇ ગયા કે?' હેમને પોતાના આગલા પ્રશ્નનો જવાબ ન આપતા જોઇ કરુણાશંકરે જરા જોરસથી બીજો પ્રશ્ન કર્યો.

અને હવે નવલનો પિ-તો ફાટયો. હેમને માંડમાંડ નિદ્રા આવી હતી. ત્યાં વળી આ બુધડ જેવો આદમી કરુણાશંકર તેને જગાડે છે? આ તેનાથી ખમાયું નહિ.

તેણે ઉભા થઇ કરુણાશંકરનો હાથ પકડતાં ભ્રકુટીઓ ચડાવીને કહ્યું

'ભાઇ! હવે તો હદ થઇ. હેમ સાથે વાતો કરવા અને હેમને એક શબ્દ પણ ન બોલવા દેવાનો ડાકટરનો હુકમ છે અને તમે તો આજે અડધા કલાકથી પીંજણ કરી રહ્યા છો ચાલો, હવે આપણે બન્ને આ ઓરડામાંથી બહાર, હેમને નિદ્રા આવી ગઇ છે, એટલે ભલે તે પણ જરા વિશ્રાન્તિ લે.'

'અરે પણ તમારો ડાકટર તે કેવો? માંદા માણસે બસ બોલવું નહિ? અને બીજાઓએ માંદા માણસ સાથે વાતચીત ન કરવી? આતે કેવું? માંદા માણસોને આનન્દમાં રાખવા ઉલટું તેમની મરજી નહોય તોપણ આપણે તેમની સાથે વાતચીત કરવી જોઇએ.' ઓરડાના બારણા પાસે આવતાં આવતાં કરુણાશંકરે પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરાવવાનો પ્રારંભ કર્યો.

પરન્તુ નવલ તેનાથી ગાંજયો જાય તેમ નહતો. તેણે તો કરૂણાશંકરના હસ્તને ખેંચતાં જણાવ્યું:

'હાજી–તમે કહો તે કદાચ સાચું હશે; પરન્તુ તમે હાલમાં તો બહાર ચાલો. આપણે દીવાનખાનામાં આ વિષયપર ચર્ચા કરીશું.'

'ચાલો ભાઇ! ચાલો! તમે પણ કોઇ વિચિત્ર આદમી લાગો છો. ખરતું પૂચ્છ ગ્રહણ કરવું તે ખરના પાદપ્રહારથી મૃત્યુ આવી પહોંચે છતાં મૂકવું જ નહિં,' કરૂણાશંકરે નવલના ખેંચાણથી ઓરડાની બહાર નીકળતાં નીકળતાં જરા ક્રોધના આવેશથી કહ્યું.

'હાજી–એમ પણ હોય. માણસમાં એટલો પણ આત્મ-નિશ્ચય જોઇયેને! જુઓ હું મારા નિશ્ચયને વળગી રહ્યો અને મેં તમને બહાર કાઢયા. બોલો હવે વિજય કોનો? ખરતું પૂચ્છ ગ્રહણ કરનારનો કે ખરના પાદપ્રહારનો?'

આ શબ્દો સાંભળી કરૂણાશંકરનો મિજાજ ગરમાગરમ થઇ ગયો, હો! આ અજાણ્યો માણસ મને આવાં ગાળી પ્રદાનો કરે! મને બ્રાહ્મણને?

'હવે–બસ કરો. તમે તો પથરાજ મૂકો છો. સમજ્યા વગર જેમ આવે તેમ ભરડે જાઓ છો.'

'અને તમે શું કરતા હતા? તમને મેં શરૂઆતમાંજ જણાવ્યું કે હેમ સાથે વાત કરો નહિં; પરન્તુ તમે મારી વાત માની નહિં, અને પછી તમે શું કર્યું? ભરડયું કે દળ્યું?'

'ઠીક–ભાઇ–ઠીક–હું તો તમારાથી કંટાળ્યો. પરભાતના પહોરમાં આ પણ એક કુટારો! પરન્તુ આ લ્યો–આ તમારી વસ્તુ–તમે કાલે ઉતાવળમાં જતા હતા એટલામાં તે તમારા ખીસામાંથી પડી ગઇ હતી. એ લાગે છે તો માદળીયા જેવું અને માદળીયામાં એક ચીઠ્ઠી પણ છે.'

'તમે એ ચીઠ્ઠી વાંચી ?' નવલે કરૂણાશંકરના હાથમાંથી ઝડપથી માદળીયું લેતાં અને તેને તપાસતાં પૂછ્યું.

'હા–તે તેમાં શું થઇ ગયું ? પરન્તુ નવલભાઇ ! શાન્ત થાવ–હું તમને એક ગુપ્ત વાત કહું છું. એ ગુપ્ત વાત કોઇને કહેશો નહિં હો–આ કાંચન તે મારી પત્નીની બેન છે.' કરૂણાશંકર આગળ બોલવા જતા હતા ત્યાં નવલ વચમાંજ બોલી ઉઠ્યો :

'શું ? શું ? તમે શું કહ્યું ?'

'હું કહું છું કે આ કાંચન મારી વહુની બહેન થાય છે. દીલ્હીમાં તે શિવશંકર ભટ્ટને ત્યાંજ હમણાં રહે છે કે નહિ ? હું થોડા દિવસ પહેલાં દીલ્હી આવ્યો તો ત્યારે મેં શિવશંકરની દીકરી શાન્તા સાથે તેને ઘાટપર જોઇ હતી, પરન્તુ તેને જોઇને તો હું આશ્ચર્ય પામી ગયો–ભાઇ ! બે બહેનોના રૂપ તો જાણે એકજ ન હોય ? મને લાગ્યું કે મારી વહુ અહિં કયાંથી ? પણ કાંચન જરા કદે ન્હાની લાગે છે એટલે એ જુદી પરખાઇ આવી પછી જ્યારે હું દીલ્હીથી પાછો આવ્યો ત્યારે તમારૂં આ માદળીયું મળ્યું. આવુંજ એક બીજું માદળીયું મારી વહુ પાસે છે, અને તેમાં પણ આવીજ ચીઠ્ઠી છે. બોલો ભાઇ ! હવે શું ? અને વળી કાંચનનું ખરૂં નામ વીજળી છે. આ બધુ હું હેમને કહેવા આવ્યો હતો–પરન્તુ વાત તો થઇ નહીં અને તમે ગુસ્સે થઇ ગયા.'

'પણ આ બધુ શું સાચું છે ?' નવલે આતુરતાથી પૂછ્યું.

'અરે સાચું છે? હજુ તમને મારાપર વિશ્વાસ નથી આવતો? ચાલો તમે મારે ઘેર અને પછી તમને બધી ખાત્રી થઇ જશે.'

'તમારી વહુ તે કાંચનની બહેન–મોટા કે નાના?'

'મોટી મોટી–તમે ચાલો–એટલે તમને બધુ જણાશે.'

સર્વધન શેઠના ઘરની સામેની ગલીમાં કરુણાશંકરજીનું ગૃહ હતું. આ ઘરને શું કહેવું? ઝુપડું કે સુઘરેલું ઝુપડું? ચાર દિવાલોની વચ્ચે ૨૪ ફીટની જગ્યા. નહિં બારી કે બારણું. સર્વત્ર અંધકારનું સામ્રાજ્ય. વળી અધુરાંમાં પુરૂ એ ઘરમાં જવાની ગલી બાળકોના પાયખાના તરીકે અને કચરો નાંખવાના સ્થાન તરીકેજ વપરાતી હતી. એટલે હવા માટે પણ કાંઇ પૂછવાનું હતુંજ નહિં. કરૂણાશંકર મથુરામાં આવતા યાત્રાળુઓના મગજો પકાવી કોઇપણ રીતે તેમને હાથ જોડની ક્રીયા કરાવી બે પૈસા પેદા કરતા હતા અને આમાંજ પોતાનું અને પોતાની ધર્મપત્નીનું ગુજારાન કરતા હતા. વળી પોતે ગૃહસ્થનું ફર્જન હતા. એટલે કોઇ મેમાન સેમાન આવે તેની પણ આગતાસ્વાગતા કરવાની. આમ હોવાથી તેમને સોંઘા ભાડાના ઘરમાંજ ફરજીઆતજ રહેવું પડતું હતું.

નવલ તો કરૂણાશંકરના ઘર તરફ ઝડપથી ઉપડયો; પરન્તુ કરૂણાશંકર તેના જેટલી ઉતાવળથી ચાલતા નહોતા એટલે તેઓ પાછળ રહી ગયા, અને આ સહન ન થવાથી તેઓ બોલ્યા:

'અરે નવલભાઇ! મારી વહુ તે કાંઇ ભાગી જવાની છે? આટલા બધા ઉતાવળા શું કામ થાવ છો? આ રહ્યું મારૂં ઘર. હમણાંજ આપણે પહોંચી જશું'

'પણ ભાઇ હું તો વિચારમાં અને વિચારમાં આગળ ચાલ્યો ગયો. કાંચન બહેનની બહેનને જોવાનો મને બહુ ઉત્સાહ થઇ આવ્યો એટલે ઉતાવળથી ચાલ્યો. માફ કરજો હો ભાઇ.'

'કાંઇ નહિ–લ્યો આ મારૂં ઘર આવ્યું. જરા આ ગલીમાં થઇને આગળ જઇશું ત્યાં સામેજ મારૂં ઘર દેખાશે.'

ગલીમાં દુર્ગંધનું સામ્રાજ્ય હતું. મક્ષિકાઓનું અહિં વિહારસ્થાન હતું. આસપાસના ઘરોના કચરાનું આ વિશ્રાન્તિ સ્થાન હતું. કરૂણાશંકર અને નવલ અંદર પેઠા. કરૂણાશંકરને તો કાંઇ ન થયું, કેમકે તેમણે તો અહિંયા વરસો ગાળ્યા હતા; પરન્તુ નવલને ત્રાસ થઇ ગયો. ઓ બાપ ! આ સ્થાનમાં કરૂણાશંકરભાઇ કેમ રહી શકે છે ? શું મથુરામાં બીજા ઘરોજ નથી મળતાં કે આવી ગલીચીમાં રહેવું ? ઘરો તો ઘણા મળે છે; પરન્તુ પૈસો કયાં મળે છે ? મહેનતથી પૈસો મળે; પરન્તુ આ મહેનતના પણ ઘણાં સ્વરૂપ છે. પોતાના પૂર્વજો જે સ્વરૂપને વળગી રહયા હોય એજ સ્વરૂપને વળગી રહેવાનો જેનો નિશ્ચય હોય તેનું કેમ ?

ઘરના બારણામાં કરૂણાશંકરના પત્ની ચોખા સાફ કરી રહ્યા હતા; પરન્તુ પોતાના પતીને બીજા માણસ સાથે આવતા જોઇ તેઓ તો ત્યાંથી એકદમ ઉઠયા અને વિજળીક ત્વરાથી પોતાના મૂખાંવિંદને ઢાંકી દીધું; પરન્તુ હાય ! આ સર્વ કરવાની ઉતાવળમાં તેમના છાયલે તેમને ભારે દુઃખ દીધું. ત્વરાથી મૂખ ઢાંકવા જતાં સડી ગએલ સાડી ચીરાઇ ગઇ, અને વળી અધુરામાં પુરૂં આ છાયલનો એક છેડો ઉઠવા જતાં પાદાર્વિંદમાં

ભરાઇ ગયો; પરન્તુ પ્રભુની કૃપા તે કરૂણાશંકરજીની અર્ધાંગના પવિત્ર આર્યાવ્રતની ભુમિને સાષ્ટાંગ પ્રણામ કરતાં અટકી ગયા. અરે હાય ! આ સર્વ શું ? શું નવલ કોઇ રાક્ષસ હતો કે કોઇ નરપિશાચ હતો ? તે તેનાથી નાસવાનું અને ભાગવાનું ? પતિ તો સાથે હતા. તેની સાથે વાતચીત કરતા આવતા હતા ત્યારે આ સર્વ કરવાનું કાંઇ કારણ? શી દુર્દશા છે ઓ ભારત તારી ? શી રૂઢીઓનો અત્યાચાર ! આહા ! વિનાશ સામે ડોળા કાઢી રહયો છે, હિંદુ ધર્મ કબ્રસ્તાનના માર્ગે ત્વરાથી ગમન કરી રહયો છે અને હજુ કહેવામાં આવે છે કે રૂઢીઓ એજ શાસ્ત્રાજ્ઞા છે. રૂઢીઓનેજ અનુસરવું જોઇએ, કેમકે આપણાં બાપદાદા એ રૂઢીઓને અનુસર્યા હતા. વાહ વાહ ! શા દાખલા અને દલીલો; પરન્તુ જ્ઞાન હોય ત્યારે ચર્ચા થઇ શકેને ? શાસ્ત્રોના જ્ઞાન વગર ચર્ચા કરવાનો પ્રસંગ આવે ત્યારે બીજું શું થઇ શકે ? કાંઇ કરવું તો જોઇએજને. એટલે પછી આવું ભદ્રંભદ્રપણું થાય તેમાં નવાઇ શી ?

'આવો. નવલભાઇ અંદર આવો. જરા ઘર અંધારીયું છે; પરન્તુ અમારા જેવાને ચાલે એવું છે.' ઘરમાં પ્રવેશ કરતાં કરૂણાશંકરે નવલને ઉદ્દેશીને કહ્યું, અને નવલ માટે એક ફાટેલી સાદડી બીછાવી આપતા તેઓ બોલ્યાં.

'અરે ! (અહિ વાંચક વર્ગને જણાવવું જોઇએ કે કરુણાશંકરની પત્નીનું નામ 'અરે' નહોતું; પરન્તુ પતિ તે પત્નીનું નામ લઇ શકે અરર ! એકી સાથે સ્નાન અને હજાર બારસો કોગળાજ કરવા પડેને ! વળી કરૂણાશંકરને કાંઇ સંતતિ

નહોતી એટલે 'ફલાણાની મા' અથવા 'ફલાણાની બા' કહીને પણ બોલાવાય તેમ નહોતું. ત્યારે બોલાવવાનો કાંઇ રસ્તો તો જોઇએને!) પેલું માદળીયું લાવ જોઇએ? જો પેલી પેટીના ખાનામાં હશે. જરા દીવાસળા ઝરડ એટલે તરત જડી આવશે.'

લાજના ઘુમટા સહિત પત્નીએ પોતાના પતિરાજનો હુકમ ઉઠાવવા માંડયો. બે ત્રણ દિવાસળી સળગાવી; પરન્તુ માદળીયું મળ્યું નહિં. હજુ તો શોધ ચાલતી હતી ત્યાં કરૂણાશંકરજી ફરી બોલ્યા:

'જો જો! પેલી પેટીમાં છે. આટલીવાર થઇ તોપણ હજુ જડતું નથી, પણ તું કરે છે શું?'

હાય! આર્ય બાળાઓ? આ તમારી દશા! હૃદય ભેદાઇ જાય છે; પરન્તુ ધન્ય છે તમને કે તમે આ સર્વ સહન કરે આવો છો, પતિઓના હાથના મારથી તમારા પુષ્પ કળીઓ જેવાં દેહને તમેજ કરમાવી શકો તેમ છો. સાસુઓ અને નણંદોના વાકપ્રહારો અને કયારેક કયારેક તો હસ્ત-પ્રહારો ખમી તમેજ જીવન નભાવી શકવાની શકિતવાળાં છો. આ હા હા! હિન્દની દેવીઓ? તમારી સહનશકિત કોઇ અજબ છે. પશ્ચિમ તરફ જુઓ-પતિ જો આંગળી અડાડે તો છુટાછેડા માટે કોર્ટને અરજ કરે અને પતિને લાત મારી બીજાને પરણે-પતી જો અપમાન કરે તો તેનું પરિણામ તેનેજ ચખાડે-ત્યારે હિન્દમાં પતિના મારથી કોમળ ગાલોમાંથી લોહી નીકળે, સાસુના વાક-પ્રહારોથી આપઘાત કરી મરણ પામવાનું મન થાય છતાં આર્ય

મહિલાના હૃદયમાં પતિથી જુદા પડવાનો વિચાર નહિં આવે. પતિ એજ પ્રભુની ભાવના હિન્દ શિવાય બીજા કયા પ્રદેશમાં દૃષ્ટિગોચર થશે? કયાંય નહિં. કોઇ સ્થળે કોઇ પણ સુધરેલી આલમમાં એ ભાવના આપણે જોઇ શકતા નથી; પરન્તુ આ ભાવનાથી પણ કેટલું નુકશાન થયું છે. કોઇ પણ વસ્તુને એક બાજુ હોતી નથી. એટલે આ નુકશાન થાય એ સ્વભાવિક છે. એ નુકશાનને દુર કરવાની આપણી ફરજ છે.

'નવલભાઇ! કાંચનના બાપનું નામ શું?' પોતાની ભાર્યાએ લાવી આપેલા માદળીયાને નવલને દેખાડતા કરૂણાશંકર બોલ્યા.

'ભાઇ! મને ખબર નથી.'

'પણ આ તમારા મિત્ર હેમ તો તેને પરણવાના છેને?' અને તમે કન્યાના બાપનું નામ પણ જાણતા નથી?'

'નહિં નહિ–કરૂણાશંકરભાઇ–ખરૂં કહું છું–મને ખબર નથી.

'ત્યારે તેના કોઇ કુટુમ્બીનું નામ જાણો છો?'

'ના–ના. ફકત કાંચની સાથે રહેનાર બાઇનું નામ જાણું છું, અને અમે તેને લક્ષ્મી તરીકે જાણીએ છીએ બાકી. તો મને કાંઇ ખબર નથી.'

'આતો ભારે વિચીત્ર–કન્યાના બાપનું અને તેની માનું નામ પણ આવડતું નથી ત્યારે તેના ગોત્ર, શાખા કે કુળની તો તમને કયાંથી ખબર હશે? પૂછ્યા વગરજ પરણી લેશો કે?'

'કરૂણાશંકરભાઇ–આ સર્વ વાત આપણે અનુકુલ પ્રસંગે કરીશું. હાલમાં તો તમે આ માદળીયામાંની ચીઠ્ઠી મને આપો એટલે મારે જે જાણવું છે તે મને જણાય.

'એ પણ ઠીક. સ્વાર્થી દુનીયા–આ હા હા–શો સ્વાર્થ ?' કરૂણાશંકર નવલના શબ્દોથી જરા ભભડી ઉઠયા, અને વળી તેઓ બોલ્યા:

'તમે શું નામ કહયું ? લક્ષ્મી કે ? તેની ઉમ્મર કેટલી છે ?'

'પચાસ વર્ષ તો થઇ ગયાં હશે; પરન્તુ તમે આ શા માટે પૂછો છો ?'

'જરા ધીરજ રાખો–બેસજો હો–હમણાં હું આવું છું' એમ કહી કરૂણાશંકર પોતાની પત્ની પાસે ગયા અને તેને ઘર બહાર તેડી જઇ તેની સાથે કાંઇ વાતચીત કરવા લાગ્યા.

પકરણ ૨૮ મું.

મેઘ-ગર્જના.

'શિરપર સંકટ વાદળ ચડે, ગમગિન અંદર નવ પડે,
તે સમયે તારો આધાર, તુંજ ઉગારે વિશ્વાનાથ.'

પોતાની પત્નીની સાથે લગભગ ૧૫ અથવા ૨૦ મીનીટ સુધી વાતો કર્યા પછી કરુણાશંકર પાછા નવલરામ પાસે આવતા બોલ્યા:

'ખરેખર! આ તમારી કાંચન મારી પત્નીની બહેનજ છે. દીલ્હીમાં જ્યારે ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે આ બહેનોની માતા ગુજરી ગઇ અને તેમનો પિતા કોઇ સ્થળે ચાલ્યો ગયો. એટલે બન્ને બહેનો પોતાના મામાને ત્યાંજ ઉછરી. આ સમયે આ કાંચન એટલે કે વીજળીનું વય ઘણું નાનું હતું. એટલે ફળીયામાં તેને સર્વ કોઇ રમાડતા હતા, અને બધા તેનાપર પ્રેમ રાખતા હતા; પરન્તુ આ પછી તેના મામાની ભયંકર સ્થિતિ થઇ ગઇ, અને ઘરમાં ખાવાનું અનાજ પણ રહ્યું નહિ. છેવટમાં કાંચનને બહુજ પ્રેમથી ચહાનાર લક્ષ્મીબાઇને કાંચનને ઉછેરવા માટે સોંપી દીધી, અને તેની બ્હેનના મારી સાથે લગ્ન થયા. અમે પરણ્યા અને ઘરસંસાર શરૂ કર્યો; પરન્તુ આ પછી અમે અહિં રહેવા લાગ્યા. કાંચનને મારી પાસે રાખવા અમે ઘણો પ્રયત્ન કર્યો; પરન્તુ તે લક્ષ્મી

એ કાંચનને અહિં મોકલવાની ચોખ્ખી ના પાડી, અને આ પછી અમે સાંભળ્યું કે કાંચન સાથે લક્ષ્મી કોઇ સ્થળે અદ્રશ્ય થઇ ગઇ છે. આ માદળીયાં તમે જુઓ ! બન્ને એકજ પ્રકારના છે, અને તેમાંની ચીઠ્ઠીઓનું પણ તેમજ છે. દુકાળના સમય પહેલાં આ માદળીયાં બન્ને બહેનોને પહેરાવવા માટે તેની માતાએ એકજ સોની પાસે તૈયાર કરાવ્યાં હતા; પરન્તુ પાછળથી જ્યારે કાંચનને લક્ષ્મીને સોંપવામાં આવી ત્યારે કાંચનના મામાએ બુદ્ધિ વાપરી, ભવિષ્યમાં બન્ને બહેનોની સગાઇ રહે અને ભૂલાઇ ન જવાય માટે તેમાં ચીઠ્ઠીઓ નાંખી, અને આથીજ આ સમયે આપણે જાણી શકયા છીએ કે કાંચન મારી પત્નીની બહેન થાય છે; પરન્તુ નવલભાઇ ! મારે તમને એક વાત પૂછવાની છે, તમે હવે તો જાણો છો કે કાંચન એક બ્રાહ્મણની પુત્રી છે. ત્યારે હેમ એક વૈશ્ય છે. એટલે તે બન્નેના લગ્ન કેમ થઇ શકે ? આ કદી બની શકે નહિ. અમે અમારો ધર્મ ધર્મ અને જ્ઞાતિ છોડવાના નથી, મને હેમ માટે તો ખબર છે. એ કહે છે કે જ્ઞાતિબંધનો તોડી નાંખવા જોઇએ; પરન્તુ હું એમ થવા દઇશ નહિં, કદી પણ નહિં. એક બ્રાહ્મણ કન્યાનું એક વૈશ્ય સાથે લગ્ન–હર હર ! આ તો નહિં બની શકે–અને હેમ પણ કેટલા ખરાબ છે ? બીચારી નિર્દોષ છોકરીને ફસાવી–ઘુળ પડી તેના પૈસામાં અને ઘુળ પડી તેની બુદ્ધિમાં–આવું તે કદી બની શકે ? નહિંજ–નવલભાઇ ? તમે જઇને હેમને ચોખ્ખું જણાવી દેજો કે તે કાંચનને પણવાનો વિચારજ માંડી વાળે. હું તેને મારે ત્યાં રાખવાનો બંદોબસ્ત કરીશ અને મારીજ જ્ઞાતિમાંના કોઇ સાથે તેનો લગ્ન સંબંધ કરી નાખીશ; પરન્તુ આ ભ્રષ્ટાચાર તો નહિંજ થવા દઉં.'

'પણ ભાઇ! કાંચન હેમને ચાહે છે, અને હેમ કાંચનને ચાહે છે. ત્યારે તેઓ લગ્ન સંબંધ કરે તો વાંધો શો છે?'

'હવે રાખો રાખો! નવલભાઇ! કાંચન તો છોકરૂ છે. તેને વળી ચાહવું શું એ કયાંથી ખબર હોય! તમે પણ ગાંડાની માફક બોલે જાઓ છો; પરન્તુ કાંઇ વિચાર કરતા નથી.'

'પ્રણ કાંચને હેમ માટે કેટલું સહન કર્યું છે તે તમે જાણો છો? લક્ષ્મીપુરમાંથી તેને હેમ માટેજ નીકળવું પડયું. વળી રસ્તામાં તેનાપર હુમલો થયો અને વર્તમાનમાં તેને પારકાના ઘરમાં જીવન ગાળવું પડે છે. આ સર્વ શા માટે? કરૂણાશંકર! આનો જરા વિચાર કરો. શું કાંચન હવે બીજાને પરણે? મને તો તદન અસંભવિત લાગે છે.'

અરે તમારા સંભવિતબંભવિતને મુકો બાજુએ. તમે સુધારાવાળાએ જગતનું સત્યાનાશ વાળ્યું. છોકરીઓને કોને પરણવું તેની ખબર શી પડે? તેમના વર આપણેજ શોધવા જોઇએ. કન્યા એ ગાયનું રૂપ છે. જ્યાં દોરે ત્યાં જાય તેમને છુટી મુકીયે તો તે વંઠીજ જાય કાલ સવારે ઉઠીને એક કન્યા એમ કહે કે મારે એક ઢેઢને પરણવું છે–તો શું આપણે તેને ઢેઢના ઘરમાં, ભંગીના ઘરમાં જવા દેવી? કેવી વાત કરો છો! જરા તો બુદ્ધિનો ઉપયોગ કરો–કે સુધરાવાળા બન્યા એટલે બધું માંડી વાળ્યું?'

'કરૂણાશંકરભાઇ! તમેજ જરા બુદ્ધિનો ઉપયોગ કરો તો સારૂં તમે જાણો છો કે લગ્ન એટલે શું? હું તો બહુ જાણતો નથી. પરન્તુ તમે તો એક ગોર મારાજ છો. લોકોને

ધર્મક્રીયા તમેજ કરાવો છો, લગ્નના ફેરા ફરવવાનું કાર્ય તમારાજ હાથથી થાય છે અને વળી શાસ્ત્રો તો તમારાજ બાપદાદાએ લખ્યા છે. એટલે તેનું જ્ઞાન તો તમને હોવુંજ જોઇએ. તમે મને જરા સમજાવો કે લગ્ન એટલે શું? તમે પેલી શાસ્ત્રની ક્રીયા કરાવો છો, અને મંત્રો બોલો છો તે તમે તેના ખરા અર્થ તો જાણતાજ હશે?'

તમે પણ જબરા--લગ્ન એટલે શું તે અમે શું સમજતાજ નથી કે? ત્યારે શું આજ ત્રીસ ત્રીસ વરસથી હું મુંડાવુંજ છું? ભાઇ! આ હાથથી તો હજારો લગ્ન કરાવી આપ્યા છે અને પુષ્કળ વરોના લગ્નો કરાવ્યાં છે. વિવાહ એટલે સ્ત્રી પુરૂષનું પરણવું બીજું શું?'

'ખરેખર! ભાઇ! મને બહુ દીલગીરી થાય છે કે તમે 'લગ્ન એટલે સ્ત્રી-પુરૂષનું પરણવું' કહો છો. મારામાં તો બહુ અક્કલ નથી, તોપણ હું જાણું છું એ પ્રમાણે હું તમને કહું છું. ચાલો! તમો કહો છો એ સાચું; પરન્તુ આ પરણવું, આ જોડાવું કેટલા સમય માટે? બે વરસ કે ચાર વરસ માટે?'

'બે વરસ કે ચાર વરસ માટે? વાહ! તમે પણ કેવો સવાલ પૂછો છો. વળી પરણવું એ ફકત ચારજ વરસ માટે? પરણવું એટલે આખી જીંદગી માટે. એમાં તે વળી પૂછવું શું?'

'પરણવું એટલે જોડાવું. સાથે એકજ ઘરમાં રહેવું અને એ પણ મરણ સુધી. ત્યારે કરુણાશંકરભાઇ! જેની સાથે આખી જીન્દગી ગાળવી તેની પહેલેથીજ આપણને કાંઇ ખબર, તેના વિષે આપણને થોડું જ્ઞાન તો હોવુંજ જોઇએને? નહિંતર તો

તેની સાથે આખી જીંદગી કાઢવાનું ભારે થઇ પડે, અને દરરોજ કજીયા થાય. જુવોને આપણા ઘરોમાં કેવી લડાઇએ! થાય છે. એ બધાના કારણો વિષે વિચાર કરો; પરન્તુ માફ કરજો હો ભાઇ! તમે બ્રાહ્મણ છો એટલે લોકોને સારાસારનું જ્ઞાન આપવાનો તમારો ધંધો છે અને આથી તમે આ માટે પણ વિચાર તો કર્યોજ હશે.'

'અરે ભાઇ! પતિ પત્નીના સ્વભાવ ખરાબ હોય એટલે અમશથી તકરારો થાય. એ તો દરરોજનું થઇ પડ્યું. તેમાં તે શું થઇ ગયું?'

'પરન્તુ સ્વભાવથીજ તકરારો થાય –ત્યારે સ્વભાવ વિષે પહેલેથીજ સંભાળ રાખી હોય તો? તો તો આવી તકરારો ન થાયને? અને આ માટેજ કન્યાઓને પોતાના વરની પસંદગી કરવા દેવામાં આવે તો વંઠી જાય એવો ભય આપણે શા માટે રાખવો જોઇએ એજ મને સમજાતું નથી.'

'અરે–'સ્ત્રીઓની બુદ્ધિ તે પાનીયે' એતો રાંધી જાણે અને ખાઇ જાણે. તેને વળી સારૂં શું અને નરશું શું તેની તે કાંઇ ખબર પડે? આ જુઓ મારીજ વહુ–એ ખાય છે, પીયે છે અને આનન્દ કરે છે. તેમને તો ઘરમાં રહેવાનું અને પુરૂષો કહે તેમ કરવાનું. ભાઇ! તમારા કહ્યા પ્રમાણે કરીયે તો તો સ્ત્રીઓ બગડીને બે પાર થઇ જાય. તેને તો કાબુમાંજ રાખવી સારી.'

બીચારા કરણાશંકરજીના વિચારો–આહા! આર્યવ્રત! આજ તારા ભુદેવો કે?

'ત્યાર સ્ત્રીઓ તો ગુલામડીઓજ કે?'

'અરે ભાઇ! મારૂં તો ભેજું પાકી ગયું. આવા ગાંડા જેવા પશ્નોના જવાબ હવે હું આપવાનો નથી. તમારા હેમને જણાવી દેજો કે એક બ્રાહ્મણની છોકરીને પરણવાના અને હિન્દુ ધર્મને ભ્રષ્ટ કરવાના વિચાર છોડી દે, નહિતર તેને ભોં ભારે થઇ પડશે. નવલભાઇ! આ તો તમને હું પહેલેથી ચેતવણી દઉં છું; જો અહિંના બ્રાહ્મણોને ખબર પડશે તો તેને અહિં રહેવું મુશ્કેલ થઇ પડશે.'

નવલને લાગ્યું કે આ બ્રાહ્મણો પોતીયાદાસો શું કરવાના છે. નવલ પણ એક વખત લફંગાનો સરદાર હતો. તેને તો આ 'મારાજ' ની ધમકી સાંભળીને હસવુંજ આવ્યું; પરન્તુ તે કાંઇ બોલ્યો નહિ અને મૌનજ રહ્યો.

'તમે સમજ્યાને? હું આજેજ શીવશંકર ગોરપર પત્ર લખું છે કે, કાંચનને એક વૈશ્ય પરણવા ઇચ્છે છે. માટે કાંચનને તે બચાવે. અરર! ભ્રષ્ટાચારની પણ હદ તો હોયને? પણ હવે તો કલીયુગ આવ્યો એટલે ભ્રષ્ટાચારની પણ કયાંથી સીમા હોય. નવલભાઇ! તમે હેમને જણાવી દેજો, હું કદીપણ આવો ભ્રષ્ટાચાર થવા દઇશ નહિ. સમજ્યાને! મારી સાળીને હું એક વાણીયા સાથે પરણવા દઉં? એને કેમ બને? જાવ ભાઇ હવે તમે જાવ, અને હેમને જણાવી દયો. મને તો તેનાપર બહુ તીરસ્કાર આવે છે. આ વાતની મને તો પહેલેથી ખબર નહિં, નહિંતર હું તો તેની સાથે વાત પણ નહિં કરત. અમે સાથે ફરવા જતા હતા ત્યારે તેઓ બસ આવાજ ભ્રષ્ટાચારની વાતો કરે; પરન્તુ હું પણ હાએ હાજ ભણે જાઉં. મને શી ખબર કે એ મહાત્માજ ભ્રષ્ટાચાર કરવા માગે છે.'

નવલ ઉઠયો–દુઃખથી તેનું હૃદય ઉભરાઇ ગયું. હાય! મહાં મુસ્કેલીમાંથી પસાર થયા ત્યાં વળી આ તૃતીય જાગ્યું. કાંચનના સગા પૃથ્વીપરથી નીકળી આવ્યા, અને તે કાંચનના હૃદયને, મનને કતલ કરવા. બે આત્માઓને હરહમેશને માટે દુઃખ સમુદ્રે ડુબાડવા. અરે રે! હવે શું કરવું? શું આજને આજ દીલ્હી જઇ કાંચનને કોઇ બીજે સ્થળે લઇ જવી? પરન્તુ કયાં? કોઇ સ્થળ નહિં હાય! કોઇપણ જગ્યાએ રાખી શકાય તેમ નથી; પરન્તુ આજ દીલ્હી તો પહોંચી જવું, અને કાંચનને ચેતાવી તો દેવીજ, નહિંતર વળી એકાએક તેનું હૃદય કપાઇ જશે. આવા વિચાર કરતો કરતો નવલ ઉતવળથી સર્વધન શેઠના મકાને પહોંચી ગયો અને હેમના ઓરડામાં જઇ જોયું તો હેમ શાન્ત ચહેરે પલંગપર પડયા પડયા એકાદ વર્તમાનપત્રના પાના ફેરવી રહયા હતા. નવલને જોઇ તેઓ ધીમેથી બોલ્યા :

'ઓહો નવલરાય! તમે આટલા સમય સુધી કયાં હતા? જુઓ હવે ઠીક મને શકિત આવી છે. ડાકટર કહે છે કે હું જલદીથી સાજો થઇ જઇશ; પરન્તુ તમે મને કાંચનના કાંઇ સમાચાર તો આપો. તમે મને તેના વિષે તો કાંઇ જણાવ્યુંજ નથી; તેણે કાગળ પણ નથી આપ્યો?'

'તમને મળવાની ઉત્તાવળમાં હું એમનો એમ જલદીથી નીકળ્યો. લલિત અને હું સાથેજ નિકળ્યા અને આથી હું મારી કાંચન બ્હેનને જણાવી પણ ન શકયો કે હું અહિં આવું છું. એટલે પછી પત્ર પણ કયાંથીજ લખી આપે?'

'ત્યારે હવે તમેજ મને સમાચાર આપો. તેનું શરીર તો સારૂં છેને?'

'શરીર તો સારૂં છે; પરન્તુ મન સારૂં નથી. તમારી રાહ જોતાં જોતાં દિવસો પસાર કરે જાય છે. હવે તો તમે તમારા લગ્નની ઉતાવળ કરો તો ઠીક; પરન્તુ—'

અહિયાં નવલ બોલતો અટકી ગયો. કાંચનના સગાંઓની શોધની વાત આ પ્રસંગે હેમને કહેવી કે નહિં તે તેને સૂઝયું નહિ. અરે કદાચ આ વાત સાંભળી હેમને ફરી મૂર્ચ્છા આવે તો? પરન્તુ ત્યારે કરવું શું? શું બધુ ગુપ્ત રાખવું? નહિં, નહિં. સગાંઓની શોધથી તો તેમને આનન્દ થશે, આમ ધારીને તેણે આગળ ચલાવ્યું.

'હેમભાઇ! તમને બીજી કાંઇ ખબર છે? જોજો હો, ચમકતા નહિં. મારે તમને એક નવાઇ જેવી વાત કહેવી છે.'

'શું નવલરાય! વળી નવાઇ જેવું શું છે? કાંઇ નવીન ઉપાધી તો નથી આવી પહોંચીને?'

'ના, ના—એવું તો કાંઇ નથી. કાંચનના કેટલાક સગાં અહિંયા છે એટલું જ.'

'કાંચનના સગાં? આપણે તો જાણતા હતા કે તેને સગા છેજ નહિ, ત્યારે વળી આ સગાં ક્યાંથી આવ્યા? નવલભાઇ! એ સગાં કોણ છે?'

'આ પેલા કરુણાશંકરના પત્ની કાંચનના બહેન થાય છે.'

'પરન્તુ આ સર્વ શોધ શાથી થઇ? એ લોકોને કોણે કહ્યું કે કાંચન તેમની સગી થાય છે.'

હવે નવલે અથથી ઇતિ સુધીનો સર્વ વૃતાંત હેમને કહી સંભળાવ્યો અને માદળીયાંનો સર્વ ઇતિહાસ તેને સમજાવ્યો.

'અરેરે નવલભાઇ! આ ખોટું થયું. આ કરૂણાશંકર બડા ખટપટી છે, અને વળી જ્ઞાતિબંધારણ માટેના ચુસ્ત હિમાયતી છે એટલે કાંઇ ખટપટ જાગવાનીજ. પ્રભુ! પ્રભુ! વળી આ નવીન વીપત્તી.'

'કાંઇ નહિ, એ તો એમજ ચાલ્યા કરે. શુભ કાર્યોમાં સદાયે વિઘ્ન આવે. વિઘ્નો આવે તેને લાત મારી આપણે આપણું કાર્ય કરે જઇશું તો આપણે ફળીભૂત થવાના. એ કરૂણાશંકર શું કરવાના હતા? ફકત બે ઘડી રાડો પાડી રહી જશે. બસ એટલુંજ.'

'પરન્તુ તે મથુરાના બધા બ્રાહ્મણોને ચડાવશે, અને અહિના બ્રાહ્મણો ખુન કરવાથી પણ ડરતા નથી એમ મેં સાંભળ્યું છે. વળી આ તો ધર્મનો સવાલ એટલે ખળભળાટનો પાર નહિં રહે.'

'કાંઇ નહિં. જોવા દયોને તેઓ શું કરે છે. હું અહિંજ છું, એટલે ચીન્તા કરશો નહિ.

'હા–એ બધું સાચું; પરન્તુ હવે હું અહિં રહેવા નથી ઇચ્છતો. કાંચનને લઇ મુંબઇ જતા રહેવાનું મને બહુ મન થાય છે, પણ ડોકટર મને રજા આપે એમ લાગતું નથી, અને હાલમાં તો મારામાં શકિત પણ નથી. પણ નવલભાઇ! તમે આજેજ અહિંથી જાવ અને કાંચનને મારો પત્ર આપો. તે ચિન્તાતુર બની ગઇ હશે. બીચારી નિર્દોષ બાલિકા! કેટલા

દુઃખો તેને સહન કરવા પડયા. હજુ પણ આ દુઃખો પુરાં થયાં હોય તેમ લાગતું નથી. હવે વળી હજુ શું બાકી રહી ગયું છે એજ સમજાતું નથી.'

'તમે હમણાંજ પત્ર લખી આપો. હું જાઉં છું અને પાછો તમારી પાસે આવતો રહીશ. જો લલિત આવ્યા હશે તો અમે સર્વ કાંચનને લઇનેજ અહિંયા આવીશું.'

'પરન્તુ ત્યારે આ કરૂણાશંકરનું કેમ? તે તો હવે જાણે છે કે હું કાંચન સાથે લગ્ન કરવા ઇચ્છું છું. એ આ વિષે તમને કાંઇ કહેતો હતો કે નહિ?'

'હા.એ મને ધમકી આપતો હતો કે આવો ભ્રષ્ટાચાર તે થવા દેશે નહિ; પરન્તુ તેની કોણ દરકાર કરે છે? કાંચન કાંઇ હવે નાની છે તે ભોળવાઇ જાયે. એ તો બધુ પાછળથી જોઇ લેવાશે. તમે હાલમાં તો સર્વ ચીન્તા મુકી સાજા થઇ જાવ બસ. ભવિષ્ય આપણાં હાથમાંજ છેજે?

'ઠીક-ભાઇ પરન્તુ આ સર્વે મને સારૂં લાગતું નથી. જે થાય તે ખરૂં. હયો ત્યારે હવે મને જરા કાગળ અને પેન્સીલ આપો હું પત્ર લખું એ દરમાઆન તમે જમી હયો.'

'હેમભાઇ! અમે બધા અહિં આવીયે તો સર્વધન શેઠના મનમાં કાંઇ થશે નહિંને?'

'અરે નહિં રે-એ બહુ ભલા છે. વળી અહિંયા જગ્યા પણ પુષ્કળ છે. એ તો ઉટલા ખુશી થશે.'

'અને તેમને તમારા લગ્નની ખબર છે કે ? નહિંતર વળી પાછળથી મુસ્કેલી ઉભી થાય એ નકામું.'

'હા–તેઓ જાણે છે. તેઓ શિક્ષીત છે. એટલે આ બાબત સમ્પુર્ણ રીતે સમજે છે. તમે કાંઇ ફીકર ન કરો જો અવાય તો સર્વ આવજો નહિંતર તમે તો પરમ દિવસે અહિં આવજોજ.'

'ભલે ત્યારે હવે તમે પત્ર લખો. હું પણ જવા માટે તૈયારી કરવા જાઉં છું.'

હેમ પલંગમાં ધીમે ધીમે ઉઠયા. પત્ર લખવાની શરૂઆત કરી; પરન્તુ હવે લખવું શું ? સ્નેહને પત્રમાં ઉતારવો છે;એ વાર્તા સત્ય પરન્તુ તેને માટેના શબ્દો કયાંથી લાવવા ? સ્નેહમય, પ્રેમમય શબ્દો જોઇએ. વળી એ શબ્દો પ્રેમથી ભરેલા, સ્વર્ગીય પ્રેમથી ઝરતા જોઇએ નહિં કે પેલા કહેવાતા પ્રેમથી, પાતકી પ્રેમથી–એવા 'વ્હાલા' અને 'વ્હાલીઓ' નો કહેવાતો પ્રેમ બતાવતાં શબ્દો તો હવે આલમમાં રખડે છે. જ્યાં જોશો ત્યાં 'પ્રીયા' અને 'પ્રાણનાથ' જણાશે. આ શબ્દોનો ઉપયોગ બહુ સુલભ છે. એ શબ્દોનો ઉચ્ચાર સહેલાઇથી થઇ શકે તેમ છે, પણ તેનો ખરો ભાવાર્થ શું છે તેની પરવા કોણ કરે છે ? હવે તો એકાદ ગામડીયો પણ 'માઇ ડીઅર' જાણે છે કેમકે 'માઇ ડીઅર' બહુ સોંઘે ભાવે વેચાવા લાગ્યું છે. થોડા એક જળહળતા સીકકાઓ અને પછી 'માઇ ડીઅર' ના વરસાદો અરે મુસળધાર વૃષ્ટિ અને કોણ દરકાર કરે છે કે અહિંયા આ 'માઇ ડીઅર' માંના 'ડીઅર' નો અર્થ 'હરણ' કે 'પ્રિય.' ચાલો થયું. ઘણું આડે ઉતરી જવાયું.

અન્તે હેમને શબ્દ મળ્યો. બસ એજ શબ્દ વાપરવો. કાંચન માટે એજ શબ્દ યોગ્ય છે. તેના હૃદયનું પ્રતિબીંબ તેમાંજ પડે છે અને સાથે સાથે તેનો સ્નેહ તેમાંજ સમાઇ જાય છે. એજ શબ્દમાં વહતો જણાય છે. તેણે હવે શરુ કર્યું:

'વ્હાલી દેવી;

ઘણાં દુઃખી દિવસો પછી આ સુખી અવસર આવ્યો છે. લોકો કહે છે કે કિસ્મતનું ચક્ર ફરે છે. દુઃખ ગયું અને હવે આપણાં માટે સુખ દુરથી આવતું જણાય છે. સ્નેહ–પરીક્ષામાંથી આપણે પસાર તો થયા; પરન્તુ હવે સ્નેહ પારિતોષિકનીજ રાહ આપણે જોવાની છે અને આપણે જોઇએ છીએ, પ્રેમકસોટીમાં ફળીભુત થઇ આપણે આ પારિતોષિક મેળવવાનો અધિકાર મેળવ્યો છે. એ અધિકાર પ્રભુ પણ સ્વીકારે છે. એટલે એ માટે હવે આપણે નિશ્ચીંત રહેવાનું છે.

સ્નેહીઓના હૃદયો ભિન્ન નથી હોતા. તેમના સ્થૂલ દેહો વચ્ચેનું અંતર આ અભિન્નતાપર અસર નથી કરી શકતું. સ્નેહમાં ભિન્નતાજ નથી હોતી. વળી વિયોગ એ મેળાપનું મુલ્ય સમજાવનાર છે એ વાત ધ્યાનમાં રાખજે અને પ્રકૃતિને બગડવા દઇશ નહિં.

લલિત આવ્યા હોય તો તમે બધાં અહિં જરૂર આવજો. નવલરામની સાથે હું ત્યાં આવત; પરન્તુ કેટલાક અગત્યના કારણોને લઇને હું તેમ કરી શકતો નથી. આ માટે તું જરા પણ ચિન્તા કરીશ નહિં.

પ્રભુ કૃપા હશે તો થોડા સમયમાં આપણે જગતની દૃષ્ટિમાં અભિન્ન બની જઇશું.

એજ.

તારોજ.

હેમ.

હાશ ! પત્ર તો લખાઇ ગયો. હેમે લગભગ ૧૦ થી ૧૨ વાર પત્ર વાંચ્યો. વળી અક્ષરો સુધાર્યા, અને જેમ બને તેમ પત્રને સાદી ભાષામાં યોજવાનો પ્રયત્ન કર્યો; પરન્તુ વ્યર્થ. છેવટમાં તે થાકયા. અને કવરમાં પત્ર બીડી પોતે પલંગમાં સુતા અને પત્ર લેખન-શ્રમથી હાંફવા લાગ્યા. ત્યાં નવલ આવ્યો.

'કેમ હેમભાઇ ! પત્ર તૈયાર છે ?'

'હા, જુવો આ રહ્યો, પરન્તુ નવલભાઇ ! ગુપ્ત રીતેજ આ પત્ર કાંચનને પહોંચતો કરજો, અને હું કાંચન સાથે લગ્ન કરવાનો છું એ વાત ત્યાં બહાર ન પડે તો સારૂં.'

'સારૂ. હું તમારી ઇચ્છા મુજબજ કરીશ.,

'બીજું મારી માંદગીના સમાચાર કાંચનને જણાવશો નહિ. નકામી તેને ચીન્તા થશે.'

'બહુ સારૂં. આપે પત્રમાં કાંઇ લખ્યું નથીને ?'

'નહિં નહિં. કાંઇજ નહિં'

'ઠીક. ત્યારે હવે હું રજા લઉં છું, અને લલિત આવ્યા હશે તો તો અમે બધા કાલ પરમ દિવસે અહિંયા આવી પહોંચીશું, નહિંતર એકાદ બે દિવસ વધારે થશે. તમે કાંઇ ચીન્તા ન કરશો, અને જેમ બને તેમ જલદીથી આરામ થઇ જાય એવા ઉપાયો લેશો.'

'હા–હા–એક બીજું પણ હું તમને કહેતાં વિસરી જાઉં છું. કાંચનને તેના સગાં વિષે સહેજ જણાવવું હોય તો જણાવજો. બાકી બીજું કાંઇ ન કહેશો. જો જો હો, આ વાત ધ્યાનમાં રાખશો.'

'તમે કશી ફીકર ન કરો. પ્રભુપર ભરોસો રાખવાથી સર્વ સારા વાના થઇ રહેશે. હયો ત્યારે હું રજા લઉં છું. હેમ ભાઇ! તબીયતપર ખાસ લક્ષ્ય આપશો હો. અમે અહિંયા આવી પહોંચીએ એ દરમ્યાનમાં સર્વ ચીન્તા મૂકી દઇ ફકત આરામ થાય તેમજ કરજો.'

'હા ભાઇ! કાંઇ વાંધો નહિ. મારી કાંચનને કુશળ સમાચાર કહેજો અને તેને અહિં જલદીથી લાવજો. અરેરે! જો હું પથારીપર પટકાઇ પડયો ન હોત તો તો આજે કાંચન પાસે ન હોત? પ્રભુ! તું મ્હારા સામું આટલું પણ નથી જોતો! કેવી દુર્દશા!'

'શોક કરો નહિ હેમભાઇ. જે થાય છે તે સર્વ સારા માટે. જગનિયંતાપર વિશ્વાસ રાખો તે સ્નેહીઓને ફકત કસોટીપર ચડાવે છે તેમાં શોક શા માટે કરવાનો? હયો ભાઇ! પ્રણામ કરૂં છું અને હું જાઉં છું.'

હેમે શોકથી વ્યાકુળ બની ગએલા હૃદયે 'આવજો ભાઇ' કહ્યું. તેનું હૃદય કાંચનના વિચારોમાં નિમગ્ન થતું ચાલ્યું. આખરે આ વિચારોમય બન્યું.

પ્રકરણ ૨૯ મું

વૃષ્ટિ.

'Though your body be confined,
And soft love a prisoner bound,
Yet then beauty neither cheek nor chain
hath found,
Look out nobly, then and dare.
Even the fetters you wear.'

Fletchere.

'કેમ તમારે કોનું કામ છે?' શાન્તાએ ઘરના આંગણામાં ઉભાં ઉભાં નવીન આગન્તુકને પૂછ્યું.

'શીવશંકર ગોરનું આજ ઘરને?' નવીન આવનારે સામો પશ્ન કર્યો.

'હા–કેમ!'

'મારે તેમને આ પત્ર આપવો છે.'

'લાવો હું લઇ જાઉં. તમે અહિં બેસો.'

'ના–હું તમને આ પત્ર આપી શકીશ નહિં. મારેજ તેમને હાથોહાથ પહોંચાડવો છે.'

'પણ ભાઇ! તેઓ મારા પિતા થાય છે એટલે કાંઇ અડચણ જેવું નથી.'

'નહિંજી. મને તો શીવશંકર ગોરના હાથમાંજ આ પત્ર મુકવાની ફરમાશ થઇ છે. એટલે હું તમને આપી શકીશ નહિ.'

'ઠીક–ત્યારે ચાલો આવો મારી સાથે. તેઓ અંદરના ઓરડામાં બેઠેલા છે.'

'ચાલો' કહીને નવીન આવનાર શાન્તાની સાથે શીવશંકર ગોરની સમીપમાં ગયો.

વાચક! કલ્પના આવે છે કે આ નવીન વ્યકિત કોણ છે? કાંઇ નહિ. તું શ્રમ લઇશ નહિ.

આગલા પ્રકરણમાં આપણે કરૂણાશંકરના ગુસ્સાને જોઇ ગયા છીએ. ખરેખરે! નવલને તેમણે આપેલી ધમકી પ્રમાણેજ તેઓ વર્યા અને નવલના વિદાય થવા પછી તેમણે ઉતાવળથી એક પત્ર લખી બેપીયા સાથે શીવશંકર ગોરને મોકલી આપ્યો. આ નવીન આવનાર બીજો કોઇજ નહિં; પરન્તુ એ બેપીયોજ હતો.

હવે સાયંકાળને થવાને વધારે સમય નહિં હોવાથી શીવશંકર ગોર યમુના સ્નાનાર્થે જવાનો વિચાર કરતા બેઠેલા હતા–ફાટેલી સાદડી, તેનાપર નાની એવી એક ગજ પહોળી ગાદી, તેનાપર ગંદા જેવો નાનો એવો ઓછાડ અને તેનાપર શાન્તાના કોમળ હસ્તથી યમુના જળમાં ધોવાએલું ઉજળું ધોતીયું પહેરી શીવશંકર ગોર બીરાજેલા હતા.

'બાપા! આ કોઇ તમને એક પત્ર આપવા આવ્યું છે.'

'કોણ છે એ શાન્તા! પત્ર આપવા આવ્યું છે? તે ટપાલવાળો છે કે કોઇ બીજો?' શીવશંકર 'મારાજે' નાની એવી ગાદીપર સમા બેસતાં પૂછ્યું.

'આ લ્યો એ આવ્યા.

'તમારૂં નામ શીવશંકર ગોર કે?'

'હા કેમ શું છે?'

'મથુરાના કરુણાશંકર ગોરે તમારા માટે આ પત્ર મોકલ્યો છે, અને પાછો જલદીથી જવાબ માગ્યો છે.'

'એટલું બધું તે શું છે? લાવો જોઇએ. શીવશંકરે પત્ર હાથમાં લેતાં લેતાં કહ્યું. અને પત્ર ફોડીને તેઓ વાંચવા લાગ્યા.

'પૂજ્ય શીવશંકર ગોર.

તમારે ત્યાં કાંચન નામની જે છોકરી રહે છે તે મારી પત્નિની બેન થાય છે. હેમ નામનો એક વૈશ્ય તેને પરણવા ઇચ્છે છે માટે સાવચેત રહેજો અને કાંચનને તમારે ત્યાંથી જવા દેશો નહિ. વળી નવલરામ કરીને એક માણસ પણ તમારે ત્યાં છે. તે આજે અહિં છે. મેં તેને આ વિષે જણાવ્યું છે; પરન્તુ એ લોકો તદ્દન ભ્રષ્ટાચારી છે. એટલે મારૂં કહેવું ધ્યાનમાં લેશે નહિં એમ મને લાગે છે. નવલરામ આજે કે કાલે ત્યાં આવશે. માટે ધ્યાન રાખજો. તેને તમારે ત્યાંથી રજાજ આપી દેજો અને કાંચનને તમારા ઘરમાંથી જવા દેશો નહિ. આપણે બ્રાહ્મણો આ ભ્રષ્ટચાર સહન કરીશું નહિ. અને તે પણ વળી આપણા ઘરોમાં તો આવો ભ્રષ્ટાચાર થવા દઇશુજ નહિં. મારી સાળી એક વાણીયાને પરણે તેના કરતાં તો તે મરણ પામે એજ વધારે બહેતર છે. તમે પણ આપણાં ગોરકુળના શિરોમણી છો. અને દીલ્હીના બ્રાહ્મણોમાં તમારૂં પદ ઉચ્ચું છે. એટલે તે તમારા

ઘરનો રોટલી ખાનાર એક બ્રાહ્મણની છોકરી વેશ્યને પરણશે તો તમારૂં પણ નાક કપાઇ જશે. માટે બરોબર સાવચેત રહી, આબરૂને ધક્કો લાગે નહિં તેમ કરજો.

મારે ત્યાં હાલમાં કેટલાક યજમાનો આવેલાં છે, અને બે પાંચ પૈસાની પ્રાપ્તિ થવાની વકી છે, એટલે હમણાં તો હું ત્યાં નહી આવી શકું. તમે જાણો છો કે આપણા ગોરવટાનો ધંધો હમણા સારો ચાલતો નથી, અને આ લાગ ઘણા દિવસે મળ્યો છે.

એજ વળતો જવાબ પાઠવશો.

તમારો દાસાનુદાસ
કરુણાશંકર

'અરર ! પ્રભુ પ્રભુ આ શું.' મારાજ ઘરમાં આ વાત ? 'હર હર હર' 'શિવ શિવ શિવ' કાગળ પુરો કરતાં શીવશંકર 'મારાજ' બબડી ઉઠયા.

'શિવ શિવ શિવ અરે શાબાસ કરુણાશંકર ! તને શાબાસ છે કે તેં મને નરકાગારમાંથી બચાવી લીધો. તારો પત્ર નહિં આવ્યો હોત તો મારી શી વલે થાત ! આહા અહીં નાતમાં મોઢું પણ શું બતાવત ! અને અહિં રહેવાત પણ કેમ !'

'તમે મને કાંઇ જવાબ આપવા ઇચ્છો છો ?'

'નહિ, તેમને હા કરુણાશંકર ભાઇને કહેજો કે એ કાંઇ ફીકર ન કરે બસ આટલુંજ.

ખેપાયો રવાના થયો.

'અરે શાન્તા ! પેલી કાંચન કયાં છે ? બોલાવતો જરા એને'

'બાપુ ! શું છે ! આજ કેમ આંમ બોલો છો ?'

'છોકરી ! તારે હવેથી કાંચન સાથે વાત પણ કરવાની નથી. બસ તેને એક ઓરડામાં જુદીજ રાખો અને ત્યાંજ એને ખાવાનું નાંખી આવો. અરે હાય ! પેલા યોગી મહારાજ એને અહિંયા મૂકી ગયા ન હોત તો આજ ને આજ તેનું નાક કાપી મારા ઘરમાંથી કાઢી મૂકત. પણ લાચાર. તે યોગીની આજ્ઞાનું ઉલ્લંઘન કેમ થાય ?'

'પણ બાપુ છે શું ? શું કાંચન બેને કાંઇ દોષ કર્યો છે ?'

'હવે તારી બેંન ગઇ ચુલામાં–બ્રાહ્મણની છોકરી થઇ વાણીયાને પરણવા ઇચ્છે છે. હા–હવેજ મને ખબર પડી કે મારા પુસ્તકોમાં 'હેમ' 'હેમ'ના નામો કયાંથી આવ્યા ! જે પુસ્તક એ વાંચવા લે તેમાં 'હેમ'નાજ નામો. બસ. એ દુષ્ટાને આ ભ્રષ્ટાચાર કરવા દેવોજ નહિ.'

'હું બાપુ ! તમે શું કહ્યું ? વાણીયો શું અને વળી બ્રાહ્મણની છોકરી શું ?'

'શાન્તા ! તું પણ બહુ બગડી ઘઇ છે હો–કાંઇ સમજતીજ નથી. લે. આ વાંચ અને ફોડ તારૂ કપાલ' શીવશંકર 'મારાજે' કરૂણાશંકરનો પત્ર શાન્તા તરફ ફેંકતા કહ્યું-

અહો વિધાતાના લેખ કોઇ ગહન પ્રકારના છે. લલિત સામાજિક બાયલા બન્યા. સમાજના કઠોર પ્રહારને સહન કરવાની શકિત ન હોવાથી કાંચનને લક્ષ્મીપુરમાંથી કાઢી. પરન્તુ પાછળથી

તેમને પશ્ચાતાપ થવા લાગ્યો. પ્રથમથીજ હૃદય તો સમાજની વિરૂદ્ધમાં હતું સમાજના દેહમાં પ્રવેશેલ રૂઢીઓને તિરસ્કારતું હતું. હવે તો આ તિરસ્કારની જવાળા ભભુકી ઉઠી. રૂઢી રાક્ષસીઓના વિકરાળ મુખમાં કાંચનને ચવાતી જોઇ તેમનું હૃદય સળગી ઉઠયું. પોતાના બાયલાપણાથી નિર્દોષતાની મૂર્તિને અસહ્ય દુઃખ સહન કરતી જોઇ રૂઢીઓના ભીષણ ભયંકરપણાને તેઓ સમજ્યા. પરન્તુ બહુ મોડા. પોતાના રોપેલા બીજોના ફળ આવવા લાગ્યા હતા. ઇન્દુની શુભભાવના નિષ્ફળ ગઇ. કવિના કવનની સિદ્ધી તેની દ્રષ્ટિ સમાપ ખડી થઇ અને તેનું હૃદય દિલાસો આપતું નહોય તેમ કહેવા લાગ્યું

'પ્રભુ ઇચ્છા બળવાન છે, નથી પુરૂષ બલવાન,
મનનું ધાયું કયાં રહે થવા કાળ સ્થિર જાણ.'

પરન્તુ આ બધું સાચું. લક્ષ્મીપુરવાસિઓની સામે થઇ કાચનને ત્યાંજ રાખી હોત તો શું? તો નગરશેઠપણું કદાચ જાત. ગામમાં તેને માટે તિરસ્કાર ફેલાત બસ એટલુંજ અને આ સર્વનો બદલો શો મલત? કાંચનનું બલિદાન ન દેવાત અને વળી લક્ષ્મીપુર વાસીઓને પણ ધડો મળત પણ થયું. હવે શું.? એ સમયે હિમત ન હોતી એટલે ભુલ થઇ ગઇ. હવે તો જાગ્યા ત્યાંથી ફરી પ્રભાત. વિઘ્નોના નાશ કરતાં કરતાંજ ખરૂં માણસ પણું આવે છે. કેમકે

"Our greatest glory is, not in never falling, but in rising every time we fall."

આ પણ સાચુંજ છે. હવે ફરી જાગ્રત થવુંજ. ભુલને સુધારવી નહિંતર વળી શોક કરવાનો અને કપોલપર હસ્ત ચાંપી બેસવાનો દિન આવી ઉભો રહેશે. લલિતની આ સ્થિતી હતી. તેમનું હૃદય હવે શોક કરતું હતું પણ વ્યર્થમાંજ. હવે તે બધુ શા કામનું ? 'strike while iron is hot' લોહને વાળવું હોય તો તે જ્યારે સમ્પુર્ણ રીતે તપેલું હોય ત્યારેજ વળી શકે એવી રીતે યોગ્ય અવસાર જાય તો પછી સર્વ નકામું.

પણ પ્રિય વાચક ક્ષમા કરજે, આડે માર્ગે ઉતરી જવાયું છે.

લલિતથી કાંચનના દુઃખોની પ્રથમ શરૂઆત થઇ. રાત્રિના ભયંકર સમયે વૃક્ષ સાથે બંધાવું પડયું. યોગી સાથે પર્વતો ઓળગવા પડયા અને આજે દીલ્હીમાં રહેવું પડે છે તે પણ સર્વ તેનેજ લઇને. ત્યાં વળી આ નવીન આપતી ઘનઘોર વાદળાંઓ જેમ તેના મસ્તક પર ઝુઝવા લાગી. આહા ! અજ્ઞાનનો શો ભીષણ અંધકાર !

શાન્તાએ પત્ર વાંચ્યો અને તુરતજ કાંચનના વિચારના મુળસ્થાનને તે સમજી ગઇ. કાંચન હેમને, એક વૈસ્યને પોતાનો પ્રાણેશ્વર માને છે એ વાત તેને આજે જણાઇ.

શાન્તા ઉભી ઉભી વિચારવીણા ખેદ સહિત, ગંભીર ગુંચવાડા સહિત, વગાડી રહી હતી ત્યાં શીવશંકરે ગર્જના કરી.

'પણ ત્યાં ઉભી શું રહી ગઇ છે? જા, અને પેલીને અગાસીની ઓરડીમાં રાખી આવ. તેને સાથે સાથે કહી દેજે કે તે આપણાં રસોડામાં અને મારા પૂજાના સ્થાનમાં ન આવે. વૈસ્યનું ચિન્તન કરી કરી તેનું હૃદય પણ અપવિત્ર બની ગયું છે.'

અરે શીવશંકર 'મારાજ' તમારા પુત્રનું કેમ ? તેનું હૃદય તમે જાણો છો ? નહિ. તમે જાણ્યું હોત–પરન્તુ આભાર માનો કાંચનનો કે ફકત તમારી પુત્રવધુ ગિરીજાના સુખની ખાતર તેણે સર્વ મુંગે મોઢે સહન કર્યું.

'ઠીક. બાપુ. પણ'

'હવે. પણ કે બણ. તું તો હવે બહુ ડાહી થતી જાય છે. જા અને મારી આજ્ઞા પ્રમાણે બરોબર કર નહિતર તારી પણ વાત છે.' ક્રોધથી શિવશંકરનું મૂખ રકતવર્ણું બની ગયું. તેમણે આ રાક્ષસના પંજામાં આવી પોતાની એકની એક પુત્રી શાન્તાને પણ ધમકાવી કાઢી.

શાન્તા ગઇ. બીચારી નિર્દોષ શાન્તા શું કરે ? બીજો રસ્તોજ શો ?

શાન્તાના ગયા પછી શીવશંકર 'મારાજ' ઉઠયા, અને યમુના સ્નાન માટે વિદાય થયા.

આજ રાત્રિએ કાંચનનો સર્વ સામાન શીવશંકર ગોર 'મારાજ'ના ઘરની અગાસીની ઓરડીમાં આવી ગયો. બળતા હૃદયે શાન્તાએ આ સર્વ વ્યવસ્થા કરી.

'પ્રભુ તો સુતો છે કે જાગે છે ? અથવા તો તું છેજ નહિં.' કાંચને તારલાઓથી ભરેલા આકાશ તરફ જોતા સજળ નયને કહ્યું.

'મેં શા પાપો કર્યાં છે તે મારાપર એક પછી એક આપત્તિઓ નાંખતોજ જાય છે ? શું કળીયુગ આવ્યો છે કે

દુષ્ટોજ પોતાની દુષ્ટતાથી એશઆરામ કરે છે? ત્યારે સત્ય શું? પાપ શું અને પુણ્ય શું? હું એક વૈશ્યને ચાહું છું એ પાપ? એ કોણ કહે છે? પાપ કઇ રીતે? તું તો કહે છે કે અમે સર્વ તારા બાળકો છેએ. ત્યારે જ્ઞાતિ શું? શું હવે પાપ પુણ્યના ભેદો બદલાવવાનો વિચાર તેં કર્યો છે? હાલમાં શાસ્ત્રો જેને પાપ કહે છે તેના કરનાર પાપીઓ સુખી થાય છે અને શાસ્ત્રો જેને પુણ્ય કહે છે તેના કરનારા દુઃખમાં તરફડે છે, આ સર્વનો અર્થ? અથવા તો કોઇ ન્યાય આપનારજ નથી કે?' કાંચનથી દુઃખ સહન ન થયું. દુઃખથી તેનું હૃદય કંપી ઉઠ્યું. અરેરે! વળી નવીન આફત. શું બાકી રહ્યું તે વળી આ નવીન વિઘ્ન આવ્યું? 'કાંઇ નહિ. બેટા કાંચન. વિઘ્નોને હણવા એ મનુષ્ય ધર્મ છે. જીવનમાં એવા તરંગો આવે અને ચાલ્યા જાય.' કાંચનનું હૃદય કાંચનને કહેવા લાગ્યું. વળી તે બોલ્યું 'પાપીઓ સુખી થાય છે પણ તેમનું સુખ અલ્પાયુષીજ હોય છે. તેમના એ સુખ માટે તેમને ભારે કિમત આપવી પડે છે. પ્રભુ નથી તેમ નહિં. તે તો છેજ. વળી તે નિદ્રાવશ પણ નથી. હરહમેશ જાગ્રત રહી પોતાના બચ્ચાઓની સંભાળ તે લેતોજ રહે છે. તે ન્યાયતી મૂર્તિ છે, સર્વને તેના તરફથી ન્યાય મળે છે, પરન્તુ તેના બચ્ચા તેમના આ પિતાના ન્યાયને સમ્પૂર્ણ રીતે સમજી શકતા નથી. આથીજ માણસોને ભાસે છે કે પાપી માણસો પુણ્ય કરનારાઓ કરતાં વધુ સુખી થાય છે. પાપીઓનું સુખ પોલું હોય છે, સડેલું અને દુર્ગંધ મારતું એ સુખ છે. વળી તે બહુજ ટુંક સમય માટેનું; પરન્તુ આમ હોવા છતાં મનુષ્યો આ સમજી

શકતા નથી. તેઓ સમજે છે કે આ સુખ પુણ્યના દુઃખ કરતાં વધારે પસંદ કરવા યોગ્ય છે, એમ નહિ. પુણ્ય કરવાથી કદી દુઃખ થતું નથી. પુણ્ય કરનારાઓના ફળને સમ્પૂર્ણ રીતે પકવ બનાવવા માટેજ પ્રભુ આ નહિં જેવા દુઃખને પ્રેરે છે. એટલે એ દુઃખ નહિ; પરન્તુ પ્રભુની કૃપાજ છે. કાંચન! તારે માટે પણ આમજ થયું છે. પુણ્યનું સૂખ સમ્પૂર્ણ પકવ બનાવાજ આ દુઃખ તારાપર આવેલું છે. ધૈર્ય રાખ અને એ સર્વના મિષ્ઠ, સ્વાદિષ્ટ ફળો તારા માટે તૈયાર થાય છે. અપકવ ફળ લેવાથી શો લાભ? ખટાશ અને તુરાશથી ભરેલાં ફળો ખાવાં એ ફળો નહિં ખાવા સમાન છે. મિષ્ઠ મધુમય ફળો ચાખવાની ઓર મજા છે અને પ્રભુની જેનાપર કૃપા હોય છે તેનેજ આવા ફળો ચાખવાનો લાભ મળે છે.'

કાંચનનું હૃદય આજે ઘાયલ થઇ ગયું હતું. હૃદયમાંથી આજે ઉષ્ણ રૂધીર પ્રવાહ થોકબંધ વહે જતો હતો. દુનિયાના અન્યાયથી તે આજે ગાભરી બની ગઇ હતી.

'કાંચન બહેન! હજુ રડો છો કે? એમ રડયે પાર આવશે કે?' ગીરીજાએ અગાશીમાં આવતાં કહ્યું.

'નહિ, ભાભી હું રડતી નથી, પણ તમે અહિં શા માટે આવ્યા? બાપુ જાણશે તો ખીજાશે.' કાંચને ધીમે સ્વરે કહ્યું.

'બાપુ તો નિદ્રાવશ થઇ ગયા છે બહેન! કાંઇ શોક કરો માં. બાપુનો તો એવોજ સ્વભાવ છે. કાલ સવારમાં વળી તમને 'કાંચની' કહીને બોલાવશે.'

'ભાભી! બાપુને મારા માટે બહુ માઠું લાગી ગયું છે. તેઓ ધારે છે કે હું ભ્રષ્ટાચારી છું. નહિંતર મને અહિં શા માટે રાખે?'

'હોય, એ તો વૃદ્ધ થયા. તેમના હૃદયો તો એવાંજ હોય. જુઓને બેન! અમારા મનમાં કાંઇ છે? જો કાંઇ હોય તો અમે અહિં શા માટે આવીયે?'

'ના-ના, કાંચન! અમારે તો કાંઇ નથી. તું તારે લગ્ન કરી સુખી થા.' શાન્તાએ આવતાં આવતાં કહ્યું.

'લગ્ન કરી સુખી થાઉં' પરંતુ હવે તો એ સર્વ સ્વપ્ન છે. મને બાપુ વૈશ્ય સાથે કેમ પરણવા દે? હું બીજાને પરણીને સુખી પણ ન થઇ શકું'

'પણ બહેન! તમે આ હેમને કયાંથી ચહાવા શીખ્યા! તમે કહેતાં હતાં કે તમે લક્ષ્મીપુરમાં રહેતા હતા. તે ત્યાં આ હેમ કયાંથી આવ્યા?' શાન્તાએ પૂછ્યું.

'શાન્તા! એ વાત બહુ લાંબી છે. તેમનો મેળાપ અચાનક થઇ ગયો, અને કુદરતી રીતે હું તેમને ચહાતા શીખી. હું પોતે પણ નથી સમજી શકતી કે હું તેમને કયારે ચહાતા શીખી. ઘણો વિચાર કરૂં છું; પરન્તુ મને કાંઇ સમજાતું નથી.'

'ત્યારે બહેન! એ તો ફકત તમરા વિચાર છે. એ વિચારને હૃદયમાંથી કહાડી નાંખો તો શું? આપણે પરજ્ઞાતિમાં શા માટે પરણવું જોઇએ? આવો બ્રાહ્મણનો અવતાર તે ફરી કયારે મળશે? તે તેને વટલાવવો જોઇએ?' શાન્તાએ કાંચનની પરીક્ષા માટે ગંભીર મૂખડે પશ્ન કયો. તેની ભાભી પણ આ પશ્ન સાંભળી મનમાંને મનમાં ખુશી થઇ. શાન્તાની બુદ્ધિને ધન્યવાદ આપવા લાગી. ૧૪ વરસની શાન્તા, પરન્તુ બુદ્ધિ ઘણી તીવ્ર એવો તેને ભાસ થયો.

શાન્તાનો આ પશ્ન સાંભળી કાંચને કાંઇક આવેગમય સ્વરે કહ્યું:

'શાન્તા બહેન! તમને મારા જેવો અનુભવ થયો નથી નહિંતર તમે આવું બોલોજ નહિ. હું તેમને ચાહું છું. તેમને મારૂં હૃદય અર્પી ચુકી છું. આ સર્વ કાંઇ વિચારો નથી. જો એ વિચારોજ હોત તો તો આજ સુધીમાં એ સર્વ હવામાં મળી ગયા હોત. તમે કહો છો તેમ એ વિચારોને લઇને મારે જે સહન કરવું પડયું છે તે તમે જાણતા નથી. જ્યારે જાણશો ત્યારે તમેજ કહેશો કે એ વિચારોજ માત્ર નહોતા. વળી સ્નેહની જાગ્રતિ જાતિ જોતી નથી. એક વખત સ્નેહ જાગ્રત થયો એ થયોજ. ભિન્ન જાતિ માટે પણ જાગ્રત થએલો સ્નેહ તો હરહમેશાં પોષણજ પામે છે. સ્નેહની વૃદ્ધિને અટકાવવી એ અસંભવિત છે. ત્યારે બીજું શું થાય? એ સ્નેહ મારૂં જીવન છે. એ સ્નેહ મારી આશા છે. એ આશાથી મારૂં જીવન ટકી રહ્યું છે. એ સ્નેહનું છેદન મારૂં મરણ છે. એ સ્નેહને કાપી નાંખું? શા માટે! ફકત બ્રાહ્મણ જાતિમાં રહેવા માટે અને એકાદ બ્રાહ્મણને પરણવા માટે? નહિં નહિં. પરણીને પણ હું સતિ ન બની શકું. ત્યારે લગ્ન કરીને શું કરવું?'

સીતા જેવી સતી થવું કે લાખો પતિવાળી વૈશ્યા બનવું! તમે શું પસંદ કરો છો? બહેન! આપણાં શાસ્ત્રો, આપણાં પુરાણો સતીઓની જળહળતી કીર્તીથી પ્રકાશી ઉઠે છે. મને તો આ સતીપણું ગમે છે. આ સતી થવાનોજ મેં નિશ્ચય કર્યો છે. જો એ નિશ્ચય અમલમાં નહિં આવી શકે તો

પ્રભુએ આપેલ આ જીંદગીની બક્ષીસ તેના કરકમળમાં પાછી મૂકી દઇશ અને સજળ નયને હાય મારતી તેને જણાવીશ. 'તારા પુત્રો મને વૈશ્યા બનાવવા તત્પર થયા. મારી આશાઓનો તેઓએ ભંગ કર્યો; પરન્તુ હું આ સર્વ સહન ન કરી શકી. તુંજ મારો ન્યાય કર.' બહેન! આવી ફરીયાદો લઇ ઘણી આર્ય મહીલાઓ આજ સુધીમાં હિન્દુ સમાજને શ્રાપ દેતી રવાના થઇ ગઇ છે. હું પણ જઇશ, અને સાથે હિન્દુ જનસમાજને બળતાં હૃદયે શ્રાપ આપતી જઇશ. તેના ટૂકડા થવા લાગ્યા છે અને મારા કારમી શ્રાપથી તે અસ્તવ્યસ્ત થઇ જશે. ભલે થઇ જવા દયો. મારી બહેનોને એથી મુક્તિ મળશે. જગત તેમના આર્તનાદો સાંભળીને રૂદન કરતું બંધ થશે અને મને લાગે છે કે આપણાં બાપદાદાઓ પણ ખુશી થશે.'

'બહેન, હૃદયને બાળો માં. તમારો સ્નેહ શુદ્ધ હશે તો સર્વ પરિણામો સારાંજ આવશે. મધુરી આશાના સુધાનું પાન કરો અને દિવસો વ્યતીત કરી યોગ્ય સમયની રાહ જોતાં જીવો. દુઃખની કલ્પના પણ શા માટે લાવો છો? દુઃખ છેજ નહિં. જગતમાં પ્રભુના સામ્રાજ્યને જોનાર ને દુઃખ દૃષ્ટિગોચર નથી થતું તેને સર્વત્ર સુખજ પ્રસરેલું જણાય છે. કુદરત માતા પણ એજ કહે છે. હરહમેશ સુખ અને સુખજ. તમારૂં હૃદય પવિત્ર છે. પ્રભુનો વાસ પવિત્રતામાંજ રહેલો છે.'

'અરેરે! હજુ તો રાત્રિની શરૂઆતજ છે. ચન્દ્રમા હજુ સોળેકળાથી પ્રકાશવા માંડયો નથી. ચકોરની ચંચુમાં હજુ અમૃતનું એક બિન્દુ પણ પડયું નથી. ત્યાં પેલો રાહુ આવતો

જણાય છે. શા દુર્ભાગ્ય! આટલા દુઃખો સહન કર્યા. સુખની પળ આવતી જણાઇ ત્યાં વળી અંધકાર ફેલાયો. દૂરદૂર દેખાતો દીપક ઝાંખો પડયો અને ઓલવાયો.'

'નહિં, બહેન! ઓલવાયો નથી, ઓલવાશે નહિ. એ દીપકને દીવેલ કયાંથી મળે છે તે જાણો છો? પ્રભુનો સ્નેહ એ તેનું દીવેલ છે. એ દીવેલ ખુટે તો તે ઓલવાય, નહિંતર નહિં.'

'શાન્તા બહેન! હવે કાંચન બેનને સુઇ જવા દયો—અને ચાલો આપણે પણ સુઇ જઇએ.'

પ્રકરણ ૩૦ મું.

—:o:—

વૃક્ષ—કુંજમાં.

Love's speech is song,
Love's light Beauty,
Love's life:—willing and ready Sacrifice.
Tagore.

સુર્ય દેવ અસ્ત પામ્યા હતા, આકાશ તારલાઓથી ઉભરાઇ જતું હતું.

હેમ આજ ઘણે દિવસે યમુના તટે આવ્યા હતા, ઉપર ખુલ્લું આકાશ, પાસે કલકલ નાદ કરતી વહે જતી યમુના, અને આસપાસ ઝીણી શ્વેત વાલુકાથી ભરેલો પ્રદેશ તેના મનપર આજે અલૌકિક અસર ઉપજાવી રહયો હતો, યમુનાના જળથી પવિત્ર વાયુ-લહરીઓ તેના શરીરને શીતળ બનાવી રહી હતી. ત્વરિત વેગે વહેતો યમુનાનો સ્નેહ પ્રવાહ તેને કાંચનના સ્નેહની યાદ આપતો હતો, અને જાણે કહેતો નહોય કે.

'મંત્ર એક કહું બાપુ !
પ્રભુ પ્રેમ સ્વરૂપ છે.
હોમો પોતાપણું પ્રેમે
પ્રેમ સ્વાર્પણ એજ છે.'

હા, આ વાત સત્ય છે. પ્રભુ પ્રેમમય છે, સ્નેહમય છે અને એવો પ્રેમ જેમના હૃદયમાં જાગૃત થયો છે તેમને ધન્યવાદ છે; પરન્તુ દુનયા આ પ્રેમને જાણી શકે છે? તેને પારખી શકે છે? કોણ આ સ્વર્ગીય સ્નેહને સમજી શકે છે? કોઇ નહી–નહી નહી, કવિઓ અને લેખકો આ સર્વ જોઇ શકે છે. બીજાઓને સમજાવી શકે છે, ત્યારે લોકો કેમ સમજતાં નથી? શું કવિઓ અને પ્રભુના પીરસ્તાઓ પ્રભુપ્રેમના પાઠો બરાબર શીખવતાં નથી! ના એમ તો નજ કહેવાય. જુઓ આ મહાન આર્યવીર કાલીદાસનુ 'શાકુન્તલા' શું કહે છે? આહા! ત્યારે આપણાં વર્તમાન આર્યો હાલમાં આ સર્વને ભુલીજ ગયા લાગે છે.' અહિં વળી હેમના વિચારોનો પ્રવાહ બદલાયો, યમુના જળમાં કાંઇક તરતું દેખાયું, અને તેના તરફ સુક્ષ્મ રીતે જોતાં સ્ત્રીના વસ્ત્ર જેવું જણાયું અને આ જ્ઞાન સાથે તેને કાંચનની યાદી થઇ આવી 'હા, બીચારી અબળા.'

'પ્રેમી અબળાને પ્રેમે ભુલાવી,
ધીક ધીકતા અગ્નિમાં ચલાવી.'*

'ખરેખર મારા માટેના સ્નેહથી તેને આટલું આટલું સહન કરવું પડયું પણ આ મારો પ્રેમ સત્ય છે? જો સત્ય છે તો તેના ફળો કેમ નથી આવતા? નહી–નહી આ પ્રશ્ન તો નિરૂપયોગી છે. મારે આ પશ્ન શા માટે કરવો જોઇએ? હું માનું છું કે મારો પ્રેમ સત્ય છે. પછી એ સ્નેહની પકવતાના સમયની મારે રાહ જોવી એજ મારૂં કર્તવ્ય છે.' હેમનું હૃદય કર્તવ્ય

* સદગત સાક્ષર શ્રી ગોવર્ધનરામ

બોલ્યું ત્યાં પાસેના મંદિરમાં ઘંટનાદ થયો અને તેના મંજુલ સ્વરે હેમની વીચારવીણાના તુમ્ તુમ તુમ્ નાદને તોડયો. થોડી એક પળો આમને આમ ગઇ, અને વળી આ સ્વર શરૂ થયો.

'ઘંટનાદ'—તું શું કહે છે? અહિંયા યમુનાના તીરપ્રાન્ત પર તારી ગર્જના શા માટે થાય છે? શું જગતને તું સ્નેહ પાઠ શીખવે છે અથવા તો હિન્દુ ધર્મનો વિજય–નાદ કરે છે!

યમુનાજળ મિશ્રીત શિતલ લહરીઓએ હવે હેમપર ધીમે ધીમે અસર કરવા માંડી–વાલુકાપર પડયા પડયા નિદ્રા દેવીના ઉદ્યાનમાં તે જવા લાગ્યા, નાચતા અને હસતા તારલાઓ તરફ એકી ટસે જોતાં તેના નયનો મિંચાયાં, અને આસપાસના પ્રદેશનું ભાન ભુલી જઇ, હેમ જાગ્રત અવસ્થાને છોડી દઇ, સ્વપ્ન અવસ્થામાં પહોંચ્યા. વિચારો કરતાં કરતાં નિદ્રા આવી ગઇ, આખો દિવસ વિચારો કર્યાથી ઉપજેલા શ્રમે આજે તેનાપર સખત હુમલો કર્યો; પરન્તુ તે સમ્પૂર્ણ રીતે ફળીભુત ન થયો, પ્રશાન્ત નીદ્રાને સ્થળે હેમને સ્વપ્નભુમિ મળી અને તેમાં તે આમથી તેમ ફરવા લાગ્યા.

'ઓહો! આ શું? અહિંયા આવા સુન્દર પુષ્પો અને કમલો ખીલ્યાં છે! આ શું આ કયો પ્રદેશ હશે? શું કવિવર કાલીદાસની જન્મભુમિ કાશ્મીર તો નહિ.' હા–હા– એજ–એજ હોવું જોઇએ નહિતર મને આવી અસર કેમ થાય? બરોબર! ભારત સમ્રાટ જહાંગીરના વચનો સાચાજ છે

'કાશ્મિરની ગિરિકુંજોમાં મ્હને
સદાયે નવયૌવન જન્મે છે.
પૃથ્વીમાંથી આ ફુવારા ઉડે છે
એવી પ્રગટે છે ધારાઓ,
આ અંગે અંગમાંથી મ્હારા.' *

ખરેખર! તેના અંગે અંગમાંથી ધારાઓ ફુટતી હતી, મને પણ તેમજ થાય છે, કેવો શીતળ પવન! કેવી કોમળ લહરીઓ! જાણે તે પણ સર્વ આનન્દનીજ પુત્રીઓ! પણ તેમાં નવાઇ શી છે!

'દુનિયાનું બેહસ્ત હો તો એ કાશ્મીર છે.' *

ખરેખર! કવી આ તારૂં કથન સત્ય છે. આ બેહસ્તજ છે; પરન્તુ આ સ્વર શાનો સંભળાય છે! પ્રભુ!-પ્રભુ! અહિંયા શોક! નહિ નહિ એ સ્વર તો દુરથી આવતો જણાય છે, ચાલ-ચાલ આગળ-આગળ આ! પણ આ શું! મારાથી તો ઉડાય છે?

'હા-બસ-આજ સ્થાનમાંથી સ્વર આવે છે, કાશ્મીર દુનિયાના નૂર તું બહુ દૂર રહી ગયો-તું તો હવે દ્રષ્ટિમર્યાદામાંથી પણ અદૃશ્ય થયો.'

'મૃત્યુ લોકના માનવી? તું અહિં કયાંથી અને શા માટે આવ્યો છે.'

હેમ ઉભા રહયા અને બોલ્યા.

'આર્યાવ્રતના અમર પ્રદેશનો હું બાળક છું, પણ તમે કોણ છો અને આ નિર્જન સ્થાને કઇ પ્રવૃત્તિમાં ગુંથાયા છો.'

---

* કવિ શ્રી ન્હાનાલાલ.

'આ ઉદ્યાનની વચ્ચે એક તરુકુંજ છે. આજ હજારો યુગો વ્યતીત થયાં છતાં એ તરુકુંજ અમરજ રહયો છે; પરન્તુ તેના ઉત્પાદક, પોષક માળી ગાંડા થયા છે એટલે તેને ત્યાંથી હાંકી કાંઢી, યોગ્ય સ્થળે પહોંચાડી દેવા માટે હરહમેશને માટે અમે અહિંયા રહી, પ્રયત્ન કરીએ છીએ.'

'થોડા સમય પહેલાં મને કોઇનો રૂદન સ્વર સંભળાતો હતો. તે તેમનો હતો.'

'હા, તમે સત્ય કથો છો. એ વૃદ્ધ ગાંડો હરહમેશ રૂદન કરે છે. થોડા વરસો અગાઉ તેનું રૂદન ઘણું ભયંકર હતું; પરન્તુ હાલમાં તે જરા શાન્ત થયું છે.'

'હું તેમના દર્શનનો અલભ્ય લાભ ન લઇ શકું?'

'અરે માનવી! તેના દર્શનનો અલભ્ય લાભ તે શુ?' એવા ગાંડાના તે દર્શન હોતા હશે!'

'નહી. જો તમે રજા આપો તો હું તેની પાસે જાઉં, અને તેના રૂદનને બંધ કરવાનો પ્રયત્ન કરી તેમને શાન્ત કરૂં.'

'ભલે—જાઓ—પરન્તુ જો જો! તમે પણ ગાંડા થાવ નહિ. માનવી! એ ઘેલચ્છા તમારા મનુષ્ય લોકની ઘેલચ્છા જેવી નથી. તમે તેને જોશો કે તરતજ તમને તેનો ચેપ લાગશે, અને પછી તમારી સ્થીતિ તેના જેવીજ થશે. ઉન્માદને હાથે કરીને મેળવવા માટે તમારે ત્યાં શા માટે જવું જોઇએ?'

'મને જવા દયો. તેનું રૂદન મારાથી સહન થતું નથી, તેઓ ઘણાં કરૂણ સ્વરે રોતા સંભળાય છે. જુઓ આ સાંભળો!'

આહા! એ કેવો ભાવપણ સ્વર છે? મારૂં તો હૃદય ફાટી જાય છે; પરન્તુ એ મહાશય કોણ છે?'

'તેઓ અમારા વૃધ્ધ પિતામહ છે.'

'ત્યારે તમે તેના પૌત્રોજ તેને તેનાજ તરુકુંજમાંથી કાઢવાનો પ્રયત્ન શા માટે કરો છો?'

'અરે માનવી, તું પણ ધીમે ધીમે ગાંડો બનતો જાય છે. અમે કહીયે છીએ કે તેઓ ઘણાં વરસોથી જીવે છે. વળી તેઓ પાગલ બન્યા છે, અને અમારે તેના તરુકુંજનો સમ્પૂર્ણ કબજો લઇ નિરંકૂશ બની આનન્દ કરવો છે એટલે અમે તેને ત્યાંથી કાઢવા ઇચ્છીએ છીએ. એ તરૂઓના આશ્રય નીચે રહી અમે આનન્દ કલ્લોલ કરીયે છીએ, અને વધુ આનન્દ કલ્લોલ કરવા માટે, સમ્પૂર્ણ સ્વતંત્રતાથી મોજ મારવા માટે અમારે આ જુના અને પ્રાચીન વૃક્ષ-કુંજનો નાશ કરી નાંખવો છે, પણ આ ગાંડાને અમે તેના પુત્રો આનન્દ કરીયે તે પણ નથી ગમતું. અમારો આનન્દ જોઇ તે તો રૂદન કરે છે. ભીષણ નાદ કરી પોતાની શ્વેત દાઢી પીખતા બોલે છે કે અમે તરુકુંજનો નાશ કરીએ છીએ.'

'ઠીક, ચાલો, હું તો અંદર જાઉં છું.'

'પણ ઓ નશ્વર જંતુ! ચેત-ભાથે કરીને પાગલ ન બન.'

'કાંઇ નહિ-મારે તો તેમને નજરે નિહાળવા છે.'

'પરન્તુ સાંભળ-અમારા વચનો સ્મરણમાં રાખ, તું પોતેજ પાગલ બનીશ.'

'ભલે–મને પાગલપણું બહુ ગમે છે.'

'ઠીક, ત્યારે પડ કુવામાં છતી આંખે.'

મોટી દુંદોવાળા, કપાળમાં પ્રચંડ ત્રિપુંડોવાળા દ્વાર રક્ષકોનું ટોળું બાજુએ ખસ્યું, અને હેમને જવાનો માર્ગ તેણે કરી આપ્યો. હેમ ઉદ્યાનમાં દાખલ થયા, અને બે ચાર પગલાં આગળ વધ્યા હશે ત્યાં તો તેમના કર્ણપથપર અવાજ આવવા લાગ્યો.

'અરે એતો મૃત્યુલોકનો માનવી! આપણા સામ્રાજ્યમાં ઉછરેલું જંતુ! ભલે ને તે પણ જુવે! તેમાં આપણને શું નુકશાન થવાનું હતું.'

'પરન્તુ એ જંતુ મૃત્યુલોકમાં જઇ અહિંની સર્વ ખબર ફલાવશે, અને આથી આપણા પુત્રોને ભયંકર નુકશાન થશે.'

'પણ એ એકલો અટુલો જંતુ શું કરી શકવાનો હતો? આપણા પુત્રો કરોડો છે ત્યારે આ એકલો. તતુડીનો નાદ પોતાની મેળેજ બંધ થઇ જશે. જુઓ તો! આવા જંતુઓ અહિંયા કેટલા બધા આવી ગયા છે! ઘણા, અને તેમનાં નાદો પૃથ્વીપર કોઇએ સાંભળ્યા છે? બીચારા રાડો પાડી પાડીને મૃત્યુમુખે પડયા; પરન્તુ તેમના સ્વરો તરફ કોઇએ લક્ષ્ય આપ્યું નહિ.'

'પણ અરે ભાઇ! પેલી શ્વેત ચામડીવાળી પ્રજા બહુ લુચ્ચી છે હો. જુઓને તે પ્રજા પોતાની વિદ્યા, એ મ્લેચ્છ વિદ્યા આપણા ભારતવાસિઓને અરે ખરેખરી રીતે કહોતો કે આપણા

અન્ધ ગુલામોને શીખવે છે, અને આ સર્વનું પરિણામ શું આવ્યું છે તે તમે જાણો છો? ભારત છોડયા તમને કેટલા વર્ષ થયા?

'કેટલા વરસ થયા તે જાણે મારો બાપ. મને તો વરસ બરસની કાંઇ ખબર નથી. આ વાળ શ્વેત થયા છે એટલે પાંચ પચીસ વરસ થયા હશે. બાકી આપણે તો એવી નજીવી બાબતો પર ધ્યાન આપતાજ નથી. આપણે પંડીતો, આપણે ધર્માચાર્યો, આપણે ગોરો અને આપણે શાસ્ત્રકર્તાઓ, તેને તે વળી આવી બાબતોમાં મગજ પકાવવાનું હોય!'

'સત્ય કહ્યું—ખરેખર આમજ હોવું જોઇએ, પણ હું શું કહતો તો? માળું એ તો વિસરીજ જવાયું! મારૂ મગજ હમણાં નબળું પડી ગયું; પરન્તુ એ બીચારાનો વાંક મારાથી તો ન નીકળે. એ તો પેલા સુધરેલા ભારતીઓનોજ ભયંકર ગુન્હો છે.'

'ભાઇ! ભાઇ! એ સુધરેલા ભારતીઓ કોણ છે વળી?'

'મ્લેચ્છ વિદ્યા ભણી યવનો સાથે રહેનાર. આ આપણા ગાંડા વૃદ્ધ છે કે નહિં તેના જેવા બધા પાગલ. મોદક મહેશ્વરનો અભાવ તેમનાથી જન્મ્યો અને મારા મગજને પુરતો ખોરાક ન મળ્યો. એટલે આ વિસ્મૃતિ પેદા થઇ.'

'હા—હા—બધા પાગલ. પણ ભાઇ! આપણે ચેતવાનું છે હો. એ પાગલની સંખ્યા વધતી જાય છે.'

'અરે તમે તો બાયલા છો બાયલા. એટલું પણ સમજતા નથી એ પાગલ તો મુઠીભર છે, અને આપણા પક્ષમાં તો

કરોડો ભારતીઓ છે. વળી પુરૂષો તો ઠીક પણ સ્ત્રીઓની સંખ્યા તો જુઓ! ભલેને પુરૂષો સુધરે પણ સ્ત્રીઓ તો આપણનેજ પુજવાની. હાજી? અહિંયાજ આપણો વિજય છે.'

વાયુના ઝપાટાથી હેમની પાંખો હેમને આગળ લઇ ગઇ, અને આનો વાર્તાલાપ તે વધુ સાંભળી શકયા નહિં.

વૃદ્ધનો રૂદન-સ્વર હવે સ્પષ્ટ સંભળાવા લાગ્યો. હેમનું હૃદય ચીરાવા લાગ્યું.' અને યમુના તટે સુતેલું હેમનું સ્થૂલ શરીર કંપવા લાગ્યું. એ શરીરના રોમાંચ ખડા થઇ ગયા, સ્વપ્નની અસર હવે વધુને વધુ જામવા લાગી, અને હેમની પાંખો ફફડી અને તે આગળ વધ્યા.

'સુન્દર સુવર્ણના સિંહાસનપર આ વૃદ્ધ બેઠેલા હતા, હાથમાં હાથ ભરાવી કોઇ મહાન વિચારમાં તેઓ ગુંથાયા ન હોય તેમ જણાતું હતું. તેમની આસપાસની વસ્તુઓપરથી ભાન થતું હતું કે આ મહાશયની વૃત્તિ ઠેકાણે નથી. સુન્દર સિંહાસન મલિન બન્યું હતું, એ સિંહાસનપરનું અભ્રછત્ર આજે સ્યામ બની ગયું હતું અને તેનાપરના ભગવા ઝુંડામાં પુષ્કળ છીદ્રો જણાતા હતા, વૃદ્ધના ખોળામાં એક મોટું પુસ્તક પડેલું હતું અને એ પુસ્તકના પાનાઓ ફાટેલા તુટેલા તેમની ચારેપાસ ઉડતા હતા, ઘડીકમાં તેઓ આ પર્ણો જોતાં તો વળી ઘડીકમાં તેમને ફેંકી દેતા, બબડતા 'આ હવે નકામાં છે, તેમના માટેનો સમય વ્યતીત થયો છે, ફેંકી દયો, યમુના ગંગામાં તેમને ડુબાડી દયો.' હેમે થોડીવાર તો દૂર રહયા રહયા આ સર્વ જોવા કર્યું. એ જોતા હતા ત્યાં વૃદ્ધ ઉભા થયા. એ પુસ્તકમાંથી એકાદ પાનું

ફાડયું, કાંઇક બબડયા અને એ પાનાનો ડુચો બનાવી એ ડુચાને ફેંકી દીધો. ત્યાં એક દ્વારપાલ દોડતો આવ્યો અને એ ડુચો ઉપાડતા અને તેને સરખો કરતાં બોલ્યો :

'હવે તો તારો નાશજ કરવો જોઇએ. ઓ બુઢા ! ત્હારી બુદ્ધિ બહેર મારી ગઇ છે કે શું ? આ ધર્મપુસ્તકમાંથી આ પાનું કાઢી શું તું તારા દીકરાઓને ભુખે મારવા ઇચ્છે છે ?'

'ઓ રાક્ષસો ! તમે મારા દીકરા નથી. તમે મારા ખુનીઓ છો. મેં આ પુસ્તક બનાવ્યું છે. મેં તેમાંના શ્લોકો રચ્યા છે; પરન્તુ એ શ્લોક બધા યુગો માટે નહિં, પણ તમો રાક્ષસો હાય હાય મારાજ વંશજો એ શ્લોકોને હજુ બંધનકર્તા કહી પોગળ પ્રસરાવો છો, મારા નામને કંલકિત કરો છો. ઓ ચેતો ! નહિંતર તમારા દાદાનું, આખી આલમમાં જેની કીર્તિ ગવાઇ રહી છે એવા ધર્મનું નિકંદન નિકળી જશે.'

'જારેજા ગાંડા તારા જેવા તો ઘણાય રાડો પાડે છે. તારા કહ્યા મુજબ અમે કરીયે તો અમારે મરવાનાજ દાહાડા આવે'

'મરવાના દહાડા ? મારા પુત્રોને માટે મારા ખરા પુત્રોને માટે કદી નહિં આવે, પણ તમે મારા ખરા પુત્રો નથી. તમે મારુ લોહી પીવાના તરસ્યા છો. હાય હવે હું શું કરુ ?'

'વૃદ્ધ મહારાજ ! આપને શું થયું છે ? આપને શું દુઃખ થાય છે ?' હેમે વૃદ્ધ પાસે જતા પ્રણામ સહિત કહ્યું.'

'કોણ માનવી ! અરે તને આ રાક્ષસોએ અહિં આવવા દીધો ? હાય હાય વ્હાલા માનવી ! મારા બેટા–વત્સ બાલક !

આવ આવ મને ભેટ.' વૃધ્ધે હસ્ત પ્રસારી હેમને પોતાના શ્વેતવાળોથી ભરેલા વક્ષસ્થળ સાથે પ્રેમથી ચાંપી કહ્યું.' ત્યાં પેલો દ્વારપાલ બોલ્યોઃ

'અરે ઓ નરાધમ ! આંધળો છે કે શું ? બેહેરો તો નથી બન્યો કે ? જોતો નથી કે આ વૃદ્ધ ગાંડો થઇ ગયો છે. એ ગાંડાના હાથમાં સપડાઇ ગાંડા બનવું છે કે ?'

'માનવી મારા પ્રિય ભારતના બાળ ! બીહીશ નહિ. આ વૃદ્ધ ગાંડો નથી. આ રાક્ષસોએ તેમનાં સ્વાર્થ માટેજ મને ગાંડો ઠરાવ્યો છે. માનવી ! મારું હૃદય તપાસ, જો તેમાં કેટલી જવાળાઓ બળે છે. અરે હાય! મારાજ બચ્ચાઓની અધમ દશા આ દુષ્ટ પીચાસોએ કરી છે, અને;તે પણ વળી મારા અને મારા મિત્રોને નામે. અરેરે આ કરતાં બીજું કલંક કયું ! અમારા શ્વેત ન્યાયી નામપર પાણી ફર્યું. સ્વતંત્રતા દેવીના અમે પૂજારી હતા. અમેજ તેના મુખ્ય ઉપાસક હતા, અને હાલમાં અમનેજ ગુલામગીરના જન્મસ્થાન ગણવામાં આવે છે. પણ ભાઇ ! તું મૃત્યુ લોકમાં જાય ત્યારે મારાં બચ્ચાઓને કહેજે મારું નામ લઇને કહેજે કે અમે હજુ પણ સ્વતંત્રતાદેવીના મંદિરના પૂજારીઓ છીએ, અને એજ દેવીના ઝુંડાને ફરફરાવીયે છીએ. અમારા હૃદયો વિશાળ છે, એ કુન્ઠિત નથી. વળી વધારામાં પણ તેમને કહેજે કે આ પુસ્તક મેં બધા યુગો માટે બનાવ્યું નથી. શાસ્ત્રો એ ભૂતના સાક્ષી છે, મનુષ્યો ભવિષ્યના સાક્ષી છે. તમો વર્તમાનના માનવીઓની દુનિયા ભિન્નજ છે. અમારી દુનિયા ભિન્ન હતી. એ બચ્ચાઓને જણાવજે કે સમય સમયનું

કામ કરે જાય છે. સમયને અનુસરો નહિંતર પ્રગતિનો રસ્તો બંધ થઇ જશે, અને ભારતવાસીઓ ગુલામગીરીની શૃંખલામાં સમ્પૂર્ણ રીતે બદ્ધ થશે. દેશ વિદેશની પ્રજાઓના ભક્ષ્ય બનશે. વિદેશીઓ તેમને ફોલી ખાશે, ભારતનું ઝળહળતું નામ જગત પટ પરથી અદ્રસ્ય થશે, અને આ સાથે સમસ્ત જગતપર ભારે ભેરી નાદ કરનાર હિન્દુ ધર્મનો લોપ થશે.'

'અરે હેમભાઇ! ઘણો સમય થયો. આવી ઠંડીમાં લાંબો વખત સુશો તો વળી તબીયત બગડશે.' હેમનું હૃદય, મન મનુભગવાનના સ્વર સાંભળવામાં તલ્લીન બની ગયું હતું. ત્યાં તો હેમનું સ્વપ્ન ત્રુટયું. સ્વપ્નભૂમિમાંથી તે મૃત્યુ લોકમાં આવી પડયા, અને પાસે કોઇને પોતાના હાથ હાથમાં લઇ ઉભેલા જોતાં તેણે અચાનક આભળાભાભળા થઇ પુછયું:

'હું ક્યાં છું! આપ આપ તમે કોણ?'

'અરે હેમભાઇ! અન્ધકાર તો ઘાટ નથી અને આપ મને ઓળખી પણ શકતા નથી?'

'હેમને ધીમે ધીમે ભાન આવ્યું. સ્વપ્નની અસર ઓછી થઇ. તે બોલ્યા:

'શું નવલરામ?'

'હા ચાલો હવે ઘેર.'

પ્રકરણ ૩૧ મું.

'શુભં ભવતુ.'

'આ દુઃખભાર ત્યજ તેમ સમસ્ત શોક,
આલિંગ મોહ સહિતા રતિથી વિલોક.
તારી તથૈવ મમ હોય સજીવ કાયા,
એકત્ર નિત્ય વસીસું ધરી પૂર્ણ માયા.'

Serene will be our day and night,
And happy will our nature be
When Love, is an unerring light
And joy its own Security.

Wordsworth.

કરુણાશંકરજી! આ તો મારા તરફની એક નમ્ર ભેટ છે. તેના સ્વીકારમાં તે શો વાંધો હોઇ શકે?' બસો રૂપીઆની નોટોના બે કકડા કરુણાશંકર ગોરના હાથમાં આપતાં લલિત બોલ્યા.

'નહિ લલિત શેઠજી હું લાંચીયો બ્રાહ્મણ નથી. પૈસાની ખાતર હું આવો ભ્રષ્ટાચાર થવા દઇશ નહિ.' નોટોને હાથમાં રાખતાં અને નોટો તરફ પ્રેમાળ દ્રષ્ટિ નાંખતા જરા ધીમે સ્વરે કરુણાશંકર બોલ્યા,

'પણ તમે જરા વિચાર તો કરો, તેમાં ભ્રષ્ટાચાર તે કયાં છે!'

'વળી ભ્રષ્ટાચાર તે કેમ નહિ? જુઓને શિવશંકર ગોર પણ એજ કહે છે.'

'શિવશંકર ગોરના કહેવા સાથે તમારે શું લાગેવળગે છે? તેમણે પુષ્કળ વાંચ્યું છે; પરન્તુ વિચાર્યું જરા પણ નથી. નહી તર કાંચનને તેમણે જે દુઃખ દીધું એવું દુઃખ તેઓ કદી આપે નહિ.'

'પરન્તુ તેમણે કાંચનને તમારી સાથે કેમ આવવા દીધી? મેં તો તેમને ના લખી હતી તે?'

'અમારા કહેવાથી તેઓ કાંચનને અમારી સાથે આવવા તો દેતેજ નહિં; પરન્તુ કાંચનને તેમને ત્યાં રાખી જનાર યોગી મહારાજનો મારી પાસે પત્ર હતો, એટલે એ પત્રને લઇનેજ કાંચનને તેમણે કારાગૃહમાંથી મુકત કરી. બિચારી બાળા! આજ કેટલા કેટલા માસથી રીબાય છે; પરન્તુ તેના દુઃખનો અન્ત હજુ આવતો નથી. જરા સારો પ્રસંગ આવવાનો સમય આવ્યો ત્યાં વળી તમે વિઘ્ન લાવ્યા.'

'પણ શેઠજી! તમે જુઓ તો ખરા! મારી સાળી એક વાણીયાને પરણે તો મારી શી સ્થિતિ થાય! હું જ્ઞાતિબહાર થાઉં અને વળી મારુ ગોરવટું જાય તે નોખું.'

'કરુણાશંકરજી! આ માટે તમારે ભય રાખવાનો નથી. કાંચન તમારે ત્યાં ઉછરીને મોટી થઇ નથી, તેમજ હાલમાં તમારે ત્યાં રહેતી પણ નથી. વળી ભવિષ્યમાં કયાં તમારે ત્યાં કાંઇ થોડીકજ આવવાની છે?'

'આવે તો પણ શું? શું કાંઇ છેટી સગાઇ છે? પણ મને તો મારી જ્ઞાતિનો ભય બહુ લાગે છે. અહિંયાના બ્રાહ્મણો એવા છે કે જરાક કાંઇક બાહનું આવે કે તરતજ જ્ઞાતિબહાર મુકે, અને પછી ભારે દંડ લે અને જ્ઞાતિભોજન કરાવરાવે એ તો જુદું! બાકી મારા મનમાં તો હવે કાંચન માટે દયા આવે છે. બિચારી બહુ દુઃખી થઇ હો! પરન્તુ આપ શું કેતાતા, આપ મુંબઇ જઇને લગ્ન કરવા ઇચ્છો છો?'

'હા મુંબાઇમાંજ, અમને વધુ અનુકુળતા છે, એટલે અમે ત્યાંજ જઇશું:'

'ઠીક ત્યારે શેઠ! આપ સુખેથી પધારો. પ્રારબ્ધમાં હતું તે થયું. ભલે કાંચન પણ સુખી થાય.'

કરુણાશંકરજી ! ઉપકાર ! તમારું હૃદય પીગળ્યું અને તમે સારા નરસાનો ન્યાય કરી જોયો એ માટે પ્રભુનો ઉપકાર. લ્યો ! આ કાંચનની બ્હેનને માટે જરા નજીવ ચીજ !' સુન્દર કસબી ભરતની ભરેલ રેશમી સાડીને કરુણાશંકરજીના હાથમાં મુકતા લલીતે કહ્યું.

સાડી ઘણી સુન્દર હતી. મુલાયમ અને ભભકાબંધ તે સાડીને પોતાના ખોળામાં જોઇ કરુણાશંકરજીને પોતાની પત્નીના વિચારો થઇ આવ્યા અને તેમણે જવાબ આપ્યો:

'નહિં નહિં. શેઠજી, બહુ થયું. તમારા જેવાના પ્રતાપથી અમ જેવાના સંસાર નભે જાય છે. આટલું બધું ન હોય !'

'આ સાડી તો કાંચને પોતાની બ્હેનને ભેટ મોકલાવી છે, એટલે તેનો સ્વીકાર કર્યા વગર ચાલેજ નહિં.'

'ભલે ભલે ત્યારે તો કાંચન પણ ભલે રાજી થાય.

* * *

દિવસ જાય છે, તે કોઇની અપેક્ષા કરતો નથી. સૂર્યના ઉદય અને અસ્ત થાય છે એમ પળે પળે કરીને સમય કાળના અનન્ત પ્રવાહમાં મળી જાય છે. જોતાં જોતાંમાં કાંચન અને હેમના શહેરી લગ્ન (Civil marriage) થયાને એક માસ વ્યતીત થઇ ગયો. હિન્દુ ધર્મ જનસમાજની પ્રચંડ રૂઢીઓના ભોગ બની તેમણે હિન્દુ ધર્મ કાયદાની નજરેતો છોડયો, અને હિન્દુ ધર્મે આવા ઉત્તમોત્તમ સ્નેહીઓને હર હમેશને માટે ગુમાવી પોતે પોતાનેજ કાતીલ ફટકો લગાવ્યો.

ઉપસંહાર.

કાંચનના લગ્ન પછી લક્ષ્મીની સ્થીતિ ઘણી સુધરી ગઇ છે, હવે તે હેમની સાથેજ રહે છે.

ઇન્દુ અને લલિત લક્ષ્મીપુર પાછા આવ્યા છે. ઇન્દુનું સૌન્દર્ય હવે ફરી એક વખત ખીલ્યું છે. તેનું હૃદય પણ સમ્પૂર્ણ વિકસી સુવાસ પ્રસરાવી રહ્યું છે.

રઘુનાથ ખાખી વિરપુરના કારાગૃહમાંજ સ્વર્ગવાસ પામ્યા છે. પ્રભુ ! તેમના દુઃખી આત્માને સુખી કરો.

નવલરામ હેમના બંગલાઓ અને જમીનના વહીવટદાર બન્યા છે, અને હેમની સાથે સુખપૂર્વક કાળક્ષેપ કરે છે.

પૃથ્વીશંકર 'મારાજ' લક્ષ્મીપુરમાંથી અદ્રસ્ય થઇ ગયા છે, અને વર્તમાનમાં તેઓ આ જગતમાં છે કે નહિં તે કોઇ નથી જાણતું.

કાંચન અરવલ્લીના યોગીની પુત્રી થાય છે. એ પુત્રીસ્નેહ તેમને સંસારમાં ફરી ખેંચી ન લાવે એટલા માટે તેઓ હીમાલયમાં ચાલ્યા ગયા છે.

આ રીતે 'કાંચન-હેમ' ના ઘટના અહિં પુરી થાય છે.

સમાપ્ત.

અમદાવાદમાં જાણીતા અને મુંબઇમાં વખણાયેલા,

વૈદ્ય હરિશંકર લાધારામ.

જીવલેણ સંગ્રહણી (ઝાડા), સુવારોગ, ઘાસણી અને ધાતુ-ક્ષયના ભયંકર દરદો મટાડનાર.

જીવલેણ ગમે તેવા જડ ઘાલી બેઠેલા રોગથી તમારા સગાં-વહાલાંની જીંદગીની છેલ્લી ઘડીએ ગભરાયા હો અને મમતને મમતમાંજ અથવા ચાલુ જમાનાની ફેશનના સંજોગોથી એકજ પોતાના ફેમીલી ડાકટરની વાતપર વિશ્વાસ રાખી બેઠેલા હો, કે પેટન્ટ દવાઓ કરીને પણ થાકયા હો, ચોતરફથી તમારા હાથ હેઠા પડયા હોય, તમારી શ્રીમંતાઇનાં સઘળાં સાધનો વાપરી ચુકયા છતાં હવે તો હદઆવી રહી તેમ ધારી ગભરાઇને છેવટના સંસ્કાર તરીકે ધર્માક્યાજ કરવી રહી હોય અને કયાંય નાંખી નજરન પહોંચતી હોય, તેવા પ્રસંગે તમારા કોઇ હિતેચ્છુ અમારી દવા કરવાની સલાહ આપેતો બાજી બગડેલી હોવા છતાં આખરના ઉપાય તરીકે અમારી સલાહ તમોને ઉપયોગી થઇ પડશે. જોકે આયુષ્ય તો ઇશ્વર આપી શકે છે પણ મરણના મુખમાં સપડાયેલા અનેક દર્દીઓને પરમેશ્વરની કૃપાએ અમોએ સારા કરેલા હોવાથી અમારે હાથે જશ મળે છે. તેનાં સાર્ટીફીકેટો–કેળવાયલા વગનાં સંખ્યા બંધ હસ્ત લેખીત ખાત્રી પત્રો વાંચવા ખુલ્લાં છે. જે વાંચવાથી તમોને પુર્ણ સંતોષ થશે જેથી સાચી દવા અને અમારા બહોળા અનુભવનો લાભ તમોને જરૂર મળશે કારણકે

મુંબઇ અને અમદાવાદમા ભયંકર રોગો મટાડી નામના મેળવનાર તરીકે અમારૂં નામ પ્રસિદ્ધ છે.

મધ્યમ વર્ગ માટે માસિક દવાની પ્રથમ ફી રૂ. ૫, સદ્ગ્રહસ્થો માટે માસિક દવાની પ્રથમ ફી રૂ. ૧૫, ધનાઢ્ય ગૃહસ્થો માટે માસિક દવાની પ્રથમ ફી રૂ. ૫૦, શ્રીમંત લક્ષાધિપતિ મહાશયોની માસિક દવાની પ્રથમ રૂ. ૧૦૦, તેથી પણ વધારે જેવા શેઠીઆશાહુકાર અને જાગીરદારના પ્રમાણમાં લેવામાં આવશે. સંત સાધુ કંગાલને મફત દવા મળે છે.

યુરોપ અને અમેરીકાની

પાર્લામેંટોમાં અને હિંદુસ્તાનના કોનગ્રેસોમાં પણ "પંચ કહે તે પરમેશ્વર"

એવું બહુમતે પસાર થયેલું છે; માટે અમારા સંબંધમાં "પંચ' શું કહે છે તે જાણવા માટે અમોને મળેલાં સર્ટીફીકેટો વાંચો.

દુનિયા સાચું કામ કરનારને માને છે. ડોળ, ડમાક કે ફેશનમાં લોકો ફસાતા નથી. **સોનું જોઇએ કશી અને માણસ જોઇએ વસી.** આ કહેવત પણ પરમપરાની છે. તેને અનુસરીને લોકો બરાબર પુરતો તપાસ કરીનેજ પગલું ભરે છે. દુનિયા દિવાની નથી કે ઘણી મહેનતે મેળવેલા પૈસા એકદમ કોઇને આપી દે. પોતાનો સ્વાર્થ પૂરેપૂરો સરતો હોય તોજ સામાને માને છે. અને ધન્યવાદ તેમજ ઇનામ સાથે પોતાના હસ્તાક્ષરો–ખાત્રીપત્રે લખી આપે છે.

મુંબાઇની પચરંગી પ્રજામાં ભલભલા નામાંકિત દાકતરોની ઘણાં દિવસ સુધી વિલાયતી દવાઓ ખાઇ નિરાશ થયેલા અને પેટના દરદોમાં ઓપરેશન કરાવી હેરાન થયાં છતાં કાંઇ સારૂં નહિ થયેલું એવા અનેક દર્દીઓના ભયંકર દર્દો મટાડવાથી સદ્‌ગૃહસ્થો શ્રીમંતો, સરકારી અમલદારો, જજો, બેરીસ્ટરો અને વેપારી વગ, વીગેરેનાં સર્ટીફીકેકો મેળવ્યાં છે જે વાંચવાથી પૂર્ણ સંતોષ અને પાકી ખાત્રી થશે. અમારા દવાખાનામાં થતી દરદીઓની ગીરદીમાં આવી અરસ્પરસ પુછવું જે તમારૂં દરદ કેવું હતું, કયાં કયાં દવા કરાવી થાકેલા અને અહિં દવા કરાવવાથી હવે કેમ છે? તેની પૂર્ણ ખાત્રી કર્યા પછીથીજ અમારી દવા કરવાની ભલામણ કરીએ છીએ. અમોએ અમદાવાદ અને મુંબાઇમાં જે નામના મેળવી છે તેજ અમારી સાચી દવાની સાબીતી છે અને અમારા વૈદ્યક જીવનમાં વિજય વાવટો છે.

સત્યથીજ જગતમાં પરસ્પર ફાયદો થાય છે એ અમારૂં સુત્ર છે.

સંસાર સુખનો પરમ આનંદ. પુરૂષાતન પ્રાપ્તિ ખરી મરદાઈ.

ઝવેરાત કે યુનાના જેવી તમોએ માથી લીધેલી અથેજ કે અમેરિકન યોહોનબિન કે ફો ફરસ કે વિજળીક શકિત આપનાર અનેક દવાઓ ખાઈ થાકયા હોવાથી નિરાશ થયેલા હો, અને છેવટ પરિણામમાં પોતાના પઈસા અને જીવતર નકામાં ધણી શરમથી હેઠું જોતું પડતું હોય, તેમનેજ માટે સ્પેશીયલ ઉન્તમમાં ઉન્તમ.

મદમસ્ત મદન મધુરસ.

નામની ધાતુપૌષ્ટિક દવાએ ધણોજ સંતોષ આપ્યો છે, તેથી હિંદુસ્તાન તથા જુદા જુદા દૂર દેશાવરોમાંથી ધણીજ માગણીઓ થાય છે. આ ગોળીઓમાં કસ્તુરી, અમ્બર વિગેરે કિંમતી વસાણાંના સત્વના તત્વનું પ્રમાણ ધણું વધારીને ખરૂં પુરૂષાતન આપનાર બનાવી છે. આ ગોળીઓ મનમાનતી રીતે અજબ કામ કરતી હોવાથી તે વાપરનાર ગૃહસ્થો અમોને ધન્યવાદ આપે છે કારણ કે આનો ગુણ કાયમને માટે સચોટ ટકી રહે છે. તમામ જાતનો ખોરાક પચાવી દસ્ત સાફ લાવે છે અને મૂત્ર માર્ગના તમામ રોગો જે ન મટાડતા હોય તેવા પ્રમેહ, મીઠી પેસાબ, ડાયાબીટીઝ, ગુરદાના દરદો વિગેરેને મટાડી જ્ઞાનતંતુઓને સતેજ કરી ઇનસાનની ભુલભરેલી કુટેવોના પરિણામથી ઉત્પન્ન થયેલી કમતાકાતને દૂર કરી શરીરમાં નવીન જીવન અને નવો ઉત્સાહ ભરી સંસાર સુખની લહેજતમાં ખરી જુવાની જક્ષી જીંદગીને રસમય બનાવે છે માટે ગુમાવેલાં પુરૂષાતનનાં ખરાં કારણો જાણવા અમારી પાસેથી ખાનગી સવાલપત્રક પહેલેથી મંગાવી લેવું. અનુભવવા પંદર દિવસની દવાના -પ્રથમ રૂ. ૧૫, એક માસની દવાના ફકત રૂ. ૩૦, વી. પી. પેકીંગ ખર્ચ જુદું. આ દવાના સેવનથી આખી જીંદગી સુધરી જાય છે.

પત્રવહેવાર માટે ટીકીટ બીડવી.

પત્રવહેવાર નીચેના શીરનામેજ કરવો.

વૈદ્ય હરીશંકર લાધારામ, ભુલેશ્વર દવાશાળામાં.

થોડા ખર્ચે પોતાનાજ હાથે રોગ મટાડી શકે તેવી શાસ્ત્રોકત રીતે બનાવેલી અનુભવસિધ્ધ અકસીર દવાઓનું સુચીપત્ર અડધા આનાની ટીકીટ મોકલનારને મફત મોકલવામાં આવે છે.

મુંબઈ ભુલેશ્વરના તળાવ સામે, ત્રીજા ભોઈવાડાના નાકે દવાશાળામાં દર રવીવારે અને સોમવારે મેળાપ થશે. ત્યારબાદ અમદાવાદ દોશીવાડાની પોળમાં થશે.

સુખી થવાનો સંદેશો—એ નામનું પુસ્તક અડધા આનાની ટીકીટ મોકલનારને મફત મોકલવામાં આવે છે.

દૈનિક હિંદુસ્થાન.

વાર્ષિક લવાજમઃ—

મુંબઈમાં રૂા. ૧૫-૦-૦, બહાર ગામ રૂા ૨૦-૦-૦.

અઠવાડીક હિંદુસ્થાન.

મુંબઈમાં રૂ. ૩-૮-૦ બહારગામ રૂા. ૪-૦-૦

ઉપરાંત દર વરસે એક ભેટ પણ આપવામાં આવે છે.

માસીકો તેમજ પુસ્તકો વિગેરેમાં ચિત્રો મુકવા માટે

ફોટો ઝીંકો બ્લોકસ

વાયદાસર અને ઓછા ભાવથી બનાવી

આપવામાં આવે છે.

લખોઃ—મેનેજર હિંદુસ્થાન ૧૨-૧૬, બેંક સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

હિંદુસ્તાનમાં સેંકડો હેર ઓઈલ મોજુદ છે.

તેઓ વરસોમાં જે કાંઇ મેળવી નથી શકયા તે કેશવકાન્ત મહીનામાં મેળવી શકયું છે. — કારણકે —

તેની ઉતમ બનાવટ માટે ગ્વાલીયર, માદ્રસોર અને અમરેલી પ્રદર્શનમાં સર્ટીફીકેટો અને મેડલો મલ્યા છે

કેશવ-કાન્ત

હીંદુસ્તાન, આફ્રીકા અને સીલોનમાં બહોળો ફેલાવો પામેલું

વ્હાઇટ ઓઇલ (વાસલેટ)થી નીરાળુ છે.

—કેશવકાન્ત—

લેભાગુ જાહેર ખબર છપાવતું નથી. કેશવકાન્તમાં વ્હાઈટ ઓઈલ છે. એવું હજુ કોઈએ રૂ૧ ૦) આપવા છતાં પુરવાર કર્યું નથી

—કેશવકાન્ત—

શુધ્ધ વનસ્પતિના તેલો અને ઉંચી ખુશબો ધરાવનારાં ફુલોમાંથી બને છે,

—કેશવકાન્ત—

આંખોનું તેજ વધારી મગજને શાંતી આપે છે.

કિંમત દરેક શીશીના પેકીંગ અને વી. પી. ચાર્જ સહીત ૦–૧૫ ૦

—કેશવકાન્ત—

કાળા, સુવાળા અને રેશમ જેવા બાલ બનાવે છે.

—કેશવકાન્ત—

ખરી પડતા બાલો અટકાવી મસ્તકની શોભામાં વધારો કરે છે. છતાં પણ

—કેશવકાન્ત—

સારા તેલોમાં સસ્તું છે.

એક વતખ અજમાયશ કરવા વિનંતી છે.

હીંદુસ્તાન, આફ્રીકા અને સીલોનના દરેક ભાગોમાં વેચાય છે.

દ્વારકાદાસ જગમોહનદાસની કું૦

૧૪૧૭ અબદુલ રહેમાન સ્ટ્રીટ મુંબઇ નંબર ૩.

ટેલીફોન નંબર ૩૮/૧. ટેલીગ્રાફ એડરેસ—'ઓનવર્ડ'

તા૦ ક —'કેશવકાન્ત' નાં દરેક પકેટોમાં ઇનામની ટીકીટો રાખવામાં આવે છે.

ૐ

શરીરસંપત્તિ વિના દ્રવ્યસંપત્તિ નકામી છે.

પુનર્જન્મ બસેએલ ઓલ ઇન્ડિયા વૈદ્યકીય આઠમી પરિષદમાં પ્રથમ વર્ગીય સોનાનો ચાંદ મેળવનાર, **શલ્યશલાકાક્ય** તંત્રે ઉપાસક, **આયુર્વેદ** વિશારદ, **રસશાસ્ત્રજ્ઞ**, સુવિખ્યાત **રાજવૈદ્ય** પ્રભાશંકર નાનાભાઇ ભટ્ટ પ્રણીત.

"ધન્વન્તરિ રસશાળા."

ઉપરોક્ત રસશાળામાં અમારી જાતિ દેખરેખ નીચે સશાસ્ત્ર પ્રમાણથી દ્રિયાપથીના મિશ્રણથી સિદ્ધ કરાયેલ. કુળવાયલા સુશિક્ષિતના હાથથી બનાવેલ નિરાશ થઈ કંટાળી ગયેલા, શ્રીમાન અને ગરીબ હજારો દર્દીઓ ઉપર ક્રોડ મેળવી આશીર્વાદરૂપ થઇ પડેલ.

દ્રવ્યસુધાંજન—આ અંજન સવાર અને સાંજ આંજવાથી આંખોને હંમેશ આપી શકીને નિર્મળ રાખે છે. આવતા મોતીયા (કેટેરેક્ટ)ને અટકાવી દ્રષ્ટીને તેજ કિરણ કરે છે. ખીલ, તાંપડીયા, ઝામર, વેલ અને વખતના વખત આંખ દુખવા આવવાથી ડોળો બગડી નાંખી ફુલા પડી ગયેલી આંખને નવું જીવન આપી સતેજ બનાવે છે. ચીકણાં ચપી પાણી ટપકવાથી પોપચાં આળાં થઈ ખરી પડતા વાળોને અટકાવી ખેંચાળ થતી આંખોને બચાવી પુનર્જીવન આપે છે.

કિંમત તોલા ૧ ની શીશી ૧ ના રૂ. ૧૦—૦

અરધા તોલાની શીશીના રૂ. ૬—૦

ફિરંગગન કેશરી—ગમે તેટલી મુદતના જુના અને તીવ્ર ગુમડ, ઉપદંશ (ચાંદા) વિસ્ફોટક અને ફિરંગ જેવા મહા પુષ્ટ વ્યાધિથી શરીરના સાંધામાં ઝલાઈ જાય છે લોહી બીગાડથી આખા શરીરમાં અને ખાસ ભાગ ઉપર ચાંદા અને ગુડગુમડ ફુટી નીકળે છે પેશાબ માર્ગે બળતરા થઈ રસી ટપકયા કરે છે. નાક સડી જવાથી બેસી જઈ બેંગાળ થઈ જાય છે, તાળવામાં ચાંદુ અને કાણું પડી જવાથી દર્દી મુંઝાઈ થઈ જાય છે. આંખોમાં એકાએક દુખવા આવી અતિશય લાલ થઈ અંદરના ભાગ કિનારાને બગાડી દ્રષ્ટીને હાણી નાંખે છે. આવી રીતે પીડાતા તમામ દર્દીઓને ફક્ત દસ દીવસ જેટલી ટુંકી મુદતમાંજ અમારી આ દવા ચમત્કારક કાયદો આપી દર્દીને રાહત અને આનંદ આપે છે.

ગોળી નં. ૨ ની ૧ ના રૂ. ૪—૦—૦ ચાર.

અધ્યક્ષ—

રાજવૈદ્ય—પ્રભાશંકર નાનાભાઇ ભટ્ટ,

અને

જયશંકર જીવરામ ત્રીવેદી.

ગઢડા સ્વામીના કાઠીયાવાડ-બી. એસ. રેલ્વે-સ્ટેશન નીંગાળા.